કથા ઝરણું

વાર્તાઓ નું એક ઝરણું જે તમારી તરફ વહેતુ, ગણગણતું ચાલ્યું આવે છે। કથા ઝરણું, સો વાર્તાઓ નું સંકલન, વાર્તાઓ ની અસીમ દુનિયા ને બાળકો સુધી પહોંચાડવા નો એક પ્રયાસ છે।

કથા ઝરણાં ની વિશેષતાઓ :

- બાળકો ની દુનિયા ને ધ્યાન માં રાખતા, કથા ઝરણાં માં સરળ ભાષા માં લખાયેલી વાર્તાઓ અને દિલચસ્પ ઉખાણાં છે।
- દરેક વાર્તા અલગ-અલગ કાર્ડ માં છાપેલી છે, જેથી બાળકો પોતે એને ઉઠાવી ને સ્પર્શે, વાંચે, એનો આનંદ લે અને નાના-નાના સમૂહો માં પોતાના વિચાર વહેંચે।
- દરેક વાર્તા બાળકો માટે મોટા અક્ષરો અને રંગીન ચિત્રો સાથે પ્રસ્તુત કરાઈ છે।
- દરેક વર્ગ ના બાળકો ને ઓછી કિંમતે શ્રેષ્ઠ વાંચન સામગ્રી ઉપલબ્ધ કરાવવાનો આ એક નાનો પ્રયાસ છે।
- ભારત માં વાર્તાઓ નો સર્વશ્રેષ્ઠ ભંડાર છે અને અહીં વાર્તા સંભળાવવાના ઘણા અદ્ભૂત પ્રકાર સદીઓ થી ચાલ્યા આવે છે। આ સંકલન બાળકો ને આપણા દેશ ની આ પરંપરા થી અવગત કરાવવાની એક કોશિશ છે।
- એમાં અનેક પ્રકાર ની વાર્તાઓ નો સમાવેશ છે, જેમકે હાસ્યપ્રદ, પૌરાણિક અને લોક કથાઓ।

કથા ઝરણાં કેમ બનાવી?

- ગ્રામીણ સ્કૂલો માં અધિકાંશ બાળકો એ નવી પીઢી ના છે જે પહેલી વાર શિક્ષા-પ્રણાલી થી જોડાયા છે। એમની પાસે સ્કૂલ અને ઘર માં પાઠયપુસ્તકો સિવાય બીજી ચોપડી ઉપલબ્ધ નથી હોતી।
- બાળકો ના શીખવા ની ક્ષમતા ત્યારે વધે જયારે એમને જાત-જાતની ચોપડીઓ વાંચવા નો અવસર મળે। વાર્તાઓ વાંચવા થી ન કેવળ ભાષા નો વિકાસ થાય છે પણ વાર્તાઓ સમગ્ર દુનિયા ને જોવાનો ઝરોખો બની જાય છે।
- સંદર્ભ વગર શબ્દ અને અક્ષરો ને વાંચી ને બાળકો કંટાળી જાય છે। જયારે શીખવાનું-શીખવાડવાનું સહજ અને સ્વાભાવિક સંદર્ભ માં હોય તો તેઓ આસાની થી સમજે અને શીખે છે।

• વાર્તાઓ બાળકો ની ભાવનાઓ ને સ્પર્શ કરે છે અને એમની કલ્પનાશક્તિ અને અભિવ્યક્તિ ને પ્રોત્સાહિત કરે છે।
• વાર્તાઓ વાંચતી વખતે બાળકો સક્રિય રૂપ થી ભાગ લેય છે। પાત્રો અને ઘટનાઓ ને પોતાના જીવન થી જોડવા લાગે છે। બાળકો પોતાના અનુભવ પ્રમાણે એની અલગ-અલગ વ્યાખ્યા કરે છે।
• કથા ઝરણાં અને અન્ય પુસ્તકો વાંચવા માટે હરેક વર્ગ માં કોઈ એક જગ્યા ને નિર્ધારિત કરી શકાય છે। બાળકો માં પુસ્તકો વાંચવાની આદત મજબૂત કરવા થી પાઠ્યક્રમ ને શીખવું-સમજવું પણ સરળ થઈ જાય છે।
• કથા ઝરણાં ને પ્રકાશિત કરવાનું કારણ એ પણ છે કે શિક્ષકો ને એક સાધન મળે જેનો પ્રયોગ કરી ને તેઓ બાળકો ને વિચારવા, સમજવા અને અન્ય કોઈ કૌશલ વિકસિત કરવા માં મદદ કરે।

કથા ઝરણાં ની ટીમ

'કથા ઝરણાં' નું સર્વપ્રથમ સર્જન તમિલ ભાષા માં ચાર શિક્ષા વિશેષજ્ઞો એ મળી ને કર્યું :

સુશ્રી પી. સરસ્વતી, સુશ્રી વી. વિજયકાંતી, સુશ્રી એલ. એસ. સરસ્વતી અને સુશ્રી એસ. રાજલક્ષ્મી। એમણે વિભિન્ન સ્ત્રોતો થી હજારો વાર્તાઓ એકત્રિત કરીને એમની સમીક્ષા અને વિશ્લેષણ કર્યા। બાલ માનસિકતા ને ધ્યાન માં રાખતા કેટલીક વાર્તાઓ ની તેઓએ પુનઃરચના કરી। ટીમે બાળકો ની અંદર સમાયેલા ઘણા ગુણો, જેમ કે કરુણા, દોસ્તી, ત્યાગ, સચ્ચાઈ, કલ્પનાશક્તિ ઇત્યાદિ પર ધ્યાન આપ્યું અને એને ઉભારવા ના ઉદ્દેશ્ય થી પણ વાર્તાઓ ને ચૂંટી। વાર્તા ની સાથે-સાથે ટીમે ચિત્રો પર પણ વિશેષ ધ્યાન આપ્યું, કેમકે ચિત્ર બાળકો ની જિજ્ઞાસા અને કલ્પનાશક્તિ ને વિકસાવવા માં સહાયક હોય છે।

2003 માં Chatnath Trust, Chennai ના સહયોગ થી 'કથઈ અરુવિ' શીર્ષક અંતર્ગત તમિલ કથા-કાર્ડ સંગ્રહ પ્રકાશિત કરાયો। Chatnath Trust ના નિરંતર સમર્થન માટે અમે એમના વિશેષ રૂપ થી આભારી છીયે।

કથા-કાર્ડ સંગ્રહ ની પરિકલ્પના મૌલિક રૂપે તમિલ ભાષા માં ભણતા બાળકો ની શૈક્ષણિક આવશ્યકતાઓ ને ધ્યાન માં રાખી ને કરવામાં આવી, પણ ભાષા અને સંસ્કૃતિ ની સીમાઓ પાર કરીને એ દેશ ના વિભિન્ન ભાગો માં લોકપ્રિય થયો। કથા-કાર્ડ સંગ્રહ ની ઘણી શૈક્ષણિક સંસ્થાઓ એ પણ પ્રશંસા કરી।

હિન્દી કથા-કાર્ડ 'કથા ઝરણાં' (2008)

નવી દિલ્હી ની સંસ્થા 'Room to Read' એ 'કથઈ અરુવિ' કથા-કાર્ડ સંગ્રહ ને હિન્દી ભાષા માં પ્રકાશિત કરવા ની માંગ કરી અને એ સાથે કથા ઝરણાં ના પ્રકાશન નું કામ ટીમે આરંભ કર્યું। અનુવાદ ની પ્રારંભિક પ્રક્રિયા ચેન્નઈ માં સંપન્ન થઈ। એ પછી ટીમે ઉત્તર ભારત ના શિક્ષાવિદો ના સહયોગ થી વાર્તાઓ અને ઉખાણાં ના હિન્દી પાઠકો તદનુસાર રૂપાંતર કર્યાં। 'કથા ઝરણાં' શીર્ષક કથા-કાર્ડ સંગ્રહ 2008 માં પ્રકાશિત થયો। નિમ્નલિખિત શિક્ષાવિદો ની ટીમ ના સહયોગ અને બહુમૂલ્ય સૂચનો વગર કથા ઝરણાં નું રૂપાંતરણ સંભવ ન થઈ શકત:

અનુરાધા બજાજ, પૂનમ અરોડા, ઇન્દિરા પંચોલી, જસ્મિતા હેમંત, મહબૂબ નિશા (દિલ્હી), ગીતા શર્મા (અમદાવાદ), સી. મણિકંડન, જે. પદ્મપ્રિયા, કનુપ્રિયા કેયાલ (ચેન્નઈ), સુષ્મિતા બૈનર્જી, લોહિત જોશી, હિતેન્દ્ર ઉપાધ્યાય (જયપુર), ટાયપિંગ - સુનિલ કુમાર

વાર્તાઓ ને બાળકો ના વિકાસ માટે ઉપયોગ માં લેવા માટે થોડા સૂચનો:

(ક) વાર્તાઓ ને સમજવી

ક્રમ માં લગાવવી: બાળકો ને વાર્તા ની ઘટનાઓ ને યોગ્ય ક્રમ માં પ્રસ્તુત કરવા કહેવું।

વાર્તા ના મુખ્ય બિંદુ: બાળકો ને વાર્તા સંભળાવ્યા પછી પૂછો કે વાર્તા નો મુખ્ય વિષય શું છે? એમને વાર્તા ની પૂરી તસ્વીર સમજવામાં મદદ કરો। પોતાના વિચારો ને લેખિત રૂપ માં વ્યક્ત કરવા કહો।

અનુમાન લગાવવું: વાર્તા વાંચતી વખતે બાળકો ને અનુમાન લગાવવા દો કે આગળ શું થવાનું છે।

તુલના કરવી: બાળકો વાર્તા ના પાત્રો અને સ્થિતિઓ માં સમાનતાઓ અને વિભિન્નતાઓ ને ઓળખવાની કોશિશ કરે।

કાલ્પનિક, વાસ્તવિક: બાળકો ને પ્રશ્ન પૂછીને જુઓ કે તેઓ કલ્પના અને વાસ્તવિકતા ની વચ્ચે અંતર કરી શકે છે કે નહીં, જેમકે-તમે શું વિચારો છો? શું આવું અસલી જીવન માં થઈ શકે છે?

વાર્તા ને દોહરાવવી: બાળકો ને પોતાની રીતે વાર્તા સંભળાવવાનું કહો। પોતાની ભાષા અથવા શૈલી માં અભિવ્યક્ત કરવાનો મોકો આપો।

વ્યક્તિગત અભિપ્રાય: બાળકો ને વાર્તા ના હર પાસા વિષે વિચારવા માટે પ્રેરિત કરો। પ્રશ્નો દ્વારા એમને પ્રોત્સાહિત કરો, જેમકે- ક્યુ પાત્ર તમને પસંદ આવ્યું અને કેમ? જો તમે એ પાત્ર હોત તો શું કરત? એ જરૂરી છે કે શિક્ષક બાળકો ને વાર્તા નો સંદેશ પહેલે થી જ ન બતાવે। એમને સ્વયં એનો સાર શોધવા દે।

(ખ) રચનાત્મક અભિવ્યક્તિ

- એક બાળક વાર્તા નું એક પાત્ર બને અને બીજા બાળકો એને સવાલ પૂછીને કાલ્પનિક સંવાદ કરે।
- વાર્તા ને નાટક ના રૂપ માં રજુ કરે।
- બાળકો પોત-પોતાની કલ્પના અનુસાર વાર્તા પર આધારિત ચિત્ર બનાવે।
- બાળકો વાર્તા ના અંત માં પોતાની કલ્પના અનુસાર ફેરફાર કરે। વાર્તા ને નવું નામ આપે।
- બાળકો ને વાર્તા પર આધારિત રચનાત્મક કાર્ય કરાવો જેમકે મહોરા, કઠપૂતળી, મોડેલ બનાવવા।
- બાળકો પાસે નવી વાર્તા ની રચના કરાવવી। એક બાળક એક વાક્ય બોલે। બીજું બાળક એને જોડતું બીજું વાક્ય બોલે। એવી રીતે આખો સમૂહ વાક્યો જોડતા એક નવી વાર્તા બનાવે।
- ત્રણ કે ચાર શબ્દ-કાર્ડ અથવા ચિત્ર-કાર્ડ જોડી ને બાળકો ને એક નવી વાર્તા બનાવવાનું કહેવું।
- બાળકો ને સમૂહો માં વહેંચી દો। એક સમૂહ પાસે ઉખાણાં કહેવડાવો અને બીજો સમૂહ એનો જવાબ આપે। બાળકો ને વસ્તુઓ, જાનવરો અને પક્ષીઓ ના ચિત્ર અથવા શબ્દ-કાર્ડ આપો અને એમને નવા ઉખાણાં બનાવવા ઉત્સાહિત કરો।
- બાળકો ને એક પત્રિકા પ્રકાશિત કરવામાં મદદ કરો, જેમાં એમના દ્વારા રચિત વાર્તાઓ, કવિતાઓ, રમૂજ, ઉખાણાં વગેરે હોય।
- બાળકો દ્વારા રચાયેલી વાર્તાઓ, ઉખાણાં, ચિત્રો અને અન્ય સામગ્રી ને વર્ગ માં પ્રદર્શિત કરો અથવા એના અલગ-અલગ સંકલન બનાવો ।
- ગણિત, સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન વગેરે શીખવાડતા સમયે સંબંધિત પાઠ સાથે જોડાયેલી વાર્તાઓ થી પરિચિત કરાવો।

PUBLISHER


RAJALAKSHMI SRINIVASAN MEMORIAL FOUNDATION (R S M F)
No. 6 (1st Floor), 21st Cross Street, Indira Nagar (Near Water Tank),
Adyar, Chennai – 600 020, Phone No.: 044 – 2442 1113
Email : rsmf1944@gmail.com || Website : www.rajifoundation.org.in

R S M F, પ્રોફેસર રાજલક્ષ્મી શ્રીંનિવાસન (રાજી) ની બાળકો પ્રત્યે આજીવન રુચિ તથા ઉત્સાહ ને અકબંધ રાખવા સ્થાપિત કરવામાં આવ્યું। આ સંસ્થા, વંચિત વર્ગ ના બાળકો, વિશેષ રૂપે બાલિકાઓ માટે અનેક શૈક્ષણિક ગતિવિધિઓ ને ક્રિયાન્વિત કરે છે। કથા ઝરણાં સંગ્રહ ના આ સંકલન નું પ્રકાશન બિન-નફાકારક તથા શૈક્ષિક ઉદેશ્યો થી કરવામાં આવી રહ્યું છે।

વાર્તાઓ ની વાર્તા

વાર્તાઓ દરેક ના મન ને મોહી લેતી હોય છે। વાર્તા સાંભળી ને બધા ને ખૂબ મજા આવે છે અને ઘણીવાર તો વાર્તા સાંભળતા-સાંભળતા ભૂખ, તરસ અને ઊંઘ પણ ઉડી જાય છે। વાર્તા સાંભળવી અને સંભળાવવી કોને ન ગમે?

આપણે બધાએ કેટલી વાર્તાઓ સાંભળી અને સંભળાવી હશે? શું આપણે એને ગણાવી શકીશું? આ વાર્તાઓ ઘણા પ્રકાર ની હોઈ શકે છે જેમકે - ઝાડ-પાન ની, પશુ-પક્ષી ની, રાજા-રાણી ની, વીરો ની, જાદુ ની, જુના જમાના ની, દાદા-દાદી ની, નાના-નાની ની, હંસી-મજાક વાળી, અને એવી પણ વાર્તાઓ જે આપણને વિચારતા કરી દેય।



તમે ક્યારેય વિચાર્યું છે કે વાર્તાઓ આવે છે ક્યાંથી? આવો, વાર્તાઓ વિષે થોડીક વાર્તાઓ સાંભળીયે। એક ગામ માં એક માણસ હતો।

એક દિવસ એના એક મિત્રે એને એક રહસ્ય સંભળાવ્યુ। ઘણા દિવસો સુધી એણે આ વાત છુપાવી રાખી।

આનાથી એનું પેટ દિન-પ્રતિદિન ફૂલવા લાગ્યું। જયારે એનાથી રહેવાયું નહીં ત્યારે એણે એ વાત એની પત્ની ને કરી દીધી।


પછી શું થયું? એની પત્ની પણ ફૂલવા લાગી। એ પણ આ રહસ્ય છુપાવી ન શકી। એણે બગીચા માં જઈ ને આ રહસ્ય એક ખાડાને કહી દીધું। પછી માટી થી ખાડા ને ઢાંકી દીધો। એ જગ્યા એ થી એક ઝાડ નીકળ્યું। ઝાડના લાકડા માં થી વાંસળી બની।

વાંસળી એ તે રહસ્ય આખા ગામ ને સંભળાવી દીધું।

હવે સાંભળો, આફ્રિકા દેશ ની બીજી એક વાર્તા। ઘણા સમય પહેલા એક ઉંદરી હતી। તે દરેક જગ્યાએ ભાગતી-ફરતી। રાજા ના મહેલ માં, ઝુપડી માં અને ઘર-ઘરમાં!

એ ઉંદરી ઘર ની દીવાલો ના છિદ્રો માં છુપાઈને વાર્તા સાંભળતી। પછી એ વાર્તાઓ ને ઝાડનીચે ખાડા માં સંભાળીને છુપાવી દેતી। તેને આ વાર્તાઓ પર ખૂબ પ્રેમ હતો।

ઉંદરી ની આ હરકતોને એક શિયાળ છુપાઈ ને જોયા કરતુ હતું। એક દિવસ શિયાળે પેલા ખાડા ને ખોદવાનું શરુ કર્યું।



જેવો એણે ખાડો ખોદ્યો, તેવો બધી વાર્તાઓ બહાર નીકળી ને અહીં-તહીં ભાગવા મંડી। તે દિવસ થી આજ સુધી વાર્તાઓ દુનિયા ના ખૂણે-ખૂણે ભાગી રહી છે। તે વાર્તાઓ અમારી, તમારી પાસે પણ આવી રહી છે.

એને આપણેબદલી ને આપણા સંગી-સાથીઓને સંભળાવીએ છીએ અને વાર્તાઓ દૂર-દૂર સુધી ફેલાતી ચાલતી રહેછે!

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi


Gujarati Sudhir Jhaveri

Artist Uma Krishnaswamy

હાથી અને કૂતરા ની દોસ્તી

એક વખત ની વાત છે। કાશી માં બ્રહ્મદત્ત નામનો રાજા રાજ કરતો હતો। એની પાસે એક હાથી હતો। હાથી નો મહાવત એનું ખૂબ ધ્યાન રાખતો હતો।

મહાવત રોજ સવારે હાથી ને ન્હવડાવતો। પછી એને ખાવાનું ખવડાવતો। મહાવત નો કૂતરો પણ ત્યાં આવી જતો। હાથી અને કૂતરો સાથે મળી ને ખાતા। જોત જોતા માં હાથી અને કૂતરા માં પાક્કી દોસ્તી થઈ ગઈ।



હાથી કૂતરા ની રાહ જોતો। જો કૂતરો ન આવે તો હાથી પણ ખાવાનું ન ખાતો। કૂતરો પણ હાથી સાથે ખૂબ રમતો। તેની સૂંઢ ઉપર ચઢી ને ઝૂલતો।



એક વાર મહાવત ને પૈસા ની જરૂર પડી। એણે પોતાનો કૂતરો વેચી દીધો। કૂતરા નું દિલ ભાંગી પડયું। પણ બિચારો શું કરે? ચુપચાપ પોતાના નવા ઘરે ચાલ્યો ગયો।

હાથી ને જયારે પોતાનો મિત્ર દેખાયો નહીં તો એ બહુ ઉદાસ થઈ ગયો। એણે ખાવાનું ખાવાની ના પડી દીધી। ન્હાવા પણ ન ગયો। એ આખો દિવસ ગુમ-સુમ બેસી રહેતો।

હાથી એ ખાવાનું નથી ખાધું એ ખબર રાજા સુધી પહોંચી ગઈ। એણે પોતા ના મંત્રી ને હાથી ના હાલ-ચાલ પૂછવા મોકલ્યો।

મંત્રી એ ત્યાં પહોંચી ને હાથી ને તપાસ્યો। હાથી શારીરિક રૂપ થી તો બીમાર નહોતો। મંત્રી એ વિચાર્યું, 'જરૂર આના મનમાં કોઈ ચિંતા હોવી જોઈએ।'



એણે આસપાસ ના બધા લોકો સાથે વાતચીત કરી। લોકો એ મંત્રી ને જણાવ્યું કે કૂતરા થી અલગ થવાના દુઃખ માં હાથી ઉદાસ છે। જ્યાર થી કૂતરો ગયો છે ત્યાર થી એણે ખાવા-પીવા નું છોડી દીધું છે।

મંત્રી એ આ સૂચના રાજા સુધી પહોંચાડી। રાજા એ તરત ઢોલ વગાડી ને એલાન કરાવ્યું, "જેની પાસે પણ મહાવત નો કૂતરો છે, એ તેને તુરંત છોડી દે।"

જે માણસે કૂતરો ખરીદ્યો હતો, તેણે પણ આ એલાન સાંભળ્યું।

બસ! એણે તેજ વખતે કૂતરા ની રસ્સી કાપી નાખી। કૂતરો છલાંગ મારતો, નાચતો-કૂદતો હાથી પાસે પહોંચી ગયો।

બંને મિત્રો એક બીજા ને જોઈને ખૂબ ખુશ થયા। હાથી એ પોતાની સૂંઢ થી કૂતરા ને ઉપાડયો અને પોતાને માથે બેસાડયો। એની આંખ માં થી ખુશી ના આઁસુ છલકાવા લાગ્યા।

મહાવત દોડતો-દોડતો હાથી માટે ખાવાનું લાવ્યો। હાથી એ પહેલા કૂતરા ને ખવડાવ્યું, અને પછી પોતે ખાધું।

જાતક કથાઓ



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi


L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist Uma Krishnaswamy


03

નવ કે દસ




એક વખત ની વાત છે। એક વેપારી પોતાના દસ ઊંટો સાથે રણ માં યાત્રા કરી રહ્યો હતો। એ એક ઊંટ ઉપર સવાર થઈ ને આગળ જઈ રહ્યો હતો। બાકી ના નવ ઊંટ એની પાછળ-પાછળ આવી રહ્યા હતા।


ચાલતા-ચાલતા વેપારી એ વિચાર્યું, 'શું બધા ઊંટ મારી પાછળ આવી રહ્યા છે?' એણે પાછળ વળી ને જોયું અને ગણવા લાગ્યો, "એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ...



અરે! એક ઊંટ ઓછો થઇ ગયો।" વેપારી ફટાફટ નીચે ઉતર્યો। પોતાના ખોવાયેલા ઊંટ ને અહીં-તહીં ગોતવા લાગ્યો।



બહુ શોધવા છતાં ઊંટ ન મળ્યો। વેપારી ને લાગ્યું કે કદાચ ગણવામાં કોઈ ભૂલ થઇ ગઇ હશે। પાછું ગણી ને જોઈએ? એક, બે...




શું વાત છે...! બધા ઊંટ અહીંયાં જ છે। વેપારી ખુશી થી ઊંટ ઉપર સવાર થયો અને પોતાની યાત્રા પર આગળ જવા લાગ્યો। થોડે દૂર ગયા પછી, એને ફરી શક થયો। ગણતા ખબર પડી કે નવ જ ઊંટ હતા।

વેપારી રઘવાયો થઇ ને નીચે ઉતર્યો અને ખોવાયેલા ઊંટ ને શોધવા લાગ્યો। એને ઊંટ ક્યાંય દેખાયો નહીં। થાકી ને તે ફરી ત્યાં આવ્યો, જ્યાં બાકીના ઊંટ ઉભા હતા। ફરી બધા ઊંટો ને ગણ્યા।

'કમાલ છે! દસેય ઊંટ સહી સલામત! સૂર્ય ના તાપ થી મારું માથું ભમી ગયું છે,' એમ બડબડતો, એ પાછો ઊંટ ઉપર સવાર થઇ ગયો।





ચોથી વાર એણે પાછળ ફરી ને ફરી પાછા ઊંટો ને ગણ્યા। 'આ શું, ફરી નવ ઊંટ? વારે-વારે કેમ એક ઊંટ ઓછો થઇ જાય છે?' વેપારી ને કંઈ સમજાયું નહીં।

ખૂબ વિચાર્યા પછી એણે એક ફેંસલો કર્યો। 'જયારે પણ હૂં ઊંટ ઉપર સવારી કરું છું ત્યારે એક ઊંટ ખોવાઈ જાય છે। હવે હૂં એમ ની સાથે પગપાળા જઈશ,' આમ વિચારી ને વેપારી ભર તડકા માં ઊંટો સાથે પગે ચાલવા લાગ્યો।



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi **Gujarati** Sudhir Jhaveri

L. S. Saraswathi S. Rajalakshmi **Artist** S. P. Raju

જાદુઈ પેન્સિલ

કાસિમ ને ચિત્ર બનાવવા બહુ ગમતા। એ ધારદાર પથ્થર અને નાની લાકડીઓ થી કાચી જમીન ઉપર ચિત્ર બનાવતો રહેતો। એની પાસે પેન્સિલ ખરીદવાના પૈસા નહોતા।


એક દિવસ એણે વિચાર્યું, 'કાશ, મારી પાસે પેન્સિલ હોતા હું કેટલા સુંદર ચિત્રો બનાવત!' ત્યારે જ એને એક બુઢ્ઢો માણસ મળ્યો। તેણે કાસિમ ને પેન્સિલ આપી।

"આના થી ફક્ત ગરીબો ને ચિત્રો બનાવી ને આપજે," એમ કહી ને પેલો બુઢ્ઢો ગાયબ થઇ ગયો।



કાસિમ બહુ ખુશ થયો। તેણે મરઘી નું ચિત્ર બનાવ્યું। વાહ! શું વાત છે! અચાનક તે અસલી મરઘી બની ગઈ। પછી તેણે બિલાડી નું ચિત્ર બનાવ્યું। તે પણ અસલી બિલાડી બની ગઈ! અરે આ તો જાદુઈ પેન્સિલ છે!

હવે કાસિમે દડા નું ચિત્ર બનાવ્યું। એ પણ અસલી દડો બની ગયો! પછી એણે નોટબુક, ભમરડો, ખમીસ, ફૂલ વગેરે ના ચિત્રો બનાવ્યા - બધાજ અસલી બની ગયા! ગરીબ લોકો એ જે પણ માંગ્યું, કાસિમે તે બનાવી ને તેમને આપ્યું।



આ ખબર રાજા ના કાનો સુધી જઈ પહોંચી। રાજા એ કાસિમ ને બોલાવી ને આદેશ આપ્યો, "મને સોના ના સિક્કા થી ભરેલું એક ઝાડ બનાવી ને આપા"

"મહારાજ, તમારી પાસે ઘણું ધન છે। હું ફક્ત ગરીબો માટે જ ચિત્રો બનાવીશ," આમ કહી ને કાસિમે અસ્વીકાર કરી દીધો।

રાજા ને ગુસ્સો આવી ગયો। તેમણે આદેશ આપ્યો, "આને જેલ માં બંધ કરી દેવામાં આવે।"



પણ કાસિમ શું જેલ માં ખાલી બેસવાનો હતો? એ ચતુર તો હતો જ! એણે પેન્સિલ ઉપાડી અને એક ચાવી નું ચિત્ર બનાવી નાખ્યું। લો, એ તો અસલી ચાવી બની ગઈ! એણે તરત જેલ નું તાળું ખોલ્યું અને ત્યાંથી ભાગી નીકળ્યો।

મલેશિયા ની વાર્તા



P. Saraswati V. Vijayakanthi
L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist S. P. Raju



વાંદરા બન્યા માળી

એક સમય ની વાત છે। એક રાજા એ આનંદ ના અવસર પર પોતાના બધાજ કર્મચારીઓને રજા આપી દીધી। બધા કર્મચારી ખુશી-ખુશી રજા મનાવવા ચાલ્યા ગયા। પણ રાજમહેલ નો માળી ન ગયો।


માળી વિચાર માં પડયો, 'જો હૂઁ જતો રહીશ તો બિચારા ઝાડ-પાન બધા સુકાઈ જશે। શું કરું?' થોડી વાર વિચાર કરી ને એ બાગ માં રહેતા વાંદરાઓ પાસે ગયો।



તેણે વાંદરાઓ ના મુખિયા ને કહ્યું, "તમે બધા વાડી માં સ્વતંત્ર રીતે રહો છો। ફળ, બીજ વગેરે જેટલું જોઈએ એટલું ખાઈ લો છો। ઝાડો ની વચ્ચે ઝૂલો છો। ખેલો-કૂદો છો। શું તમે લોકો મારી મદદ કરશો?"

મુખિયા એ તરત હામી ભરતા કહ્યું, "અવશ્ય કરશુ! અમારે શું કરવાનું છે તે કહો।"

માળી એ ઉત્તર આપ્યો, "તમે બધાએ મળી ને અહીં ના ઝાડ-પાન ને પાણી પાવાનું છે। પાણી સાંજે તડકો ઓછો થાય પછી આપજો।"



માળી એ તેમને સાવધાન કર્યા, "પણ ધ્યાન રાખજો। પાણી માપસર આપજો। જરૂરત થી વધારે નહી।" પછી એ નિશ્ચિન્ત થઇ ને ગામ જતો રહ્યો।

સાંજ પડતા જ પાણી ના ઘડા લઈ ને વાંદરા સ્ફૂર્તિ થી કામ પર લાગી ગયા। વાંદરા ના મુખી એ ચેતવણી આપી, "દરેક છોડ ને સહી માત્રા માં પાણી આપજો।"

એક વાંદરાએ પૂછ્યું, "આપણ ને ખબર કેમ પડશે કે દરેક છોડ ને સહી માત્રા માં પાણી આપ્યું કે નહીં?"

મુખી વિચાર માં પડી ગયા। પછી બોલ્યા, "દરેક છોડ ને ઉખાડી ને તેના મૂળિયાં જુઓ। લાંબા મૂળિયાં વાળા છોડ ને વધારે પાણી આપો। નાના મૂળિયાં વાળા છોડ ને ઓછું પાણી આપો।"




આ સાંભળતા જ વાંદરાઓએ એક-એક કરીને બધા છોડ ઉખેડી નાખ્યા।

બીજે દિવસે માળી કામ પર પાછો આવ્યો। અફસોસ! બધા છોડ જમીન ઉપર મુરઝાઈને પડયા હતા!

જેનું કામ જે કરે, બીજા કરે તો ઊંધું વાળે।

જાતક કથાઓ



P. Saraswati V. Vijayakanthi
L. S. Saraswathi S. Rajalakshmi


Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist S. P. Raju

અડધું તારું, અડધું મારું

એક સમય ની વાત છે। એક ખેડૂત મગફળી ઉગાડવા માંગતો હતો। જંગલ ની પાસે ની જમીન ખાલી પડી હતી। ખેડૂતે જમીન ખેડી, બીજ વાવ્યા, અને પાક ની રાહ જોવા લાગ્યો।

એક રીંછ રોજ દૂર ઉભો તેને જોતો હતો।





એક દિવસ એ રીંછ તેની પાસે આવ્યો અને તેને ધમકી આપી, "એ ખેડૂત! હું તને ખાઈ જઈશ।"

કિસાન ધ્રૂજવા લાગ્યો। તો પણ એણે હિમ્મત ભેગી કરી અને કહ્યું, "પ્યારા રીંછ ભાઈ! કૃપા કરી મને ન ખાતા। ફસલ ઉગી જાય પછી આપણે એને અડધી-અડધી વહેંચી લેશું। મૂળિયાં વાળો ભાગ હું લઈ લઈશ। જમીન ની ઉપર નો હિસ્સો તમે લઈ લેજો।" રીંછે ખેડૂત ની વાત માની લીધી।

ખેડૂતે ખૂબ મહેનત કરી। મગફળી નો પાક બહુ સરસ થયો। પાક લણવાનો દિવસ આવ્યો। રીંછે પોતાનો હિસ્સો માંગ્યો।

સમજૂતી પ્રમાણે ખેડૂતે જમીન ની ઉપર વાળો હિસ્સો રીંછ ને આપી દીધો। પછી મૂળિયાં નો ભાગ પોતાની ગાડી માં લાદી ને નીકળી પડયો।

"ઉભો રહે!" રીંછે જોર થી અવાજ કર્યો, "મારે મૂળિયાં નો ભાગ ચાખવો છે।" રીંછે મૂળિયાં નો ભાગ ખાધો। ગુસ્સા થી ગરજતાં એ બોલ્યો, "તેં મને છેતર્યો છે! મૂળિયાં નો ભાગ સ્વાદિષ્ટ છે। ડાળખાં અને પાંદડા માં કોઈ સ્વાદ નથી। આ પછી આ તરફ ક્યારેય આવતો નહીં ।"


ખેડૂતે રીંછ ને મનાવતા કહ્યું, "ગુસ્સો ન કરો રીંછ ભાઈ, બીજી વાર તમે મૂળિયાં નો હિસ્સો લઈ લેજો। હૂઁ ડાળખાં વાળો ભાગ લઈ લઈશ।"

બીજી વાર ખેડૂતે એજ જગ્યા પર મકાઈ ની ફસલ ઉગાડી। આ વખતે પણ પાક ખૂબ સારો આવ્યો। પાક લણવાનો દિવસ આવ્યો। રીંછે પોતાનો હિસ્સો માંગ્યો। ખેડૂતે મૂળિયાં વાળો હિસ્સો રીંછ ને આપી દીધો અને ભુટ્ટા ગાડી માં લાદી ને જલ્દી થી નીકળી ગયો।



રીંછે મૂળિયાં ખાઈ ને જોયા। "છી!છી! આમાં તો કોઈ સ્વાદ જ નથી। અચ્છા! ખેડૂતે ફરી મને છેતર્યો। આવવા દે એને! આ વખતે સારો પાઠ ભણાવીશ।" રીંછ ગુસ્સા માં ખેડૂત ની રાહ જોતો રહ્યો।

પણ ખેડૂત ત્યાં પાછો થોડો આવવાનો હતો!



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist Uma Krishnaswamy

ઘર બદલ્યું

એક ગામ માં ધનીરામ નામનો એક અમીર માણસ રહેતો હતો। એના ઘર ની ડાબી બાજુ એક લુહાર નું કારખાનું હતું। જમણી બાજુ એક સુથાર નું મકાન હતું।




આખો દિવસ લુહાર ના કારખાના માં થી આવતા હથોડા ના અવાજ થી એના કાન ફાટી જતા। બીજી બાજુ સુથાર ના ઘરે થી લાકડાં કાપવાનો અવાજ એને વધારે પરેશાન કરી દેતો। એ શાંતિ થી ન આરામ કરી શકતો અને ન તો સૂઈ શકતો।

"શું કરી શકાય?" ધનીરામે ઘણા દિવસ સોચ વીચાર કર્યો। પછી એક દિવસ એણે લુહાર અને સુથાર ને બોલાવ્યા અને તેમને કહ્યું, "તમારે ઘરે થી એટલો અવાજ આવે છે કે હું શાંતિ થી સૂઈ નથી શકતો। તમે બંને ઘર બદલી લો। એના બદલા માં તમને જેટલા પૈસા જોઈએ તેટલા હું આપીશ।"



"ઠીક છે, અમે એમજ કરીશુ," એમ કહીને એ બંને ત્યાંથી ચાલ્યા ગયા। થોડી વાર પછી તેઓએ સામાન ગાડી માં લાદયો અને નીકળી પડયા। એમને જતા જોઈને ધનીરામ બહુ ખૂશ થયો।

"સારું થયું! બંને ઘર ખાલી કરી ગયા। હવે હું શાંતિ થી સૂઈ શકીશ," એમ વિચારી ને એ સૂવા ગયો।



બીજે દિવસે સવારે ધનીરામ ના ઘર ની જમણી અને ડાબી બાજૂ થી પાછા એજ અવાજો આવવા લાગ્યા। ધનીરામ પરેશાન થઇ ગયો। એણે પોતાના નોકરો ને મામલા ની તપાસ કરવા મોકલ્યા।

પાછા આવીને નોકરો એ કહ્યું, "બંને એ પોતાના ઘર બદલી લીધા છે હજુર। લુહાર ના ઘર માં સુથાર ચાલ્યો ગયો અને સુથાર ના ઘર માં લુહાર!"

કોરિયા ની વાર્તા




Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist S. P. Raju



પક્ષી કોનું



સવાર નો સમય હતો। બગીચા માં રંગબેરંગી ફૂલ ખીલ્યા હતા। પક્ષી કલરવ કરી રહ્યા હતા।

રાજકુમાર સિદ્ધાર્થ બગીચા માં ટહેલી રહ્યો હતો । અચાનક પક્ષી ઓ ની ચીસો પાડવાનો અવાજ આવ્યો। બધા પક્ષી ગભરાઈને અહીં-તહીં ઉડવા લાગ્યા।



સિદ્ધાર્થ ચારે બાજુ જોતા-જોતા વિચારવા લાગ્યો, 'આ પક્ષીઓ ને શું થયું?' ત્યાં એના પગ પાસે એક હંસ આવી ને પડયું। તેના શરીર માં એક તીર ચુભી ગયું હતું। તે પીડા થી તડપી રહ્યું હતું।

સિદ્ધાર્થે હંસ ને ઉપાડયું। એના શરીર માં ચુભયેલા તીર ને બહુ જ સાવધાની થી બહાર કાઢ્યું। ઘાવ ઉપર મલ્લમ લગાવી એને પોતાના ખોળા માં રાખ્યું અને પ્રેમ થી એના શરીર ને પંપાળ્યું। ત્યાર પછી હંસ ની ધ્રુજારી થોડી ઓછી થઈ।

થોડી વાર માં સિદ્ધાર્થ નો ભાઈ દેવદત્ત ત્યાં દોડી ને આવ્યો અને બોલ્યો, "પક્ષી મને આપી દે। એ મારુ છે।"



સિદ્ધાર્થે કહ્યું, "પક્ષી મારુ છે। એને મેં બચાવ્યું છે।" એમ કહી ને પક્ષી ની પીઠ પંપાળતા તે રાજમહેલ તરફ ચાલવા લાગ્યો। દેવદત્તે તેનો પીછો કર્યો।

બંને રાજા પાસે જઈ પહોંચ્યા। દેવદત્તે ફરિયાદ કરી, "સિદ્ધાર્થ મારુ પક્ષી આપતો નથી।"

સિદ્ધાર્થે કહ્યું, "પિતાજી, દેવદત્તે તીર ચલાવી ને પક્ષી ને ઘાયલ કર્યું। પણ મેં એનો જીવ બચાવ્યો। એટલે પક્ષી મારુ છે।"



દેવદત્તે કહ્યું, "નહીં પિતાજી, મેં જ પક્ષી ને પહેલા જોયું। એટલે પક્ષી મારુ છે।"

રાજા થોડીક પળ વિચાર માં પડી ગયા। પછી પોતાનો ફેંસલો સંભળાવ્યો, "દેવદત્ત! તેં પક્ષી ને મારવા ચાહ્યું, પણ સિદ્ધાર્થે એને બચાવ્યું છે। મારવા વાળા થી બચાવવા વાળો મોટો હોય છે। એટલે પક્ષી સિદ્ધાર્થ નું જ છે।"



P. Saraswati V. Vijayakanthi
L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist Uma Krishnaswamy

ઊંટ અને શિયાળ

"ઊંટ ભાઈ! જરા નદી ને પેલે પાર ખેતર ને જુઓ। ત્યાં ઘણી બધી કાકડી લાગેલી છે। શું આપણે આજે ત્યાં જઈયે?" શિયાળે ઉત્સુકતા થી પૂછ્યું।

ઊંટે કહ્યું, "હા! હા! જરૂર જઇશું।" ઊંટે શિયાળ ને પોતાની પીઠ ઉપર બેસાડી દીધું। બંને નદી પાર કરી ને કાકડી ના ખેતર માં ઘુસી ગયા અને કાકડી ખાવા લાગ્યા। કાકડી બહુ સ્વાદિષ્ટ હતી।





શિયાળ નું પેટ તો નાનું હતું। બે ચાર કાકડી ખાતા જ ભરાઈ ગયું। ઉત્તેજિત થઈ ને એ અહીં થી ત્યાં ભાગવા માંડયું। ઊંટ ફળ ખાવા માં મસ્ત હતું।

"ઊંટ ભાઈ! શું હજી તમારું ખાવાનું પૂરું નથી થયું?" શિયાળ વારે-વારે પૂછતું।

ઊંટ જવાબ દેતું, "મારુ પેટ મોટું છે ને! હજી અડધું પેટ પણ નથી ભરાયું। થોડી વાર ચૂપ રહે અને મને ખાવા દે।"

પણ શિયાળ ને ચેન ક્યાં? "પેટ ભર ખાઈને મારાથી ચૂપ નથી રહેવાતું," એમ કહી ને શિયાળ આકાશ સામે જોઈ ને 'હુઆ હુઆ' કરવા લાગ્યું।



અવાજ સાંભળી ને આસ-પાસ થી ગામ વાળા ડંડા લઈને દોડતા દોડતા આવ્યા। શિયાળ તો ઝડપ થી ભાગી ગયું અને નદી કિનારે પહોંચી ગયું।

બિચારું ઊંટ! ભાગી ન શક્યું અને ફસાઈ ગયું! એણે ખૂબ માર ખાધો। પીડા થી કણસતું એ નદી કિનારે પહોંચ્યું।


શિયાળે હમદર્દી નું નાટક કરતા કહ્યું, "હાય ભાઈ! કેટલી ખરાબ રીતે માર્યું છે તને! મને બહુ દુઃખ થઇ રહ્યું છે।"

ઊંટે કહ્યું, "કોઈ વાંધો નહીં। મારી ઉપર ચઢી જા। અહીં થી જલ્દી નીકળી જઇયે।" બંને નદી ની વચ્ચો-વચ પહોંચ્યા। ત્યારે ઊંટ અચાનક અટકી ગયું અને કમર હલાવતું ડાબે-જમણે ઝૂમવા લાગ્યું।



શિયાળે ચોંકી ને પૂછ્યું, "અરે ભાઈ! આમ કેમ ઝૂમી રહ્યા છો? હું નદી માં પડી જઈશ।"

ઊંટે કહ્યું, "પેટ ભરી ને જમ્યા પછી આવી રીતે પાણી માં આળોટવા ની મારી આદત છે। હું શું કરું?" આમ કહી ને ઊંટ પાણી માં આળોટવા લાગ્યું।



બિચારું શિયાળ! પાણી માં પડી ગયું।

પંચતંત્ર ની વાર્તા



P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

Gujarati Sudhir Jhaveri

Artist Uma Krishnaswamy

હોંશિયાર ડાળખી



'પટ' એક ડાળખી ઝાડ માં થી તૂટી ને પડી ગઈ।

નીચે પડેલી ડાળખી ચૂપ-ચાપ ત્યાં પડી રહી શું?



બિલકુલ નહીં। ઠેકઠેકાણે ફરવા નીકળી પડી। એ વહેતી નદી માં મજે થી તરતી રમતી રહી।

અચાનક એણે ગાવાનો અવાજ સાંભળ્યો। ડાળખી એ ઉપર જોયું। કોયલ ગાઈ રહી હતી।

ડાળખી મગ્ન થઈને ગાયન સાંભળવા લાગી। એ કોયલ ની પ્રશંસા કરવા માંગતી હતી,પણ કંઈ બોલી ન શકી।



આગળ જતા એણે ખિસકોલી ને ખાવાનું એકત્રીત કરતા જોઈ।



ડાળખીને એને કહેવાની ઈચ્છા થઈ કે, "મારી પાસે બીજ ભેગા કરવાનો વધારો સારો ઉપાય છે।" પણ એ ચૂપ રહી। એક ડાળખી પર કોણ વિશ્વાસ કરે?


થોડી દૂરી પર એની મુલાકાત એક દેડકા સાથે થઈ। દેડકો એક કવિતા લખી રહ્યો હતો।



બે-ચાર પંક્તિઓ કહીને ડાળખી તેની મદદ કરવા માંગતી હતી। પણ એવું કરી ન શકી।


પાસે ની ઝાડી માં એણે ગુલાબ નું એક ફૂલ જોયું।

ડાળખી એ એને કહેવા ચાહ્યું, "તૂ કેટલું સુંદર છે।" અફસોસ! એ પોતાના ભાવ વ્યક્ત ન કરી શકી।




ઉદાસ થઈને ડાળખી પોતાની જાત ને ઘસડતી ઘર તરફ ચાલી નીકળી।

ઘરે આવી ને એણે પાછળ વળી ને જોયું। આહ! આ શું, ચાલવા થી રેતી ઉપર રેખાઓ અંકિત થઈ ગઈ! ડાળખી ખુશી થી ઝૂમી ઉઠી।



એણે થોડી વધારે રેખાઓ બનાવી અને એ ચિત્ર બનાવવા લાગી।

જેમ-જેમ એ ચિત્ર બનાવતી ગઈ, ઝાડ-પાન, જાનવર અને પક્ષી બધા ધ્યાન થી જોવા લાગ્યા। પણ ડાળખીએ એ તરફ ધ્યાન ન આપ્યું।



એ ધડાધડ ચિત્ર બનાવતી ગઈ। જંગલ ની જમીન ઉપર એક શાનદાર દ્રશ્ય બની ગયું। જેને આજ સુધી એ જંગલ માં કોઈએ જોયું જ નહોતું।

બધા ડાળખી ને પ્રોત્સાહિત કરવા લાગ્યા।



પતંગિયા ગણગણવા લાગ્યા। ઝાડ ઝૂમતા ઝૂમતા ડાળખી ની પ્રશંસા કરવા લાગ્યા। ગુલાબ ડાળખી ને જોઈને હસ્યું।

'ટપ...ટપ...' ત્યાં વરસાદ ના ટીપા પડવા લાગ્યા। બધા જાનવર અહીં-તહીં છુપાઈ ગયા।





ઓહ! પલકવાર માં ડાળખી નું સરસ ચિત્ર ભૂંસાઈ ગયું।

ડાળખી ને એની ઉપર કોઈ અફસોસ ન થયો। એને ખબર હતી કે એ જયારે ચાહે ત્યારે આના થી પણ સરસ ચિત્ર બનાવી શકે છે અને પોતાના મન ની બધી વાત કહી શકે છે।

જોન લેકનર ની વાર્તા,
કલેવર સ્ટિક પર આધારિત



© Katha Jharna 2008

P. Saraswati   V. Vijayakanthi
L. S. Saraswathi   S. Rajalakshmi


Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist Uma Krishnaswamy

નાના વાંદરા એ ફળ ખાધા

એક દિવસ એક નાનો વાંદરો તરબૂચ ના ખેતર માં ઘુસી ગયો। એણે પહેલી વાર તરબૂચ જોયું હતું। એણે એક તરબૂચ તોડ્યું અને એની છાલ નો મોટો ટુકડો ખાવા લાગ્યો।

મુશ્કેલી થી બે કોળિયા પણ નહોતા ખાધા ને એને ફેંકી ને બોલ્યો, "છી! તરબૂચ નો સ્વાદ સારો નથી।"

પાસે ઉભેલા વાછડાં એ કહ્યું, "તરબૂચ નો ગર ખાવો જોઈએ, છાલ નહીં।"



વાછડાં ની વાત પુરી સાંભળ્યા વગર જ વાંદરો ભાગવા લાગ્યો અને કહ્યું, "ગર ખાવો જોઈએ, કોણ નથી જાણતું?"

પછી નાનો વાંદરો શક્કરટેટી ના ખેતર માં પહોંચ્યો। એક શક્કરટેટી તોડી અને એના બિયા નો અંશ ખાવા લાગ્યો।

એક નાનો ગધેડો એની પાસે આવ્યો અને બોલ્યો, "અરે ભાઈ, છાલ ની નીચે નો નરમ ગર ખાવો જોઈએ। એના બીજ નો અંશ નહીં।"





નાના વાંદરા એ મોઢાનો કોળિયો થૂંકી નાખ્યો અને કહ્યું, "આ તો મને પહેલે થી ખબર છે।"

પછી નાનો વાંદરો બદામ ના એક ઝાડ ઉપર ચઢી ગયો। એણે એક બદામ તોડી અને ખાવા લાગ્યો। ત્યાં નીલકંઠ ઉડતા ઉડતા આવ્યું અને કહ્યું, "બદામ નું બહાર નું કોટલું ન ખવાય...।"

નાના વાંદરાએ એની વાત કાપી નાખી અને કહ્યું, "મને બધી ખબર છે।" એણે બદામ ના અંદર ની છાલ માં દાંતથી બટકું ભર્યું। "હાય! મારો દાંત તૂટી ગયો," નાનો વાંદરો ઠેકડા મારતો ઝાડ પર થી નીચે કૂદી પાડયો।



નીલકંઠે ફરી સમજાવ્યું, "બદામ ની અંદર નું કોટલું ન ખવાય,એનો ગર ખાવો જોઈએ।"

પછી નાનો વાંદરો નાસપતી ના એક વૃક્ષ પર ચઢી ગયો। એક નાસપતી તોડયું। એને ડાળ ઉપર મારી-મારી ને એનું કચુંબર કાઢી નાખ્યું અને નાસપતી ના બીજ ખાવા લાગ્યો। "હાય! હાય! બહુ કડવા છે।"

નીલકંઠ ફરી ઉડી ને આવ્યું અને પૂછ્યું, "સ્વાદ કેવો છે?" નાના વાંદરા ને ગુસ્સો આવી ગયો। નાસપતી નીલકંઠ તરફ ફેંક્યું અને ચીસ પાડી, "હું ક્યારેય ફળ નહીં ખાઉં।"

ચીન ની વાર્તા



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation


P. Saraswati V. Vijayakanthi

Gujarati Sudhir Jhaveri

L. S. Saraswathi S. Rajalakshmi


Artist Uma Krishnaswamy

આવો ઉકેલીયે




દોડી દોડીને, પડતું આખડતું
ખાડાઓમાં ઉછળી કૂદી ને
દૂર દૂર સુધી ચાલતું જતું
જીવો ની એ તરસ છુપાવતું।

ગરીબ ની છે ગાદલી
બધી બાજુ ફેલાયેલી
લપેટી ને પણ ન લપેટાય
કોણ છે આ અલબેલી?



વગર તન એ રમે, ફરે, એવી ખાસ
એના વગર જીવો માં પણ નથી શ્વાસ
દેખાયા વગર અડી ને નીકળે એવો એનો રાઝ

કાગળ આપો તો એ ખાઈ જાય
પાણી પીતાં જ મરી જાય



વાદળી છત છે મારી ઉપર
એને પકડી ન શકું
એની જેટલી પાસે જાઉં
ખાલી હાથ જ આવું

આસમાન માં ચમકતી
ગડગડ ગડગડ અવાજ કરતી
મારી ઉપર કોઈ ની નજર પડે
ઝટ થી આંખો બંધ થઈ જતી

ઝમ ઝમા ઝમ ખૂબ પડતો
એ આવે તો ધરતી હસતી

આકાશ માં ઉડતું રહેતું
વરાળ ટીપા માં મારો જીવ
સફેદ માં થી જયારે કાળું બનું
વરસી પડું પોતાથી અજાણ્યું

એક બગીચો એવો છે જેમાં, રાતે ફૂલ નીકળે
સવાર થતા સૂઈ જાય, કોઈ ના હાથ ન આવે



ઉછળી ઉછળી ને કૂદે ગાય
જીવો ને હૃદય માં સમાવે
નદીઓ ને ગળે લગાવે
દુનિયા ને પણ ફેરવે



સૌ થી મોટું ધનુષ છું હું
રંગ છે મારા સાત
ચાહે જેટલું પકડો મને
નહીં આવું કોઈ ને હાથ

એના વગર ધરતી ન ફરતી, ન હોત ફસલ માં જીવ
રાત ન હોત, દિવસ ન હોત, ન હોત ગરમી ન ચોમાસુ

આકાશ માં રહુ છું હું, બધા બાળકોના મામા
દિવસ ના સંતાઉ, રાતે નીકળું, કરું રામા શ્યામા

હવા, વરસાદ, પૃથ્વી, ઇન્દ્રધનુષ,
આકાશ, સૂર્ય, વીજળી, ચાંદો,
આગ, તારા, વાદળ, પાણી, દરિયો

આસ-પાસ માં જો કંઈ બને, તો એ ઝટ થી બતાવે
ગંધ હોય કે દુર્ગંધ એનાથી ન છુપાઈ શકે

તૂ ગળ્યું, તૂ ખાટ્ટું-તીખું, તારામાં મીઠું છે ઓછું
હું જ એ બધું બતાવી શકું ન કોઈ બીજામાં છે દમ

ઝાડ ઉપર બેઠો છે પોપટ અને બતક માછલી ખાઈ રહ્યું છે
કોણ છે એ જલ્દી બતાઓ, જે મને આ બતાવી રહ્યું છે

કોયલ મધુરું ગાય છે, ચકલી ચીં-ચી કરે છે
મેં આ બધું કેમ જાણ્યું, હાથી એ જો ચીસ પાડી છે

શરીર નું કવચ છે, શરદી ગરમી જાણે મદઘેલી
હરેક નો રંગ અલગ ગોરી હોય કે કાળી

ત્વચા, આંખ, નાક, જીભ, કાન

P. Saraswati V. Vijayakanthi
L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist Uma Krishnaswamy

ઉંદરોનું સરઘસ

ઉંદરો ને પકડવા માટે બિલ્લી રાણી એ એક યોજના બનાવી।

એક દિવસ બિલાડી એ પોતાની આજુ-બાજુ રહેતા બધા ઉંદરો ને બોલાવ્યા અને કહ્યું, "મિત્રો! હું આટલા દિવસો થી તમને હેરાન કરતી આવી છું। મને એનો બહુ અફસોસ છે। આગળ જતા તમને બધાને ચેન થી જીવવા દેવા ચાહું છું। મારી ફક્ત એક વિનંતી છે। તમે બધા સવારે અને સાંજે એક કતાર માં મારી સામે આવો। મને નમસ્તે કરી ને નીકળી જજો। આટલું જ બસ છે।" ઉંદરો એ પણ ખુશ થઈ ને હા પાડી દીધી।

બિલાડી રોજ એક સિંહાસન ઉપર બેસી જતી। બધા ઉંદર એક લાઈન માં આવતા। સલામ કરી ને આગળ નીકળી જતા। જે ઉંદર છેલ્લે આવતો એને બિલાડી ઝપટ મારી ને પકડી લેતી। બીજા ઉંદરો ને આ ચાલ ની ખબર ન પડતી।



આ ઉંદરો ના ઝૂંડ માં અંભો-શંભો નામના બે હુશિયાર ઉંદર હતા। એ લોકોને ખબર પડી ગઈ કે ઉંદરો ની સંખ્યા ઘટી રહી છે। બંનેએ મળી ને એક યોજના બનાવી। અંભોએ લાઈન માં સૌથી આગળ અને શંભો એ સૌથી પાછળ ઉભા રહેવાનો ફૈંસલો કર્યો।

અંભો એ આગળ ઉભા રહી ને બૂમ પાડી, "શંભો, તૂ ક્યાં છે?" શંભો એ તુરંત જવાબ આપ્યો, "અંભો! હું અહીં જ છું।" આમ લાઈનમાં ચાલતા-ચાલતા એક બીજા ને બોલાવતા રહ્યા।


બિલાડી કાંઈ ન કરી શકી। જો એ છેવટના ઉંદર ને ખાતી તો એની પોલ ખુલી જાત ને! એ દિવસે બિલાડી ભૂખી રહી ગઈ। સૂતી પણ નહીં।



બિલાડી એ વિચાર્યું, "આજે જે ઘટના ઘટી એ અજાણતા થઈ હશે। કાલે કોઈ પણ રીતે છેવટના ઉંદર ને પકડી લઈશ।"


બીજે દિવસે શંભો લાઈન માં આગળ અને અંભો છેલ્લે ઉભા રહી ગયા। એક-બીજા ને અવાજ કરતા આગળ વધ્યા। બિલાડી એ દિવસે પણ ઉંદર ને પકડી ન શકી।

'એક દિવસ હજી જોઉં છું,' વિચારી ને બિલાડી એ પોતાનો ગુસ્સો કાબુ માં રાખ્યો।



એ રાતે અંભો અને શંભો એ સાથીઓ ને ચેતવણી આપી, "બિલાડી ના ચહેરા ઉપર જરા પણ ગુસ્સો દેખાય તો તરત ભાગી જજો।"

બીજે દિવસે ઉંદરોનુ સરઘસ શરુ થયું। હંમેશા ની જેમ અંભો એ અવાજ કર્યો, "શંભો, તું ક્યાં છે?"





બસ! બિલાડી વધારે સહન ન કરી શકી। ઉંદરો ઉપર ઝપટી પડી।

ઉંદરો તો પહેલેથી તૈયાર હતા। એ થોડા ફસાવાના હતા! વીજળી ની જેમ ભાગી ને ગાયબ થઈ ગયા! બિલાડી હાથ મસળતી રહી ગઈ।



તિબેટ ની લોક કથા



P. Saraswati V. Vijayakanthi
L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist Uma Krishnaswamy

ખાલી ફૂલદાની

ચીન દેશ માં પિંગ નામનો છોકરો રહેતો હતો। એને ફૂલ બહુજ ગમતા। એના હાથે લગાવેલા બધા છોડ ખૂબ ફુલતાં-ફાલતા। સ્વસ્થ અને સુંદર!

એ દેશ ના રાજા ને પણ ફૂલોં માટે ખૂબ પ્રેમ હતો। પોતાના ફૂલોં ના બગીચા ની દેખ-રેખ એ પોતે કરતા હતા। એનું આખું રાજ્ય ફૂલોં થી ભરપૂર અને સુગંધિત રહેતું હતું।



એક દિવસ રાજાએ પોતાના મંત્રી ને કહ્યું, "હું બુઢ્ઢો થઈ રહ્યો છું। મારે હવે પછી ના રાજા ની ચૂંટણી કરવી જોઈએ। રાજ્ય ના બધા બાળકો ને રાજમહેલ માં બોલાવો।"

થોડા દિવસ પછી બધા બાળકો રાજમહેલ માં આવ્યા। રાજાએ એમને કહ્યું, "પ્યારા બાળકો! હું તમને સૌથી સરસ ફૂલો ના બીજ આપીશ। એના થી જે સૌથી સુંદર ફૂલો ના છોડ ઉગાવશે એજ દેશ નો હવે પછી નો રાજા થશે।" પછી રાજાએ બધા ને બીજ આપ્યા ।

નાના પિંગે પણ ખુશી-ખુશી બીજ લઈ લીધા। એણે કુલદાની માં બીજ રોપી દીધા। એને વિશ્વાસ હતો કે એના છોડ માં થી જ સૌ થી સુંદર ફૂલ ખીલશે। એ રોજ બીજ ને પાણી આપતો। એમાંથી અંકુર ક્યારે ફૂટશે, એની પ્રતીક્ષા બેચેનીથી કરી રહ્યો હતો।

એક-એક કરી ને દિવસો વીતતા ગયા। પણ બીજ માં થી અંકુર ન ફૂટ્યા। પિંગ ને ચિંતા થવા લાગી। એણે માટી બદલી ને છોડ ને મોટી કુલદાની માં લગાવ્યા। બીજ મોટી કુલદાની માં પણ અંકુરિત ન થયા। એક વરસ વીતવા આવ્યું।

રાજમહેલ જવાનો દિવસ પણ આવી ગયો। બાળકો નવા કપડાં પહેરી ને તૈયાર થયા। રંગ-બેરંગી ફૂલો ના છોડ ને લઈને બધા રાજમહેલ તરફ જવા લાગ્યા।



પણ પિંગ બહુ ઉદાસ હતો। 'ફક્ત મારો જ છોડ કેમ ઉગી ન શક્યો? મારી ખાલી કુલદાની જોઈને બીજા બાળકો મને ચીઢાવશે,' એમ વિચારીને એ રાજમહેલ જવા અચકાવા લાગ્યો।


પિંગ ના પિતા એ એને હિમ્મત આપતા કહ્યું, "તેં તો હંમેશા બધા થી સારા છોડ ઉગાવ્યાં છે.આ વખતે પણ તેં પૂરી કોશિશ કરી। બસ, એજ પુરતું છે। જા, રાજમહેલ જઈને રાજા ને મળી આવા"

રાજાએ બાળકો દ્વારા લાવેલા ફૂલો ના છોડ ને એક-એક કરીને જોયા। પછી એ પિંગ પાસે આવ્યા અને પૂછ્યું, "તૂ ખાલી કુલદાની લઈને કેમ આવ્યો છે?"





પિંગ રડવા લાગ્યો। એણે કહ્યું, "તમે આપેલા બીજ ને મેં રોપ્યા। રોજ પાણી પણ આપતો રહ્યો। પણ એમાં અંકુર ન ફૂટ્યા। મેં માટી પણ બદલી। તો પણ છોડ ન થયા।"



રાજા સ્મિત કરવા લાગ્યા। બાળકો ને જોતા બોલ્યા, "આ જ આ દેશ નો રાજા બનવાને લાયક છે।" બધા ચકિત થઈ ગયા।

રાજા એ કહ્યું, "તમે લોકોએ બીજ ક્યાંથી લીધા એ મને ખબર નથી। મેં જે બીજ આપ્યા હતા એ પાકેલા હતા। એમાંથી છોડ ઉગવા ની તો કોઈ શક્યતા જ ન હતી। હું પિંગ ની ઈમાનદારી ની પ્રશંસા કરું છું।"

ચીની લોક કથા



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist S. P. Raju

ચંદ્ર અને દરજી



શિયાળા ના દિવસો હતા। દરજી એ પોતાની દુકાન જલ્દી બંધ કરી અને કંઈક વિચારતા ચાલવા લાગ્યો। ત્યાં એને એક ધીમો અવાજ સંભળાયો, "મને બહુ ઠંડી લાગે છે। રાત ના મારે બહુ લાંબી સફર કરવાની છે। શું તું મને એક ગરમ કોટ સીવી ને આપી શકે?"

'આ અવાજ ક્યાંથી આવી રહ્યો છે?' દરજી અહીં-તહીં જોવા લાગ્યો।



"જો! હું અહીં છું," વાત કરવાવાળું કોઈ બીજું નહીં, ચંદ્ર હતો! ઠંડી થી એ સંકોચાઈ ને અર્ધચન્દ્ર બની ગયો હતો।

દરજી એ વિચાર્યું, "ઠંડી ને લીધે કદાચ ચંદ્ર સંકોચાઈ ગયો છે।" એણે ચંદ્ર ને કહ્યું કે એ તેને જલ્દી એક કોટ સીવી આપશે।

દરજી એ પોતાની પાસે વધેલા કપડાંના સારા ટુકડા ગોતી કાઢ્યા અને અર્ધ ચંદ્ર ના આકાર નો એક કોટ સીવ્યો।

"ખૂબ સરસ દેખાય છે," એમ બોલતા ચંદા એ તે કોટ પહેરવા નો પ્રયત્ન કર્યો। પણ શું કરે, તે તેને પહેરી જ ન શક્યો।

મોઢું નાનું કરતા ચાંદે કહ્યું, "મને ખબર હતી। તેં મારુ માપ તો લીધું જ નથી। પછી કોટ કેવી રીતે માપનો થાય?"

દરજી એ કહ્યું, "પણ હું તારું માપ કેવી રીતે લઈ શકું?"

એક સમડી એ બંને ની વાત સાંભળી રહી હતી। તરત બોલી, "દરજી ભાઈ! માપ પટ્ટી મને આપી દ્યો। ચંદ્ર નું માપ હું લઈને આવીશ।"




સમડી ચંદ્ર ની આસપાસ ફરી અને એનું સરખું માપ લઈ આવી અને દરજી ને આપી દીધું।

એ તહેવાર ના દિવસો હતા। એક અઠવાડીયા પછી જ દરજી ને ચાંદ નો કોટ સીવવાનો સમય મળ્યો।

કોટ ઉપર જાત-જાત ની કારીગરી જોઈ ને ચંદ્ર બહુ ખુશ થયો।

ક્યારે એક વાર કોટ પહેરું એવું એને થયું અને જલ્દી-જલ્દી કોટ પહેરવા લાગ્યો। પણ ગમે તેટલા પ્રયત્ન કરવા છતાં કોટ તેનાથી પહેરાયો નહીં।



"હવે તું જ જો! ખાઈ-ખાઈ ને તું કેટલો જાડો થઈ ગયો છે। આ કોટ તને ક્યારેય માપ નો નહીં થાય," દરજીએ ગુસ્સા થી કહ્યું।

ચાંદે તેને કહ્યું, "બધી ભૂલ તારી જ છે। કોટ સીવવામાં તેં આટલા દિવસો કેમ લીધા?"

પછી તેને પાછી એકવાર વિનંતી કરી, "બસ એક વાર ફરી સીવી દે ને!"

"વધારે જાડો તો નહીં થઈ જા ને?" એમ કહી ને દરજી ચાલ્યો ગયો।





લાલ, વાદળી, પીળા, કાળા એવા ઘણા રંગના ટુકડા જોડી ને દરજી એ એક મોટો કોટ સીવ્યો। એમાં થોડા દિવસો લાગી ગયા। કોટ દેખાવ માં લાજવાબ હતો।

દરજી કોટ લઈને ચંદ્ર પાસે ગયો। પણ હવે ચંદ્ર ગોળ ક્યાં હતો? કોટ એને માટે બહુ મોટો હતો।

ચંદ્ર બરાડવા લાગ્યો, "આવો ઢીલો કોટ મને ઠંડી થી કેવી રીતે બચાવી શકશે?"

"મને શું ખબર?" ગુસ્સા થી દરજીએ પણ ચીસ પાડી।



આટલો કુશળ અને હોંશિયાર દરજી! આટલા વર્ષો થી જે સારું નામ મેળવ્યું હતું, તેના ઉપર પાણી ફરી વળ્યું।

બિચારો દરજી! જયારે જયારે ચંદ્ર દેખાતો ત્યારે ત્યારે પોતાના દાંત અને હોઠ ભીડી લેતો।

નિરુપમા રાઘવન લિખિત

રુસી કથા

© Katha Jharna 2008

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

Gujarati Sudhir Jhaveri

Artist S. P. Raju


જાદુઈ કેરી

ઘણા વખત પહેલા ની વાત છે। એક જંગલ માં કેરી નું એક બહુ મોટું વૃક્ષ હતું। એ વૃક્ષ ની સૌથી ઊંચી ડાળ પર એક પાકેલી કેરી હતી। એ કોઈ સાધારણ કેરી નહોતી - એ હતી એક જાદુઈ કેરી!

એક દિવસ પવન નો એક જોરદાર ઝપાટો આવ્યો। એણે કેરી ના વૃક્ષ ને હલાવી નાખ્યું। જાદુઈ કેરી ધમ્મ કરતી ધરતી પર આવી પડી। ભગવાન નો આભાર! એને ઈજા ન થઈ।



જાદુઈ કેરી બહુ ખુશ થઈ। એને હવે ફરવાનો અવસર મળ્યો। એ દડતાં-દડતાં ગામ તરફ પહોંચી। સૌથી પહેલાં એને એક બકરી મળી। એણે કહ્યું, "અરે ઉભી રહે! ઉભી રહે! હું તને ખાવા માંગુ છું।"



જાદુઈ કેરી જોર થી હસી અને ગાયન ગાવા લાગી -

હું છું જાદુઈ કેરી
દુનિયા જોઉં સવાર સાંજ
ન આવું તારે હાથ
જાણી લે તું આ વાત

કેરી તેજી થી દડતી ચાલી ગઈ। બકરી એની પાછળ-પાછળ ચાલવા લાગી। રસ્તા માં એક છોકરો પતંગ ઉડાવી રહ્યો હતો। એણે કેરી ને કહ્યું, "અરે ઉભી રહે! ઉભી રહે! મારે તને ખાવી છે।"

કેરી ફરીથી હસી અને ગાવા લાગી -


હું છું જાદુઈ કેરી
દુનિયા જોઉં સવાર સાંજ
ન આવું તારે હાથ
જાણી લે તું આ વાત

કેરી વધારે તેજી થી દડવા લાગી અને એક બગીચા માં ઘુસી ગઈ। બકરી અને છોકરો કેરી ની પાછળ-પાછળ ભાગવા લાગ્યા। એ વખતે બગીચા માં થોડી છોકરીયો રમી રહી હતી। તેઓએ કેરી ને દડતાં જોઈ અને અવાજ કર્યો, "અરે ઉભી રહે! ઉભી રહે! અમે તને ખાવા માંગીયે છીએ।"



કેરી લપસી ને દૂર જતી રહી
અને ગાવા લાગી –

હું છું જાદુઈ કેરી
દુનિયા જોઉં સવાર સાંજ
ન આવું તારે હાથ
જાણી લે તું આ વાત



બકરી, છોકરો અને છોકરીઓ બધા કેરી ની પાછળ પડી ગયા। પણ કોઈ ને કેરી ન મળી।


કેરી હવે થાકવા લાગી હતી। એ લાંબી લાંબી ઘાસ માં સંતાઈ ગઈ। બધા કેરી ને થોડી વાર શોધી ને પાછા ચાલ્યા ગયા।

થાકી ને કેરી સૂઈ ગઈ। ઘણા મહીના સૂતી રહી। અચાનક એક દિવસ એની ઊંઘ ઉડી। એણે જોયું કે સૂરજ ના કિરણો એને નવડાવી રહ્યા છે। એ બદલાઈ ગઈ હતી। એની અંદર થી અંકુર નીકળી રહ્યા હતા।

હા! જાદુઈ કેરી માં થી એક વૃક્ષ બનવાનું શરુ થઈ ગયું હતું।

પપુઆ ન્યૂ ગિની

ની લોકકથા



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation


P. Saraswati V. Vijayakanthi

Gujarati Sudhir Jhaveri

L. S. Saraswathi S. Rajalakshmi

Artist Uma Krishnaswamy

ચકલી નો પુરસ્કાર



શેરીન અને શંબા પાડોશી હતા। શેરીન બહુ જ લાલચી હતો। એને બીજાની બહુ જ ઈર્ષ્યા થતી હતી। શંબા બહુ દયાળુ હતો। બધા સાથે પ્રેમ થી વ્યવહાર કરતો હતો।

શંબા ના ઘર ની સામે એક મોટું ઝાડ હતું। એમાં એક ચકલી નો માળો હતો। એક દિવસ એમાંથી એક નાની ચકલી નીચે પડી ગઈ। એનો પગ તૂટી ગયો।

શંબા એ એને પ્રેમ થી ઉપાડી। એના પગ ની મલ્લમ-પટ્ટી કરી। પછી એને સુરક્ષિત માળા માં પાછી મૂકી દીધી।

થોડા દિવસો પછી ચકલી ઉડવા જેવી થઈ ગઈ। એ શંબા પાસે આવી અને કહ્યું, "તેં મારી સહાયતા કરી હતી। હું તને આ મકાઈ ના દાણા ઇનામ તરીકે આપું છું। એને તારા બગીચા માં વાવી દેજે," કહીને ચકલી ગાયબ થઈ ગઈ।

શંબા એ દાણા વાવ્યા અને રોજ એને પાણી થી સિંચ્યા। મકાઈ ની ફસલ બહુ સરસ ઉગી। થોડા દિવસ વીત્યા બાદ ફસલ પાકી ગઈ। ચમત્કાર થઈ ગયો! મકાઈ માં દાણા ની જગ્યાએ અણમોલ રત્ન ચમકવા લાગ્યા। શંબા એ રત્નો વેચી દીધા અને એ અમીર થઈ ગયો।

શેરીન આ જોઈને દંગ રહી ગયો। 'આખરે શંબા ને આટલું ધન મળ્યું ક્યાંથી,' એમ વિચારતા એણે શંબા ને ઘરે જઈને પૂછતાછ કરી। શંબા એ અચકાયા વગર એને બધી વાત કરી દીધી।





શેરીન વિચાર માં પડી ગયો, 'હું પણ શંબા જેવો ધનવાન કેમ ન બની શકું?' એણે પોતાના ઘર ની સામે લાગેલા ઝાડ માં એક માળો જોયો। એક લાંબી લાકડી ઉઠાવી અને માળાને હલાવવા લાગ્યો। એક નાની ચકલી નીચે પડી ગઈ। એનો પગ તૂટી ગયો। શેરીને એને ઉપાડી અને પગની મલ્લમ-પટ્ટી કરી। પછી એને માળા માં મૂકી દીધી।


થોડા દિવસ પછી પેલી નાની ચકલી પણ ઉડવા લાગી । એ શેરીન પાસે આવી। એને મકાઈ ના દાણા આપ્યા અને કહ્યું, "જાઓ! આને વાવી દો! જુઓ કે ઉગ્યા પછી એમાં શું આવે છે!" એમ કહીને ચકલી ગાયબ થઈ ગઈ।

ફસલ બહુ જલ્દી વધવા મંડી। શેરીન બેચેનીથી એના પાકવાની રાહ જોવા લાગ્યો।

એક દિવસ એ બગીચા માં ગયો। આશ્ચર્ય! ત્યાં ફસલ હતી જ નહીં। હાથ માં તલવાર લઈને એક ભયાનક રાક્ષસ ઉભો હતો।

એને જોઈ શેરીન ડરી ગયો અને ભાગવા લાગ્યો। રાક્ષસ એનો પીછો કરતો એના ઘર માં ઘુસી ગયો અને એના બધા દાગીના અને ધન લઈને ચાલ્યો ગયો।


બિચારો શેરીન!



P. Saraswati V. Vijayakanthi
L. S. Saraswathi S. Rajalakshmi


Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist Uma Krishnaswamy

બબલૂ બેનમૂન



બબલૂ ઘણી વાર પોતાના ફૈબા ને ત્યાં જતો હતો। ફૈબા બબલૂ સાથે એની માઁ માટે કંઈ ને કંઈ મોકલ્યા કરતી।

એક દિવસ ફૈબા એ એને કેક નો એક મોટો ટુકડો આપ્યો। બબલૂ એ તેને કસીને પકડયો અને ઘર તરફ ચાલી નીકળ્યો। ઘરે પહોંચવા સુધી માં કેક ચૂર-ચૂર થઈ ગઈ।



માઁ એ કહ્યું, "કેક આવી રીતે થોડી લવાય। એને એક પત્રાવલી માં સારી રીતે લપેટી ને તારી ટોપી ની અંદર રાખી ને લાવવી જોઈએ। જેથી રસ્તા માં વાંદરા હેરાન ન કરે।"

બીજે અઠવાડીએ એ ફરી ફૈબા ને ઘરે ગયો। આ વખતે ફૈબા એ તેને માખણ આપ્યું। એણે માખણ ને એક પત્રાવલી માં લપેટી ને પોતાની ટોપી ની અંદર રાખ્યું અને ઘરે જવા નીકળ્યો।




એ દિવસે તડકો બહુ આકરો હતો। માખણ ઓગળવા લાગ્યું। ઘરે પહોંચતા સુધી બધું માખણ પ્રવાહી થઈ ને એના ચહેરા અને ખમીસ પર લાગી ગયું।

માઁ હેરાન થઈ ગઈ, "હે ભગવાન! કોઈ માખણ ને આવી રીતે લાવતું હશે શું? એને ઠંડા પાણી માં રાખી ને લાવવું જોઈએ।"

બીજે અઠવાડીએ ફૈબા એ એને એક ગલૂડિયું આપ્યું। બબલૂ એ એને ઠંડા પાણી માં રાખ્યું અને ઘર તરફ ચાલવા લાગ્યો।

માઁ એ માથું પટકી ને કહ્યું, "બિચારા ગલૂડિયા ના શા હાલ કર્યા! બીજી વાર ગલૂડિયા ના ગળા માં દોરડું બાંધજો। દોરડા નો બીજો છેડો પોતાના હાથ માં પકડી ને, એને સાથે ચલાવીને લાવજો।"

રજા ના દિવસો માં બબલૂ ફૈબા ના ઘરે ગયો। આ વખતે ફૈબા એ એને પાઉં આપ્યું। બબલૂ એ એને દોરડા થી બાંધ્યું। દોરડા ના બીજા છેડા ને પકડી ને પાઉં ને ઘસડતાં ઘરે પહોંચ્યો। આ જોઈ એની માઁ હક્ક-બક્ક થઈ ગઈ।



બીજે અઠવાડીએ માઁ એ કહ્યું, "આજે તું ફૈબા ના ઘરે ન જતો। હું પોતે જઈશ। મેં અહીંયા પાપડ સુકાવવા રાખ્યા છે, ધ્યાન રાખી ને ચાલજો।"

માઁ ફૈબા ના ઘરે ચાલી ગઈ। બબલૂ એ પાપડ ને ઘૂરી ને જોયા, પછી એક-એક પાપડ ઉપર પગ રાખી ને બહુ ધ્યાન થી એના ઉપર ચાલ્યો।

એની માઁ ના ઘરે આવ્યા પછી શું થયું, એ કોઈ ને ખબર નથી। તમે પોતે અનુમાન કરી શકો છો!

યૂરોપ ની લોક કથા



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist S. P. Raju

દરજીડો



એક દિવસ દરજી પક્ષી બોરફળ ના ઝાડ પર બેસીને બોર ખાઈ રહ્યુ હતું। અચાનક એના ગળા માં કાંટો ફસાઈ ગયો।

એ પીડા થી તડપી ઉઠયું। ઉડી ને વાળંદ પાસે ગયુ અને બોલ્યુ, "હે વાળંદ કાકા! દરજીડો બહુ મુસીબત માં છે। કાંટો કાઢો અને એને બચાવો।"

વાળંદે કહ્યું, "જા! જા! હું છું રાજા નો વાળંદ। તારો કાંટો શું કામ કાઢું?"

દરજીડા ની આંખો ગુસ્સા થી લાલ થઈ ગઈ, "અચ્છા! તને જરૂર પાઠ ભણાવીશ।"

દરજી પક્ષી રાજા પાસે ગયું અને વિનંતી કરવા લાગ્યું, "હે રાજા! દરજીડો બહુ મુસીબત માં છે। તમારો વાળંદ મારી મદદ નથી કરતો। એને તુરંત દંડ કરો।"

રાજા એ નાના પક્ષી ની વાત સાંભળી ને હસી પડયા। અને હસતા જ રહ્યા।



કંટાળી ને દરજી પક્ષી ઉડી ને ઉંદર પાસે ગયું અને બોલ્યું, "ઉંદર! ઉંદર! દરજીડો બહુ મુસીબત માં છે। વાળંદ મારી મદદ નથી કરતો। રાજા એને દંડ નથી કરતા। સુવાના સમયે તું રાજા ના પેટ ને કોતરી ખાજો।"

ઉંદરે નાક ચઢાવતા કહ્યું, "આ કામ મારાથી નહીં થાય।"

દરજી પક્ષી ગુસ્સા માં બિલાડી ના ઘરે ગયુ અને બોલ્યું, "બિલ્લી માસી! બિલ્લી માસી! દરજીડો મોટી મુસીબત માં છે। ઉંદર રાજા ને કોતરી ખાતો નથી। તમે ઉંદર ને પકડી ને ખાઈ જાઓ।"

બિલાડી એ કહ્યું, "મને બહુ ઊંઘ આવે છે। હમણાં હું ઉંદર ને નહીં પકડી શકું।"

દરજી પક્ષી ફુર્ર....ssssss..... ઉડી ને છડી પાસે ગયું અને બોલ્યું, "છડી! છડી! દરજીડો મુસીબત માં છે। બિલાડી ઉંદર ને નથી ખાતી। ઉઠ અને એ સુસ્ત બિલાડી ને પીટ।"

છડી એ કહ્યું, "હું બિલાડી ને શું કામ પીટૂ? એણે મને કોઈ નુકસાન નથી કર્યું।"

બિચારું દરજી પક્ષી! આગ પાસે જઈને બોલ્યું, "હે આગ ની જવાળા! દરજીડો બહુ મુસીબત માં છે। છડી બિલાડી ને નથી મારતી। તું એને જલાવી દે।" આગે કહ્યું, "આજે મેં ઘણી બધી વસ્તુ સળગાવી છે। મને થાક લાગ્યો છે। માફ કરજો।"

દરજી પક્ષી નો ક્રોધ ઔર વધી ગયો। એ નદી પાસે ગયું અને બોલ્યું, "હે મહાન નદી! આગ છડી ને નથી સળગાવતી। તમે હંમેશ માટે એને બુઝાવી દો।" પણ નદી જવાબ આપ્યા વગર વહેતી રહી।




દરજી પક્ષી હાથી પાસે જઈને બોલ્યું, "હે શક્તિશાળી હાથી! દરજીડો બહુ મુસીબત માં છે। નદી આગ ને નથી બુઝાવતી। તમે નદી નું બધું પાણી પી જાઓ।"

હાથી એ કહ્યું, "આટલું બધું પાણી પીશ તો મારુ પેટ ફાટી જશે।"

અંત માં નિરાશ થઈ ને દરજી પક્ષી મચ્છરો પાસે જઈને બોલ્યું, "મચ્છર! મચ્છર! દરજીડો મોટી મુસીબત માં છે। હાથી નદી નું પાણી નથી પીતો। જાઓ અને એના આખા શરીર ને કરડી લો।"

મચ્છર તરત રાજી થઈ ગયા। પ્રદેશ ના બધા મચ્છર ભેગા થઈ ગયા અને હાથી ને ઘેરી લીધો। હાથી બહુ ગભરાઈ ગયો।



"હું નદી નું બધું પાણી પી જઈશ," હાથી એ કહ્યું।
"હું આગ ને બુઝાવી દઈશ," નદી એ કહ્યું।
"હું છડી ને જલાવી દઈશ," આગે કહ્યું।
"હું બિલાડી ને મારીશ," છડી એ કહ્યું।
"હું ઉંદર ને ખાઈ જઈશ," બિલાડી એ કહ્યું।
"હું રાજા ને કાતરી જઈશ," ઉંદરે કહ્યું।
"હું વાળંદ ને દંડ આપીશ," રાજા એ કહ્યું।
કરગરીને વાળંદે કાંટા ને કાઢી દીધો। આખરે
દરજી પક્ષી ને દુઃખાવા માં રાહત મળી જ ગઈ।

બંગાળ ની લોકકથા

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

Gujarati Sudhir Jhaveri

L. S. Saraswathi S. Rajalakshmi

Artist Uma Krishnaswamy

મિત્ર ને ઓળખો



એક જંગલ માં એક ખિસકોલી અને એક સસલું બહુ સારા મિત્ર હતા। ખિસકોલી બહુ બોલકી હતી।



દરેક ની બાબત માં બધું જ જાણવા માંગતી હતી। સસલું તો હતું ગુમસુમા કોઈ પણ સવાલ નો સીધો જવાબ નહોતું આપતું।

ખિસકોલી : અરે, ઉભો તો રહે। આટલી વહેલી સવારે ગાતા-ગાતા ક્યાં જઈ રહ્યો છે?

સસલું : મારા નવા મિત્ર સાથે રમવા જઈ રહ્યો છું.

ખિસકોલી : કોણ છે તારો નવો મિત્ર?

સસલું : છે કોઈ જેના ચાર પગ છે। તું પોતે જ ઉકેલી લે।





ખિસકોલી : અરે! આપણે બધા પણ ચાર પગ વાળા જ છીએ। હવે સમજી! તૂ મને બતાવવા નથી માંગતો। ચાલો! હું જ શોધી કાઢીશ। શું એ એક મોટું પ્રાણી છે?

સસલું : હા।

ખિસકોલી : તૂ હાથી ને મળવા જાય છે ને? એજ સૌથી મોટું પ્રાણી છે।

સસલું : બિલકુલ નહીં। મારા મિત્ર ને સૂંઢ નથી।


ખિસકોલી : તો તારો મિત્ર ગેંડો છે શું? એને તો સૂંઢ નથી।

સસલું : નહીં! નહીં! મારા મિત્ર ને શિંગડા પણ નથી।

ખિસકોલી : ઓહ! તો એ જરૂર ઊંટ હશે। એને ચાર પગ છે। સૂંઢ નથી। શિંગડા પણ નથી।

સસલું : નહીં! મારા મિત્ર ની પીઠ ઉપર ઊંટ જેવી ખૂંધ પણ નથી।





ખિસકોલી : તો કોણ હશે? ઝીબ્રા તો નથી તારો મિત્ર?


સસલું : નહીં, મારા મિત્ર ના શરીર પર પટ્ટાઓ નથી।

ખિસકોલી : તો પછી રીંછ જ તારો મિત્ર હોવો જોઈએ। એના શરીર પર પટ્ટાઓ નથી હોતા। એને ખૂંધ નથી, શિંગડા નથી અને સૂંઢ પણ નથી।

સસલું : ના બાબા! મારા મિત્ર ના શરીર પર રીંછ જેવા ઘટ્ટ વાળ પણ નથી।

ખિસકોલી : એમ કે? ઉભો રહે! તારા મિત્ર ના શરીર ઉપર ધબ્બા છે શું?

સસલું : હા, છે।



ખિસકોલી : શું તૂ ચિત્તા ને મળવા જઈ રહ્યો છે?

સસલું : ના, ના, એ તો મને ખાઈ જશે। મારા મિત્ર ના ધારદાર પંજા પણ નથી।

ખિસકોલી : હવે તો ગોતી કાઢવું બહુ જ આસાન થઈ ગયું છે। તૂ હરણ ને મળવા જઈ રહ્યો છે ને!

સસલું : નહીં, ચાલ હવે હું જ બતાવી દઉં છું। એની ગરદન લાંબી છે।

ખિસકોલી : ખબર પડી ગઈ! તૂ જિરાફ ની વાત કરી રહ્યો છે!

સસલું : આટલી વાર થઈ આ શોધવામાં! ચાલ, તૂ પણ સાથે ચાલ। મારા મિત્ર ની પીઠ પર ચઢી ને જંગલ માં પર્યટન કરશું।

© Katha Jharna 2008

P. Saraswati   V. Vijayakanthi

L. S. Saraswathi   S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

Gujarati Sudhir Jhaveri

Artist Uma Krishnaswamy

સ્વપ્ન

21

ખૂબ જોર થી વરસાદ પડી રહ્યો હતો। મિની બારી માં થી વરસાદ જોઈ રહી હતી। તેને વરસાદ બહુ ગમતો।

થોડી વાર માં વરસાદ રહી ગયો। મિની અને તેની નાની બહેન રાણી દોડતી દોડતી બહાર ગઈ। છાપરા ઉપર થી પાણી ના ટીપાં પડી રહ્યા હતા। બંને પોતાના હાથ ફેલાવી ને તે ટીપાં પકડવા લાગ્યા। રસ્તા પરના નાના નાના ખાડા માં વરસાદ નું પાણી ભરાયુ હતું। બંને બહેનો એમાં કુદકા મારતી રમવા લાગી।

એટલામાં આકાશ માં સુંદર ઇન્દ્રધનુષ દેખાવા લાગ્યું। લાલ, વાદળી, પીળો, લીલો, જાંબલી એવા કેટલા રંગ તેમાં હતા! મિની આશ્ચર્ય થી જોતી જ રહી।



ઇન્દ્રધનુષ તેને એકાદ પૂલ જેવુંજ લાગ્યું। તેને મનમાં વિચાર આવ્યો, 'આ પૂલ ક્યાં જતો હશે ભલા?' તે એ સ્વપ્ન માં ખોવાયજ ગઈ। ધીમે ધીમે એ તે પૂલ ઉપર ચાલવા લાગી। ચાલતા ચાલતા એ આકાશમાં ચક્કર મારી આવી। "બેન, માઁ બોલાવે છે" એવો રાણી નો અવાજ સાંભળ્યો ત્યારેજ તે જમીન પર ઉતરી।

બીજા દિવસે મિની અને રાણી નિશાળે થી પાછા આવી રહ્યા હતા। ત્યારે આકાશ માં ઉડતો એક બગલો મિની ને દેખાયો। ક્ષણભર મિનીએ આંખો બંધ કરી।

સ્વપ્નમાંજ તે પણ આકાશમાં ઉડવા લાગી। ઘણા જંગલ, ડુંગર, નદી અને શહેર ઉપર થી પ્રવાસ કરી આવી। તેને ખૂબ મજાની અને આશ્ચર્યકારક વસ્તુઓ જોવા મળી।






તેના ગામમાં અનેક વર્ષો પહેલાંની ઘણી પથ્થરની મૂર્તિઓ હતી। જૂના મકાનો અને મંદિરો પણ હતા। મિની એ બધું એકટક જોતા બેસી રહેતી, સ્વપ્નમાં ખોવાય જ જતી। પોતાને ગમતી મૂર્તિ નું મનમાં ને મનમાં ચિત્ર બનાવતી। તે હંમેશા પોતાની બહેનને કહેતી, "હું મોટી થઈને આવીજ મૂર્તિ બનાવીશ।"

મિની ના ઘર પાસે એક તળાવ હતું। તળાવ ના પગથિયાં પર મિની પાણીમાંની માછલી ની રમત જોતી બેસી રહેતી।



જોતા જોતા એ પોતેજ એક માછલી બની જતી। ક્યારેક સમુદ્ર નાં મોજાઓ ઉપર તરતી તો ક્યારેક અગાધ સમુદ્ર ના તળિયા સુધી પહોંચી જતી।

"તૂ શું વિચાર કરે છે? મને પણ કહે ને!" એક દિવસ રાણી એ જીદ્દ કરી। ત્યારે મિનીએ પોતાના સ્વપ્નો વિષે રાણીને બતાવ્યું। મિનીના સ્વપ્ના ની વાતો સાંભળીને રાણી ને બહુ મજા પડી। એણે કહ્યું, "તૂ જ્યાં જ્યાં પણ જાય, મને પણ સાથે લઈ જઈશ ને?" મિની સ્મિત કરતા બોલી, "હા, ચોક્કસ લઈ જઈશ। આપણે બેઉ સાથે જઈશું તો વધારે મજા આવશેજ!"




P. Saraswati V. Vijayakanthi
L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist Uma Krishnaswamy

આ અનુગમન કેમ

સૃષ્ટિ ના આરંભ માં કૂતરો, બિલાડી અને ઉંદર ત્રણેય જનાવર હળી મળી ને જિંદગી વિતાવતા હતા। એ બધા પોતપોતાના કામ માં લાગ્યા રહેતા।


આપસ માં એકતા બનાવી રાખવા માટે તેઓએ એક સંધિ-પત્ર બનાવ્યો અને બિલાડી એ એને મચાન પર સંભાળીને મૂકી દીધો। તે પ્રમાણે કૂતરા ને ઘર ની બહાર અને બિલાડી અને ઉંદર ને ઘર ની અંદર નું કામ-કાજ સંભાળવાનું હતું।




થોડાજ દિવસો માં કૂતરો એના કામ થી કંટાળવા લાગ્યો। એણે ગુસ્સા થી બિલાડી ને કહ્યું, "ફક્ત હું જ શિયાળા અને વરસાદ માં ઘર ની બહાર રહી ને રક્ષા કરું છું। પણ ઉંદર અને તું ઘર ની અંદર ચેન થી રહો છો।"

બિલાડી એ કહ્યું, "શું તને આપણી આપસી સમજૂતી યાદ નથી?"

કૂતરા એ પૂછ્યું, "ક્યાં છે એ સંધિ-પત્ર? લાવો, આપણે ફરી એને જોઈએ।"







બિલાડી મચાન પર ચઢી તો જોયું કે ઉંદરે એને કાતરી ને ટુકડા-ટુકડા કરી દીધા છે અને એને બિછાવીને એના પર સૂતો છે।

બિલાડી ગુસ્સા થી લાલ થઈ ગઈ। એણે ઉંદર પર તરાપ મારવા ચાહી, પણ એ ભાગી ગયો। બિલાડી એને પકડી ન શકી। જયારે પીછો કરતા-કરતા થાકી ગઈ તો નીચે આવી ગઈ।

કૂતરાએ ફરી બિલાડી પાસે સંધિ-પત્ર માંગ્યો। પણ બિલાડી બિચારી ક્યાંથી લાવે! કૂતરો ગુસ્સાથી ઘૂરક્યો અને બિલાડી ની પાછળ ભાગ્યો।





તે દિવસ થી આજ સુધી જયારે પણ કૂતરો બિલાડી ને જુએ છે ત્યારે એની પાસે સંધિ-પત્ર માંગતો એનો પીછો કરે છે। ઉંદર ના કર્યા પર ગુસ્સે થઈ ને બિલાડી ઉંદર નો પીછો કરે છે। આજ સુધી આ ત્રણેય એક-બીજા નો પીછો કરી રહ્યા છે।

રુમાનિયા ની લોકકથા

P. Saraswati V. Vijayakanthi
L. S. Saraswathi S. Rajalakshmi


Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist Uma Krishnaswamy

ઉપવાસ

સવાર નો સમય હતો। જંગલ ના એક મોટા વડ ના ઝાડ ની નીચે વાનર નું એક ટોળું બેઠું હતું। આશ્ચર્ય! બધા વાંદરા એકદમ શાંત બેઠા હતાં ।

હા! એ વાંદરાઓ નો ઉપવાસ નો દિવસ હતો। ઉપવાસ શરુ થવાનો જ હતો।

મુખિયા વાંદરો ઉઠયો। એણે એક સલાહ આપી, "સાંજ નું ખાવાનું આપણે અત્યાર થી જ તૈયાર રાખવું જોઈશે। જેથી આપણે ઉપવાસ પૂરો થતા જ ખાઈ શકીયે।" બધા એ હામી ભરી।



એક ક્ષણ માં જ બધા યુવાન વાંદરા દોડતા ગયા અને સ્વાદિષ્ટ કેળા ની મોટી-મોટી લૂમ લઈને પાછા આવ્યા।

મુખિયા વાંદરા ની પત્ની કહેવા લાગી, "ફળો ને અત્યાર થી વહેંચીશું શું? ઉપવાસ પૂરો થયા પછી વહેંચણી કરવા માં સમય બરબાદ થશે। પછી સાંજે આપણ ને કેટલી ભૂખ પણ લાગી હશે!"

વાંદરા સહમત થઈ ગયા। તેઓએ પોત-પોતાના હિસ્સા ના કેળા લઈ લીધા અને પોતાની પાસે સુરક્ષિત રાખી લીધા।

એક મોટા વાંદરા એ કહ્યું, "ફક્ત એક ફળ ખોલી ને રાખી લઈએ શું?"






"હા! હા!" તરત એક હટ્ટા-કટ્ટા વાંદરા એ જોર થી હામી ભરી। કેટલી વાર ફળો ને ખાયા વગર જોયા કરશું? આ એને માટે પરેશાની ની વાત હતી।

મુખિયા વાંદરા એ નિર્દેશ આપ્યો, "ઠીક છે। ફળો ને ખોલી ને રાખી લઈશું। પણ સાંજ સુધી કોઈ પણ ખાશે નહીં।" 'વાહ! આ પણ સરસ સૂચન છે' બધા વાંદરાઓ એ પોત-પોતાના કેળા ખોલી ને રાખી લીધા।

સૌથી નાનો વાંદરો પોતાના પિતા ના કાન માં ગણગણ્યો, "પપ્પા! શું હું કેળા ને મોઢા માં રાખી શકું છું? હું વાયદો કરું છું કે સાંજ સુધી બિલકુલ ખાઈશ નહીં।"

પિતા એ વાંદરાઓ ને કહ્યું, "આપણે બધા કેળા ને મોઢા માં રાખી લઈએ તો? સાંજે ઉપવાસ પૂરો થતા જ ચાવી ને ખાવા માં સરળતા પડશે।"



આગલી ક્ષણે જ બધા વાંદરાઓ એ મોઢા માં કેળા મૂકી દીધા। એ બહુ તણાવ સાથે એક બીજા ને જોઈ ને સળવળાટ કરી રહ્યા હતા।

પછી શું! પલકવાર માં કેળા ગળા માં ઉતરી ને ગાયબ થઈ ગયા।

ઉપવાસ પણ મીઠાસ ની સાથે પૂરો થયો!

કર્ણાટક ની લોક કથા

P. Saraswati V. Vijayakanthi
L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist S. P. Raju

આવો ઉકેલીએ




ચાર પગ ની છું હું
નાની પૂંછડી ની છું હું
મૈં, મૈં, મૈં કરું છું હું
બોલો કોણ છું હું

ઉભો-ઉભો સૂએ છે, ક્યારેય ન સુવે લેટી ને
ક્યુ જાનવર જે દોડવામાં, દોડે તબડક-તબડક

હોંચી હોંચી ખુશી થી બોલું
ખૂબ વહન કરું છું ભાર
પણ ગુસ્સા માં હોઉં તો
પગ થી મારુ તગડી માર

બે સૂપડા અને દાઢ ચાર
આગળ લટકે લોલક
નાની પૂંછ, સરઘસ માં આવે
કોણ છે એ, કરો વિચાર



દોસ્તી ખાતર જીવ પણ આપું
છું હું ઘર નો રખવાળો
વફાદાર છું, દોસ્ત છું
બોલો કોણ છું મતવાલો



પાણી માં રહું છું મસ્ત
જમીન પર આવીને થઈ જાઉં સુસ્ત

ચાર ફૂટ ના પગ છે
પણ છ ફૂટ લાંબી ગરદન
એક ગજ ની પૂંછડી છે મારી
ઘર તો છે, હર્યું-ભર્યું વન

પીળી દાઢી વાળા ની
ગર્જના થી બધા ડરે છે
છાતી કાઢી જયારે એ આવે
થર-થર કાંપી સંતાઈ જાય છે

આગળ પાછળ વૃક્ષ પર ચઢી જાઉં
પીઠ પર ત્રણ રેખા છે
કૂદી-કૂદી ને દોડ લગાવતા
તમે મને અવલોકી છે

ગરદન એની લાંબી છે
પણ પીઠ છે ઉપસેલી
પેટ માં ભરી પાણી
ચાલે રેતી માં ખુશી-ખુશી

દબાતે પગલે આવશે પણ ચોર નથી
ઉછળી કૂદી ને પકડશે પણ પોલીસ નથી
દૂધ પીએ છે પણ બાળકી નથી

આઠ પગ નો જીવ છું
ચાલુ જમણે-વામ
આગળ સીધો ચાલી ન શકું
બતાવો મારું નામ

ઈંડા માં થી જયારે બહાર આવું
ત્યારે હોય પૂંછડી
મોટો થઈને ચાર પગે થી
પાણી માં કરું ઉછળ-કૂદ
ડ્રાંઉં-ડ્રાંઉં નું ગીત ગાઉં
કીડા ખાઈને ભૂખ મટાડું

જમીન પર જીવું, જીવું કૂવા, તળાવ, સમંદર
આફત જાણી માથું કરી લઉં, મજબૂત ઢાલ ની અંદર

બચ્ચા ને એ દૂધ પીવડાવે
અને છત પર ઊંધો લટકે
અંધારા માં ઉડતો-ફરતો
એની દુનિયા બધા થી હટકે


તગડો છે અને રંગ નો કાળો
આખા શરીરે વાળવાળો
ડરી જવાય એવા ઘુરકિયાં કરનાર
પહાડ, જંગલ માં રહેવાવાળો

ગોદ માં વળગાડી બચ્ચા ને
હું તો ઝાડ પર ચઢી જાઉં
ડાળી-ડાળી પર ઉછળું કૂદું
જાત-જાત ના ચહેરા બનાવું

પડયા વગર દીવાલ ચઢું
અને પૂંછડી ત્યાગી બચાવું પ્રાણ
ઘર ની મિત્ર, ઝહેરીલા કીડા ની દુશ્મન
આ બધી છે મારી ઓળખાણ



સિંહ, હાથી, ખિસકોલી, રીંછ,દેડકો, ઘોડો, બકરી,
વાંદરો, જિરાફ, ઊંટ, બિલાડી, ગરોળી, કરચલો
માછલી, ગધેડો, ચામાચીડિયું, કૂતરો, કાચબો



© Katha Jharna 2008

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

Gujarati Sudhir Jhaveri

Artist Uma Krishnaswamy

હરાજી

નસરૂદ્દીન પાસે એક ગધેડો હતો। ગધેડો ખાવા માં તો ઝડપી હતો પણ હતો એક નંબર નો કામચોર!

નસરૂદ્દીન ને એ ગધેડો બિલકુલ પસંદ ન હતો। તેઓએ વિચાર્યું, "આને વેચી જ નાખું તો સારું છે।"



એક દિવસ સવારે તેઓ ગધેડા ને હાંકી ને બજાર લઈ ગયા।

સાંજે જોર-જોર થી હસતા ઘરે પાછા આવ્યા અને પોતાની પત્ની ને કહ્યું, "આજે મેં શું કર્યું, ખબર છે? સવારે જયારે હું બજાર ગયો, ત્યાં હરાજી કરવાવાળા ને મારો ગધેડો સોંપી દીધો। એને કહ્યું કે ભાઈ, આને સારી કિંમત માં વેચજે।



હરાજી કરવાવાળા એ ગધેડા ના વખાણ ના પૂલ બાંધી દીધા। એ જોર-શોર થી બોલી લગાવવા લાગ્યો, "કદરદાનો! મહેરબાનો! આવો સરસ ગધેડો ક્યાંય નહીં મળે। આવો! આવો! જુઓ!"

"ગધેડા ના લાંબા કાન જુઓ। એના મજબૂત પગ જુઓ। એના દાંત જુઓ। આ બહુ જુવાન ગધેડો છે," કહી ને બોલી લગાવતો રહ્યો।

બસ! પછી શું હતું, લોકો પણ બોલી લગાવતા રહ્યા। એક ખરીદનારે ત્રણ અશરફીઓ ની બોલી લગાવી। પણ હરાજી વાળા એ બોલી લગાવવી ન છોડી।



લોકો દસ, પંદર અશરફીઓ સુધી આપવા તૈયાર થઇ ગયા। એવી રીતે ગધેડા ના ભાવ વધતા ગયા। અંત માં....." નસરૂદ્દીન બોલીજ રહ્યા હતા કે ઘર ના આંગણા માં ગધેડા નો હોંચી હોંચી નો અવાજ સંભળાયો।

નસરૂદ્દીન ની પત્ની એ અધીરી થઇ ને પૂછ્યું, "આખરે થયું શું? જલ્દી બતાવો।"

નસરૂદ્દીને ગર્વ થી કહ્યું, "મેં વિચાર્યું, આટલા અદ્ભૂત ગધેડા ને વેચું કેમ? ત્રીસ અશરફી આપી ને પોતે એને ખરીદી ને પાછો લઈ આવ્યો।"



© Katha Jharna 2008

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati — V. Vijayakanthi

L. S. Saraswathi — S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri


Artist S. P. Raju

બાવળ ની અભિલાષા

સડક ને કિનારે એક બાવળ નું વૃક્ષ હતું। વૃક્ષ કાંટા થી ભરેલું હતું। 'મને કોઈ પસંદ નથી કરતુ। કાંટા વગર બાકી વૃક્ષ કેટલા સુંદર લાગે છે,' બાવળ ને ઘણી વાર આ ચિંતા ખાઈ જતી હતી।

એક દિવસ એ આવું વિચારી જ રહ્યું હતું કે અચાનક એના કાંટા અદ્રશ્ય થઈ ગયા। વૃક્ષ પર લીલાછમ પાંદડા લહેરાવા લાગ્યા। આ જોઈ બાવળ ના ખુશી નું ઠેકાણું ન રહ્યું।


પણ એ ખુશી વધારે વાર ન ટકી શકી। ક્યાંક થી એક બકરો આવ્યો અને એના પાંદડા ખાવા લાગ્યો।





બાવળે વિચાર્યું, 'હાય! આ બકરો મારા પાંદડા ખાતો જ જાય છે। હું શું કરું? કાશ - મારા પાંદડા સોનાના હોત તો કેટલું સારું હોત!' આ શું? બાવળ ના પાંદડા સોના ના થઈ ગયા।

એટલામાં એક માણસ ત્યાંથી નીકળ્યો। બાવળ માં લાગેલા સોનાના પાંદડા જોતા જ એની આંખો ચકાચૌંધ થઇ ગઇ।





"શું અજાયબી છે! વાહ રી કિસ્મત!" બોલતા એ એક-એક કરી ને વૃક્ષ ના પત્તા તોડવા લાગ્યો। વૃક્ષ પર એક પણ પાંદડું ન બચ્યું। બાવળ નું દિલ તૂટી ગયું।

"શું મુસીબત છે! માણસ તો સોના ને છોડશે નહીં। કાશ, મારા પાંદડા કાંચ ના થઈ જાય, તો કેવું સારું થાય!" બાવળ ના વિચારવા ની વાર હતી કે એના ઉપર કાંચ ના પાંદડા પ્રકટ થઈ ગયા।




બાવળ બહુ ખુશ થયો। પણ થોડીજ વાર માં પવન નો તેજ ઝપાટો આવ્યો અને કાંચ ના પાંદડા એક બીજા સાથે અથડાઈને ચૂરે ચૂરા થઇ ગયા।

બાવળ દુઃખી થઇ ને બબડયો, "શું હું ક્યારેય ચેન થી જીવી નહી શકું? શું હું એવો ન બની શકું જેને બકરા ચરી ન શકે, માણસ ચોરી ન શકે અને પવન તોડી ન શકે?"

બાવળ નું એવું વિચારતા જ એક વાર ફરી એના ઉપર કાંટા લાગી ગયા। એના પછી બાવળે ક્યારેય કાંટાળા હોવાનો અફસોસ નથી કર્યો।

ભારત ની લોક કથા



© Katha Jharna 2008

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

Gujarati Sudhir Jhaveri

Artist S. P. Raju

27

સિંહ અને સસલું



વનરાજ સિંહ બુઢ્ઢો થઈ રહ્યો હતો। પોતાનું ખાવાનું ગોતવા હંમેશા શિકાર પર નહોતો જઈ શકતો।

એક દિવસ સિંહે બધા પ્રાણીઓ ને બોલાવ્યા અને કહ્યું, "દોસ્તો! હું શિકાર કરવા આવું છું તો બધા ડરી ને ભાગે છે। પણ દર વખતે હું તમારા માં થી એકને જ ખાઉં છું। તો, કેમ આપણે આ મુશ્કેલી ને સરળ કરી દઈએ? દર રોજ તમારા માં થી એક જાનવર મારો આહાર બનીને સ્વયં મારી પાસે આવે।"



'આ પ્રબંધ સારો છે,' જાનવરો ને કંઈક રાહત મળી। કયું જાનવર સિંહ નો આહાર બનશે એનો નિર્ણય તેઓ એક દિવસ પહેલા જ લઈ લેતા। બાકી જાનવર ચેન થી દિવસ વિતાવતા।

એક દિવસ સસલા નો વારો આવ્યો। 'હું થોડો જ સિંહ નો આહાર બનીશ! એનાથી આ જંગલ ને જ મુક્ત કરાવી દઈશ,' એમ વિચારતા સસલા એ એક યોજના બનાવી। એ સિંહ ની ગુફા તરફ જાણી જોઈને ધીરે-ધીરે ચાલવા લાગ્યું।

બહુ વાર સુધી રાહ જોવા છતાં પોતાનો આહાર ન મળવાથી સિંહને ગુસ્સો આવવા લાગ્યો। સસલું આવતા જ એ ગરજવા લાગ્યો, "મારો આજ નો આહાર શું તૂ જ છે? આટલો મોડે થી કેમ આવ્યો છે?"



સસલું વિનમ્રતા થી બોલ્યું, "હુજૂર! હું આજે ઘરે થી સવારે જલ્દી જ નીકળી ગયો હતો। રસ્તા માં મને એક બીજો સિંહ મળ્યો। એ મને ખાવા આવ્યો। પણ મેં કહી દીધું કે હું મારા રાજા પાસે જઈ રહ્યો છું। એના પર પેલા સિંહે કહ્યું, 'તારો રાજા કોણ છે, મને બતાવ! હું એને મારી નાખીશ।' બસ સરકાર! કોઈ રીતે બચી ને હું અહીં ભાગી આવ્યો।"



સિંહ બહુ ક્રોધિત થયો અને બોલ્યો, "ક્યાં રહે છે એ દુષ્ટ? ચાલ, મને બતાવ।" સસલું આગળ-આગળ ચાલી નીકળ્યું અને સિંહ પાછળ-પાછળ।




સસલા એ કહ્યું, "હુજૂર! તમે અહીં જ ઉભા રહો। હું જરા જઈને જોઈ આવું છું।" આગળ જઈને સસલા એ કુવા માં ઝાંકી ને જોયું। એને પાણી માં પોતાનો પડછાયો દેખાયો।

"રાજા! એ સિંહ અહી છે," કહી ને સસલું રસ્તા માં થી હટી ગયું। ક્રોધ થી ગરજતાં સિંહે કુવા ની અંદર ઝાંક્યુ। પાણી માં એને પોતા ના ક્રોધ ભર્યા ચહેરા નો પડછાયો દેખાયો । કંઇ વિચાર્યા-સમજ્યા વગર એને મારવા સિંહ કુવા માં કૂદી પડયો અને પાણી માં ડૂબી ગયો।

નાનું સસલું ઉછળતું-કૂદતું ઘરે પહોંચ્યું।

પંચતંત્ર ની વાર્તા



P. Saraswati V. Vijayakanthi
L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist Uma Krishnaswamy

ઠીંગણું કે લાંબુ


ઊંટ અને સુવર હંમેશા એક-બીજા ને સતાવતા રહેતા। એક દિવસ બગીચા માં...

ઊંટ : અરે ટિંગૂ! શું તને મારા જેટલા લાંબા થવાની ઈચ્છા નથી થતી?

સુવર : એ...લંબુ! તારા જેટલા લાંબા થવા ની ઈચ્છા હું શું કામ કરું? લાંબા થવા કરતા વામણા હોવું જ વધુ સારું છે।

ઊંટ : તું એવું કેવી રીતે કહી શકે? હવે મને જો! આ ઊંચી દીવાલ ને પેલે પાર ની બધી વસ્તુઓ ને હું મજે થી જોઈ શકું છું। ત્યાં ખાવા ની સારી-સારી વસ્તુ છે। હરી-ભરી ડાળીઓ અને પાંદડાઓ છે, જેના સુધી હું આસાની થી પહોંચી શકું છું। તું તો એને જોઈ પણ નથી શકતો। હવે સમજાયું? લાંબા થવું કેટલું સારું છે।





સુવર : ધીરજ રાખ ભાઈ! ધીરજ રાખ! આ દીવાલ નીચે બખોલ તો જો। હું એમાં ઘુસી ને પેલે પાર જઈ શકું છું। ત્યાં રાખેલી વસ્તુઓ ને પેટ ભરી ને ખાઈ શકું છું। પણ તું તો અહીંયા ઘુસી પણ નહીં શકે। આ બાજુ ઉભો રહી ને મને ખાતા જોયા કરજે।

એમ બોલતા સુવર બખોલ માં ઘુસી ને પેલે પાર ચાલ્યું ગયું।

ઊંટ : તું બરાબર જ કહે છે। ઠીંગણા હોવાના પણ ફાયદા છે અને લાંબા હોવાના પણ।


લાંબા ને લંબાઈ ભલી! ઠીંગણા ને એનું ઠીંગણાપણું!

તૂટેલી ગાગર

ગોપાલ દિવસ ના ઘણી વાર નદી એ જતો। બે ઘડા માં પાણી ભરી ને લાવતો। એક ઘડા માં તિરાડ હતી, જેમાંથી પાણી ટપકતું રહેતું। ઘરે પહોંચતા-પહોંચતા એ ઘડા માં અડધું પાણી જ બચતું।

જે ઘડા માં તિરાડ નહોતી, એ ઘડો ગર્વ થી કહેતો, "મને જો! હું એક પણ ટીપું પાણી નથી ઢોળતો। પૂરેપૂરું પાણી ઘરે પહોચાડું છું।"

તિરાડ વાળા ઘડા ને બહુ દુઃખ થતું। એક દિવસ એણે ગોપાલ ને પોતાનું દુઃખ કહ્યું, "મને માફ કરી દે। તું કેટલી મહેનત કરી ને પાણી ઉંચકી ને લાવે છે। પણ હું તો એમાંથી અડધું પાણી વહાવી દઉં છું।"



ગોપાલ સ્મિત કરવા લાગ્યો। તિરાડ વાળા ઘડા ને પ્રેમ થી જોયો અને બોલ્યો, "ઘર તરફ જતી આ પગદંડી ને કિનારે સુંદર-સુંદર ફૂલ ખીલ્યા છે, એને તો જો।"

હા! રસ્તા માં બહુ સુંદર ફૂલ ખીલ્યા હતાં । તિરાડ વાળો ઘડો પોતાનું દુઃખ ભૂલી ને ફૂલો નો આનંદ લેવા લાગ્યો। પણ ઘરે પહોંચતા જ ઓછું પાણી જોઈ ને ફરીથી પસ્તાવા લાગ્યો। બોલ્યો, "સુંદર ફૂલ બતાવી ને, મારુ દુઃખ ભુલાવી દીધું। તો પણ હું મારી ઉણપ ને ભૂલી નથી શકતો।"

ગોપાલે કહ્યું, "તું મારી વાત ને બરાબર સમજ્યો નથી। દરરોજ ઘરે આવતા-જતા જે પાણી તારા થી ઢોળાય છે, એનાથી આ છોડ પાણી પીવે છે અને એમાં ફૂલ ખીલે છે। હું ધારત તો એક નવો ઘડો ખરીદી શકતો હતો। પણ મારા પ્યારા ઘડા, તારું પાણી મેળવીને આ ફૂલો માં જીવ આવી ગયો। આ ફૂલ ખીલી ને બધા ને ખુશી આપવા લાગ્યા છે। તેં જ તો આ કામ માં સહાયતા કરી છે।"

આ સાંભળી તિરાડ વાળા ઘડા એ ધીરેથી સ્મિત કર્યું અને ફૂલો ની મજા લેવા લાગ્યો।

ભારત ની લોક કથા



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist S. P. Raju

કીડી એ ચપ્પલ બનાવ્યા




એક જંગલ માં એક કીડી રહેતી હતી। એ બીજી કીડી જેવી ન હતી। હંમેશા અનન્ય કામ ની શોધ માં અહીં-તહીં ફરતી રહેતી હતી।

એક વાર એણે થોડા પાંદડા ભેગા કર્યા। આખી રાત કામ કરી ને એ પાંદડા માં થી એક જોડી ચપ્પલ બનાવ્યા। સવાર થતાં જ એને વેચવા નીકળી પડી।

રસ્તા માં એને એક વાંદરો મળ્યો। કીડી એ વાંદરા ને કહ્યું, "વાનર મામા! આ ચપ્પલ ને ખરીદી લો ને।" વાંદરા એ જવાબ આપ્યો, "અરે ભાઈ! મારા તો ચાર પગ છે। ભલા બે ચપ્પલ ખરીદી ને શું કરીશ?"

કીડી ઘરે પાછી ફરી। એ રાતે પણ જાગી ને એણે બીજી એક જોડી ચપ્પલ બનાવી નાંખી।








સવાર થતાં જ ચાર ચપ્પલ ને લઈને એ વાનર મામા પાસે ગઈ। વાંદરા એ ચપ્પલ હાથ માં લઈને એને સારી રીતે પરખ્યા।

"આ ચપ્પલ તો નાના છે। મારા પગમાં ક્યાંથી આવશે? તારા જેવી કીડીઓ માટે જ એ ઠીક રહેશે," એમ કહીને એણે ચપ્પલ લેવાનો ઇન્કાર કરી દીધો।

હવે ચપ્પલ ને લઈને એ પોતાની એક સહેલી પાસે ગઈ। એની સહેલી એ કહ્યું, "ચાર ચપ્પલ ખરીદી ને હું શું કરીશ? શું તને યાદ નથી કે આપણે કીડીઓ ને છ પગ હોય છે?"


નિરાશ થઈ ને કીડી ઘરે પાછી આવી। એણે બીજી બે ચપ્પલ બનાવી। બીજે દિવસે છ ચપ્પલ લઈને એ ફરી પોતાની સહેલી પાસે ગઈ।





સહેલી એ બધા ચપ્પલ પહેરી ને જોયા ને કહ્યું, "આ તો બહુ હલ્કી છે। બે દિવસ માં તૂટી જશે। મારે નથી જોઇતી। એક કામ કર। સીધી કરોળિયા પાસે જા। એ ચપ્પલ લઈ લેશે।"

કીડી હવે દુઃખી થઇ ગઇ હતી। ફરી-ફરી ને થાકી પણ ગઇ હતી। તો પણ છ ચપ્પલ ને ઉઠાવી ને કરોળિયા ને ઘરે ગઈ।




બહાર જ ઉભી રહી ને એણે કરોળિયા ને અવાજ કર્યો, "કરોળિયા ભાઈ! કરોળિયા ભાઈ!" અંદર જાત તો જાળા માં ફસાઈ જાત!

કીડી ને જોઇ ને કરોળિયા એ પૂછ્યું, "આટલી થાકેલી કેમ લાગી રહી છે?" કીડી એ એને બધી વાત કહી।







કરોળિયા ભાઈ એ કહ્યું, "તારી સમસ્યા ને ઉકેલવા નો હું એક ઉપાય બતાવું છું। તું કાનખજૂરા પાસે જા। એનાં ઘણા પગ હોય છે। રોજ બે-બે ચપ્પલ તારી પાસે થી લઈ લેશે। હંમેશ માટે તારો ગ્રાહક બની જશે।"

આ સાંભળી ને કીડી ખુશી-ખુશી ઘરે પાછી ફરી।



P. Saraswati V. Vijayakanthi
L. S. Saraswathi S. Rajalakshmi


Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist Uma Krishnaswamy

ચિત્રકાર યાંગ

ઘણા સમય પહેલા ચીન માં યાંગ નામનો એક બાળક પોતાના મામા પાસે રહેતો હતો। એના મામા એક પ્રખ્યાત ચિત્રકાર હતા। મામા જયારે પણ ચિત્ર બનાવતા, યાંગ કલાકો સુધી એમની પાસે જ બેઠો રહેતો। એમની ચિત્રકારી ને ધ્યાન થી જોતો રહેતો।


ચિત્રકળા માં એની રુચિ ને મામા એ ઓળખી લીધી। એ તેને પણ ચિત્ર બનાવવા માટે પ્રોત્સાહિત કરતા। પછી એ ચિત્રો નું નિરીક્ષણ પણ કરતા।





એક દિવસ મામા એ કહ્યું, "તારી ચિત્રકારી બહુ ઉત્તમ છે। તું તો મારા થી પણ સારા ચિત્રો બનાવી લેય છે। હું ઈચ્છું છું કે તારા બનેવાલા ચિત્રો નું પ્રદર્શન ગામ માં કરીયે। જેથી બધા તારી કલા જુએ।"

યાંગ ના મામા એ બધા ને આમંત્રણ આપ્યું। યાંગ ના ચિત્રો જોવા ઘણા લોકો આવ્યા। ચિત્રો નો આનંદ લીધો। યાંગ ના વખાણ કરતા બોલ્યા, "આ બધા ચિત્રો સજીવ લાગે છે। તારા બનવેલા મધપૂડા અને ફૂલોં નું ચિત્ર જોઈ ને તો મધમાખી આવી જશે। પક્ષી પણ છેતરાઈ જશે।"



એક દિવસ મામા એ કહ્યું, "તું તારા ચિત્રો ને દૂર ગામમાં રહેતા મારા એક મિત્ર ને બતાવ। આ રહ્યું એમનું સરનામું।"

ચાંગ પોતાના મામા ને છોડી ને જવા નહોતો માંગતો। તો પણ મામા ની આજ્ઞા માનીને નીકળી પડયો।

રસ્તા માં એને ગાઢ જંગલ પાર કરવાનું હતું। જંગલ નું વાતાવરણ, ઝાડ-પાન, પશુ-પક્ષી બધું એના મનને ગમી ગયું। ચાંગ થી રહેવાયું નહીં । એ અહીં ત્યાં ઉભો રહી ને ચિત્રો બનાવતો રહ્યો। રાત પડતા જ એ વૃક્ષો પર બનેલા ઘરો માં સુઈ જતો। આમ ઘણા દિવસો વીતી ગયા।

ઊંચાઈ પર બનેલા આ ઘરો માં થી સુંદર દ્રશ્ય દેખાતા હતા। એ જોઈ ચાંગ ખુશ થઈ જતો। પ્રકૃતિ ની સુંદરતા ના ચિત્રો બનાવતાં-બનાવતાં એક દિવસ એણે એક સુવર જોયું। એનું ચિત્ર બનાવી ને રંગ પૂર્યો જ હતો કે અચાનક કોઈ ની ચીસ પાડવાનો અવાજ આવ્યો। "વાઘ! વાઘ!" ચીસો પાડતો એક માણસ ઝડપ થી દોડીને આવી રહ્યો હતો।

'વાઘ થી કેવી રીતે બચવું?' તુરંત ચાંગ ને એક ઉપાય સૂઝયો। એણે પોતે બનાવેલા સુવર ના ચિત્ર ને ઝાડવા ની સામે રાખી દીધું। પછી બંને ત્યાંથી ભાગી નીકળ્યા।

પીછો કરી રહેલા વાઘ ની નજર સુવર ના ચિત્ર પર પડી। એનું ધ્યાન ફંટાઈ ગયું। એ ચિત્ર ને ઘૂરવા લાગ્યો અને અને જોર થી ગરજ્યો। એ દરમ્યાન ચાંગ અને એનો સાથી વૃક્ષ પર બનેલા ઘર માં ઘુસી ગયા।

ચીન ની કથા



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi


L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist S. P. Raju

આદર્શ વિધાર્થી





પાંડવો અને કૌરવો એ પોતાના ગુરુ દ્રોણાચાર્ય પાસે વિવિધ પ્રકાર ની કળાઓ અને વિધાઓ શીખી। અર્જુન ને ધનુર્વિધા માં વિશેષ રુચિ અને લગન હતા। એ જલ્દી ધનુર્વિધા માં નિપુણ થઈ ગયો।

પોતાની આ વિશેષ ક્ષમતા ને લીધે અર્જુન ગુરુ દ્રોણાચાર્ય નો સૌ થી પ્રિય શિષ્ય બની ગયો।



દુર્યોધન અને તેના ભાઈઓ ને આ સારું નહોતું લાગતું। તેઓ હંમેશા એને ઈર્ષ્યા ની નજર થી જોતા હતા ।

એક દિવસ દ્રોણાચાર્યે પોતાના શિષ્યો ની પ્રતિભા ની પરીક્ષા લેવા ચાહી। એમણે લાકડા થી બનેલા એક પક્ષી ને ઝાડ ઉપર ટાંગી દીધું।

પછી દ્રોણે બધા વિદ્યાર્થીઓ ને કહ્યું, "વિદ્યાર્થીઓ, ત્યાં પેલા પક્ષી ને જુઓ। તમે લોકો એની આઁખ પર નિશાન લગાવીને તીર ચલાવો।" બધા વિદ્યાર્થી તૈયાર થઇ ગયા।





પહેલા યુધિષ્ઠિર ને બોલાવાયા। એ તીર ચલાવવાના જ હતા ત્યાં દ્રોણે પૂછ્યું, "તમને શું દેખાઈ રહ્યું છે?"

યુધિષ્ઠિરે કહ્યું, "ગુરુજી! તમે દેખાઈ રહ્યા છો। ઝાડ દેખાઈ રહ્યું છે। પાંદડા દેખાઈ રહ્યા છે અને પક્ષી દેખાય રહ્યું છે।"

દ્રોણે કહ્યું, "હટી જા! તું બરાબર નિશાન લગાવી ને બાણ નહીં ચલાવી શકે ।"

પછી દુર્યોધન ને બોલાવ્યો। પૂછવા પર દુર્યોધને ગર્વ થી ઉત્તર આપ્યો, "ગુરુવર! ફક્ત તમેજ નથી દેખાતા। તમારી આસ-પાસ ના બધા લોકો દેખાઈ રહ્યા છે। ઝાડ, પાંદડા, પક્ષી બધું સાફ દેખાઈ રહ્યું છે।"

દ્રોણે કહ્યું, "હટી જા દુર્યોધન! તું પણ બરાબર બાણ નહીં ચલાવી શકે ।"



એવીજ રીતે ભીમ, નકુલ, સહદેવ અને અન્ય ભાઈઓ ને પણ એજ પ્રશ્ન પૂછ્યો। બધા એ એવી જ રીત ના જવાબ આપ્યા।

અંત માં અર્જુન આવ્યો। ધનુષ અને બાણ હાથમાં લઈને તૈયાર થયો। બધું ભૂલી ને એકટક પક્ષી ને જ જોવા લાગ્યો।

દ્રોણાચાર્યે પૂછ્યું, "અર્જુન, તને શું દેખાઈ રહ્યું છે?"

અર્જુન એ કહ્યું, " ગુરુદેવ! મને ફક્ત પક્ષી ની આઁખ દેખાઈ રહી છે।"

અર્જુન નું પૂરું ધ્યાન લક્ષ્ય પર જોઈને ગુરુ દ્રોણ બહુ પ્રસન્ન થયા। એમણે તુરંત કહ્યું, "હવે તું તીર ચલાવી શકે છે।"

વાહ! તીર સીધું પક્ષી ની આઁખ માં જઈ લાગ્યું।


Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist Uma Krishnaswamy



હાથી નું વજન

ઘણા સમય પહેલાં એક ગામ માં એક શ્રીમંત માણસ રહેતો હતો। એણે ઘર માં એક હાથી પાળી રાખ્યો હતો।

એક દિવસ શ્રીમંતે પોતાના મિત્રોં ને પડકાર ફેંક્યો, "મારા હાથી નું વજન કેટલું હશે? શું તમારા માંથી કોઈ બતાવી શકે છે?"


મિત્રોએ જાત-જાતના વિચાર પ્રગટ કર્યા। એકે કહ્યું, "આટલું મોટું ત્રાજવું ક્યાંય નહીં મળે। હાથી નું વજન કેવી રીતે કરી શકીયે?"

"હાથી ના ટુકડે-ટુકડા કરીને જ એનું વજન કરી શકાય। એવું તો ન કરી શકીયે ને।" બીજા એ કહ્યું।

એક બાળક આ બધું સાંભળી રહ્યો હતો। હાથી નું વજન કેવી રીતે જાણી શકાય? નદી કિનારે બેસી ને એ ઘણા દિવસ એજ વિચારતો રહ્યો।

એક દિવસ એની નજર નદી માં તરતી હોડી પર પડી। એને ઝટ થી એક ઉપાય સૂઝયો।

"ખબર પડી ગઈ! ખબર પડી ગઈ!" બૂમો પાડતો એ શ્રીમંત પાસે પહોંચ્યો। "હાથી ને નદી કિનારે લઈ આવો। હું એનું વજન કરવાનો એક ઉપાય બતાવીશ," એ ઉત્સાહ થી બોલ્યો।



હાથી નદી ના તટ પર પહોંચ્યો। બાળકે એને હોડી માં ચઢાવવા કહ્યું।

હાથી ના ચઢતા જ હોડી ડગમગવા લાગી। હાથી ના વજન ને લીધે હોડી પર દબાણ આવ્યું અને એ પાણી માં જરા નીચી થઈ। હોડી નો જે ભાગ પાણી માં ડૂબી ગયો હતો, એ ભાગ પર બાળકે કાળા રંગ નું નિશાન લગાવ્યું।





પછી હાથી ને હોડી માં થી નદી ને કિનારે ઉતારવા માં આવ્યો। થોડા માણસો ની મદદ થી હોડી માં મોટા-મોટા પથ્થર રખાવ્યા। જેમ-જેમ એ લોકો પથ્થર ચઢાવતા ગયા, તેમ-તેમ હોડી પાણી માં ડૂબતી ગઇ। પાણી જયારે હોડી પર બનેલા કાળા નિશાન સુધી પહોંચી ગયું ત્યારે પથ્થર મુકાવાનું બંધ કરી દેવાયું।

બાળકે કહ્યું, "હોડી માં રાખેલા પથ્થર નું વજન અને હાથી નું વજન હવે એક સરખું થશે। પથ્થરો નું વજન કરી લો। હાથી નું વજન આપોઆપ ખબર પડી જશે।"

બાળક ની સૂઝ-બૂઝ ની બધાએ પ્રસંશા કરી।



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist S. P. Raju

વાર્તા ક્યારે પૂરી થશે


જુના જમાનાં માં એક રાજા હતો। એને વાર્તા સાંભળવી બહુ ગમતી। એક દિવસ એણે ઘોષણા કરી, "જે પણ મને સૌથી લાંબી વાર્તા સંભળાવશે, એને એક હજાર સોના ની મહોર ઇનામ માં આપીશ।"

ખબર સાંભળી ને વાર્તા સંભળાવવા ઘણા લોકો આવ્યા। એક માણસે વાર્તા પુરી કરવા માં એક અઠવાડિયું લગાડયું। બીજા એ દસ દિવસ સુધી વાર્તા સંભળાવી। ત્રીજા એ વાર્તા ને એક મહીના સુધી ચલાવી।

એમની વાર્તા સાંભળી ને રાજા એમજ કહેતાં, "તમે જે વાર્તા મને સંભળાવી છે એ એટલી લાંબી નથી।" એમને ઇનામ આપ્યા વગર જ પાછા મોકલતા।

એક ચતુર વાર્તાકારે આ વિષે સાંભળ્યું અને કોઈ પણ પ્રકારે રાજા પાસે થી પુરસ્કાર મેળવવાનો નિશ્ચય કર્યો।

એ રાજા પાસે ગયો અને બોલ્યો, "મહારાજ, મને એક બહુ લાંબી વાર્તા આવડે છે। એ વાર્તા ને પુરી કરવા માં મારી જીંદગી વીતી જશે।"



રાજાએ ઉત્સાહ થી કહ્યું, "ઓહ, એમ વાત છે તો સંભળાવ વાર્તા!" વાર્તાકારે કહ્યું, "પણ મારી એક શરત છે। વાર્તા સાંભળતી વખતે તમે 'પછી..' 'પછી...' એમ પૂછતાં રહેશો।"

રાજાએ તુરંત શરત માની લીધી। વાર્તાકારે વાર્તા સંભળાવવી શરુ કરી।


"એક દેશ માં એક વાર ખૂબ વર્ષા થઈ। ફસલ સારી થઈ। જ્યાં જુઓ ત્યાં પર્વત જેટલા ધાન ના ઢગલા હતા।

એ જોઈ ને એ દેશ ના મંત્રીએ આદેશ આપ્યો, "એક મોટા ભંડાર નું બાંધકામ કરો। દેશ ભર ના ધાન ને આ ભંડાર માં બચાવી ને રાખો। દુકાળ પડે તો પણ ચિંતા કરવાની જરૂરત નહીં પડે।"

આદેશ અનુસાર એક મોટા ભંડાર નું નિર્માણ કરાયું। એવા પ્રકાર નો ભંડાર કોઈ પણ દેશ માં ન હતો। એ શાનદાર ભંડાર ને જોવા દૂર-દૂર થી લોકો આવતા।

ભંડાર માં હવા જવા માટે એક કાણું રાખવા માં આવ્યું હતું। એક દિવસ એક ચકલી ભંડાર ની ચારે બાજુ ભમતી હતી। ભંડાર માં બનેલું કાણું એને દેખાયું। એ ફુર્ર ...ર ઉડી ને ભંડાર માં ઘુસી ગઈ।

ધાન નો એક દાણો ચૂંટીને બહાર આવી અને એ દાણો પોતાના માળા માં રાખી દીધો।" વાર્તાકાર વાર્તા ને અહીં સુધી સંભળાવી ને અટકી ગયો। "પછી...." રાજા એ પૂછ્યું।



ચકલી ફરી ઉડી ને ભંડાર ની અંદર ઘુસી। એક બીજો દાણો ચાંચ માં દબાવી બહાર આવી અને એને પોતાના માળા માં રાખ્યો।" વાર્તાકારે વાર્તા આગળ ચલાવતા કહ્યું।

"પછી...." રાજાએ એ પૂછ્યું।

વાર્તાકાર ચકલી ની ભંડાર માં જવાની અને દાણો લઈને બહાર આવવાની વાત દોહરાવતો રહ્યો।

રાજા પોતાની ધીરજ ખોઈ બેઠા અને વિચારવા લાગ્યા, 'ચકલી ભંડાર માં થી એક-એક દાણો ધાન કાઢતી રહેશે। મારી આખી જીંદગી વીતી જશે। તો પણ ભંડાર માં ધાન ખાલી નહીં થાય। આ વાર્તાકાર ની વાર્તા સાંભળી સાંભળી ને હું પાગલ થઈ જઈશ। હે ભગવાન! આ વાર્તાકાર થી કેવી રીતે છુટકારો કરી શકાય?'

રાજા એ તુરંત આજ્ઞા કરી, "વાર્તાકાર ને એક હજાર સુવર્ણ મુદ્રા આપવા માં આવે।" એ પછીજ રાજા એ ચેન થી શ્વાસ લીધો।

ભારત ની લોક કથા



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist S. P. Raju

નંદરિયા અને મગરમચ્છ

નંદરિયા એક સાહસી વાંદરો હતો। એ પડકારરૂપ કાર્યો ને હંમેશા નીડર બની ને કરતો। એ પોતાને મન ફાવે તેમ જંગલ માં એકલો ઘૂમતો-ફરતો હતો।

એક દિવસ ફરતો-ફરતો એ નદી પાસે પહોંચ્યો। નદી માં એક દ્વીપ હતું। જ્યાં ફળો થી ભરેલા ઘણાં કેરી ના ઝાડ હતા।

નંદરિયા કોઈ પણ રીતે એ દ્વીપ પર જવા માંગતો હતો। પણ નદી વિશાળ હતી। 'દ્વીપ પર કેમ પહોંચું,' એ વિચારવા લાગ્યો। ત્યાં એને નદી ની વચ્ચો-વચ્ચ એક ચટ્ટાન દેખાણી।




નંદરિયા એ એક છલાંગ લગાવી। એ ચટ્ટાન પર પહોંચી ગયો। પછી બીજી છલાંગ લગાવી ને દ્વીપ પર પહોંચી ગયો। આમ કરવું હતું તો બહુ ખતરનાક! પણ નંદરિયા પણ ઓછો સાહસી ન હતો!

નંદરિયા એ દ્વીપ પર પેટ ભરી ને કેરી ખાધી અને મજા કરી। પછી ફરી ચટ્ટાન પર કૂદી ને ઘરે પાછો આવ્યો। એણે પોતાના માઁ-બાપ ને દ્વીપ વિષે બતાવ્યું। મિત્રો ને પણ દ્વીપ પર આવવાનું આમંત્રણ આપ્યું।

"દ્વીપ બહુ દૂર છે। અમે નહીં આવીયે," એમ કહીને મિત્રો એ ત્યાં જવાનો ઇન્કાર કરી દીધો। જયારે પણ ભૂખ લાગતી, નંદરિયા એકલો જ દ્વીપ પર જતો રહેતો।

એને આવી રીતે દ્વીપ પર આવતાં-જતાં એક મગરમચ્છ બહુ ધ્યાન થી જોયા કરતો। એણે વિચાર્યું, "કોઈ રીતે આ વાંદરા ને પકડી ને ખાવો જોઈએ।"

વરસાદ ની ઋતુ હતી। નદી માં પાણી ની સપાટી ઉપર થઈ ગઈ। હવે ચટ્ટાન ઓછી દેખાવા લાગી। એક દિવસ નંદરિયા દ્વીપ થી પાછો આવ્યો તો ચટ્ટાન નો થોડોક જ હિસ્સો દેખાઈ રહ્યો હતો।




નંદરિયા ખૂબ સાવધાની થી ચટ્ટાન પર કૂદવા જઈ રહ્યો હતો કે અચાનક રોકાઈ ગયો। "આ શું! ચટ્ટાન પહેલા થી મોટી લાગી રહી છે। પાણી ની સપાટી તો ઓછી થઈ નથી! આમાં જરૂર કોઈ ષડયંત્ર છે," કઇંક વિચાર્યા પછી એણે એક ચાલ ચાલી।

"ચટ્ટાન ભાઈ! તમે કુશળ તો છો?" નંદરિયા એ સાદ પાડયો। કોઈ જવાબ ન આવ્યો। નંદરિયા એ ફરી સાદ પાડયો, " તમે આજે વાત કેમ નથી કરતા?"



ચટ્ટાન પર સુતેલા મગરમચ્છે વિચાર્યું, 'કદાચ આ ચટ્ટાન રોજ વાંદરા સાથે વાતો કરતી હશે।'

"ભાઈ, તું શું કહી રહ્યો છે?" મગરમચ્છે અવાજ કર્યો। એનું માથું અને પૂંછડી પાણી માં છુપાયેલા હતાં । નંદરિયા એની ચાલ સમજી ગયો। બોલ્યો, "તો તમે મગરમચ્છ છો! તમને શું જોઈએ?"




મગરમચ્છે ક્રોધિત થતાં કહ્યું, "હું તને ખાવા માંગુ છું।" 'આ મગરમચ્છ થી કેવી રીતે બચું?' નંદરિયા વિચારવા લાગ્યો। પછી એને એક ઉપાય સૂઝયો।

એણે કહ્યું, "મગરમચ્છ ભાઈ! હું તમારી ઈચ્છા પૂરી કરીશ। તમે તમારું મોઢું જેટલું ખોલી શકાય એટલું ખોલો। હું સીધો તમારા મોઢા માં કૂદી પડીશ। પણ તમે તમારી આઁખો કસી ને બંધ કરી લો । મારા કૂદવા માં જરા પણ ગફલત થઈ ગઈ, તો તમારી આઁખો ને વાગી જઈ શકે છે।"

બેવકૂફ મગરમચ્છે કસી ને આઁખોં બંધ કરી લીધી અને પોતાનું મોઢું આખું ખોલી નાખ્યું। નંદરિયા નિશાન લગાવીને મગરમચ્છ ની પીઠ પર કૂદ્યો અને સામે કિનારે પહોંચી ગયો।

"મગરમચ્છ ભાઈ! મને પકડવો તમારા સામર્થ્ય ની વાત નથી," હસતા હસતા નંદરિયા ભાગી ગયો।

જાતક કથાઓ



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist Uma Krishnaswamy

રગૂ અને તતિયા નો ઝગડો

ગુલાબી ગુલાબો ની વચ્ચે રગૂ સસલું જાણે શું ખોદી રહ્યું હતું। એના લાંબા લાંબા કાન, જે બહાર થી સફેદ હતા અને અંદર થી ગુલાબી, ફૂલ ની પાંખડી જેવા લાગી રહ્યા હતા।

ત્યારે ત્યાં તતિયા પતંગિયું ઉડતા ઉડતા આવી પહોંચ્યું। એને રગૂ ના કાન પ્યારા પ્યારા ફૂલ જેવા લાગ્યા। એ એના ગુલાબી રંગ પર જઈ બેઠું। બેસતા જ એને લાગ્યું કે આ ફૂલ જેવું નથી। એમાં ગુલાબ ની સુગંધ પણ ન હતી।





તતિયા ને લાગ્યું કે ઉડી જવું જોઈએ, પણ એ ઉડી ન શક્યું। રગૂ ના પાતળા પાતળા કાન માં એની પાંખોં ફસાઈ ગઈ હતી। એનાથી રગૂ ના કાન માં પણ ખંજવાળ આવી રહી હતી અને એ પરેશાન હતું।

"આ કોણ આવી ગયું છે, મારા કાન માં?" રગૂ એ પૂછ્યું।

"હું તતિયા છું," પતંગિયા એ કહ્યું।

"તતિયા તું મારા કાન માં થી બહાર આવ," રગૂ એ કહ્યું।

"તું મારી પાંખોં છોડી દે," પતંગિયા એ જવાબ આપ્યો।

"તતિયા તું જા।"

"તું મારી પાંખોં છોડી દે।"

"હું કહું છું જા।"

"કહી રહી છું પાંખોં છોડ।"

"જા।"

"પાંખો છોડ।"

"કેમ સાંભળતી નથી?"

"કેમ માનતો નથી?"

"કેમ નહીં?"

"તું કેમ નહીં?"

"તું!"

"તું!"

બંને ઝગડવા લાગ્યા। આસપાસ પક્ષી અને વાંદરા ભેગા થઈ ગયા। જોતજોતા માં મુરુ મુર્ગો અને બતક પણ આવી ગયા। "શું થયું? શું થયું?" બધા પૂછી રહ્યા હતા।

"તતિયા જતી નથી," રગૂ એ ફરિયાદ કરી।

"આ મારી પાંખ નથી છોડતો," પતંગિયા એ કહ્યું।

"તું નીકળવા માંગે છે?" મુરુ એ પૂછ્યું।


"હા," તતિયા એ કહ્યું।


"તું પણ એજ ઈચ્છે છે?" મુરુ એ રગૂ ને પૂછ્યું।

એણે માથું હલાવ્યું। મુરુ એ વિચાર્યું, બંને એકજ વસ્તુ ઈચ્છે છે, પણ એ કેવી રીતે થાય? એણે રગૂ ના બીજા કાન પાસે જઈને જોર થી કહ્યું, "કૂકડૂ કૂ ડ ડ ડ ડ ડ"

આ અવાજ થી રગૂ ના બંને કાન ઝણઝણી ઉઠયા અને તેજી થી હલવા લાગ્યા। એના હલતા જ તતિયા ની ફસાયેલી પાંખ બહાર નીકળી આવી। છૂટતાજ એ જલ્દી થી ઉડી ને પાસેના ગુલાબ પર જતું રહ્યું।







"જો ગઈ કે નહીં!" રગૂ એ કહ્યું।


"એણે છોડી કે નહીં!" તતિયા એ કહ્યું।

"તમારા બંને ની વાત પુરી થઈ કે નહીં?" મુરુ એ પૂછ્યું।

બંને એ માથું હલાવ્યું તો એણે ફરી કહ્યું, "ફૂકડૂં ફૂં..."

આ સાંભળી બધા હસી પડયા અને ખુશી-ખુશી પોતપોતાના કામ માં લાગી ગયા।

ત્રિપુરારી શર્મા



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation


P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist Uma Krishnaswamy

આવો ઉકેલીએ



નિર્મળ છે, સુંદર છે, પણ કીચડ માં ઉગે છે
પાણી માં રહે છે, પણ પાણી થી અછૂતું છે

કાંટા ની ડાળી પર ઉગે છે એ પ્યારું-પ્યારું ફૂલ
પ્રેમ માં બધા લેતા-દેતા, કોઈ ન કરતું ભૂલ

સૂરજ ને જોઈ-જોઈ એ ખીલતું જતું
મોટું મોઢું, પાંખડી મોટી, પીળો રંગ એ પામતું

લીલી વેલ પર સફેદ મોતી ના ગુચ્છા આવે જયારે
ખીલતા જ સુગંધ ફેલાય, બધાય ના મન ને એ હરે

પીળા રંગ ના ફૂલ છે નાની પાંખડી વાળા
ત્રીજ, તહેવાર, બધા માં સ્વાગત, બને એની માળા

લાંબી એવી દાંડી, નાના-નાના ફૂલ
સફેદ સુંદર રંગ છે, નથી કોઈ શૂલ
દિવસ ને મહેકાવે, 'રાતો' ને આપે 'ગંધ'
એકલું જ ભરપૂર છે, ઉકેલો આ છંદ

સૂરજમુખી, ગુલાબ, રજનીગંધા, ગલગોટા, કમળ, ચમેલી



સુંદર કાળા રંગ નું પંખી
જોતા જ ઉડી જાય છે
જંગલ-જંગલ હરતું-ફરતું
મીઠા ગીત સંભળાવે છે

પક્ષી છે એ પાંખોં વાળું, તરવું એને ગમે
પાણી માં ડૂબકી જયારે લગાવે, માછલી એ જમે

મહેલો માં એ રહે છે પણ રાજા નથી
દાણા ચણવા ઠેર-ઠેર જાય પણ મહેમાન નથી
મંદિર-મસ્જિદ માં રહે પણ ભક્ત નથી


લાંબી-લાંબી બાંગ પોકારી, કરે છે આરામ હરામ
કૂકડૂં-કૂકડૂં કરીને દિવસભર દાણા ખાવા એનું કામ






લાંબી ગરદન, માથે તાજ
શરીર એનું ચમકતું
પાંખોં પર ઘણી આંખોં
એનું રૂપ બધાને ગમતું

કાળા રંગ નાં કપડાં પહેરી, કામમાં રહે ચુસ્ત
એક બોલાવો બધા આવે, રહે બધા મસ્ત



જેના છે બે પગ લાંબા, દોડે ઘોડા જેમ તેજ
પાંખ છે પણ ઉડે નહીં, જુઓ એનો વેશ

રાત જાગે, દિવસ ના સુવે, અંધારા માં કરે શિકાર
ઝાડ ની બખોલ માં રહેતું, આંખોં એની ગોળાકાર



લીલો-લીલો રંગ છે એનો
ગળા માં પહેરે માળા
તમે બોલો એમ એ બોલે
ઘર-જંગલ માં રહેવા વાળા



ઉડી-ઉડીને તણખલા ભેગા કરતી એ
ગૂંથી-ગૂંથીને સુંદર ઘર બનાવતી એ
ઝૂલી-ઝૂલીને ઘર માં સુઈ જતી એ
વિચારી ને બતાઓ જલ્દી કોણ છે એ



ચાંચ છે વાંકી, આંખો તેજ,
ઉડે છે આકાશ માં ઊંચે
નજર ફેંકી જયારે પણ જુએ,
આવી જાય ઝટ થી નીચે

એક પગ પર ઉભો રહેતો
વીણી-વીણી માછલી ખૂબ ચાવતો

પાંખો પર સફેદ ધબ્બા, ચાંચ નો પીળો રંગ
જેવું તમે બોલો એ બોલે, કરી દે બધાને દંગ

ગીધ, મોર, કોયલ, પોપટ, કબૂતર, કાગડો, સુગરી,
મુર્ગો, ઘુવડ, કાબર, શાહમૃગ, બગલો, બતક

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi


Gujarati Sudhir Jhaveri

Artist Uma Krishnaswamy

પાર કરું કે ન કરું

એક લીલો પર્વત હતો। એની ટોચ પર એક ઘોડી એના બચ્ચા સાથે રહેતી હતી। એ બચ્ચું માં ને ફરતે ઘૂમ્યા કરતું । એક પળ પણ છોડી ને ક્યાંય ન જતું।

એક દિવસ ઘોડી એ પોતાના બચ્ચા ને કહ્યું, "બેટા તું હંમેશા બચ્ચા ની જેમ ચોંટેલું રહે છે। હવે તું મોટું થઈ ગયું છે। કામ કરવાનું ક્યારે શીખીશ?"





બચ્ચા એ ઉત્તર આપ્યો, "કામ તો આપો! હું તૈયાર છું।"

ઘોડી એ કહ્યું, "અચ્છા! ચાલ, તો પછી કામ શરુ કર। આ અનાજ ની ગુણી ને મિલ સુધી લઈ જા।"

નાનો ઘોડો સ્ફૂર્તિ થી કામે લાગી ગયો। ગુણી ને પીઠ પર લાદી દીધી। ખુશી-ખુશી મિલ તરફ ચાલી નીકળ્યો।

થોડે દૂર જ ચાલ્યો હશે કે એ અચાનક રોકાય ગયો। 'અરે! આ તો નદી છે। પાણી વહેતું જાય છે। આ નદી ને પાર કરું કે ન કરું?' એ મૂંઝવણ માં પડી ગયો। અહીંતહીં જોવા લાગ્યો। પાસે એક બળદ ઘાસ ચરી રહ્યો હતો। નાના ઘોડા એ પૂછ્યું, "બળદ કાકા! શું હું નદી ને પાર કરી લઉં?"





બળદે કહ્યું, "અરે, દેખાતું નથી? પાણી મારા ઘૂંટણ સુધી પણ નથી। તું કેમ પાર કરી ન શકે?"

નાના ઘોડા ની હિમ્મત વધી। એ નદી તરફ વધ્યો। "અરે! ઉભો રહે... ઉભો રહે...! જલ્દબાજી નહીં કર," ક્યાંક થી અવાજ આવ્યો।

"કોણ છે?" ઘોડા ના બચ્ચા એ ઉપર જોયું। ઝાડ ની એક ડાળી પર એક ખિસકોલી બેઠી હતી। એણે કહ્યું, "એ બળદ પર વિશ્વાસ નહીં કર। નદી બહુ ઊંડી છે। એના પાણી ના વહેણ માં કાલે મારો મિત્ર તણાઈ ગયો।"

'નદી ઊંડી છે કે નહીં?' નાના ઘોડા ની સમજ માં કંઈ નહોતું આવતું। "શું હું ઘરે પાછો જઈને માઁ ને પૂછું?" એમ વિચારી ને નાનો ઘોડો પાછો ફર્યો। એની માઁ એને જોઈને ચકિત થઈ ગઈ।



માઁ એ પૂછ્યું,"તું આટલો જલ્દી પાછો કેવી રીતે આવી ગયો?" બચ્ચાએ કહ્યું, "રસ્તા માં એક નદી હતી। માઁ! શું એ બહુ ઊંડી છે?" ઘોડી એ પૂછ્યું, "કોણે કહ્યું તને? હું એ રસ્તે થી દિવસ ના ઘણી વાર પસાર થાઉં છું।"

નાના ઘોડા એ કહ્યું, "સાંભળ તો ખરી! બળદ કાકા એ કહ્યું કે હું નદી પાર કરી શકીશ। પણ ખિસકોલી દીદી એ કહ્યું કે હું પાણી માં તણાઈ જઈશ। હું શું કરું?"

ઘોડી એ સ્મિત કર્યું, "બળદ કાકા કેટલા લાંબા છે અને ખિસકોલી દીદી કેટલી લાંબી છે? તું તારી સરખામણી ખિસકોલી સાથે કરી ને જો। વિચાર, કોણ લાબું છે? તું પોતે સમજી જઈશ કે નદી પાર કરી શકે છે કે નહીં।"

"હા! હવે સમજાયું। મારે માટે નદી ઊંડી નથી," નાનો ઘોડો ખુશી થી ઉછળતો નદી તરફ ચાલ્યો।

ચીન ની વાર્તા



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation


P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist Uma Krishnaswamy

અમારી નાની એવી બિલાડી



રિયા અને ઇવાને એક બિલાડી પાળી રાખી હતી। એક દિવસ એ ક્યાંક ખોવાઈ ગઈ। બહુ શોધવા છતાં ન મળી। ત્રણ દિવસ વીતી ગયા। ચોથે દિવસે....

"મ્યાઉં... મ્યાઉં.... મ્યાઉં...મ્યાઉં"

"અવાજ ક્યાંથી આવી રહ્યો છે?" રિયા એ સીડી ચઢી ને જોયું।

"આપણી બિલાડી છજ્જા પર છે ઈવાન। એના બચ્ચા પણ છે। જલ્દી આવી ને જો!" રિયા એ જોરથી બૂમ પાડી।



ઇવાને પણ ઉપર ચઢી ને જોયું। બિલાડી એક ટોપલી માં સૂતી હતી। પાસે જ એના પાંચ બચ્ચા સંકોચાઈ ને સૂતા હતાં ।

રિયા અને ઈવાન ને એમની ઉપર ખૂબ ગર્વ હતો। જે પણ ઘરે આવતું એને બિલાડી ના બચ્ચા બતાવી ને એ ખુશ થતા।

બિલાડી ના બચ્ચા મોટા થવા લાગ્યા। એ અહીં-તહીં ભાગતા। એક-બીજાની ઉપર ચઢી ને ઝગડતા। લોટી-લોટી ને રમતા। માટલા, વાસણ વગેરે માં અંદર ઘુસી ને એને ગબડાવી દેતા।

રિયા અને ઇવાને ભૂરા રંગ ના બચ્ચા ને પોતાની પાસે રાખી લીધું। એને પૂસી કહીને બોલાવવા લાગ્યા। બાકીના ચાર બચ્ચા ને પોતાના મિત્રો ને આપી દીધા। પૂસી ને તેઓ ખાવાનું આપતા। સાથે રમતા-રમતા તેઓને સમય ની ખબર જ ન પડતી। એને પોતાની સાથે જ સુવડાવતાં।

એક દિવસ રિયા અને ઈવાન પૂસી ને પોતાની સાથે બહાર લઈ ગયા। પાસે જ સૂકી ઘાસ નો ઢગલો પડયો હતો। હવા માં ઘાસ હલી રહ્યું હતું। એને પકડવા માટે પૂસી ઉછળવા કૂદવા લાગી। આ હરકત ને જોઈ ને બધા બાળકો હસવા લાગ્યા। થોડી જ વાર માં બાળકો રમત માં મગ્ન થઈ ગયા અને પૂસી ને ભૂલી ગયા।

અંધારું થઈ ગયું। જયારે બાળકો ઘરે જવા લાગ્યા, તો પૂસી ને બોલાવી। પણ એ ક્યાંય ન દેખાણી। બંને બાળકો રોતા રોતા ઘરે પહોંચ્યા।

રાતે બંને હાથ માં પુસ્તક લઈ ને ભણવાની કોશિશ કરી રહ્યા હતા। પણ એમનું મન તો ક્યાંક બીજે જ હતું। "બિચારી! એને દૂધ કોણ આપશે? આ ઠંડી માં એ ક્યાં સૂઈ જશે?" બંને એના જ વિષે વાતો કરતા રહ્યા।



અચાનક ખૂણા માં રાખેલી ટોપી સરકતી દેખાણી। બંને ગભરાયા। બીજા ઓરડા માં ભાગી ગયા। ટોપી સરકતી એમનો પીછો કરવા લાગી। "માઁ! માઁ! જરા અહીં જુઓ। ટોપી પોતાની મેળે ચાલી રહી છે," તેઓએ રાડ પાડી। માઁ પણ દોડી ને આવી। ટોપી ની બહાર હલતી ભૂરા રંગ ની પૂંછડી જોઈ ને હસી પડી।

"ઓહ! આ તો આપણી પૂસી છે। તું અહીં સંતાણી છે? અમે તને ક્યાં-ક્યાં ન શોધી," એમ બોલતા બાળકો એ એને ઉપાડી અને પ્રેમ થી પૂચકારવા લાગ્યા।

રુસ ની કથા



P. Saraswati V. Vijayakanthi
L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist S. P. Raju

જાદુઈ ઢોલ

ઘણા સમય પહેલાં ની વાત છે। જાપાન દેશ માં જેનકોરા નામનો એક છોકરો રહેતો હતો। એની પાસે એક જાદુઈ ઢોલ હતો।


"લાંબુ નાક, લાંબુ નાક," બોલતા એ જયારે ઢોલ ની એક બાજુ વગાળતો તો નાક લાંબુ થઈ જતું। જયારે "નાનું નાક, નાનું નાક," બોલતા ઢોલ ની બીજી બાજુ વગાળતો તો નાક નાનું થઈ જતું।

જેને પણ પોતાનું નાક લાંબુ કે નાનું કરાવવું હોય, એ જેનકોરા પાસે જતા। જેનકોરા એમની ઈચ્છા અનુસાર ઢોલ વગાળતો અને એમની ઈચ્છા પૂરી કરતો।



એક દિવસ એણે વિચાર્યું,"જોઉં તો ખરો! આ જાદુઈ ઢોલ ને વગાડી ને હું મારા નાક ને કેટલું લાંબુ કરી શકું છું!"

એ એક રમત-ગમત ના મેદાન માં ગયો અને પોતાનો ઢોલ વગાળવા લાગ્યો। જેમ-જેમ ઢોલ વગાળતો ગયો એનું નાક લાંબુ થતું ગયું। આખરે એ એટલું લાંબુ થઈ ગયું કે જેનકોરા સીધો ઉભો ન રહી શક્યો। એને જમીન પર સૂવું પડયું। તો પણ એ ઢોલ વગાળતો જ રહ્યો।



ધીરે-ધીરે એનું નાક ઝાડ ની ઊંચાઈ જેટલું લાંબુ થઈ ગયું। થોડા સમય પછી, એ પર્વત ની ટોચ પણ પાર કરી ગયું અને જોત-જોતા માં નાક આકાશ ને અડવા લાગ્યું। એ જ વખતે આકાશ માં થોડા સુથાર પૂલ બનાવી રહ્યા હતા। તેમણે જેનકોરા ના નાક નું ટેરવું પૂલ સાથે મેળવીને ખીલા ઠોકી દીધા।

જેનકોરા ને લાગ્યું કે એના નાક ના ટેરવા માં કંઈક થઈ રહ્યું છે। હવે એ ઢોલ વગાડી ને નાક ને વધારે લાંબુ ન કરી શક્યો। એણે નાક ની લંબાઈ ને ઓછી કરવા ચાહી। એને માટે પોતાના ઢોલ ની બીજી બાજુ વગાડી।



થોડી જ વાર માં એના નાક ની લંબાઈ ઓછી થવા લાગી। પણ નાક નું ટેરવું તો ખીલા થી લાગેલું હતું। નાક ની લંબાઈ ઓછી થતાં-થતાં જેનકોરા આકાશ તરફ ઉઠવા લાગ્યો। ત્યાં એણે જોયું કે એના નાક નું ટેરવું પૂલ સાથે બાંધેલું હતું।

એણે ખીલા ને ઉખાડયો। પણ આ શું? એ નીચે પડવા લાગ્યો। એ તો સારું થયું કે એ છપાક કરતો એક તળાવ માં જઈ પડયો।

થોડું સંભાળ્યા પછી એ તરવા લાગ્યો। ધીરે-ધીરે એના હાથ-પગ, શરીર બધું માછલી ના આકાર માં બદલાઈ ગયું અને એ માછલી બની ગયો। ત્યાર થી બધા એમજ કહે છે કે એ તળાવ ની બધી માછલી જેનકોરા ના પરિવાર ની સભ્ય છે।

જાપાન ની લોક કથા



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist Uma Krishnaswamy

કવિ કવન્નમ

કવન્નમ હંમેશા સપનો ની દુનિયા માં ખોવાયેલો રહેતો। કલાકો બારી પાસે બેસી બહાર જોયા કરતો। કોઈ પૂછતું કે એ શું કરી રહ્યો છે, તો એ કહેતો, "હું ગીતો ના બોલ રચી રહ્યો છું।"


"મુન્ના નો છે એક ભાઈ

ખાવી છે એને મકાઈ"

"ઉડયા વૃક્ષ ના પાંદડા ફડ-ફડ-ફડ

જુઓ વીજળી ચમકી કડ-કડ-કડ।"

આવી રીતે એ શબ્દો ને જોડી, પરોવી ને કવિતા રચતો। એના મિત્રો એની મજાક ઉડાવતા,"અરે જુઓ! કવિ કવન્નમ પધારી રહ્યા છે।"



એક દિવસ એ નાની ને ગામ જઈ રહ્યો હતો। આખે રસ્તે ઝાડ-પાન અને પક્ષી દેખાઈ રહ્યા હતાં । એ બહુ સુંદર હતાં । એનો આનંદ લેતો એ પોતાની ધૂન માં ચાલ્યો જતો હતો।

ખિસ્સા માં રાખેલા ચણા ચાવતા એ ચારે બાજુ નજર દોડાવતો હતો। સામે એક તાડ નું ઝાડ દેખાણું। એ તરત ગાવા લાગ્યો –

"લાંબા-લાંબા પગ છે બે
થાંભલા જેવા ઉભા છે એ"

થોડે દૂર આગળ ચાલ્યો। એને એક ધુવડ દેખાણું। એ ગાવા લાગ્યો –

"ધુવડ આંખોં ઘુમાવે છે એમ
બધું એને દેખાતું હોય જેમ"



કવન્નમ ઉત્સાહિત થઈ ને જોર જોર થી ગાતા આગળ વધ્યો।

દૂર એક કૂતરો માટી ખોતરી રહ્યો હતો। કવન્નમ ને એ શિયાળ જેવો લાગ્યો। તરત ગાવા લાગ્યો –

"આમ કેમ ખાડો ખોદી રહ્યો
શું છે એમાં છુપાવી રહ્યો"

વાહ! બહુ સરસ! એની ખુશી નું ઠેકાણું ન હતું।

"લાંબા-લાંબા પગ છે બે
થાંભલા જેવા ઉભા છે એ"
"ઘુવડ આંખોં ઘુમાવે છે એમ
બધું એને દેખાતું હોય જેમ"
"આમ કેમ ખાડો ખોદી રહ્યો
શું છે એમાં છુપાવી રહ્યો"


એમ ગાતો એ નાની ને ઘરે પહોંચ્યો। ત્યાં સુધી અંધારું થઈ ચૂક્યું હતું। 'અરે! આ શું? નાની ને ઘરે તો તાળું લાગેલું છે!' એ નિરાશ થઈ ગયો। પાસે જ એક ખંડેર જેવું મકાન હતું। એના ચબુતરા પર લાંબો થઈ ને એ સૂઈ ગયો।

અડધી રાતે એને કંઈક અવાજ સંભળાયો। એ ચોંકી ને જાગ્યો। એણે બારી માં થી ડોકિયું કર્યું। એને બે લાંબા પગ દેખાયા। અડધી ઊંઘ માં એને એ તાડ ના ઝાડ જેવા લાગ્યા। એ આવી રીતે ગાવા લાગ્યો –

"લાંબા-લાંબા પગ છે બે
થાંભલા જેવા ઉભા છે એ"

ગાયન સાંભળતા જ અંદર ઉભેલા ચોરે ગભરાઈને ચારે બાજુ નજર ફેરવી। એ જોઈ કવન્નમ ગાવા લાગ્યો –

"ઘુવડ આંખોં ઘુમાવે છે એમ
બધું એને દેખાતું હોય જેમ"



'કોઈ આવી રહ્યું છે। ચોરી નો માલ છુપાવીને રાખવો પડશે,' એમ વિચારી ને ચોરે ખાડો ખોદવાનું શરુ કર્યું। હવે કવન્નમ ગાવા લાગ્યો –

"આમ કેમ ખાડો ખોદી રહ્યો

શું છે એમાં છુપાવી રહ્યો"

ચોર હેરાન થઈ ગયો। બધું ત્યાંજ ફેંકીને ભાગવા લાગ્યો।

તરત કવન્નમે 'ચોર-ચોર' બોલી ને બૂમ પડી। આસ-પાસ ના લોકો દોડી ને આવ્યા અને ચોર ને પકડી લીધો। લોકો એ કવન્નમ ની ખૂબ પ્રશંસા કરી। એ દિવસ થી બધા કવિ કવન્નમ ના ગીતો નો આનંદ લેવા લાગ્યા।

તમિલનાડુ ની વાર્તા



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist S. P. Raju


કોણ આવી રહ્યું છે 41




સર્ર... સર્ર... સર્ર... સર્ર

'આ કેવો અવાજ છે?' ઘુવડ ના કાન સતર્ક થઇ ગયા। એણે પોતાની મોટી-મોટી આંખોં બધી બાજુ ફેરવી।

અવાજ સાંભળી સસલું પણ ચોંકી ઉઠયું અને પોતાના દર માં ઘુસી ગયું। પછી પોતાનું માથું બહાર કાઢી ને જોવા લાગ્યું।





સાપે પણ અવાજ સાંભળ્યો। એણે ઝટ થી માથું ઉઠાવી ને ફેણ ફેલાવી।

સર્ર... સર્ર... સર્ર...

અવાજ ધીરે-ધીરે પાસે આવ્યો।

કાકીડા એ પણ અવાજ સાંભળ્યો।




સંકટ ના સમયે એ તો બહુ ચાલાકી થી સંતાઈ શકે છે। તરત પોતાનો રંગ બદલી લીધો। પાંદડા ની વચ્ચે પાંદડા જેવો લાગવા લાગ્યો।

પતંગિયા એ પોતાની પાંખોં ફફડાવી અને સમેટી લીધી।

ફૂલો વચ્ચે સ્થિર બેસી રહ્યું। એ પણ ફૂલો ની પાંખડી જેવું દેખાવા લાગ્યું।



ધીરે-ધીરે સરકતી ગોકળગાય અટકી ગઈ। પોતાના શરીર ને કવચ ની અંદર ખેંચી લીધું। પથ્થરોં ની વચ્ચે પથ્થર બની ગઈ।






સર્ર... સર્ર... સર્ર... સર્ર...

શાહુડી ભય થી રોમાંચિત થઈ ગયું। પોતાના કાંટા ને કડક કરી ને ફેલાવ્યા। હુમલો કરવા તૈયાર!





જમીન પર ચાલતો કરચલો તો દર માં છુપાઈ ગયો।

નદી ને કિનારે ડ્રાંઉં-ડ્રાંઉં કરતા દેડકા એ પણ અવાજ સાંભળ્યો। એ એકજ છલાંગ માં પાણી માં કૂદી પડયો।

સર્ર... સર્ર... સર્ર... સર્ર...

અવાજ નજીક આવી રહ્યો હતો। જે દિશા થી અવાજ આવી રહ્યો હતો, બધાની નજર એ દિશા તરફ હતી।

પેલા વણાંક બાજુ થી કોણ આવી રહ્યું છે?

'અરે! આ તો આપણો કાનખજૂરો છે!' એના દરેક પગ માં એક ચપ્પલ હતી।

વાહ! શું શાનદાર કાનખજૂરો અને શું શાનદાર એની ચાલ!



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist Uma Krishnaswamy

દોડ હરીફાઇ

ગરમી ની મોસમ હતી। હાથી મહારાજ તળાવ માં ખૂબ નાહ્યા! જયારે ઘરે જઈ રહ્યા હતા ત્યારે રસ્તા માં એમને ઘણી કીડીઓ દેખાણી। તેમને જોતા જ હાથી ચિઢાઈ ગયો અને કહ્યું,"તમે લોકો મને જોઈ ને સલામ કેમ નથી કરતાં?"



"ક્ષમા કરજો મહારાજ! અમે કામમાં વ્યસ્ત હતાં। તમને જોયા જ નહીં," એક નાની કીડી એ જવાબ આપ્યો। "કામ! તુચ્છ જંતુ! તમે શું કામ કરી શકો છો?" હાથી એ પૂછ્યું।

"અમે નાની છીએ, પણ તુચ્છ નહીં," એક નીડર કીડી એ આગળ આવી ને જવાબ આપ્યો। હાથી નો ક્રોધ ઔર વધી ગયો, "આટલી હિમ્મત! તમે નાના છો અને બેકાર પણ। મને જુઓ! હું કેટલો બળવાન છું।"






કીડી ક્યાં ચૂકતી, "અમે તમારા થી કોઈ બાબત માં ઓછા નથી। તમે જે-જે કરી શકો છો, અમે પણ એ બધું કરી શકીયે છીએ।"

હાથી એ કીડી સામે અકડી ને જોયું। એ એના પગ ની આંગળી ના વાળ થી પણ નાની હતી। "શું તું મારી સાથે દોડ હરીફાઈ માં ભાગ લઈ શકે છે?" હાથી એ પડકાર ફેંક્યો।

"કેમ નહીં? દોડ માં તમને હરાવી પણ શકું છું," કીડી એ આત્મવિશ્વાસ થી કહ્યું। હાથી એ ગુસ્સા થી રાડ પાડી, "બેવકૂફ! મારો એક પગ પાર કરવામાં તને એક યુગ લાગશે। ચલ! હું તને પાઠ ભણાવીશ।"

હરીફાઈ શરુ થઈ। હાથી એ થોડે દૂર દોડયા બાદ નીચે જોયું। "અરે કીડી! તું હજી સુધી દોડી રહી છે!" હાથી એ આશ્ચર્ય થી કહ્યું।

હાથી થોડે દૂર ઔર દોડયો। કીડી હજી પણ એની નજીક દોડી રહી હતી। હાથી વધારે ઝડપ થી દોડયો। ઘણી ટેકરી અને પથરીલા રસ્તા પાર કર્યા। જયારે-જયારે એણે નીચે જોયું, ત્યારે-ત્યારે કીડી ને પોતાની સાથે જ દોડતી જોઈ।





હાથી હવે થાકવા લાગ્યો। એનો શ્વાસ ફૂલવા લાગ્યો। એ દોડ સમાપ્ત કરવા ચાહતો હતો। પણ કીડી સાથે-સાથે ચાલી રહી હતી। 'હું હાર કેવી રીતે માની શકું!' એમ વિચારી ને હાથી દોડતો રહ્યો।

ઘોંઘાટ સાંભળી ને બધા જાનવર બહાર નીકળ્યા। તમાશો જોવા લાગ્યા। "શાબાશ કીડી, હજી દોડ!" બધા એ પ્રોત્સાહિત કરી।



કોલાહલ સાંભળી ને હાથી વધારે ક્રોધિત થયો। એ અંધાધૂંધ ભાગવા લાગ્યો અને એક ખાડા માં જઈ પડયો।





બધા જાનવર ઉપર થી જોઈ રહ્યા હતા। ત્યાં કીડી પણ ઉભી હતી। "બિચારો હાથી! હારી ગયો। તમે બહાર કેવી રીતે આવશો? હું તો તમને બહાર કાઢવાની નથી," કીડી હસતા-હસતા ચાલી ગઈ।


જાનવરો ને હાથી ઉપર સહાનુભૂતિ થઈ। તેઓએ બહાર નીકળવામાં એની મદદ કરી। હાથી એ પણ જાનવરો ને હેરાન ન કરવાનું વચન આપ્યું।

ચાલતા-ચાલતા હાથી એ વાંદરા ને પૂછ્યું, "બતાવ તો, કીડી કેવી રીતે જીતી શકી?"

વાંદરા એ કહ્યું, "મૂર્ખ હાથી! કીડી તો બધી જગ્યા એ હોય। દરેક વખતે તમે એક અન્ય કીડી ને જોઈ। જે કીડી એ તમને શરૂઆત માં પડકાર્યા હતા એ તો તમારી સાથે ચાલી જ નથી।"

શોભિતા પુંજ ની લખેલી

લોક કથા પર આધારિત



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi


Gujarati Sudhir Jhaveri

Artist Uma Krishnaswamy

ચાંદો રાત્રે કેમ નીકળે છે?

ઘણા સમય પહેલા ની વાત છે। એક દિવસ ચંદા એ સૂરજ ને ધ્યાન થી જોયો, "ઓહો! આ સૂરજ તો મારાથી બહુ મોટો છે અને કેટલો પ્રકાશમય પણ!' ચંદા એ સુતેલા ઘુવડ ને જગાવી ને પૂછ્યું, "શું તું શોધી શકીશ કે સૂરજ પોતાનો પ્રકાશ ક્યાં સંતાડી રાખે છે?"

ઘુવડે કહ્યું, "જરૂર!" ચાંદ ખુશ થયો। પછી ધીરેથી કહ્યું, "આભાર ઘુવડ ભાઈ! કાલે સાંજે સૂરજ ઢળ્યા પછી આ કાંટાદાર ઝાડી ની પાછળ મળશું।"




ઘુવડ ઉડતા ઉડતા ચાલ્યું ગયું। પણ ચાંદ બેચેન હતો।

એને જાત-જાત ના વિચાર સતાવતા રહ્યા, "ઘુવડ કેવી રીતે તપાસ કરશે કે સૂરજ નો પ્રકાશ ક્યાં છુપાયેલો હોય છે? બાપ રે! જો ઘુવડે સૂર્ય ને જગાવી દીધો તો...। નહીં...નહીં... એ એવું ક્યારેય નહીં કરે!" જ્યાં સુધી ચાંદ ને ઊંઘ ન આવી ત્યાં સુધી એ આ બાબત ચિંતા કરતો રહ્યો।

બીજે દિવસે ચાંદ સૂરજ ના ડૂબવાની રાહ ન જોઈ શક્યો। સવાર થતાં જ એ કાંટાળી ઝાડી માં જઈ છુપાયો। વચ્ચે-વચ્ચે ડોકિયું કરી ને ઘુવડ ની રાહ જોતો રહ્યો।

ઘુવડ ના આવતાજ એણે વ્યાકુળતા થી કહ્યું, "ઓહ! આવી ગયું! હું તારે માટે ચિંતિત હતો।" ઘુવડે પોતાની તોફાની આંખો ને ગોળ-ગોળ ઘુમાવતા કહ્યું, "સૂતા પહેલા સૂરજ પોતાનો પ્રકાશ એક સંદૂક માં રાખે છે।"




ચાંદે કહ્યું, "ધન્યવાદ!" પછી અચકાતા અચકાતા બોલ્યો, "શું તું સૂરજ નો થોડો પ્રકાશ મને લાવી આપીશ?"

"કેમ નહીં? જરૂર!" ઘુવડે કહ્યું। કાલે આજ સમયે, આજ જગ્યા એ મળશું," ચાંદા એ કાનાફૂસી કરી અને ઘુવડ સુરજ ના ઘર તરફ ઉડયું।

"જો ઘુવડ પકડાઇ જાય તો?" ચાંદ ના મનમાં ફરી શંકા થવા લાગી। "શું એ અવાજ કર્યા વગર ઘર ની અંદર ઘુસી શકશે?" ચિંતા કરતા-કરતા એ સૂઈ ગયો।

બીજે દિવસે સાંજે ઘુવડ સૂરજ ના પ્રકાશ નો થોડો અંશ લઈ આવ્યું। ચંદા એ એને ઓઢી લીધો। ઘુવડ ચાંદ ની પ્રશંસા કરતા બોલ્યું, "આટલા માં જ તું પ્રકાશમય થઈ ગયો છે।"

થોડા મહિના સુધી આમજ ચાલતું રહ્યું। એક દિવસ સૂરજે ચાંદ ને ધ્યાન થી જોયો, પછી પોતાની તરફ જોયું। સૂરજ સમજી ગયો, "ચાંદ મારો પ્રકાશ ચોરી રહ્યો છે।"



એ રાત્રે સૂરજ જાગતો રહ્યો। એણે ઘુવડ ને પોતાનો પ્રકાશ લઈ જતા જોયો। સૂરજે ઘુવડ નો પીછો કર્યો। એણે ઘુવડ ને પ્રકાશ લઈ જઈ ને ચાંદ ને સોંપતા જોયો। ચંદા ને એને ઓઢતા પણ જોયો। આ જોતા જ સૂરજે સામે આવી ને ચંદા ને લલકાર્યો।

"ચંદા! તું મારો પ્રકાશ કેમ ચોરી રહ્યો છે?" ચંદા એ ઉત્તર આપ્યો, "કેમકે તું મારા થી વધારે પ્રકાશમય છે।"

ક્રોધિત થઈ ને સૂરજે ચંદા નો બધો પ્રકાશ છીનવી લીધો અને દંડ પણ કર્યો "હવે થી તું દિવસભર સૂતો રહીશ। રાતે જ પ્રકટ થઈ શકીશ।"

ચાંદ આજે પણ ઘુવડ ની મદદ થી સૂરજ નો પ્રકાશ ચોરી રહ્યો છે। પણ સૂર્યોદય થી પહેલા તે એ પ્રકાશ ને પરત કરી દેય છે।

અમેરિકન ઇન્ડિયન ટેલ પુનર્લેખન

નિરુપમા રાઘવન



P. Saraswati V. Vijayakanthi
L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist Uma Krishnaswamy

શિબિ અને ગરુડ

44



શિબિ કુરુ વંશ નો એક પ્રસિધ્ધ રાજા હતો। રાજા શિબિ ના મનમાં બધાં પશુ-પક્ષીઓ અને પ્રાણીઓ પ્રતિ પ્રેમ અને કરુણા ભાવ હતો।




એક દિવસ એ બગીચા માં ટહેલી રહ્યો હતો। ત્યાં એક કબૂતર ઝડપ થી ઉડતું આવ્યું। "મને બચાવો! મને બચાવો!" બોલતા-બોલતા એ રાજા પાસે આવી ગયું।

શિબિ એ એને ઉઠાવ્યું અને પ્રેમ થી કહ્યું, "ડર માં! તું મારી શરણ માં આવ્યું છે। હું તને નિરાશ નહીં કરું।"

એજ વખતે કબૂતર નો પીછો કરતું એક ગરુડ ત્યાં આવી પહોંચ્યું। એણે રાજા પાસે માંગણી કરી, "કબૂતર ને મારે હવાલે કરી દો। એ મારો આહાર છે।"

રાજા સંકટ માં પડી ગયો અને બોલ્યો, "મેં કબૂતર ની રક્ષા કરવાનો વાયદો કર્યો છે। કબૂતર ને બદલે તમને બીજા કોઈ નું માંસ આપી શકું છું।"

પણ ગરુડ હઠ કરવા લાગ્યું, "મને બીજું કંઈ ન જોઈએ। કબૂતર જ જોઈએ।" રાજા એ એને મનાવવાનો બહુ પ્રયાસ કર્યો। અંત માં ગરુડ બોલ્યું, "જો કબૂતર ના વજન જેટલું માંસ તમે તમારા શરીર માં થી કાપી ને મને આપો તો હું કબૂતર ને છોડી દઈશ।"



રાજાએ એ કહ્યું, "ઠીક છે।" એણે એક ત્રાજવું મંગાવ્યું। ત્રાજવા ના એક પલડાં માં કબૂતર ને રાખ્યું અને બીજા પલડાં માં પોતાની જાંઘ માં થી માંસ કાપી ને રાખ્યું।



કબૂતરનું પલડું ભારે જ રહ્યું। 'આટલું નાનું કબૂતર અને એનું આટલું વજન!' લોકો સ્તબ્ધ થઈ ગયા। શિબિ પોતાના શરીર પર થી માંસ કાપી-કાપી ને રાખતો ગયો। તો પણ કબૂતર નું પલડું ભારે હતું।



આ અનોખું દ્રશ્ય જોઈ ને દેવતાગણ ભાવુક થઈ ગયાં। એમણે ફૂલ વરસાવી ને રાજા શિબિ ની પ્રશંસા કરી। કબૂતર અને ગરુડ પણ દેવતા જ હતાં જે શિબિ ની પરીક્ષા લેવા વેશ બદલી ને આવ્યાં હતાં।

"તમે એ પણ ન વિચાર્યું કે કબૂતર એક સાધારણ એવું પક્ષી છે। પોતાના જાન ની પરવા ન કરતાં તમે એને બચાવ્યું। સંસાર હંમેશા તમારાં ન્યાય અને કરુણા ની પ્રશંસા કરશે," એમ આશીર્વાદ આપી ને દેવતા ચાલ્યાં ગયાં।



P. Saraswati V. Vijayakanthi
L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist Uma Krishnaswamy

આજ્ઞાકારી શિષ્ય

એક ગુરુ પોતાના ચાર શિષ્યો સાથે બેલગાડી માં સફર કરી રહ્યા હતાં। ગુલાબી હવા ચાલી રહી હતી। ગુરુ આરામ થી સૂઈ ગયા।

રસ્તા ઉબડ-ખાબડ હતા અને ગાડી હલી રહી હતી। અચાનક ગુરુ ની પાઘડી નીચે પડી ગઈ।

શિષ્યોએ પાઘડી નીચે પડતા જોઈ। એમને સમજાયું નહીં કે શું કરવું કેમકે ગુરુ એ એમને આજ્ઞા કરી હતી, "મને પૂછ્યા વગર તમે કોઈ કામ નહીં કરતા।" તો પછી એ પાઘડી કેવી રીતે ઉપાડતા?



થોડા જ સમય માં ગુરુ જાગી ગયા। "મારી પાઘડી ક્યાં છે?" ગુરુ એ શિષ્યો ને પૂછ્યું। "પાઘડી રસ્તા માં પડી ગઈ," શિષ્યો એ ગુરુ ને જણાવ્યું।

ગુરુ એ એમને ઠપકો આપ્યો, "અરે મૂર્ખો! પાઘડી ને પડતા જોયા કરી। તો પણ ન ઉઠાવી! હવે ગાડી માં થી જે પણ વસ્તુ પડે એને જરૂર ઉઠાવી લેજો।"

ગુરુ ફરી થી સૂઇ ગયા। આ વખતે શિષ્યો સતર્ક રહ્યા। ચારે બાજુ જોતા રહ્યા। અરે! આ શું? ચાલતા-ચાલતા બળદ પોદળો કરવા લાગ્યાં। શિષ્યો કામે લાગી ગયાં। બધું છાણ ભેગું કર્યું। એને ગાડી માં રાખી દીધું।

"ગાડી માં કઇંક અજબ વાસ આવે છે!" બોલતા ગુરુ એ આંખોં ખોલી। છાણ નો ઢગલો! ગુરુ એ રાડ પાડી, "આ શું મજાક છે?"


"ગુરૂજી! તમે જ કહ્યું હતું કે ગાડી માં થી પડેલી દરેક વસ્તુ ઉઠાવી ને રાખવાની છે। અમે એજ કર્યું," શિષ્યો એ ગર્વ થી કહ્યું।



"આ શિષ્યો ને કેવી રીતે સમજાવું?" ગુરુ એ માથું પકડી લીધું। પછી કંઈક વિચારીને તેઓ એક નિર્ણય પર પહોંચ્યા।

શિષ્યો માટે એક સૂચિ બનાવી કે ગાડી માં થી પડેલી વસ્તુઓ માંથી કઈ ઉઠાવવી અને કઈ નહીં। પછી નિશ્ચિન્ત થઈ ને સૂઈ ગયા।

ગાડી ફરી પથરાળ રસ્તા પર ચાલવા લાગી। અચાનક એનું સંતુલન બગડી ગયું। ધમ્મ દઈને ગુરુજી એક ખાડા માં પડી ગયા। "અરે! મને કોઈ બચાવો," ગુરુ ચીસો પાડવા લાગ્યા।



શિષ્યો એ તુરંત સૂચિ કાઢી ને જોઇ। પછી કહ્યું, "ગુરુજી! સૂચિ માં તમારું નામ તો છે નહીં! અમે તમને બહાર ન કાઢી શકીયે।"

ગુરુ એ તેમને બહુ સમજાવવાની ની કોશિશ કરી। પણ શિષ્ય અડગ રહ્યા, "અમે તમારી આજ્ઞા નું ઉલ્લંઘન ક્યારેય નહીં કરીયે। તમે અમારી પરીક્ષા લેવા માંગો છો?" કહીને શિષ્યો એ એમને બહાર કાઢવાનો ઇન્કાર કરી દીધો।

ગુરુ એ વિવશ થઇ ને શિષ્યો પાસે સૂચિ અને કલમ માંગ્યા। નીચે પડવાવાળી એ વસ્તુ ઓ ની સૂચિ માં પોતાનું નામ જોડી દીધું જેને શિષ્યો એ ઉઠાવવાની હતી। સૂચિ ને શિષ્યો પાસે પાછી ફેંકી। ત્યાર પછી જ શિષ્યો એ એમને ખાડા માં થી બહાર કાઢ્યા।

ભારત ની લોક કથા



P. Saraswati V. Vijayakanthi
L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist S. P. Raju

પોપટ ની સલાહ

એક વેપારી પાસે એક બોલતો પોપટ હતો। એ એને એક ચાંદી ના પાંજરા માં રાખતો અને પ્રેમ થી પાળતો હતો। પોપટ જે પણ ખાવાનું માંગતો વેપારી એને ખવડાવતો।

પોપટ વેપારી સાથે કલાકો વાતો કરતો રહેતો। એના દરેક સવાલ નો સૂઝબૂઝ થી જવાબ આપતો। વાતો-વાતો માં વેપારી ને કહેતો, "મને છોડી દે। હું સ્વતંત્ર જીવવા ઈચ્છું છું।"



પરંતુ વેપારી ના પાડી દેતો અને કહેતો, "તું આના સિવાય કંઈ પણ માંગ। હું ચોક્કસ આપીશ।"

એક દિવસ પોપટે કહ્યું, "મને આઝાદ કરી દે। હું તને ત્રણ સલાહ આપીશ। એ જીવન ભર તને કામ આવશે।" વેપારી વિચાર માં પડી ગયો। પછી એણે પાંજરા નો દરવાજો ખોલી નાંખ્યો।

પોપટ ઉછળી ને વેપારી ના હાથ પર બેસી ગયો અને બોલ્યો, "હવે મારી પહેલી સલાહ સંભાળ। સંપત્તિ ખોવાય જાય તો ક્યારેય દુઃખી નહીં થતો।"


વેપારી એ એની વાત ને મહત્વ ન આપતા કહ્યું, "તેં કોઈ નવી વાત તો નથી બતાવી।"



પોપટ ઉડી ને છત પર જઈ બેઠો અને બોલ્યો, "આ રહી મારી બીજી સલાહ! તને કોઈ કંઈ વાત કહે તો એની ઉપર પૂર્ણ વિશ્વાસ નહીં કરતો।"

વેપારી ચિડાઈ ને બોલ્યો, "આ બધી વાતો મને પહેલે થી જ ખબર છે। કંઈક એવું બતાવ, જે મને ખબર ન હોય।" પોપટ જોર થી હસ્યો, "અચ્છા! હવે હું તને એ વાત બતાવીશ જે તને ખબર નથી। મારા પેટ માં અમૂલ્ય રત્નો છે।"

વેપારી દંગ રહી ગયો। "શું! અમૂલ્ય રત્નો! અરે! મેં તને છોડી ને કેટલી મોટી ભૂલ કરી! મને એનો જીંદગી ભર અફસોસ રહેશે।"



પોપટ એની મજાક ઉડાવતા બોલ્યો, "જોયું! હમણાં-હમણાં મેં કહ્યું કે સંપત્તિ ખોવાય જાય તો દુઃખી નહીં થતો। પણ આટલા માં તું દુઃખી થઈ ગયો। મેં કહ્યું કે બીજા ની વાતો પર વિશ્વાસ ન કરતો। પણ જયારે મેં કહ્યું કે મારા પેટ માં અમૂલ્ય રત્નો છે, તેં તરત વિશ્વાસ કરી લીધો। જરા વિચાર, જો મારા પેટ માં રત્નો હોત તો શું હું જીવીત રહી શકત?"

પોપટ ફરી બોલ્યો, "હવે સાંભળ મારી ત્રીજી સલાહ। કોઈ કંઈ પણ કહે તો એને બુદ્ધિ ના સ્તર પર સારી રીતે પરખી ને જોજે। ફક્ત કાન થી સાંભળવું પૂરતું નથી।"

વેપારી હક્ક-બક્ક રહી ગયો। ચુપચાપ ઉભો પોપટ ને ઉડતો જોતો રહ્યો।

ભારત ની લોક કથા



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi


Gujarati Sudhir Jhaveri


Artist S. P. Raju

સસલા એ સમુદ્ર પાર કર્યો

એક સસલું રોજ સાંજે સમુદ્ર કિનારે આવતું અને કલાકો એક ચટ્ટાન પર બેસી કંઈક વિચારતું રહેતું। એક દિવસ એક શાર્ક સમુદ્ર માં થી ઉછળતી બહાર આવી અને સસલા ને અવાજ કર્યો, "અરે મિત્ર! તું એકલું બેસી ને શું જોયા કરતું હોય?"

સસલું બોલ્યું, "સમુદ્ર ને પેલે પાર ટેકરી ને જો। કેટલી સુંદર છે! સમુદ્ર પાર કરીને હું એ બાજુ જવા ઈચ્છું છું।"






શાર્ક જોર-જોર થી હસવા લાગી અને બોલી, "અરે બેવકૂફ! તરતા તો તને આવડતું જ નથી! સમુદ્ર કેવી રીતે પાર કરીશ?"

સસલા એ કહ્યું, "હું સમુદ્ર પાર કરવાનો કોઈ રસ્તો શોધી લઈશ।"

શાર્ક ના ચહેરા ઉપર એક હલકું સ્મિત આવી ગયું, "અચ્છા! જોઈએ તું કેમ પાર કરે છે।"

એક દિવસ સસલા ને એક ઉપાય સૂઝયો। એણે શાર્ક ને પૂછ્યું, "આપણા બે માં થી કોની પાસે વધારે મિત્રો છે? તારી પાસે કે મારી પાસે?" શાર્કે ઉત્તર આપ્યો, "મને પાક્કી ખાતરી છે કે મારી પાસે જ વધારે મિત્રો છે।"

સસલા એ કહ્યું, "અચ્છા! તો તારા મિત્રો ને એક પંક્તિ માં આ કિનારા થી પેલી ટેકરી સુધી ઉભા કરો। હું ગણી જોવા માંગુ છું।"





બધી શાર્ક એક પંક્તિ માં ઉભી ગઈ। સસલું એક શાર્ક થી બીજી ની પીઠ પર કૂદતું ગયું અને ગણતું ગયું, "એક, બે, ત્રણ......"

આખરે એ ટેકરી પર પહોંચી ગયું। ત્યાં એક ચટ્ટાન પર કૂદી ગયું અને બોલ્યું, "ધન્યવાદ, શાર્ક મિત્રો! તમે બધા એ એક પૂલ બનાવી દીધો અને સમુદ્ર પાર કરવા માં મારી સહાયતા કરી।"

ત્યારે એના શાર્ક મિત્ર ને એહસાસ થયો કે સસલા એ એને બેવકૂફ બનાવી દીધી। શાર્ક ને ક્રોધ તો આવ્યો, પણ મનમાં ને મનમાં સસલા ની ચતુરાઈ ની પ્રશંસા પણ કરી।


શાર્ક જયારે પણ ટેકરી ને કિનારે આવતી, તો સસલા ને ગોતવા લાગતી। પણ સસલું દેખાતું નહીં। ઘણા મહીના વીતી ગયા।

એક દિવસ અચાનક એને એજ સસલું કિનારે મળ્યું। એ એકદમ ગોળમટોળ થઈ ગયું હતું।

શાર્ક ખુશી થી પાણી માં ઉછળી। એણે સસલા ને સાદ પાડયો, "મિત્ર! શું તું હવે પાછું આવવા ચાહે છે? આ વખતે તું મને મૂર્ખ નહીં બનાવી શકે। સારું થશે કે તું સમુદ્ર ને કિનારે-કિનારે ફરી ને જા।"

સસલા એ ખૂબ આત્મવિશ્વાસ થી કહ્યું, "ના, હું ફરી સમુદ્ર ને પાર કરી ને બીજા કિનારા સુધી જઈશ।" સસલું ઘણા દિવસો સુધી સમુદ્ર ના કિનારે બેઠું રહ્યું અને વિચારતું રહ્યું। એક દિવસ એને એક નવો ઉપાય સૂઝયો...

જાપાન ની લોક કથા પર આધારિત



P. Saraswati V. Vijayakanthi
L. S. Saraswathi S. Rajalakshmi


Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist Uma Krishnaswamy

આવો ઉકેલીએ



ખૂબ નાચશે, હલશે અને ખૂબ-ખૂબ ઝૂમસે
સોનેરી મોતી એના પર આવશે ત્યારે ઝૂકશે
અંદર થી સફેદ દાણા નીકળશે

દેખાય છે ડંડા જેવી
મીઠી એવી એ રસીલી
પીતા જ ઠંડક કરે
એના થી બને ગોળ ની ભીલી



છોડ જમીન ની બહાર, ફળ જમીન ની અંદર
કાચી પણ ખવાય, શેકી ને મસ્ત કલંદર

એક અન્ન નો દાણો જેનાં પેટ માં લકીર
બધા એને ખાય ચાહે રાજા હોય કે ફકીર

ફોતરું મારુ કાળું છે, છોલતાં થાઉં ગોરો
ચાવી ને એને ખૂબ દોડે, છોરી હોય કે છોરો

બહુ બધા કપડાં પહેરે, વાળ નો ગુચ્છો લાલ છે
અંદર એની ઘણા મોતી, ખાવા માં કમાલ છે

એક અન્ન નો દાણો એવો, જેનો રાખોડી રંગ
શિયાળા માં એના રોટલા ખાઓ, ગોળ ઘી ને સંગ



શેરડી, મગફળી, ઘઉં, બાજરો,
ચોખા, કાળા ચણા, મકાઈ





છ પગ હોય છે મારા
ઉડતા રહેવું કામ
ગંદુ, મીઠું બધા પર બેસું
જલ્દી બતાવો નામ



કચરા ને હું ખાતર બનાવું
ભીની માટી માં રહી જાઉં
સાપ સમજે બાળકો મને
એમના થી કેમ મને બચાવું




ક્યારેય પાંખોં ન સમેટે, ચાહે ઉડે-સૂએ
ચાહે બેઠું હોય ખાલી
કહે છે વરસાદ આવશે
જયારે-જયારે નીચે ઉડે

મોઢે થી નીકળ્યો દોરો બની જાય એક જાળું
જાદુગર નથી, શિકારી નથી તો કોણ છે આ મતવાલું



નાની રેશમ લાલ રેશમ
દુનિયા ભર માં ઘૂમે રેશમ
બધા એને ચાહશે
બધી જગ્યાએ પામશે





માથાપુર થી ગાડી ચાલી
કાનપુર માં પકડાઈ ગઈ
હસ્તપુર માં ઝગડો થયો
નખપુર માં ચગદાઈ ગઈ

ફૂલોં થી એ કરે વાતો, પીતું મીઠો રસ
રંગ-બેરંગી પાંખ છે એની, ઉડતું રહે બસ





અંધારા માં ઝબૂકે છે
ખોળા માં આગ લઈ જાય છે
રાત નાં જયારે એ ઉડે છે
બધા નાં મનને ગમે છે

માટી માં જ પેદા થતી, માટી જ એ ખાતી
લાકડા માં જયારે એ લાગે, ચટ એને કરી જતી

એક ડોક્ટર એવો
જે બધા ને લગાવે સોય
વાત કોઈ ની ન સાંભળે
પૈસા લીધા વગર ઉડી જાય










પગ એના ઘણા બધા
નાના સાપ જેવો દેખાય
ઘર માં ચાહે જ્યાંથી આવે
ખતરનાક પણ થઈ જાય


એક ની પાછળ એક એ ચાલે
હોય એમની ફોજ
ભોજન માટે ફરતી રહેતી
આખો દિવસ રોજ



અંધારા ખૂણા નો રહેવા વાળો
ભીનાશ થી મારો નાતો
અવાજ સાંભળું તો ભાગી જાઉં
અજવાળું મને ન સોહાય

એક મહેલ ની હજારો દાસ
એ બધા માં એક હોય ખાસ

કીડી, માખી, મચ્છર, પતંગિયું, કાનખજૂરો, મક્ષિકા (ડ્રેગન ફ્લાય), જૂ, વંદો, રેશમ નો કીડો, ઉધઈ, રાણી મધમાખી, અળસિયું, આગીયો, કરોળિયો



P. Saraswati V. Vijayakanthi
L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist Uma Krishnaswamy


પક્ષી અને લાલી



એક દિવસ ખુશ થઈ ને વૃક્ષે પક્ષી ને બે ફૂલ આપ્યા। એ સુંદર, બહુ સુંદર હતાં। પક્ષી એ વિચાર્યું, 'હું એક ફૂલ કોઈ બીજા ને આપીશ। પણ કોને?' ચાંચ માં સુંદર ફૂલ ને લઈ ને એ ગોતવા નીકળ્યું।

ઉડતાં-ઉડતાં એને એક બગીચો દેખાયો। એમાં જાત-જાત ના ફૂલ હતાં। ખૂબ બધા ફૂલ। હવા માં એની સુગંધ ભરી હતી।

આવો બાગ તો પક્ષી એ ક્યારેય જોયો નહોતો। ક્યાંક દૂર બાગ નો માળી દેખાયો। પક્ષી એ વિચાર્યું, 'લાગે છે આને ફૂલ બહુ પસંદ છે। હું એને ફૂલ આપું તો?'



જેવું એ નીચે આવ્યું, માળી ની નજર એના પર પડી। માળી એ ચોંકી ને કહ્યું, "અરે, તારી પાસે તો બહુ સુંદર ફૂલ છે, મને આપી દે। એવું મારા બગીચા માં નથી। આના થી મારો બગીચો દુનિયા માં સૌથી સારો થશે। મને ઇનામ મળશે।"



પક્ષી રિસાઈ ને ઉડી ગયું। ઉડતા-ઉડતા એને રંગ જ રંગ દેખાયો। એક માણસ કપડાં પર ભરતકામ કરી રહ્યો હતો। પક્ષી એ વિચાર્યું, 'લાગે છે આને સુંદરતા બહુ પસંદ છે। હું એને જ ફૂલ આપીશ।'





જેવું એ નીચે આવ્યું, પેલા માણસે પક્ષી તરફ જોયું અને કહ્યું, "અરે, તારી પાસે તો બહુ સુંદર ફૂલ છે, મને આપી દે। આવું મારા ભરતકામ માં નથી। એને કાઢી ને મારુ ભરતકામ દુનિયા નું સૌ થી સરસ ભરતકામ બની જશે। હું રાજા ને ભેટ માં આપીશ।"

પક્ષી રિસાઈ ને ઉડી ગયું। ઉડતાં-ઉડતાં એને એક જગ્યા એ ઘણા બધા કબૂતર જોવામાં આવ્યા। એક સ્ત્રી એમને દાણા આપી રહી હતી। આ જોઈ પક્ષી બહુ ખુશ થયું। એણે વિચાર્યું, 'લાગે છે આ સ્ત્રી ને પક્ષીઓ, જાનવરો થી બહુ પ્રેમ છે। હું એને ફૂલ આપીશ।'



જેવું પક્ષી નીચે આવ્યું, પેલી સ્ત્રી ની નજર પક્ષી પર પડી। એણે પક્ષી ને કહ્યું, "અરે, તારી પાસે તો બહુ સુંદર ફૂલ છે, મને આપી દે। હું એવું ફૂલ ભગવાન ને ચઢાવીશ તો મારી બધી કામનાઓ પૂરી થઈ જશે।"

પક્ષી ફરી રિસાઈ ને ઉડી ગયું।



ઉડતું ગયું, ઉડતું ગયું। ત્યાં એણે દૂર એક નાની છોકરી લાલી ને જોઈ। લાલી ને માથે પાણી નો ઘડો હતો। પક્ષી વિચારવા ન રહ્યું। ચુપચાપ નીચે આવ્યું અને લાલી ના વાળ માં એ સુંદર ફૂલ લગાવી દીધું।



લાલી એ ચોંકી ને કહ્યું, "ફૂલ, મારે માટે?" પક્ષી એ કહ્યું, "હા, તમારે માટે। તમારી મહેનત માટે, જે આ ફૂલ જેવી સુંદર છે।"

સુષ્મિતા બૈનરજી

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist Uma Krishnaswamy

બતાવો મારુ નામ શું છે



એક નાની માખી એકલી બગીચા માં ઊડતી રહેતી હતી। બધા એને 'ઈ' કહીને બોલાવતા હતાં । એક દિવસ અચાનક 'ઈ' પોતાનું નામ ભૂલી ગઈ। એણે પાસે ઉભેલા વાછડાં ને પૂછ્યું -

ગોળ મટોળ વાછડાં

બતાવ મારું નામ શું?

વાછડાં એ કહ્યું, "તારું નામ મને કેવી રીતે ખબર? મારી માઁ ઘાંસ ચરી રહી છે। એને જઈને પૂછ। માખી એ ગાય ને પૂછ્યું -

ગોળ મટોળ વાછડું

વાછડાં ની માઁ, બતાવ મારું નામ શું?

ગાય એ કહ્યું, "મને શું ખબર? મને ચરાવવાવાળા ગોવાળ ને પૂછ।" માખી ગોવાળ પાસે ગઈ અને પૂછ્યું -

ગોળ મટોળ વાછડું

વાછડાં ની માઁ

માઁ ને ચરાવવાવાળા ગોવાળ

બતાવ મારું નામ શું?

ગોવાળે કહ્યું, "હું શું જાણું? મારા હાથ માં જે લાઠી છે એને પૂછ।"

માખી એ લાઠી ને જોઈ ને પૂછ્યું -



ગોળ મટોળ વાછડું
વાછડાં ની માઁ
માઁ ને ચરાવવાવાળો ગોવાળ
ગોવાળ ના હાથ ની લાઠી
બતાવ મારું નામ શું?





લાઠી એ કહ્યું, "હું કેવી રીતે જાણું? મને જે ઝાડ માં થી કાપી છે એ ઝાડ ને પૂછી ને જો।" માખી એ ઝાડ ને પૂછ્યું -


ગોળ મટોળ વાછડું
વાછડાં ની માઁ
માઁ ને ચરાવવાવાળો ગોવાળ
ગોવાળ ના હાથ ની લાઠી
લાઠી આપવાવાળા ઝાડ
બતાવ મારું નામ શું?

ઝાડે કહ્યું, "મને ખબર નથી। મારી ડાળ પર બેઠો સારસ, એને પૂછ।" માખી એ સારસ ને પૂછ્યું -

ગોળ મટોળ વાછડું
વાછડાં ની માઁ
માઁ ને ચરાવવાવાળો ગોવાળ
ગોવાળ ના હાથ ની લાઠી
લાઠી આપવાવાળું ઝાડ
ઝાડ પર બેસેલા સારસ
બતાવ મારું નામ શું?

સારસે કહ્યું, "હું શું જાણું? હું જે તળાવ માં જીવું છું, એને જઇને પૂછ।" માખી તળાવ પાસે ઉડીને ગઇ અને પૂછ્યું -

ગોળ મટોળ વાછડું
વાછડાં ની માઁ...
...ઝાડ પર બેસેલો સારસ
સારસ નો જીવ તળાવ
બતાવ મારું નામ શું?



તળાવે કહ્યું, "મને નથી ખબર। આ માછલીઓને પૂછ!" ત્યાં એક માછલી છલાંગ લગાવી ને પાણી ની ઉપર આવી। માખી એ એને પૂછ્યું -

ગોળ મટોળ વાછડું
વાછડાં ની માઁ...
...ઝાડ પર બેસેલો સારસ
સારસ નો જીવ તળાવ
તળાવ માં તરતી માછલી
બતાવ મારું નામ શું?

માછલી એ કહ્યું, "અમે શું જાણીયે? અમને પકડવા માછીમાર આવે છે, એને પૂછ!" માખી એ માછીમાર ને પૂછ્યું -


ગોળ મટોળ વાછડું
વાછડાં ની માઁ...
... તળાવ માં તરતી માછલી
માછલી પકડવાવાળા માછીમાર
બતાવ મારું નામ શું?

માછીમારે કહ્યું, "મને કેમ ખબર? મારા હાથ ની માટલી ને પૂછ!"
માખી એ માટલી ને પૂછ્યું - ગોળ મટોળ વાછડું....
...માછલી પકડવાવાળો માછીમાર
માછીમાર ના હાથ ની મટકી
બતાવ મારું નામ શું?

મટકી એ કહ્યું, "હું ન જાણું। મને બનાવવાવાળા કુંભાર ને પૂછ।" માખી એ કુંભાર ને પૂછ્યું -

ગોળ મટોળ વાછડું....
...માછીમાર ના હાથ ની મટકી
મટકી બનાવનાર કુંભાર
બતાવ મારું નામ શું?





કુંભારે કહ્યું, "મને નથી ખબર। હું માટી નું કામ
કરું છું। તું માટી ને પૂછ!" માખી એ માટી
ને પૂછ્યું -
ગોળ મટોળ વાછડું....
...મટકી બનાવનાર કુંભાર
કુંભાર ઘડી રહ્યો માટી
બતાવ મારું નામ શું?

માટી એ કહ્યું, "મને નથી ખબર। મારી ઉપર ઉગેલા
ઘાસ ને પૂછી ને જો।" માખી એ ઘાસ ને પૂછ્યું -
ગોળ મટોળ વાછડું.....
...કુંભાર ઘડી રહ્યો માટી
માટી પર ઉગેલું ઘાસ
બતાવ મારું નામ શું?

ઘાસે કહ્યું, "તારું નામ ભલા હું શું જાણું? મને ચરી
રહ્યા ઘોડા ને પૂછ!" માખી એ ઘોડા પાસે જઈને
પૂછ્યું -
ગોળ મટોળ વાછડું.....
....માટી પર ઉગેલું ઘાસ
ઘાસ ચરી રહ્યા ઘોડા
બતાવ મારું નામ શું?

ઘોડો ઇ..ઇ...ઇ...ઇ... કરીને જોરથી
હણહણ્યો। એને સાંભળી ને માખી
ને પોતાનું નામ 'ઈ' યાદ આવી ગયું।

મારું નામ 'ઈ' છે, મારું નામ 'ઈ' છે.....
ગાતી માખી ઉડી ગઈ।

તમિલનાડુ ની લોક કથા

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

Gujarati Sudhir Jhaveri

L. S. Saraswathi S. Rajalakshmi

Artist Uma Krishnaswamy

વાનરો ની સૂઝ-બૂઝ

51

વાનરો ના એક ઝૂંડે જંગલ બદલવાનો નિર્ણય કર્યો। ઘણી દૂર સફર કરીને તેઓ એક નવા જંગલ માં પહોંચ્યા। ત્યાં પહોંચતાજ વાનરો ના મુખિયા એ તેઓ ને ચેતવણી આપી, "આ જંગલ ના કોઈ તળાવ માં એક ભૂત છુપાયેલું છે। એટલે મારી પરવાનગી સિવાય તળાવ નું પાણી ન પીતા।"

એક દિવસ વાનર જંગલ માં ઘણે દૂર નીકળી ગયા। ચાલતા-ચાલતા એક નાના વાંદરા એ કહ્યું, "માઁ, મને બહુ તરસ લાગી છે।"

વાંદરા ની માઁ એ કહ્યું, "પેલું રહ્યું તળાવ! ચાલો, ત્યાં પાણી પીયે।"





ત્યાં એક બીજા વાંદરા એ અવાજ કર્યો, "ઉભા રહો! તળાવ પર ન જતાં! શું તમને મુખિયા ની ચેતવણી યાદ નથી?"

નાના વાંદરા ની તડપ માઁ થી જોવાતી નહોતી। એ દુવિધા માં પડી ગઈ। એટલા માં વાનરો નો મુખિયા ત્યાં આવ્યો અને એણે પૂછ્યું, "પાણી જોઈએ? જરા ધીરજ રાખો। હું જઈને જોઉં છું।"

વાનરો નો મુખિયા તળાવ પાસે ગયો। બધી બાજુ ધ્યાન થી જોયું। 'અરે! મોટા-મોટા પગ ના નિશાન! બધા નિશાન તળાવ તરફ જ જઈ રહ્યા છે। તળાવ થી પાછાં આવવાના નિશાન નથી દેખાઈ રહ્યા। ભૂત અહીં જ છુપાયુ છે,' મુખિયા એ અંદાજ લગાવ્યો।



મુખિયા એ બીજા વાંદરાઓ ને કહ્યું, "આ તળાવ બહુ ખતરનાક છે। એની અંદર નહીં જતાં।" એ કહી જ રહ્યો હતો કે તળાવ માં થી "હા...હા....હા....હા..." એવો ભયજનક અવાજ આવ્યો।

પાણી ઉછાળતું તળાવ માં થી એક મોટું ભૂત બહાર નીકળ્યું। "હા...હા...હા...હા... જે પણ આ તળાવ માં ઉતરશે હું એને ગળી જઈશ।"

"અમારા માં થી કોઈ પણ તળાવ ની અંદર નથી આવવાનું ।" મુખિયા એ કહ્યું। ભૂત એની મજાક ઉડાવતા બોલ્યું, "તો શું આ ગરમી માં પાણી વગર જ મરી જશો?"

"બિલકુલ નહીં। અમે પાણી જરૂર પીશું," મુખિયા એ આત્મવિશ્વાસ થી કહ્યું।

"કેવી રીતે?" ભૂતે આશ્ચર્ય થી પૂછ્યું।

"જોતો જા!" એમ કહીને મુખિયાએ વાંદરાઓ પાસે આસ-પાસ થી વાંસ ના ટુકડા ભેગા કરાવ્યા। હરેક વાંસ માં દ્રષ્ટિપાત કરીને જોયું કે કાણું છે કે નહીં।




પછી એક ટુકડા ને બીજા ની અંદર ઘુસાડી ને લાંબી નળી બનાવી। નળી નો એક છેડો તળાવ માં નાખી બીજો છેડો મોઢે લગાવી જોરથી પાણી ખેંચવા લાગ્યા।

પછી શું હતું! પાણી ફુવારા ની જેમ નળી માં થી નીકળવા લાગ્યું। "શું સ્વાદિષ્ટ પાણી છે," વાંદરા ખુશી થી ઉછળી પડયા। પાણી માં પલળ્યા, ખૂબ રમ્યા। બધા એ પેટ ભરી ને પાણી પીધું।

બિચારું ભૂત! બહુ નિરાશ થયું। ગુસ્સા માં પાણી ને થપથપાવ્યું અને ડૂબકી લગાવી અંદર ગાયબ થઈ ગયું।

જાતક કથાઓ



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist S. P. Raju


મેરી ની ખુશી

મેરી ના હાથ માં એક કાગળ હતો। "અરે, કોઈ ચિત્ર છે શું? મને જરા દેખાડ તો ખરી," દીપા એ મેરી ના હાથ માં થી ચિત્ર લઈ લીધું।

મેરી ની આઁખોં માં આંસુ હતાં। દીપા ચોંકી ગઈ। એણે પૂછ્યું, "શું થયું મેરી? બતાવ ને! તું રડે છે કેમ?"



મેરી એ સીસકારતા કહ્યું, "મેં તારા બગીચા નું ચિત્ર બનાવ્યું હતું। પણ બંટી એ જોઈને મારી મજાક ઉડાવી રહ્યો હતો। એ કહી રહ્યો હતો કે મારુ ચિત્ર બેકાર છે। હવે હું ક્યારેય ચિત્ર નહીં બનાવું।"




"ચિત્ર સારું નથી! આ તો બહુ સરસ છે। આપણે બધા અલગ-અલગ રીતે વિચારીયે છીએ, જોઈએ છીએ અને પોતપોતાની રુચિ પ્રમાણે ચિત્ર બનાવીયે છીએ। એ જરૂરી નથી કે આપણે બધા એક સરખા ચિત્ર બનાવીયે। તું રડ નહીં।"

દીપા ની વાત સાંભળી મેરી નું મન જરા હલકું થયું।

બીજે દિવસે દીપા ને ઘરે એના સ્વજન આવ્યાં। દીપા અને મેરી તેઓ ની સાથે સમુદ્ર કિનારે ફરવા ગયા। દીપા પોતાની સાથે રંગીન પેન્સિલ અને કાગળ પણ લઈ ને ગઈ।

સમુદ્ર ના તટ પર થોડાં માછીમારો પોતાની હોડી ની મરામત કરી રહ્યા હતા। બીજા કેટલાક લોકો માછલી પકડી રહ્યા હતા। આવા સરસ દ્રશ્યો જોઈને મહેમાન બહુ ખુશ થયાં। રંગીન પેન્સિલ ઉપાડીને તેઓ ચિત્ર બનાવવા લાગ્યા।

મેરી એ સંકોચ થી કહ્યું, "મને ચિત્ર બનાવતા નથી આવડતું।" એ થોડી વાર સુધી એમને જોતી રહી, પણ એનાથી રહેવાયું નહીં। બધું ભૂલી ને ચિત્ર બનાવવા માં ખોવાઈ ગઈ।



થોડી વાર પછી બધાએ પોતપોતાના ચિત્ર એક-બીજાને બતાવ્યા। દરેકે સમુદ્ર તટ ને જ જોઈને ચિત્ર બનાવ્યા હતા। પણ હકીકત માં દરેકે એને અલગ-અલગ રીતે ચિત્રિત કર્યા હતા।

હવે મેરી ને એહસાસ થયો, 'પેલા દિવસે દીપા એ બરાબર જ કહ્યું હતું। બધા ની નજર એક સરખી નથી, વિચાર એક જેવા નથી અને ચિત્ર પણ એક જેવા ન હોઈ શકે।'

ઉત્સાહિત થઈ ને મેરી એ પોતાનું ચિત્ર કાઢ્યું। એના આધારે એક વાર્તા બનાવી। બધા આશ્ચર્યચકિત થઈ ગયા। "તું વાર્તા સરસ સંભળાવે છે," બધાએ એના વખાણ કરતાં કહ્યું।

આજકાલ મેરી પોતાના મનપસંદ ચિત્ર બનાવે છે। ચિત્રો દ્વારા ઘણી બધી વાર્તાઓ સંભળાવે છે। લોકો એની પ્રશંસા કરે કે ન કરે, ધ્યાન નથી આપતી।



P. Saraswati V. Vijayakanthi
L. S. Saraswathi S. Rajalakshmi


Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist S. P. Raju


ધરતી ફાટી

એક દિવસ એક સસલું લાંબા તાડ ના વૃક્ષ નીચે સૂઈ રહ્યું હતું। પાસે જ એક કોઠા નું ઝાડ પણ હતું। અચાનક એક કોઠું ફળ ધમ્મ કરતું તાડ ના પાંદડા પર આવી પડયું। સસલું ભર ઊંઘ માં હતું। અવાજ સાંભળી ને ગભરાઈ ગયું।

"અરે! ધરતી ફાટી રહી છે," બૂમો પાડતું ગભરાટ માં ભાગવા લાગ્યું। એના સાથીઓ ને કંઈ સમજાયું નહીં। એ પણ તેની પાછળ ભાગવા લાગ્યા।

રસ્તા માં એક હરણે તેઓ ને ભાગતાં જોયાં અને પૂછ્યું, "આટલી ઝડપ થી કેમ ભાગી રહ્યા છો ભાઈ?"






સસલું બોલ્યું, "ધરતી ફાટી રહી છે। ભાગો! ભાગો!" હરણ પણ એમની સાથે ભાગવા લાગ્યું। ત્યાં રીંછે પણ એમને ભાગતા જોયા। એણે હરણ ને અવાજ કર્યો, "અરે ભાઈ! આમ કેમ ભાગી રહ્યાં છો?"

હરણ ભાગતાં-ભાગતાં બોલ્યું, "ધરતી ફાટી ગઈ! તું પણ ભાગ!" રીંછ પણ ભાગવા લાગ્યું। બધાં ને ભાગતા જોઈ શિયાળ હેરાન થયું। એણે રીંછ ને રોક્યું અને પૂછ્યું, "શું થયું? તમે બધાં કેમ ભાગી રહ્યાં છો?"


"અરે, તને ખબર નથી! ધરતી ફાટી રહી છે। જો જીવ બચાવવો હોય તો તું પણ ભાગ," બૂમ પાડતા રીંછ ભાગતું રહ્યું। એક-એક કરીને બળદ, સુવર, ગેંડો, હાથી, વાઘ બધા ભાગવા લાગ્યા અને એમની સંખ્યા વધતી ગઈ।





ત્યાં દૂર થી સિંહે દોડતાં આવી રહ્યાં જાનવરો ની સેના જોઈ। એણે વિચાર્યું જરૂર કોઈ ગરબડ છે। જયારે એ બધા પાસે આવ્યાં તો સિંહે કહ્યું, "ઉભા રહો! તમે બધા આમ કેમ ભાગી રહ્યાં છો?"

વાઘ તો સરખી રીતે બોલી પણ ન શક્યો। હાંફતા-હાંફતા બોલ્યો, "ધરતી ફાટી ગઈ છે। ભાગો! ભાગો!"



સિંહે વિચાર્યું, 'આ બધાને જરૂર કોઈ ગેરસમજૂતી થઈ છે। જેને કારણે તેઓ આટલાં વ્યાકુળ થઈ ગયાં છે। એમને તુરંત રોકવા પડશે।'

સિંહે જોરથી ત્રણ વાર ત્રાડ પાડી। આખું જંગલ કાંપવા લાગ્યું। દિગ્મૂઢ થઈ ને બધા જાનવર ચુપચાપ ઉભા રહી ગયાં। સિંહે પૂછ્યું, "તમને લોકો ને કોણે બતાવ્યું કે ધરતી ફાટી ગઈ છે?"


વાઘે કહ્યું, "મને હાથી એ બતાવ્યું।" જયારે હાથી ને પૂછ્યું તો એણે કહ્યું, "મને બળદે કહ્યું હતું।" એવી રીતે ગેંડો, સુવર, શિયાળ, હરણ બધા એક-બીજા તરફ ઈશારા કરતા ગયા।

આખરે જયારે સસલા ને પૂછ્યું તો એણે કહ્યું, "હા! મેં ધરતી ના ફાટવા નો અવાજ સાંભળ્યો હતો।" સિંહે કહ્યું, "ક્યાં છે એ જગ્યા? મને બતાવ।"

સસલું એમને એ જગ્યા એ લઈ ગયું જ્યાં એ સૂતું હતું। પાસે જ પેલું તૂટેલું બેલ ફળ પડયું હતું। બધા એને જોઈ જ રહ્યાં હતાં કે એક બીજું બેલ ફળ તાડ ના પત્તા પર આવી પડયું।

સિંહ જોર-જોર થી હસવા લાગ્યો, "જોયું! સસલા એ આજ અવાજ સાંભળ્યો હશે। ઊંઘ માં એણે વિચાર્યું કે ધરતી ફાટી ગઈ છે।" એ બધા નાં જીવ માં જીવ આવ્યો અને તેઓ જોર જોર થી હસવા લાગ્યા।

જાતક કથાઓ



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist S. P. Raju

ભભો ભેંસ ની પૂંછડી

ભભો ભેંસ બહુ આળસુ હતી। તળાવ માં આવીને બેસી જતી અને પછી ટસ ની મસ ન થતી। એનાથી ત્યાં રહેતાં દેડકા દુઃખી થઈ ગયા।

તળાવ નાનું હતું અને ભભો ના ઘુસ્યા પછી, એમના રમવા કૂદવા ની જગ્યા ઓછી થઈ જતી। તેઓ મોઢું ફુલાવી, ગુમસુમ ખૂણા માં ફરી ને બેસી રહેતા ।

"આપણે ભભો ને સાથે રમાડીયે તો?" મેંઢૂ દેડકા એ ઢેંકૂ દેડકા ને કહ્યું। " એ કેવી રીતે માનશે?" ઢેંકૂ એ જવાબ આપ્યો, "એ તો હલતી જ નથી।"



"ન હલે," મેંઢ્ઢ બોલ્યો, "આપણે એનાથી દૂર કેમ જઇયે? આપણે એની ઉપર થી કૂદી શકીયે છીએ।" ઢેંક્ર ને આ વાત જરા વ્યાજબી લાગી।

બીજી વાર જયારે ભભો તળાવ માં આવી તો મેંઢ્ઢ એની ડાબી બાજુ જઈ બેઠો અને ઢેંક્ર જમણી તરફ। એની ઉપર ઉછળતા એક આવ્યો ડાબે થી જમણે અને બીજો ગયો જમણે થી ડાબે।



ભભો ઉપર પાણી ના છાંટા પડયા, પણ એણે કંઈ કર્યું નહીં। બીજી વાર જયારે મેંઢ્ઢ અને ઢેંક્ર એના પરથી ઉછળ્યા, ત્યારે એણે ગરદન ઘુમાવી ને જોયું।

એ સમજી ગઈ કે શું ખેલ ચાલી રહ્યો છે। બીજી વાર જયારે એ છલાંગ લગાવી રહ્યા હતા, એણે પોતાની પૂંછડી ઉઠાવી અને ટપાક થી ઢેંક્ર ને એમાં લપેટી લીધો।

ઢેંક્ર ચકિત થઈ ગયો। મેંઢ્ઢ ઉછળીને ભભો ની પૂંછડી ને અડયો। પૂંછડી એ ઢેંક્ર ને છોડયો અને મેંઢ્ઢ તરફ વળી ગઈ।

એ મેંઢ્ઢ ને લાગે એ પહેલાં ઢેંઙ્ઙ એ એને અડી લીધી। ભભો એ પૂંછડી ને એની તરફ ઘુમાવી દીધી। ઢેંઙ્ઙ ઉછળ્યો પણ ત્યાં સુધી પૂંછડી એ એને અડી લીધો। ત્યાં મેંઢ્ઢ પૂંછડી તરફ લપક્યો।

ભભો એ પાછી પૂંછડી એના તરફ ઘુમાવી। હવે એને પણ મજા આવવા લાગી હતી। એ પોતાની પૂંછડી ને ક્યારેક મેંઢ્ઢ તરફ ઘુમાવતી, ક્યારેક ઢેંઙ્ઙ તરફ, ક્યારેક ડાબે, ક્યારેક જમણે।



રમત એવી બની કે દેડકા પહેલા પૂંછડી ને અડશે કે પૂંછડી પહેલા દેડકા ને। દૂર ઉભા બીજા દેડકા આ ખેલ ને જોઈ રહ્યા હતા।

એક એક કરીને એ પણ આમાં જોડાતા ગયા। ભભો ભેંસ ક્યાંય પણ પૂંછડી ઘુમાવતી અને દેડકા ઉછળતા છપાક! છપાક! વચ્ચે-વચ્ચે દેડકા ડ્રાઉં-ડ્રાઉં કરતા અને ભભો પણ ભાંભરતી।



આખો દિવસ આજ ખેલ ચાલ્યો। સાંજે જયારે ભભો ભેંસ જવા લાગી તો મેંઢૂ અને ઢેંફૂ એ એને કહ્યું, "કાલે ફરી આવજે ભભો, આપણે વધારે રમીશું।" ભભો એ માથું અને પૂંછડી હલાવી અને જોરથી ભાંભરી ને હામી ભરી। બીજે દિવસે સવારે એ દોડતી આવી। જેવી ધમ્મ કરતી તળાવ માં બેઠી દેડકા ઓ નું ડ્રાઉં-ડ્રાઉં અને ઉછળવાનું શરુ થઈ ગયું। નવો દિવસ! નવો ખેલ!

ત્રિપુરારી શર્મા

P. Saraswati V. Vijayakanthi
L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist Uma Krishnaswamy

ન-દઉં અને ન-છોડું

એક ગામ માં બે મિત્રો હતા। ગામવાળા એક ને ન-દઉં ના નામ થી બોલાવતા કેમકે એ કોઈ ને કંઈ આપતો ન હતો। બીજા ને ન-છોડું ના નામ થી બોલાવતા કેમકે એ કોઈ નો પીછો નહોતો છોડતો।

એક દિવસ જોર થી વરસાદ આવી રહ્યો હતો। ન-છોડું પાસે છત્રી ન હતી। એણે ન-દઉં પાસે છત્રી ઉધાર માંગી। એ તો આસાની થી કંઈ પણ દેવાવાળો ન હતો। કહેવા લાગ્યો, "મિત્ર! હું ઈચ્છું છું કે તું હંમેશા તારા પગ પર ઉભો રહે। જો હું છત્રી આપી ને હમણાં તારી મદદ કરી દઉં તો તું ક્યારેય છત્રી નહીં ખરીદે। જયારે પણ પાણી વરસશે તું છત્રી માંગતો જ રહીશ।"





બિચારો ન-છોડું! વરસાદ માં ભીંજાતો-ભીંજાતો ઘરે પાછો ફર્યો।

થોડા દિવસ પછી બંને મિત્રો ટપાલ કચેરી માં મળ્યા। ન-છોડું એ એક પત્ર લખવા ન-દઉં પાસે કલમ માંગી। એ થોડોજ કલમ આપત! એને સલાહ આપવા લાગ્યો, "મારા પ્યારા મિત્ર! ઉધાર લેવાની આદત છોડી દે। હું તારા ભલા માટેજ કહું છું। તું પોતાની કલમ લઈ આવ અને એનાથી પત્ર લખ।"

ન-છોડું ચિઢાઈ ગયો। એણે દોસ્ત ને પાઠ ભણાવવાનું વિચાર્યું। ઉચિત મોકા ની રાહ જોવા લાગ્યો।



આખરે એ દિવસ પણ આવી ગયો। એક દિવસ બંને મિત્રો પાસેના ગામ માં મેળો જોવા ગયા। રસ્તા માં એક નદી હતી। એની ઉપર એક લાકડા નો પુલ હતો। બંને એ પુલ ઉપર ચાલવા લાગ્યા।

અચાનક ન-દઉં નો પગ લપસ્યો અને એ નદી માં પડી ગયો। એને તરતા નહોતું આવડતું। "બચાવો! બચાવો!" એણે બૂમ પાડી।




ન-છોડું એ વિચાર્યું કે આ જ ઉચિત મોકો છે। "દોસ્ત! હું તને બચાવી શકું છું। પણ પછી તું ક્યારેય તરતા નહીં શીખ। હંમેશા એ રાહ માં રહીશ કે કોઈ આવી ને તને બચાવશે। કોઈ પણ રીતે જાતે કિનારે પહોંચી જા," બોલતા એ આગળ નીકળી ગયો।

ન-દઉં ને પોતાની ભૂલ સમજાઈ ગઈ। એણે કહ્યું, "મિત્ર! મને માફ કરી દે। જો તું મને નહીં બચાવ તો હું ડૂબી જઈશ। હવે પછી હું તને ક્યારેય ઉપદેશ નહીં આપું।"

ન-છોડું ને દયા આવી ગઈ। એણે ન-દઉં ને બચાવી લીધો। એ દિવસ થી બંને ગાઢ મિત્રો બની ગયા। ગામ વાળા બંનેને એમના અસલી નામ, સૂર્ય અને ચંદ્ર, થી બોલાવવા લાગ્યા। હવે તો બંને માં બદલાવ આવી ગયો છે ને!

તમિલનાડુ ની લોક કથા



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist S. P. Raju

ચંદ્ર ક્યાં ગાયબ

કન્નમ્મા એ પોતાનું મોઢું ફેરવી લીધું। એની આંખો માં થી આંસુ ટપકવાના જ હતા। ત્યાં એના પપ્પા બોલ્યા, "ઉદાસ ન થા। હું તારા જન્મદિવસ પહેલા જ પાછો આવી જઈશ।"

કન્નમ્મા એ તો પણ ફરીને ન જોયું। "ત્યાં જો! મંદિર ના શિખર ઉપર પૂર્ણ ચંદ્રમા ચમકી રહ્યો છે। ધીરે-ધીરે એની ગોળાઈ ઓછી થશે। પછી અર્ધ ચંદ્રમા થઈ ને એ ગાયબ થઈ જશે। આસ્તે-આસ્તે એ પાછો પોતાનો ગોળ આકાર પામશે। જયારે એ ફરી દડા જેવો ગોળ થઈ જશે, એજ દિવસે તારો જન્મદિવસ હશે અને ત્યાં સુધી હું પણ આવી જઈશ," પપ્પા એ સમજાવ્યું।




વાત તો દિલચસ્પ છે, એ ફરી ને ચાંદ તરફ જોવા લાગી। એની રોશની માં કન્નમ્મા ના આઁસૂ ચમકવા લાગ્યા।

પપ્પા એ એના મન ને બદલાયેલું જોઈને કહ્યું, "શું તને ખબર છે? લોકો ચંદા ના આકાર ને જોઈ અને સમજી ને કેલેન્ડર બનાવે છે?"

ઉત્સાહ થી વાત ને વધારે આગળ વધારતા એ બોલ્યા, "તું દીવાલ ઉપર ચતુષ્કોણ બનાવી ચંદા ના બદલાતા આકાર ની માહિતી કેમ નથી મેળવતી? જોત-જોતા માં હું આવી પણ જઈશ!"

કન્નમ્મા ની આંખો માં એક નવા અનુભવ ની ઇંતેજારી હતી। એ સ્મિત કરવા લાગી। ત્યાં સ્ટેશન પર રેલગાડી આવી પહોંચી। એણે પપ્પા ને ખુશી-ખુશી વિદાય આપી।

બીજે દિવસે સવારે કન્નમ્મા વ્યસ્ત હતી। દીવાલ ઉપર ચતુષ્કોણ જો બનાવવાના હતા। બાજુ વાળા ઘર નો તંબી ખુશી-ખુશી એની મદદ કરવા આવ્યો।



'ક્યારે અંધારું થશે,' એ બેચેની થી રાહ જોવા લાગી। વારે-વારે મંદિર ના શિખર તરફ જોતી। ઘણી વાર પછી આખરે ચાઁદ નીકળ્યો।

'આ શું! ચાઁદ હજી પણ ગોળ હતો। શું પપ્પા એ મને ઉલ્લુ બનાવી?' એણે ફરી ધ્યાન થી જોયું। પપ્પા બરાબર કહેતા હતા। ચાંદ ગોળ હતો, પણ પૂરો ગોળ નહીં।

એ દીવાલ પર આકાર બનાવવા ગઈ। 'કઈ બાજુ ચાઁદ ગોળ ન હતો?' એ ભૂલી ગઈ। પાછું જોઈ ને આવી। આ વખતે યાદ રાખીને આકાર બનાવ્યો।

બીજે દિવસે સાંજે એ ચાઁદ ને જોવાનું ભૂલી જ ગઈ। તંબી દોડીને બતાવવા આવ્યો કે ચાઁદ વધારે સંકોચાઈ ગયો છે। ઓહ, એને યાદ આવ્યું।

ત્રીજે દિવસે એને શિખર પાસે ચાંદો દેખાયો નહીં। એ વિચાર માં પડી ગઈ। સૂતા પહેલાં એક વાર પાછું જોયું। હવે એને ચાઁદ દેખાયો। એ પાછલી રાત થી પણ નાનો હતો। દીવાલ ઉપર ચંદા થી બનેલું કેલેન્ડર ધીરે-ધીરે ભરાવા લાગ્યું।

ચોથે અને પાંચમે દિવસે વરસાદ આવ્યો। અફસોસ! બે ચોરસ ખાના ખાલી છોડવા પડયા। છઠ્ઠે દિવસે આકાશ સાફ દેખાવા લાગ્યું। અસંખ્ય તારા ઝગમગી રહ્યા હતા। ચંદા નો ક્યાંય અતો-પતો ન હતો।

કન્નમ્મા વધારે ન જાગી શકી। એણે સપનું જોયું, એક રાક્ષસે ચંદા ને ચોરી લીધો છે। ચાઁદ ક્યાં ચાલ્યો ગયો? કદાચ એ આગામી રાત્રે આવશે। નહીં! આગામી રાત્રે પણ ન આવ્યો। શું સાચે જ ચંદા ની ચોરી થઈ ગઈ?

તંબી ને વિશ્વાસ હતો કે જેણે પણ ચાઁદ ને ચોર્યો છે, અવશ્ય પાછો આપી દેશે। શું એટલા મોટા ચાઁદ ને લઈને કોઈ ભટકી શકે? હવે વધારે જાગી ને કોઈ ફાયદો નથી। માઁ એ અવાજ કર્યો, "કાલે સવારે પપ્પા પાછા આવી રહ્યા છે।" એ રાત્રે કન્નમ્મા એ સપનું જોયું। પપ્પા એ જાદુઈ છડી ઘુમાવી ને ચંદા ને રાક્ષસો થી છોડાવી લીધો છે।

બીજે દિવસે સવારે એ અડધી ઊંઘ માં બહાર આવી। એણે આકાશ તરફ જોયું। અર્ધ ચંદ્રમાઁ! એણે બૂમ પાડી, "માઁ! ચાંદો પાછો આવ્યો। એ એટલો આળસુ છે કે સવારે જ નીકળ્યો।"

ચાઁદ મંદિર પાસે ન હતો પણ કન્નમ્મા ના માથા પર હતો। દૂર થી એણે પોતાના પપ્પા ને આવતા જોયા। કન્નમ્મા નું મન ખુશી થી ઝૂમી ઉઠયું। ચાંદ પણ મળી ગયો। પપ્પા પણ આવી ગયા। એની દીવાલ ઉપર હવે બીજા ચતુષ્કોણ ભરાશે। કેમકે એ આળસુ ચંદા ને હવે સવારે શોધશે।

નિરુપમા રાઘવન



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist Uma Krishnaswamy



હું ક્યાં છું

ઘુવડ અલૂ બધાનું પ્યારું હતું। ઝાડ ના પાંદડા અને ખિસકોલી એને બહુ પ્રેમ કરતા હતા। અલૂ આખો દિવસ પીઠ ઉપર સીધું સૂઈ રહેતું અને સાંજ પડે ત્યારે આંખ ખોલતું। આંખ ખુલતાજ એને આકાશ દેખાઈ દેતું અને દૂર એક તારો।

એક વાર સૂતા-સૂતા અલૂ પડખું ફર્યું। સાંજે જયારે આંખ ખોલી તો એને ન આકાશ દેખાયું, ન તારા। એને દેખાયુ ગાઢ જંગલ અને સસલા નું ઘર। એ ડરી ગયું અને ચીસ પાડી,
"હું ખોવાય ગયું, હું ખોવાય ગયું છું।"





ખિસકોલી પોતાના સૂવા ની તૈયારી કરી રહી હતી। એનો અવાજ સાંભળી દોડતી દોડતી આવી। જોયું કે અલૂ આંખ બંધ કરીને સૂતું છે અને કહી રહ્યું છે, "હું ખોવાય ગયું, હું ખોવાય ગયું છું।"

"આ શું મજાક છે અલૂ?" ખિસકોલી એ એને ઠપકો આપ્યો, "તું તારી જગ્યા પર જ તો છે।" ખિસકોલી નો અવાજ સાંભળી અલૂ ને પણ થયું કે એ બરાબર જગ્યા પર છે।

"તો આકાશ ખોવાય ગયું છે," એણે કહ્યું।





"આકાશ પણ પોતાની જગ્યા એ છે," ખિસકોલી એ સમજાવ્યું।

"મને દેખાઈ નથી રહ્યું," અલૂ બોલ્યું।

ખિસકોલી એ અલૂ નું માથું આકાશ તરફ ઘુમાવ્યું, "આંખો ખોલ તો દેખાય," એણે કહ્યું। અલૂ એ આંખો ખોલી તો આકાશ પણ હતું અને તારા પણ।



"તું એને લઈ આવી?" અલૂ ખુશ થયું।

"એ તો હતા જ।"

"તો મને કેમ ન દેખાયા?"





"કેમકે તારી નજર ક્યાંક બીજે હતી।"

ત્યારે અલૂ ને સમજાયું કે શું થયું હતું।

ખિસકોલી એ એને કહ્યું, "આસપાસ બીજું ઘણું બધું છે - સરખી રીતે જોઈ લે।"

અલૂ એ જોયું - ઉપર આકાશ, નીચે ઝાડ, પાન, માટી, પથ્થર, એક બાજુ સસલા નું ઘર, બીજી બાજુ બતક અને તળાવ। એણે શાંતિ થી શ્વાસ લીધો અને ખિસકોલી ને કહ્યું, "સારું થયું તેં બતાવી દીધું કે હું ક્યાં છું, નહીં તો હું રાતભર ખોવાયેલું રહેત।"

ખિસકોલી સૂવા ચાલી ગઈ। અલૂ રાતભર પોતાની નજર બધી બાજુ ફેરવી-ફેરવી ને જોતું રહ્યું કે ક્યાં શું છે।

ત્રિપુરારી શર્મા



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist Uma Krishnaswamy


પૂંછડી કોની છે

58

નદી કિનારે એક વડ નું વૃક્ષ હતું। એક દિવસ એક નાનો એવો વાંદરો એ ઝાડ ની શાખાઓ ને પકડી ને ઝૂલી રહ્યો હતો। ત્યાં એણે પતંગિયાઓ ને ઉડતાં જોયા। એમને પકડવા માટે વાંદરો એમના પર કૂદી પડયો।

પતંગિયા એની હરકત જોઈ અહીં-તહીં ઉડી ગયા। એક પણ પતંગિયું એના હાથ માં ન આવ્યું। બિચારો વાંદરો! પથ્થરો ની વચ્ચે જઈ પડયો।





અચાનક એણે જમીન ઉપર કઈંક હલતું જોયું। વાંદરો ધ્યાન થી જોવા લાગ્યો। એ એક પૂંછડી હતી। 'અરે! ક્યાંક મારી પૂંછડી તો નથી કપાય ગઈ ને?' એણે પોતાની પૂંછડી ને અડી ને જોયું। એ પોતાની જગ્યા એ સુરક્ષિત હતી। 'પછી આ કોની પૂંછડી છે,' વિચારતો વાંદરો ચાલી નીકળ્યો। તળાવ માં એને એક માછલી દેખાણી।

વાંદરો : માછલી રાણી! અહીંયા જુઓ। શું આ તમારીપૂંછડી છે?

માછલી : આ મારી પૂંછડી કેવી રીતે હોઈ શકે? પૂંછડી વગર શું હું પાણી માં તરી શકું છું?

કહીને માછલી એ પાણી માં છલાંગ લગાવી ને બતાવ્યું। નાનો વાંદરો દુવિધા માં પડી ગયો। ટુક...ટુક... પાસે ના ઝાડ પર થી અવાજ આવ્યો। જોયું તો ઝાડ પર લક્કડખોદ પક્ષી!

વાંદરો : તમારી પૂંછડી ક્યાંય ખોવાય ગઈ છે ?

લક્કડખોદ : ના, આ રહી મારી પૂંછડી! પૂંછડી વગર ઝાડ પર બેસી ને ભલાહું ચાંચ કેવી રીતે મારીશ?

તો પછી આ કોની પૂંછડી છે? વાંદરો વિચારી જ રહ્યો હતો કે ધમ્મ... ઝાડ પરથી એક ખિસકોલી કૂદી।

વાંદરો : મારી પાસે એક પૂંછડી છે। જો, આ તારી તો નથી ને?



ખિસકોલી : આ રહી મારી સુંદર પૂંછડી! એ ના સહારે હું પેરેશુટ ની જેમ ઊંચાઈ થી નીચે કૂદું છું।

તડ...તડ...તડ... ત્યાં કોઈ નો ભાગવાનો અવાજ આવ્યો। વાંદરા એ ફરી ને જોયું તો એક સસલું પોતાના બચ્ચાઓ સાથે પોતાના દર તરફ ભાગી રહ્યું હતું।

વાંદરો : તમે આવી રીતે કેમ ભાગી રહ્યા છો?


સસલું : પાંદડા નો સરસરાટ સાંભળી અમે ડરી ગયા હતા। લાગ્યું કે શિયાળ આવી રહ્યું છે।

વાંદરો : શું આ તમારે પૂંછડી છે?

સસલું : ના, ના! આ મારી પૂંછડી નથી। આ રહી મારી પૂંછડી!

વાંદરો : આ શું? તમારી પૂંછડી માં સફેદ ધબ્બા છે?

સસલું : જંગલ માં શિયાળ, વરુ બધા અમને ગોતતા ફરતા હોય છે। અમારો ભૂરો રંગ શત્રુ ને આસાની થી દેખાતો નથી। જયારે પણ જોખમ હોય, હું આગળ-આગળ પૂંછડી ઉઠાવી ને ભાગું છું। ત્યારે મારા બચ્ચાઓ મારી પાછળ સફેદ રંગ ની પૂંછડી ને જોતા જોતા ભાગે છે।



આવી પણ હોય છે પૂંછડી! નાનો વાંદરો આશ્ચર્યચકિત થઈ ગયો। ત્યાં વાંદરા ને એક ગરોળી દેખાણી। એની પૂંછડી ન હતી।

વાંદરો : તારી પૂંછડી ખોવાય ગઈ છે ને! ચિંતા નહીં કર। આ રહી તારી પૂંછડી।

ગરોળી : આ પૂંછડી હવે મને નથી જોઈતી।

વાંદરો : શું? પૂંછડી નથી જોઈતી! પૂંછડી વગર માછલી તરી નથી શકતી। લક્કડખોદ ઝાડ ઉપર ઉભી નથી શકતું। ખિસકોલી કૂદી નથી શકતી। સસલું પોતાના બચ્ચાઓ ને દુશ્મન થી બચાવી નથી શકતું। એટલું જ નહીં। પૂંછડી વગર હું પણ વૃક્ષ ની ડાળીઓ પર ઝૂલી નથી શકતો!

ગરોળી : એમ કોણે કહ્યું કે પૂંછડી ની જરૂર નથી? કાલે મને એક સાપે પકડી લીધી। પૂંછડી ને છોડી ને હું તો ભાગી નીકળી। બિચારો સાપ, છેતરાઈ ગયો। તૂટેલી પૂંછડી ને તો હું ચોંટાડી ન શકું ને! પણ તું ચિંતા નહીં કર। મારી નવી પૂંછડી આપો આપ ઉગી જશે।

"સારું થયું મારી ભાગ દૌડ પૂરી થઈ। જેની પૂંછડી એ જ જાણે!" બોલીને વાંદરા એ નિરાંત નો શ્વાસ લીધો।



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist S. P. Raju

મેળા માં...

એ દિવસે અમારા વર્ગ માં બધાના ચેહરા ઉપર ઉત્સાહ અને ખુશી દેખાઈ રહ્યા હતા। સ્કૂલ ની ઘંટી વાગતા જ હું દોડતો ઘરે પહોંચ્યો। માઁ ને પૂછ્યું, "માઁ! માઁ! આવતે અઠવાડીયે શાળા તરફ થી એક શિબિર લાગવાની છે। કમલા, રહીમ બધા જવાના છે। શું હું પણ જઈ શકું?"

માઁ એ પૂછ્યું, "પણ આ શિબિર લાગશે ક્યાં?"

મેં કહ્યું, "પાસેના ગામ માં જ માઁ। ત્યાં એક મોટો મેળો લાગવાનો છે। આસ-પાસ ના ગામ થી ઘણા લોકો આવશે। અમે ત્યાંજ રહી ને લોકો ની સેવા કરીશું।"



રવિવાર નો દિવસ આવ્યો। બધા પોતાનો સામાન લઈને બસ માં બેસી ગયા। અમારા માતા-પિતા અમને મૂકવા આવ્યા હતા। જયારે બસ ઉપડી તો અમે બધાએ હાથ હલાવી ને એમને ટા... ટા... કર્યા। આખે રસ્તે અમે બધા ગાતા રહ્યા। બહુ જલ્દી અમે ગામ પહોંચી ગયા।

બાપ રે બાપ! જ્યાં જુઓ ત્યાં ભીડ જ ભીડ! રસ્તા ના કિનારે ઘણી બધી દુકાનો પણ હતી। અમે બધા અચંબા થી જોતા મેદાન માં ગયા। ત્યાં તંબુ લગાવ્યા। ઉતરવા ની સગવડ કરી। એ દિવસે બધા ને અલગ-અલગ જવાબદારી સોંપવામાં આવી।

રાત ના ભોજન સમયે કમલા એ કહ્યું, "તમને ખબર છે મારે શું કામ કરવાનું છે? હોસ્પિટલ માં ડોક્ટરો ની મદદ કરવાની છે।"

રહીમે કહ્યું, "હું તો ટ્રાફિક પોલીસ ની મદદ કરવાનો છું।" મેં કહ્યું, "નવા લોકો ને રસ્તો દેખાડવાનું મારું કામ છે।"


બીજે દિવસે અમે બધા જલ્દી ઉઠી ગયા। ખાવાના પેકેટ લઈને પોત-પોતાના કામ ના સ્થાન પર ચાલ્યા ગયા। આખો દિવસ બહુ વ્યસ્ત રહ્યા।



સાંજે હું અને રહીમ વાતો કરતા શિબિર પર પાછા ફરી રહ્યા હતા। સામે એક વૃદ્ધ મહિલા બહુ મુશ્કેલી થી મંદિર ના પગથિયાં ચઢી રહી હતી। મેં એનો હાથ પકડી ધીરે-ધીરે એમને પગથિયાં ચઢવામાં મદદ કરી। રહીમ એનો સામાન ઉપાડી ને લઈ આવ્યો।

વૃદ્ધા ને મંદિર સુધી પહોંચાડી ને અમે બંને નીચે ઉતરવા લાગ્યા। "આ...બચાવો... બચાવો..." કોઈના બૂમ પાડવાનો અવાજ આવ્યો। અમે ચોંકી ગયા। બંને દોડીને ગયા। જોયું કે એક બાળક રમતા-રમતા તળાવ માં પડી ગયું છે।

રહીમ ને તરતા આવડતું હતું। એક ક્ષણ પણ ગુમાવ્યા વગર એ તળાવ માં કૂદી પડયો। તેજી થી તરતા એણે બાળક ને પકડી લીધું। એને કિનારે લઈ આવ્યો। જેમ અમને શીખવ્યું હતું, એમ જ બાળક ને સુવડાવ્યું। એની પીઠ દબાવી।



એ તો સારું થયું કે બાળક ના પેટ માં વધારે પાણી નહોતું ભરાયું। એના માઁ-બાપે એને ઉઠાવી લીધું। અમે બધા એને નજીક ની હોસ્પિટલ માં લઈ ગયા।

ડોક્ટરે બાળક ને તપાસ્યું અને કહ્યું, "ખરા સમયે તમે મદદ કરી। ડરવા ની કોઈ વાત નથી।" બાળક ના માઁ-બાપે અમને ધન્યવાદ આપ્યા અને ચાલ્યા ગયા।

હોસ્પિટલ માં અમે કમલા ને ડોક્ટરો ની મદદ કરતા જોઈ। પછી કામ પૂરું કરી અમે ત્રણેય પગે ચાલતાં-ચાલતાં શિબિર પાછા ફર્યા।


એ રાત્રે બહુ વાર સુધી અમે દિવસ ભર બની ઘટનાઓ અને અમારા અનુભવો વિષે વાતો કરતા રહ્યા।




P. Saraswati V. Vijayakanthi
L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist S. P. Raju

આવો ઉકેલીએ





પાન છે પણ, ડાળ નહીં
ફૂલ છે પણ, મહેક નહીં
ફળ છે પણ, બીજ નહીં
છાલ છે પણ, કાષ્ટ નહીં

મોતી જેવા ફૂલ છે એના
એક ફુટ લાંબી લીલી શાકભાજી
ફળ તો એના આવતા નથી
ખવાય એની બધી ભાજી

વૃક્ષ મોટું, પાંદડા નાના, ફળી જેવા ખાટ્ટા ફળ થાય
છાયા એની એટલી લાંબી, હાથી પણ એમાં સૂઈ જાય

ઊંચું ઝાડ છે આમલી જેવા પત્તા
બીજ વિભાજીત ફળ ગોળ ખાટ્ટા
વિટામિન સી નો જે ભંડાર
ભગાવે બીમારી કરે હટ્ટા કટ્ટા

છાલ કડવી, પત્તા કડવા, કડવી એની કાયા
દાંત ને આપે મજબૂતી, એવી એની માયા



ઊંચું ઝાડ, ડાળખાં કંટીલા
લાલ ફૂલ માથે સજીલા
ફૂટે કળી મેદાન બર્ફીલા
તકિયા, ગાદલા બને સુંવાળા

સીધુ અડગ ઉભું રહેશે
જમીન નું પાણી પીશે
આપણને પીવડાવવા પાણી
ઘડા માથે ઊંચકશે

ઝાડ છે લાબું, પત્તા એમાં સૌથી ઉપર આવે
ફળ ન આપે, તો પણ એનાથી પૈસા બહુ કમાવે



નાનું ઝાડ છું કાંટેદાર
પીળા ફળ ખાટા રસદાર
પત્તા મોટા ઘટ્ટ લીલા સુગંધીદાર
શાકભાજી માં થાય સમાવેશ



એક ઝાડ પર લીલા-પીળા ફળ ઉનાળે થાય

કાચા ના અથાણાં બને, પાકે રાજા કહેવાય

શું તમે જોયા આવા અચંભા

એક જ ઝાડ ના હજાર ખંભા

પાંદડા એના નાના-નાના, શાખાઓ પર હોય શૂલ

સુંદર લાગે, પ્યારું લાગે, જયારે આવે પીળા નાના ફૂલ

મોટું-ઊંચું ઝાડ, ફળ જાંબલી રંગ ના હોય

મીઠું-મસાલા લગાવી, ગરમી માં મજેથી ખવાય

વસંત ઋતુ માં ઝાડ ફાલે


લીલા લાલ કાળા ફળ લાગે

એ ઝાડ નું નામ બતાવો

જેના પર રેશમ ના કીડા ઉછરે

હૃદય જેવા પત્તા પામ્યા

ઠંડી રહેતી એની છાયા



બાળકો તોડે મારું ફળ, પીળા હોય કે શ્યામલ
ગુપચુપ પોપટ કોતરે બીજ હોય બહુલ

વસુ નગર ગામ, આપું બધાને છાંયો
મારો શૃંગાર છે લાલી, છું હું મતવાલી

મરી જેવા બીજ છે, પત્તા પંખા સમાન
કાચું તોડો દૂધ પડે, એવી એની શાન

ઝાડ અમે બહુ મોટા
ફળ નાના પત્તા મોટા
આઁખ જેવા બીજ જયારે તોડયા
બધાને તાકાત માં પાછળ છોડયા



પપૈયું, કેળ, કેરી, સેમલ, આંબળા, પીપલ, ગરમાળો,
લીંબુ, વડલો, જામફળ, આમલી, નીલગિરી, લીમડો,
જાંબુ, બદામ, ગુલમોહર, શેતૂર, નારિયેળ, બાવળ

P. Saraswati V. Vijayakanthi
L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist Uma Krishnaswamy

બીરબલ ની સૂઝ-બૂઝ

અકબર ના મંત્રી બીરબલ એક દિવસ દરબાર માં મોડેથી આવ્યા।

આ કારણ થી અકબર ગુસ્સા માં હતા।

અકબર : આજ તમે આટલા મોડેથી કેમ આવ્યા છો?

બીરબલ : મહારાજ, હું રોજ ની જેમ સમય પર નીકળી રહ્યો હતો। પણ એજ વખતે મારો દીકરો રડવા લાગ્યો। એને મનાવવામાં મોડું થઈ ગયું।

અકબર : શું મને બેવકૂફ સમજો છો? એક છોકરા ને ચૂપ કરાવવામાં ભલા આટલી વાર લાગે?




બીરબલ : જી, હુજૂર! રડતા બાળક ને મનાવવો બહુ મુશ્કેલ કામ છે।

અકબર : એ શું મુશ્કેલ છે? હું તો એક ક્ષણ માં રડતા બાળક ને મનાવી લઉં!

બીરબલ : એમ વાત છે, તો આ પણ જોઈ લઈયે। આપણે એક નાટક કરીયે। હું બાળક બની જાઉં છું અને તમે મારા પિતા બની જાઓ।

અકબર : ઠીક છે, હું તૈયાર છું।

અકબર ના ચહેરા પર ઉત્સાહ દેખાય રહ્યો હતો। બીરબલ જમીન પર સૂઈને આળોટતો-લોટતો રડવા લાગ્યો।



અકબર : બેટા, તું કેમ રડી રહ્યો છે?

બીરબલ : હૂઁssss હૂઁssss મને શેરડી જોઈયે।

અકબર : રડ નહીં। તને શેરડી જોઈયે ને। હમણાં આવી જશે।




અકબરે પોતાના સેવકો ને શેરડી લાવવા મોકલ્યા। થોડી વાર માં શેરડી આવી ગઈ। એને જોઈ ને બાળક ફરી જમીન ઉપર હાથ-પગ મારીને રડવા લાગ્યો।

અકબર : હવે કેમ રડે છે? શેરડી તો આવી ગઈ ને।

બીરબલ : હૂઁssss હૂઁssss શેરડી મને નાના-નાના ટુકડા માં જોઈએ। આવી નહીં।

અકબર : બસ! આટલી વાત! હું હમણાં શેરડી ને કપાવી દઉં છું।

સેવકોએ શેરડી ના નાના-નાના કટકા કરી દીધા। બાળકે કટકા ઉઠાવી ને ફેંકી દીધા અને ફરી રડવા લાગ્યો। અકબર મૂંઝવણ માં પડી ગયા।



અકબર : હવે કેમ રડી રહ્યો છે? જેવા તેં માંગ્યા, તેવા શેરડી ના કટકા કરી તો આપ્યા।

બીરબલ : હૂઁssss હૂઁssss કટકા ને ફરી જોડી ને આખી શેરડી બનાવી ને આપો।

અકબર : (ચિડાઈ ને) અરે! કાપેલા કટકા ને ફરી કેવી રીતે જોડાય?

બીરબલ ની યોજના અકબર ને સમજાય ગઈ।

અકબર : તમે બરાબર કહો છો। સાચે, બાળક ને મનાવવું એટલું સહેલું નથી।

બીરબલે સ્મિત કર્યું। પોતાના કપડાં ની ધૂળ ખંખેરતા ઉભા થયા।



P. Saraswati V. Vijayakanthi
L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

Gujarati Sudhir Jhaveri

Artist S. P. Raju

નંદરિયા નો ત્યાગ





ગંગા નદી ને કિનારે કેરી નું એક વિશાળ વૃક્ષ હતું। એના ફળ બહુ મીઠા અને સ્વાદિષ્ટ હતાં। રોજ રાત્રે વાનરો ની એક સેના ત્યાં આવતી, મજેથી કેરી ખાતી।






એક દિવસ વાનરો ના રાજા નંદરિયા એ એમને ચેતવણી આપી, "જુઓ! ઝાડ ની એક શાખા નદી ઉપર ઝૂકેલી છે। ધ્યાન રાખજો, આ શાખા ની એક પણ કેરી નદી માં ન પડે। નહીં તો એ આપણે માટે ખતરનાક સાબિત થઈ શકે છે।"



વાંદરા સતર્ક થઈ ગયા। તેમ છતાં, એક દિવસ એક કેરી અચાનક નદી માં જઈ પડી અને થોડા માછીમારો ના હાથ માં આવી ગઈ। તેઓએ એને રાજા ને ભેટ ધરી।

કેરી ખાઈને રાજા એ કહ્યું, "આ તો બહુ સ્વાદિષ્ટ છે। આવી ઉમદા કેરી ની ઉપજ ક્યાં થાય છે? ચાલો શોધીયે।" રાજા પોતાના સૈનિકો સાથે નીકળી પડયા અને ઝાડ પાસે આવી પહોંચ્યા। બધાએ થોડા ફળ ખાધા અને રાત્રે ત્યાંજ વિશ્રામ કરવાનો નિર્ણય લીધો।




હંમેશ ની જેમ વાનરો ની સેના રાત્રે ત્યાં આવી। ઉછળતા-કૂદતા, બહુ અવાજ કરતા બધા કેરી ખાવા લાગ્યા। રાજા ની ઊંઘ ઉડી ગઈ। એણે આદેશ આપ્યો, "આ જગ્યા ને બધી બાજુ થી ઘેરી લો। બધા વાનરો ને મારી નાંખો।"

સૈનિકો પોતાના બાણ તૈયાર કરવામાં લાગી ગયા। વાંદરા ડર થી કાંપવા લાગ્યા। ભાગી ને નંદરિયા પાસે ગયા।

નંદરિયા એ કહ્યું, "ગભરાઓ નહીં! હું તમને લોકો ને બચાવીશ।' એ પાસે ની ઝાડી માં થી એક લાંબી લતા વેલ ને ઉખેડી ને લઈ આવ્યો।

એના એક છેડા ને ઝાડ થી બાંધ્યો અને બીજા છેડા ને કસી ને પોતાની કમર ને બાંધી દીધો। પછી જલ્દી થી છલાંગ લગાવી નદી ને પેલે પાર ના ઝાડ સુધી પહોંચવાની કોશિશ કરી।



'અરે આ શું? વેલ ની લંબાઈ પર્યાપ્ત નથી!' નંદરિયા ઝાડ ની એક શાખા પકડી લટકી ગયો। એવી રીતે એક પુલ બની ગયો।

નંદરિયા એ પોતાના સાથિઓ ને કહ્યું, "જલ્દી આવો। આ વેલ પર ચઢી ને મારી પીઠ ઉપર થઈ ને બધા જલ્દી-જલ્દી ભાગી જાઓ।"

એક-એક કરીને બધા વાંદરા બચી ને ભાગી ગયા। છેલ્લો વાંદરો નંદરિયા ઉપર જોર થી કૂદી પડયો અને એને ઘાયલ કરી દીધો। એની નંદરિયા સાથે દુશ્મની હતી।


રાજા દૂર થી આ દ્રશ્ય જોઈ રહ્યો હતો। બોલ્યો, "આ વાંદરો મહાન છે। એને મારવો અન્યાય થશે। આ વાંદરા ને નીચે ઉતારો।" સૈનિકો વાંદરા ને નીચે લાવ્યા અને જમીન ઉપર સુવડાવી દીધો।

રાજા એ નંદરિયા ને કહ્યું, "હે મહાન નેતા! તેં તારા જીવ પર ખેલી ને તારા સાથિઓ ને બચાવ્યા છે। એવો ત્યાગ મેં ક્યારેય નથી જોયો।"

નંદરિયા એ ઉત્તર આપ્યો, "મારા સાથી મારી ઉપર નિર્ભર છે। એ ડરેલા હતાં। એક સારા રાજા ને પોતાની પ્રજા જ સૌથી પ્રિય હોવી જોઈએ। સ્વયં થી પણ।" એમ કહીને નંદરિયા એ પોતાના પ્રાણ ત્યજી દીધા।

બનારસ નો રાજા નંદરિયા થી બહુ પ્રભાવિત થયો અને પોતાની પ્રજા ના હિત માટે કામ કરવા લાગ્યો।

જાતક કથાઓ



© Katha Jharna 2008

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

Gujarati Sudhir Jhaveri

Artist Uma Krishnaswamy

તેનાલીરામ અને જાદૂગર



એક દિવસ વિજયનગર માં એક જાદૂગર આવ્યો। એણે રાજમહેલ માં ઘણી જાતના જાદૂ બતાવ્યા। એક ખાલી ટોપલી લઈ ને એને ઉંધી રાખી દીધી। બીજી ક્ષણે એને ઉઠાવી। ચમત્કાર! ત્યાં એક કેરી નો છોડ હતો। બધા લોકો એ તાળીઓ પાડી એની પ્રશંસા કરી।

આગલા કાર્યક્રમ માં એણે મુઠ્ઠી ભર કાંકરા લીધા। એક જ પળ માં એને સોના ના સિક્કા માં બદલી દીધા। એટલું જ નહીં, પળ વાર માં રાજા ની વીંટી ને પોતાની આંગળી માં લાવી બતાવી।



એક ખાલી પાંજરા ઉપર એણે એક ચાદર ઓઢાડી અને તરતજ એને કાઢી ને ઝાટકી, અને પાંજરા નો દરવાજો ઉઘાડતા એમાંથી એક પોપટ ઉડી ને બહાર ગયો! એની ચતુરાઈ ને જોઈ ને રાજા પ્રસન્ન થયા અને એને ચાંદી ના સિક્કા થી ભરેલી થેલી ઇનામ માં આપી।

પરંતુ જાદૂગર તો ત્યાં કોઈ બીજા જ કામે આવ્યો હતો। એને હાસ્ય કવિ તેનાલીરામ ને અપમાનિત કરવા હતા। એણે રાજમહેલ માં ખુલ્લો પડકાર ફેંક્યો, "શું તમારા માં થી કોઈ મારા થી જીતી શકે છે? જે જીતશે, હું એને આ બધા ઇનામ સોંપી દઈશ। પણ જો હું જીતું તો તમારે તેનાલીરામ મને સોંપવો પડશે।"

જાદૂગર થી ટક્કર લેવા કોઈ આગળ ન આવ્યું। રાજા પરેશાન દેખાવા લાગ્યા।

તેનાલીરામે મનમાં ને મનમાં વિચાર્યું, 'આની આવી હિમ્મત! આ જાદૂગર ના ઘમંડ ને કોઈ રીતે તોડવો જોઈએ।'

તેનાલીરામ આગળ આવ્યો અને કહેવા લાગ્યો, "હે જાદૂગર! તમે અમને ઘણા અદભુત જાદૂ દેખાડયાં। તો પણ હું તમારો સામનો કરવા માટે તૈયાર છું। પણ મારી એક શરત છે।




જે કામ હું આંખ બંધ કરીને કરીશ, એને તમારે આંખો ખોલી ને કરવું પડશે।"

જાદૂગર તુરંત રાજી થઈ ગયો। તેનાલીરામે પાસેની ફૂલદાની માં થી મુઠ્ઠી ભર માટી લીધી। પોતાની આંખો બંધ કરી લીધી અને આંખો પર માટી નાખતો રહ્યો। પછી કપડાં થી માટી ને લૂછી લીધી।



એના પછી તેનાલીરામે જાદૂગર ને કહ્યું, "મેં જે કામ હમણાં કર્યું, એને તમારે બંને આંખો ખોલી ને કરવું પડશે।" જાદૂગર સંકટ માં પડી ગયો। શરમ ના માર્યા એણે માથું ઝુકાવી લીધું અને ત્યાંથી પાછો ફર્યો।


રાજા એ નિરાંત નો શ્વાસ લીધો અને બોલ્યા, "સારું થયું! તેનાલીરામે કોઈ પણ રીતે સમસ્યા નો ઉકેલ લાવી દીધો।" એમણે તેનાલીરામ ને ખૂબ બધા ઇનામ આપી ને સન્માનિત કર્યા।



P. Saraswati V. Vijayakanthi
L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist S. P. Raju






અપ્પૂ ની પરેશાની

અપ્પૂ એક નાનો હાથી હતો। એક દિવસ એ બહુ ઉદાસ બેઠો હતો। બહાર રમવા પણ ન ગયો। બધા મિત્રો પરેશાન! આખરે અપ્પૂ ને થયું શું? કલકલિયા એ તપાસ કરવાની કોશિશ કરી, "તને શું ચિંતા છે? મને બતાવ ને।" પણ અપ્પૂ ચૂપ રહ્યો।

કલકલિયા એ કહ્યું, "આહ! મને ખબર છે। તારી લાંબી સૂંઢ ને લઈને તું શર્મિંદા છે ને?"

અપ્પૂ એ તુરંત કહ્યું, "નહીં! નહીં! મને મારી સૂંઢ બહુ પસંદ છે। એની સહાયતા થી હું ઘણા કામ કરું છું।"



ત્યારે વાંદરા એ કહ્યું, "તો તને તારી નાની પૂંછડી પર અફસોસ છે શું? મારી જેમ ડાળીઓ પર ઝૂલી નથી શકતો, એ જ તારી સમસ્યા છે ને?"




અપ્પૂ એ કહ્યું, "નહીં, નહીં! મારી પૂંછડી નાની છે, પણ બહુ કામ ની છે।"

હરણે કહ્યું, "તો તારી પરેશાની નું કારણ તારા મોટા-મોટા પગ જ છે ને? તું એ જ વિચારે છે ને કે એ મારા પગ જેવા પાતળા અને સુંદર કેમ નથી?"

અપ્પૂ એ કહ્યું, "એવી કોઈ વાત નથી। મને મારા પગ સુંદર જ લાગે છે।"

મોરે પૂછ્યું, "અચ્છા તારો ભુરો રંગ તને પસંદ નથી આવ્યો શું? મારા શરીર જેવા રંગો થી સજ્યો નથી! આ જ તારા દુઃખ નું કારણ છે ને?"



અપ્પૂ એ માથું હલાવ્યું, "નહીં! મારા શરીર ના રંગ ઉપર મને કોઈ અફસોસ નથી। આ ભુરો રંગ જ મને શિકારીઓ થી બચાવે છે।"



વાંદરા એ કહ્યું, "વાત એવી છે તો બહાર આવા અહીંયા ઘણી બધી શેરડી પડી છે। મળી ને ખાઈયે।"

અપ્પૂ રડવા લાગ્યો, "હું બહુ જાડો છું। મારે ખાવી ન જોઈયે।"

એના પર હરણ બોલ્યું, "અરે! આ જ તારી સમસ્યા છે શું? હાથી તો મોટો અને બળવાન હોવો જ જોઈયે। તું કોઈ જાડો નથી।"

"હું જાડો નથી શું? ત્રણ દિવસ થી મેં કંઈ ખાધું જ નથી। તો પણ મારુ શરીર પાતળું નથી થયું," અપ્પૂ ઉદાસ થઈ ને બોલ્યો।

અચાનક એક અવાજ આવ્યો, "બચાવો! બચાવો!" બધા અવાજ ની દિશા માં દોડી પડયા। ત્યાં વાઘ ની ઉપર એક ઝાડ પડેલું હતું। વાઘ દુ:ખાવા થી ચીસો પાડતો હતો।




વાંદરો, મોર, હરણ, કલકલિયો બધા એ ઝાડ ને હટાવવા નો પ્રયાસ કર્યો। પણ અસફળ રહ્યા।

"અરે! વાઘ ને કોઈ પણ રીતે બચાવવાનો છે," બધા જાનવર અપ્પૂ ને બોલાવી લાવ્યા। અપ્પૂ એ ઝાડ ને હટાવવાની કોશિશ કરી। પણ ત્રણ દિવસ થી ખાધું નહોતું ને! ઝાડ હટાવી ન શક્યો।

મિત્રો એ કહ્યું, "લે! શેરડી ખાઈને હટાવ" "હા! આજ મારી શક્તિ છે," બોલતા અપ્પૂ એ બધી શેરડી જલ્દી-જલ્દી ખાઈ લીધી। બસ! જોશ સાથે એકજ પળ માં ઝાડ હટાવી દીધું। બધા જાનવર ખુશી થી બોલ્યા, "હવે સમજ્યો, તું બધા થી બળવાન છે!" અપ્પૂએ પોતાની સૂંઢ ઉઠાવી આનંદ ની કિલકારી કરી।

પારો આનંદ ની વાર્તા પર આધારિત



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist Uma Krishnaswamy

મુખિયા કોણ

65



એક ગાઢ જંગલ હતું। એમાં બધા જાનવર હળીમળી ને રહેતા હતા। સિંહ એમનો મુખિયા હતો। સિંહ બહુ બળવાન અને ચતુર હતો। જંગલ માં જે પણ સમસ્યા આવતી, એને લઈને જાનવર સિંહ પાસે જ જતા હતા। સિંહ પણ એને સૂઝ-બૂઝ થી ઉકેલતો હતો। બધા જાનવરો ના મનમાં સિંહ પ્રત્યે ખુબ આદર અને વિશ્વાસ હતા।

એક દિવસ થોડા શિકારી જંગલ માં ઘુસી આવ્યા। તેઓએ જાનવરો નો પીછો કર્યો। જંગલ માં ભાગ-દોડ મચી ગઈ। ડર ના માર્યા જાનવરો ભાગતા-ભાગતા સિંહ પાસે ગયા।


સિંહ સમજી ગયો કે સ્થિતિ ગંભીર છે। જાનવરો ને કહ્યું, "શત્રુ બહુ તાકાતવર છે। એમનો સામનો કરવો તમારા સામર્થ્ય ની વાત નથી। તમે લોકો અહીં જ રોકાઓ। હું તેમને નિપટાવી ને આવું છું।"



સિંહે શિકારીઓ ઉપર હુમલો કર્યો। થોડાં ભાગી ગયા। થોડા એ સિંહ ઉપર હુમલો કર્યો। સિંહે બહાદુરી થી એમનો સામનો કર્યો। અંત માં સિંહ નો વિજય થયો।

બધા જાનવર સિંહ ને ધન્યવાદ આપવા દોડયા। હાય! આ શું થઈ ગયું? સિંહ પીડા થી તડપી રહ્યો હતો। શિકારીઓ એ એને ઘાયલ કરી દીધો હતો। સિંહ ના પગ જખ્મી થઈ ગયા હતા। બધા ને બહુ દુઃખ થયું।

ઘણા દિવસ વીતી ગયા। સિંહ ના પગ સરખા થતા જ ન હતા। એને માટે પૈડાંવાળી ખુરસી લાવવામાં આવી। સિંહ એની ઉપર બેસી ને ફરવા લાગ્યો। પણ એ શિકાર નહોતો કરી શકતો। બધા એને માટે ખાવાનું ભેગું કરીને લાવતા।




પરંતુ થોડાજ દિવસો માં તેઓ કંટાળવા લાગ્યા। સિંહ ની સેવા કરવી એમને બોજ જેવું લાગવા લાગ્યું। થોડા જાનવર આ કામ થી ખસવા લાગ્યા। થોડાકે પોતાની સમસ્યાઓ ને સિંહ પાસે લઈ જવી છોડી દીધી।

સિંહ જાનવરો સાથે હંમેશા ની જેમ ઉત્સાહ થી વાત કરતો। ખાવાનું લાવનાર જાનવરો ની રાહ જોતો। એમની પાસે જંગલ ના સમાચાર લેતો। એ બધી જવાબદારી નિભાવતો રહ્યો।

એક દિવસ જંગલ માં નીરવતા છવાઈ હતી। એક પણ જનાવર દેખાતું નહોતું। સિંહ ને બહુ આશ્ચર્ય થયું। પૈડાંવાળી ખુરસી ને ધીરે-ધીરે ચલાવી ને એ બધા ને શોધવા લાગ્યો।

એક જગ્યા પર બધા જાનવરો ની બેઠક ચાલી રહી હતી। સિંહ ને મોટો ધક્કો લાગ્યો। ઝાડીઓ ની પાછળ છુપાઈને એમની વાતો સાંભળવા લાગ્યો।



એક જાનવારે કહ્યું, "લાગે છે, હવે આપણે એક નવા મુખિયા ને ચૂંટવો પડશે।"

બીજા એ કહ્યું, "નવો કેમ? આપણો મુખિયા સિંહ કેમ ન રહી શકે?" કોઈ બીજા એ કહ્યું, "સિંહ પાસે હવે આપણી રક્ષા કરવાની શક્તિ નથી રહી।"

"શું શરીર ની તાકાત જ બધું છે? સિંહ પાસે મનની તાકાત છે। લાંબો અનુભવ પણ," એક વૃદ્ધ જાનવારે કહ્યું।

"હા, સિંહ દાદા હંમેશા યોગ્ય ફેંસલો સંભળાવે છે। એજ આપણા માર્ગદર્શક રહે તો સારું થશે," નાના જાનવારે કહ્યું।

બધા જાનવરો એ થોડી વાર સોચ-વિચાર કર્યો। અંત માં સિંહ ને જ પોતાનો મુખિયા સ્વીકાર કર્યો। પછી બધા મળી ને સિંહ ની ગુફા તરફ ચાલી નીકળ્યા।

'વિદ્યાસાગર' (ચેન્નઈ)
ના બાળકો ના નાટક પર આધારિત



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist S. P. Raju

મધમાખી નો પ્રવાસ




એક બાગ માં મધમાખીઓ નો પરિવાર રહેતો હતો। એમાં સૌથી નાની મધમાખી નીડર અને સ્ફૂર્તીલી હતી। એને બધા ઝી ઝી કહીને બોલાવતા હતા।

ઝી ઝી દુનિયા ને જોવા, સમજવા ચાહતી હતી। એક દિવસ વૃક્ષો પરથી ઊડતી એ બહુ દૂર ચાલી ગઈ। રસ્તા માં એને મીઠી સુગંધ નો એહસાસ થયો।

સુગંધ નો પીછો કરતી એ એક સરોવર પર પહોંચી ગઈ। સરોવર માં એને કમળ ના ઘણાં બધા સુંદર ફૂલ દેખાયા। એ જોર થી કમળ ઉપર કૂદી પડી।

કોમળ કમળ કાઁપી ઉઠ્યું। એણે ઝી ઝી ને ઠપકો આપ્યો, "અરે મૂર્ખ! તું મારી પાંખડીઓ ઉપર આટલા જોર થી કેમ કૂદી? જા, હું તને મધ નહીં આપું।"





મધમાખી જલ્દી થી વૃક્ષો વચ્ચે ઉડી ગઈ। ત્યાં એણે એક કરોળિયા નું જાળું જોયું। એણે કરોળિયા ને પૂછ્યું, "કમળ મને મધ નથી આપી રહ્યું। બતાવો, એ મારાથી શું ચાહે છે?"



કરોળિયા એ જાળું બનાવતા કહ્યું, "કદાચ મારી જેમ એને પણ માખી પસંદ છે।"

ઝી ઝી કમળ પાસે ગઈ અને પૂછ્યું, "શું તું માખી ના બદલા માં મધ આપી શકીશ?" કમળ ને ગુસ્સો આવી ગયો, "શું કમળ પણ ક્યારેય માખી ખાતા હોય?"



ઝી ઝી વધારે ઉપર ઉડી ગઈ। વાદળ પાસે પહોંચી અને એની સલાહ માંગી। વાદળે કહ્યું, "ઝાડ અને ફૂલ ને વરસાદ પસંદ છે। કદાચ કમળ વર્ષા ના ટીપાં માટે તરસી રહ્યું છે।"

ઝી ઝી ફરી કમળ પાસે આવી અને બોલી, "તને શું જોઈએ છે, મને ખબર પડી ગઈ। તને વર્ષા ના ટીપાં જોઈએ છે ને!" કમળે કહ્યું, "મને સરોવર માં થી પાણી મળે છે। મને તારા વર્ષા ના ટીપાં નથી જોઈતા।"



દુઃખી થઈને ઝી ઝી ફરી ઉડી ગઈ। ઝાડ ની ડાળીઓ વચ્ચે એણે સૂર્ય ના ચમકતા કિરણો જોયાં। મધમાખી એ સૂર્ય ના કિરણો પાસે સલાહ માંગી।



સૂરજે કહ્યું, "કમળ ની પાંખડીઓ સૂરજ તરફ જોતા ખીલે છે। તપાસ કર કે કમળ ને સૂરજ ની ગર્મી જોઈએ શું?"

ઝી ઝી એ ખુશી થી ઉડાન ભરી અને કમળ ને પૂછ્યું, "શું તારે માટે સૂરજ ની કિરણો લાવું?" કમળે કહ્યું, "સૂરજ ની કિરણો મારી મિત્ર છે। એના થી તો હું ખીલું છું।"


ઝી ઝી હવે થાકી ગઈ। ઝાડ ઉપર બેસી ગઈ। ત્યાં એણે એક ઘુવડ ને જોયું। એને પણ કમળ વિષે પૂછ્યું, "તમને દુનિયા ના બધા રહસ્ય ખબર છે। કોઈ ઉપાય બતાવો જેથી કમળ મને મધ આપે।"

ઘુવડ મધમાખી ના કાન માં કંઈક ગણગણ્યું। ઝાડ ની ડાળીઓ, પક્ષી, કિરણો બધા સાંભળવા ની કોશિશ કરવા લાગ્યા। પણ સાંભળી ન શક્યા।

ઝી ઝી ખુશી થી ઊડતી, કમળ પાસે આવી। એ બહુ સાવધાની થી ફૂલ ઉપર બેઠી। પ્રેમ થી મધ માંગ્યું। કમળે સ્મિત કરી ને પોતાની પાંખડીઓ ખોલી દીધી। ઝી ઝી ને મધ આપ્યું અને કહ્યું, "આજે તું દુનિયા નું સૌથી મહત્વપૂર્ણ રહસ્ય શીખી છે। બધા સાથે મૃદુતા અને વિનમ્રતા થી વર્તવું જોઈયે।"

શોભિતા પુંજ લિખિત

લોક કથા પર આધારિત



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist Uma Krishnaswamy


આવા હતાં ગાંધીજી

એ દિવસે બીજી ઓક્ટોબર હતી, ગાંધીજી નો જન્મદિવસ। ગાંધીજી ને અભિનંદન આપવા હું અને મારો નાનો ભાઈ ફૂલ માળા લઈને નીકળી પડયા।

આશ્રમ માં બહુ ભીડ હતી। બધા લોકો એ ખાદી પહેરી હતી। થોડા લોકો એ ખાદી ની ટોપી પહેરી હતી।

અમે બંને ગાંધીજી પાસે ગયા। અભિનંદન આપી એમને માળા પહેરાવી।

બાપૂ એ હાસ્ય કરતા પૂછ્યું, "શું આગલી વખતે મને આનાથી સારી ભેંટ આપશો?"



મેં પૂછ્યું, "તમને શું ભેંટ જોઈએ બાપૂ?"

"પોતાના હાથે ચરખો કાંતિ ને સૂતર થી બનેલી માળા લાવી શકો છો?" બાપૂ એ સ્મિત કરતા સવાલ કર્યો।

"અમને તો ચરખો કાંતતા આવડતું જ નથી," મારા નાના ભાઈ એ ઝટ થી જવાબ આપ્યો। એટલે ગાંધીજી એ કહ્યું, "તમારા માતા-પિતા તમને શીખવાડશે।"

ઘરે પાછા ફરતા મારો ભાઈ મને સવાલ કરવા લાગ્યો, "બાપૂ આપણને ચરખા પ્રયોગ કરવા કેમ કહી રહ્યા છે?"

મેં એને સમજાવ્યું, "વિદેશી કપડાં વાપરવા થી આપણા દેશ ના ગરીબ લોકો માં બેરોજગારી વધી જાય છે। ખાદી ઉદ્યોગ ગ્રામીણ જનતા ને રોજગાર પ્રદાન કરે છે। એટલે ગાંધીજી હાથ થી કાંતેલું કપડું વાપરવા ની સલાહ આપે છે।"



ઘરે પહોંચતાજ અમે માઁ ને બધી વાત સંભળાવી। માઁ એ વાત થોડી વધારે વિસ્તાર થી સમજાવી, "ગાંધીજી અંગ્રેજી શાસન હટાવી ભારત ને સ્વતંત્ર કરવા ચાહે છે। એટલે એ ખાદી આંદોલન નો પ્રચાર કરી રહ્યા છે।"


એજ દિવસ થી અમે ચરખો ચલાવવાનું શરુ કરી દીધું।

✧ ✧ ✧ ✧

એક વાર ગાંધીજી મદુરાઈ ગયા હતા। તેઓ નદીએ નહાવા ગયા। ત્યાં એક મહિલા પોતાના નાના બાળક સાથે આવી હતી।

એ મહિલા પોતાની સાડી નો એક ભાગ ઓઢીને બીજા ભાગ ને ધોઈ રહી હતી। એની પાસે એકજ સાડી હતી અને એ પણ ફાટેલી।

એ મહિલા ની ગરીબી ગાંધીજી ના મન ને સ્પર્શી ગઈ। એમણે તુરંત પોતાની શાલ એને આપી દીધી। ગાંધીજી એ વિચાર્યું કે દેશ માં આટલા ગરીબ લોકો ના રહેતા પોતે ભિન્ન-ભિન્ન ખમીસ પહેરે એ ઉચિત નથી। એ દિવસ થી એમણે ખમીસ પહેરવા છોડી દીધા।



✧ ✧ ✧ ✧

એક દિવસ સાબરમતી આશ્રમ માં એક બાળક ગાંધીજી ને મળવા આવ્યો। એણે પૂછ્યું, "બાપૂ! બાપૂ! તમે ખમીસ કેમ નથી પહેરતા? હું મારી માઁ ને કહીને તમારા માટે એક ખમીસ સિવડાવી દઉં શું?"

ગાંધીજી હસવા લાગ્યા। પછી પૂછ્યું, "તારી માઁ મારે માટે કેટલા ખમીસ સીવી ને આપશે?"

બાળકે કહ્યું, "તમે બતાવો, તમને કેટલા જોઈયે?"

બાપૂ એ પ્યાર થી કહ્યું, "બેટા, મારા ચાલીસ કરોડ઼ ભાઈ-બહેન છે। કોઈ નાના અને કોઈ મોટા। જયારે એમની પાસે ખમીસ નથી તો હું કેવી રીતે ખમીસ પહેરી શકું? શું તારી માઁ આ બધા ને માટે ખમીસ સીવી ને આપશે?"

હવે બાળક ને બાપૂ ની વાત સમજાઈ। દેશ ના બધા લોકો ને બાપૂ પોતાનો પરિવાર માને છે। બધા દેશવાસી એમના સગા છે। બધા એમના મિત્ર છે। પછી એક ખમીસ એમના શું કામ નું?



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

Gujarati Sudhir Jhaveri

L. S. Saraswathi S. Rajalakshmi

Artist S. P. Raju

ચાર મિત્રો



એક ગીચ જંગલ ની વચ માં એક તળાવ હતું। તળાવ ના કિનારે એક હરણ, ઉંદર, કાગળો અને કાચબો રહેતા હતા। ચારે માં ગાઢ મિત્રતા હતી। એ ખાવાનું શોધતી વખતે અલગ થઈ જતા। બાકી સમય સાથે-સાથે રહેતા।

એક દિવસ હંમેશ ની જેમ બધા આહાર શોધવા ગયા। પણ હરણ બહુ વાર સુધી પાછું ન આવ્યું। મિત્રો ને ચિંતા થવા લાગી।

'શું હરણ કોઈ મુસીબત માં ફસાઈ ગયું છે?' તેઓ વિચારવા લાગ્યા। ત્યારે કાગડા એ કહ્યું, "હું ઉડી ને જાઉં છું અને જોઉં છું કે એને શું થયું।" એ બહુ દૂર ઉડતો ગયો।

એક જગ્યાએ એને હરણ દેખાયું। એ જાળ માં ફસાયેલું હતું। ગભરાઈને કાગડો પાછો આવ્યો અને પોતાના મિત્રો ને આ ખબર આપ્યા।



"કોઈ પણ રીતે આપણે હરણ ને બચાવવાનું છે। તુરંત આપણે ત્યાં જવું પડશે," એમ કહીને ઉંદર કાગડા ની પીઠ પર ચઢી ગયો। કાગડો ઉડીને હરણ પાસે પહોંચી ગયો।

ઉંદરે ઝડપ થી જાળ ને કાપી અને હરણ ને છોડાવ્યું। એજ સમયે કાચબો ત્યાં આવી પહોંચ્યો। બધા મિત્રો ચોંકી ગયા।

ઉંદરે કહ્યું, "અરે! તું તારું સુરક્ષિત સ્થાન છોડી ને અહીંયા કેમ આવી ગયો? જો શિકારી આવી જશે તો કાગડો ઉડી ને જતો રહેશે। હું કોઈ દર માં છુપાઈ જઈશ। હરણ તેજી થી ક્યાંક ભાગી જશે। તું તો ફસાઈ જઈશ।"

કાચબો બોલ્યો, "હરણ સંકટ માં છે - આ વાત સાંભળી ને હું ભલા તળાવ માં કેવી રીતે રહેતો? એટલે અહીંયા આવી ગયો।" એ બોલી જ રહ્યો હતો કે શિકારી ત્યાં આવી પહોંચ્યો। હરણ તેજી થી દોડી ગયું। ઉંદર દર માં છુપાઈ ગયો। કાગડો ઉડી ગયો।




બસ! કાચબો એકલો રહી ગયો। બિચારો! શિકારી ને હાથ લાગી જ ગયો। શિકારી એ પાસે પડેલા સૂકા ઘાસ થી કાચબા ના પગ બાંધી દીધા। પછી એને લઈને પોતાના ઘર તરફ ચાલી નીકળ્યો। બધા મિત્રો છુપાઈને આ જોઈ રહ્યા હતા।



'કાચબા ને કેવી રીતે બચાવીયે?' બધા વિચાર માં પડી ગયા। ઉંદર ને એક ઉપાય સૂઝયો।

એણે હરણ ને કહ્યું, "તું શિકારી ના રસ્તા માં જઈને સૂઈ જા અને એવું નાટક કર કે તું મરી ગયું છે।
કાગડો તને ચાંચ મારતો રહેશે।
ત્યારે શિકારી




કાચબા ને છોડી તારી પાસે આવશે। મોકો મળતાં જ હું રસ્સી કાપી નાંખીશ અને કાચબા ને આઝાદ કરી દઈશ।"

બધા એ આ યોજના પ્રમાણે કામ કર્યું। શિકારી રસ્તા માં હરણ ને જોઈને ચોંકી ગયો। એ તુરંત કાચબા ને જમીન ઉપર રાખી હરણ પાસે ગયો।

પણ આ શું! હરણ તો વીજળી ની જેમ ભાગી ને ગાયબ થઈ ગયું! શિકારી આશ્ચર્ય થી જોતો રહી ગયો। પછી ફરી ને કાચબા ને ઉપાડવા ગયો, તો એ પણ ગાયબ!

બિચારો શિકારી! નિરાશ થઈને ઘરે પાછો ફર્યો।

જાતક કથાઓ




P. Saraswati V. Vijayakanthi
L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist S. P. Raju

હનુમાન રમે સૂરજ થી









હનુમાન પોતાના બાળપણ માં બહુ જ શરારતી અને નીડર હતો। હંમેશા ખેલતો-કૂદતો રહેતો। એની માઁ અંજના એને સંભાળી નહોતી શકતી।

એક દિવસ હનુમાન રમી રહ્યો હતો। ત્યારે સૂરજ ની કિરણો એના પર પડી। એણે આકાશ તરફ જોયું। સૂરજ એક લાલ દડા જેવો લાગી રહ્યો હતો।

"હું એ દડા ને પકડી ને રમીશ," બોલતો એ એકજ છલાંગ માં આકાશ સુધી પહોંચી ગયો। સૂરજ ને પકડવાની કોશિશ કરવા લાગ્યો।



સૂરજ ને આ બિલકુલ પસંદ ન આવ્યું। એ તેજી થી દોડવા લાગ્યો। હનુમાન એનો પીછો કરતો રહ્યો। દુનિયા માં રાત અને દિવસ જલ્દી-જલ્દી બદલાવા લાગ્યા। હનુમાન ને આ ખેલ તમાશા જેવો લાગ્યો।

ગભરાઈને સૂરજે ઇન્દ્ર ની સહાયતા માંગી। સૂરજ ને તડપતો જોઈને ઇન્દ્ર ને ગુસ્સો આવી ગયો। એમણે હનુમાન ઉપર વીજળી પાડી દીધી। હનુમાન નો શ્વાસ રોકાય ગયો। એ આકાશ માં થી નીચે પડવા લાગ્યો।

સમયસર હનુમાન ના પિતા વાયુ એ એને ઝીલી લીધો। વાયુ એ ઇન્દ્ર ઉપર ક્રોધિત થઈને કહ્યું, "તમે એ પણ ન જોયું કે આ નાનું બાળક છે। એના શું હાલ કરી નાંખ્યા?"

વાયુ એ એક લાંબો શ્વાસ લીધો અને એને જોર થી બહાર કાઢ્યો। પછી શું? દરેક જગ્યા એ તોફાન જ તોફાન! ઝાડ, પર્વત, ચટ્ટાન બધું હલવા લાગ્યું। બધા લોકો ભયભીત થઈ ને અહીં-તહીં ભાગવા લાગ્યા।



"જ્યાં સુધી મારો પુત્ર શ્વાસ નહીં લઈ શકે, ત્યાં સુધી આ સંસાર માં હવા નહીં," વાયુ એ આદેશ આપ્યો। તુરંત હવા થંભી ગઈ। એ પોતાના પુત્ર ને લઈ પાતાળ માં જઈ પહોંચ્યાં।

ઝાડ-પાન, પશુ-પક્ષી, મનુષ્ય બધા ને ગૂંગળામણ થવા લાગી। બધા મૂર્છિત થવા લાગ્યા। ચારે બાજુ નીરવતા જ નીરવતા!

'હવા વગર દુનિયા નો અંત આવી જશે,' દેવગણ ચિંતિત થવા લાગ્યા। તેઓ વાયુ પાસે ગયા અને વિનંતી કરી, "ઇન્દ્ર ને ક્ષમા કરી દો।" પછી તેઓએ હનુમાન ને જીવિત કર્યો। એને એક વિશેષ આશીર્વાદ પણ આપ્યો, "તું આકાશ માં જ્યાં મન થાય ત્યાં ઉડી શકીશ। પોતાના આકાર ને જયારે મન થાય ત્યારે નાનો કે મોટો કરી શકીશ।"

ઇન્દ્ર એ આગળ કહ્યું, "વીજળી અને મેઘ ગર્જના તને ક્યારેય પણ હાનિ નહીં પહોંચાડે।"

સૂર્ય એ કહ્યું, "આગ તને ક્યારેય અડી નહીં શકે।"





વાયુ એ કહ્યું, "ફક્ત શક્તિઓ જ પર્યાપ્ત નથી। બુદ્ધિ હોય, ત્યારે આ શક્તિઓ નો યોગ્ય પ્રયોગ થઈ શકે છે।"

દેવો એ કહ્યું, "ચિંતા ન કરો। હનુમાન બહુ બુદ્ધિમાન સાબિત થશે।"

વાયુ એ ધીરે-ધીરે શ્વાસ લીધો। સંસાર માં ફરી હવા ચાલવા લાગી। ઝાડ-પાન, માણસ, જાનવર બધા જીવિત થઈ ગયા।



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist Uma Krishnaswamy


ત્રણ પંખા

પર્વત ના શિખર પર એક શિષ્ય પોતાના ગુરુ સાથે રહેતો હતો। એક દિવસ એ ફળ ભેગા કરવા જંગલ તરફ જવા લાગ્યો। ગુરુ એ એને ચેતવ્યો, "લોકો કહે છે કે જંગલ માં એક ભયાનક માયાવી રાક્ષસ રહે છે। સાવધાન રહેજે! આ ત્રણ પંખા ને તારી પાસે રાખી લે। રસ્તા માં મુસીબત આવે તો તેમની સહાયતા થી પોતાની જાત ને બચાવી લેજો।"


શિષ્ય બહુ ઉત્સાહ થી ચાલી નીકળ્યો। ફળ એકઠા કરતાં-કરતાં એને સમય નું ધ્યાન જ ન રહ્યું। અંધારું થવા લાગ્યું।

ત્યાં પાછળ થી એક અવાજ સાંભળી ને એ ચોંકી ગયો। ફરીને જોયું તો ત્યાં એક વૃદ્ધા ઉભી હતી। એણે કહ્યું, "અંધારા માં આવા વખતે જંગલ માં શું કરી રહ્યો છે બેટા? તું થાકેલો લાગે છે। આવ, મારા ઘરે આવી ને આરામ કરી લે।"

શિષ્ય ભૂખ્યો અને થાકેલો હતો। એણે ડોશી ની વાત માની લીધી। બંને એક મહેલ માં જઈ પહોંચ્યા। 'આ ગીચ જંગલ માં આટલો ખૂબસૂરત મહેલ!' શિષ્ય ચકરાઈ ગયો।



"હા...! હા...! હા...!" અચાનક જોર થી હસવાનો અવાજ આવવા લાગ્યો। એણે ફરીને જોયું તો ડોશી ની જગ્યા એ એક ભયાનક રાક્ષસ ઉભો હતો। શિષ્ય એ ડર ના માર્યા ચીસ પાડી। રાક્ષસે કહ્યું, "આજ તું જ મારું ભોજન છે। હું તને ખાઈ જઈશ।"



શિષ્ય બચવા નો ઉપાય વિચારવા લાગ્યો। એ બોલ્યો, "જુઓ! હું કેટલો ગંદો છું। હું હમણાં સ્વયં ને સાફ કરીને આવું છું। પછી મને ખાઈ લેજો।" એમ બોલતા એ સ્નાનઘર માં ચાલ્યો ગયો। ગુરુ એ આપેલા પંખા માં થી એક ને કાઢ્યો અને આદેશ આપ્યો, "જયારે પણ માયાવી રાક્ષસ મને બોલાવે, તું મારા અવાજ માં જવાબ આપી દેજો।" પછી એ બારી માં થી કૂદી ને ભાગી ગયો।


જયારે જયારે રાક્ષસ શિષ્ય ને બોલાવતો, ત્યારે ત્યારે સ્નાનઘર માં થી અવાજ આવતો, "હમણાં આવ્યો, હમણાં આવ્યો।"

ઘણી વાર થઈ એટલે રાક્ષસ ને શંકા થઈ। એણે સ્નાનઘર ની અંદર જઈ ને જોયું। ત્યાં શિષ્ય ન હતો। પછી શું હતું! રાક્ષસ ગુસ્સા થી ખીજાઈ ગયો, "આટલી હિમ્મત! મને જ બનાવી ગયો। કેવી રીતે બચીને જશે?

હું પણ જોઉં છું." એ શિષ્ય ની પાછળ ભાગ્યો અને એની નજીક પહોંચી ગયો।

શિષ્ય કંપી ઉઠયો। એણે તુરંત બીજા પંખા ને હાથ માં લીધો અને એને આજ્ઞા કરી, "મારી પાછળ એક વિશાળ નદી બનાવી દે।" એજ સમયે ત્યાં એક ઊંડી નદી વહેવા લાગી અને પોતાના તેજ વહેણ સાથે રાક્ષસ ને બહુ દૂર લઈ ગઈ। 'હે ભગવાન! હું બચી ગયો,' શિષ્ય એ નિરાંત નો શ્વાસ લીધો।

ગડ઼...ગડ઼...ગડ઼... અવાજ સાંભળી શિષ્ય એ પાછળ વળી ને જોયું। એ રાક્ષસ ગડ઼ ગડ઼ કરીને નદી નું બધું પાણી પી ગયો! પછી શિષ્ય તરફ દોડયો। શિષ્ય એ ત્રીજા પંખા ને ઉઠાવી ને એને આજ્ઞા કરી, "મારી પાછળ આગ ની જવાળા ફેલાવી દે।"



પછી શું હતું! જ્યાં જુઓ, ત્યાં આગ જ આગ દેખાવા લાગી। પણ રાક્ષસ ઉપર એની કોઈ અસર ન પડી। એ પોતાના મોઢા માં થી નદી નું પાણી બહાર કાઢતો રહ્યો અને જોત જોતામાં બધી આગ બુઝાવી દીધી। શિષ્ય પોતાનો જીવ બચાવવા તેજી થી દોડયો અને ગુરુ પાસે જઈ પહોંચ્યો। રાક્ષસ પણ એની પાછળ-પાછળ ગયો।

ગુરુ ને ધમકાવતા રાક્ષસે કહ્યું, "તું તારા શિષ્ય ને મારે હવાલે કરી દે। નહીં તો હું તને ખાઈ જઈશ।" ગુરુ હસવા લાગ્યા, "જે જાદૂ તું જાણે છે એ મને પણ આવડે છે। જેમ હું કહું, તેમ તું કરી શકે તો તું જીત્યો। ત્યારે હું મારા શિષ્ય ને તને સોંપી દઈશ।"


રાક્ષસ માની ગયો। એણે કહ્યું, "ઠીક છે! હું તને શું દેખાડું?" ગુરુ એ પૂછ્યું, "શું તું પોતાને ઊંચા મહેલ જેટલો મોટો કરી શકે છે?" રાક્ષસે ઝટ થી પોતાના શરીર ને મોટું કરીને બતાવી દીધું।

ગુરુ એ એની મજાક ઉડાવતા કહ્યું, "મોટા થવું તો બહુ સરળ છે। શું તું પોતાને વટાણા ના દાણા જેટલો નાનો બનાવી શકે છે?"

"એમાં શું મુશ્કેલી છે?" એમ બોલીને એ એક વટાણા નો દાણો બની ગયો। ગુરુ ઝટ થી વટાણા ને પોતાના મોઢા માં નાંખી ને ગળી ગયા।

એ દિવસ થી એ ભયાનક રાક્ષસ ફરી ક્યારેય દુનિયા માં દેખાયો નહીં।

જાપાન ની લોક કથા



© Katha Jharna 2008

P. Saraswati — V. Vijayakanthi

L. S. Saraswathi — S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

Gujarati Sudhir Jhaveri

Artist Uma Krishnaswamy



માળા

આસ-પાસ ના વાતાવરણ માં આપણે અનેક પક્ષીઓ ને જોઈયે છીએ। એના માળા પણ ભિન્ન-ભિન્ન પ્રકાર ના હોય છે।

પક્ષી માળા માં સૂતા હોયા વિશ્રામ કરતા હોયા ઈંડા મુકતા હોયા પોતાના બચ્ચા નું પાલન-પોષણ પણ કરતા હોયા એમને ઉડતા શીખવાડતા હોયા પછી એમને સ્વતંત્ર રૂપ થી જીવવા માટે બહાર મોકલી દેતા હોયા

દરજી પક્ષી એક અનોખું પક્ષી છે। છોડ ના રેશા ના 'તાર' બનાવી ચાંચ માં લઈ લેય છે। પછી બે પાંદડા ને એક સાથે રાખીને કુશળતા થી કિનારા ઉપર સીવી દેય છે।



આ 'લીલી થેલી' માં એ પોતાના બચ્ચા નું પાલન-પોષણ કરે છે। બીજા પ્રાણી એમને આસાની થી નથી શોધી શકતા।



સુગરી પક્ષી પણ ઘાસ અને રેશા નો પ્રયોગ કરીને મજબૂત માળો ગૂંથે છે। સુગરી નો માળો ઝાડ ઉપર લટકતો રહેતો હોય છે।




એનો ઉપરી ભાગ ગોળ તથા મોટો હોય છે। એમાં ઈંડા રાખવા માટે એક ખંડ હોય છે। પ્રવેશ દ્વાર નાનું અને નીચે ની બાજુ વળેલું હોય છે। એનાથી શત્રુ અંદર ઘુસી ન શકે। જોવામાં એનું રૂપ એક સુરાહી જેવું હોય છે।

લક્કડખોદ, ઘુવડ, સારસ વગેરે પક્ષી ઝાડ ની બખોલ માં રહે છે। સારસ પક્ષી ની એક અનોખી આદત છે। ઈંડા આપ્યા પછી માદા પક્ષી માળા માં જ રહે છે। નર પક્ષી ઘાસ અને લાકડી ના ટુકડા થી બખોલ ના દરવાજા ને બંધ કરી દેય છે। માદા ની ચાંચ કાઢવા ફક્ત એક નાનું-શું કાણું ખુલ્લું રાખે છે।



નર પક્ષી ચારો શોધી ને એ કાણા દ્વારા આપતો રહે છે। જયારે નાના સારસ ઈંડા માં થી બહાર નીકળી આવે છે, માદા અને નર પક્ષી બંને મળીને ખાવાનું શોધવા નીકળી પડે છે।



થોડા પક્ષી પોતાનો માળો નથી બનાવતા। મધુર સ્વર વાળી કોયલ એમાંની એક છે। કોયલ બીજા પક્ષીઓ ના માળા માં અથવા જમીન ઉપર ઈંડા મૂકે છે। જયારે એ જમીન ઉપર ઈંડા મૂકે છે તો ચુપકીદી થી કાગડા ના માળા માં મૂકી આવે છે। એના ઈંડા કાગડા ના ઈંડા થી મળતા-આવતા છે। કાગડો કોયલ ના ઈંડા સેવે છે। મોટી થયા બાદ નાની કોયલ માળો છોડી ને ઉડી જાય છે।






કલકલિયો પણ એક હુંશિયાર અને સુંદર પક્ષી છે। માછલી પકડવા માં બહુ નિપુણ! નાળા, સરોવર, નદી કિનારે બેસી પલક ઝપકાવ્યા વગર પાણી ને જોયા કરે છે। મોકો મળતાં જ ઝટ થી પાણી માં ડૂબકી લગાવી માછલી પકડી ઉડી જાય છે।

કલકલિયો નદી ને કિનારે માટી માં સુરંગ બનાવી પોતાનો માળો તૈયાર કરે છે। એનું દ્વાર સૂકી ઘાસ થી ઢાંકી દેય છે।

પક્ષીઓ વિષે ઘણી જાતની આવી રોચક વાતો છે। એમને ધ્યાન થી જોઈ ને એમના વિષે અન્ય વાતો જાણી શકાય છે।



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist Uma Krishnaswamy

આવો ઉકેલીએ




ઉનાળા નું ફળ છે, હોય બહુ રસીલી
ગોળ છે આકાર એનો, છાલ પીળી-લીલી

લીલી ગોળીઓ કાંચ જેવી, ગુચ્છા માં સુંદરતા છલકે
વેલ ઉપર એ રહે કાચી, નીચે આવીને પાકે



ફૂલે ત્યારે હોય પીળી, પછી રંગ બદલે લાલ
પાકીને થાય કાળી, કેવી એની છાલ

મુકુટ પહેરી રાખ્યો છે માથે
આંખો બહુ બધી છે શરીર પર
રસ ભર્યો છે જેની અંદર






બહાર હજારો કાંટા
બહુ ચીકણું જો કાપીયે
સાફ કર્યા, કાઢ્યા, નીકળ્યા હલવા ના ટુકડા

લાલ-લાલ અને પીળા
ઉપજે કાશ્મીર અને સિમલા
નાના-મોટા જે ચાવે
બધા ના મનને ભાવે

લીલી ચામડી જેવી ખાલ છે
અંદર રક્ત લાલ છે

લાલ દાબડી પીળા ખાના
અંદર રાખ્યા મોતી ના દાણા




ફળો માં અલબેલા
ઉગે નહીં એકલા
છાલ છોલી મને ખાય
રાજુ હોય કે બેલા



અનેનાસ, કેળા, દ્રાક્ષ, મોસંબી, સફરજન,
ફણસ, દાડમ, તડબૂચ, ખજૂર



છુપાઈ રહું માટી માં
રંગ મારો માટી જેવો
બધા નો સાથ નિભાવવાવાળો
એવો છું હું મતવાલો




પટલ-પટલ ખોલો આંસુ વહે
બધા મારાથી પરેશાન રહે
પણ મારા વગર રસોઈ ન ખીલે
ખાવા માં એવી મજા ન મલે

શિયાળા નું શાક, કાચું ખાઈ ને કરાય મૌજ
લીલી લાંબી પેટી માં, લીલા મોતીઓ ની ફ્રૌજ




ગોળ છે આકાર મારો
રંગ હર્યો ભર્યો
ખેતર માં શાન દેખાડું
દેહ પત્તા થી ભર્યો
શાક ખાઓ, સલાડ ખાઓ
બધી રીતે આનંદ ઉઠાઓ



આકાર માં છું મોટું-મોટું, બધા શાક એના બનાવાય
છાલ લીલી અને ગર પીળો, બીજ ન કોઈ ખવાય

વડીલ મને ખાય વિચારી-વિચારી ને, બાળકો ભાગે કોસો દૂર
ખાવા માં હું કડવું છું પણ પોષણ માં ભરપૂર
બીમાર રસ પણ પી લેય, ચેહરા પર આવી જાય નૂર

લાંબો સફેદ, શું છે આ ભેદ
કાચો પણ ખાઓ, પાકો પણ ખાઓ
કચ-કચ ખાઓ, ખાવાનું પચાવો



ન ખાય કોઈ મારી પૂંછ, ન કોઈ ટોપી ખાય
અંદર મારા કાણાં છે, તન હર્યું-ભર્યું સોહાય
રોટી સાથે ખાવા માટે દરેક બાળક લલચાય

વટાણા, પીળું ભોપલું, ભીંડી, મૂળા, આલૂ,
કાંદા, કારેલા, કોબી

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

Gujarati Sudhir Jhaveri

L. S. Saraswathi S. Rajalakshmi

Artist Uma Krishnaswamy

ન બોલવાવાળા વક્તા

મુલ્લા નસરુદ્દીન ની ચતુરાઈ ના કિસ્સા તો મશહૂર છે જ! એ ભાષણ આપવા માં પણ નિપુણ હતા। એમની વાતો ન કેવળ લોકો ને હસાવતી હતી બલ્કે એમને વિચાર કરવા પર પણ મજબૂર કરી દેતી હતી।

એક વાર ગામ ના લોકો એ મુલ્લા જી ને એક સમ્મેલન માં ભાષણ આપવા બોલાવ્યા।




નસરુદ્દીન ને સંમેલન માં જવા ની ઈચ્છા ન હતી। પણ બચવાનો કોઈ ઉપાય પણ ન હતો, એટલે એ માની ગયા। એમણે વિચાર્યું કે છેવટ ના સમયે કોઈ બહાનું બનાવી ને એ નીકળી જશે।

આખરે એ દિવસ આવી જ ગયો જયારે એમને ભાષણ આપવાનું હતું। મુલ્લા જી મંચ પર ચઢ્યા। એમણે એકત્રિત સમુદાય ને પૂછ્યું, "શું તમને ખબર છે કે હું શું બોલવાનો છું?"

ભીડ માં થી અવાજ આવ્યા, "ખબર નથી.... ખબર નથી.... ।" મુલ્લા ને ગુસ્સો આવી ગયો। "જે કંઈ પણ નથી જાણતા, એ લોકો ને મારે કંઈ કહેવું નથી," એમ કહી ને એ ત્યાં થી ચાલ્યા ગયા।





ભીડ અસમંજસ માં પડી ગઈ। થોડા લોકો મુલ્લા ને ઘરે ગયા અને એમની માફી માંગવા લાગ્યા। લોકો એ ફરી એમને આવતા શુક્રવારે સભા માં આવવાનું આમંત્રણ આપ્યું। મુલ્લા એ પણ હા પાડી દીધી।

લોકો એ વિચારણા કરી નિર્ણય કર્યો કે આ વખતે તેઓ મુલ્લા ને નારાજ થવાનો મોકો નહીં આપે।

શુક્રવાર આવ્યો। સભા શરુ થઈ। મુલ્લા બોલવા લાગ્યા। એજ સવાલ, "શું તમને ખબર છે કે હું શું બોલવાનો છું?" જેમ પહેલા થી નક્કી હતું બધા બૂમ પાડવા લાગ્યા, "અમને ખબર છે.... અમને ખબર છે.... ।"

"જયારે તમને બધી ખબર છે તો હું શું કામ બોલું?" એમ બોલીને મુલ્લા મંચ પર થી છટકી ગયા। લોકો દિગ્મૂઢ થઈ ગયા। આપસ માં વાત કરીને તેઓ એક નિર્ણય પર પહોંચ્યા।

તેઓએ મુલ્લા ને ફરી શુક્રવારે આવવાનું આમંત્રણ આપ્યું। મુલ્લા ફરી આવ્યા। પહેલા ની જેમ પ્રશ્ન કર્યો, "શું તમને ખબર છે કે હું શું બોલવાનો છું?"

લોકો ને મુલ્લા વિષે ખબર જ હતી! જેમ પહેલા થી નક્કી હતું, અડધા લોકો એ કહ્યું, "અમને ખબર છે।" બાકી લોકો એ કહ્યું, "અમને ખબર નથી।"

મુલ્લા એ કહ્યું, "એમ વાત છે! તો જે લોકો ને ખબર છે કે હું શું બોલવાનો છું, એ બાકી લોકો ને બતાવી દેય!" કહી ને મુલ્લા ત્યાંથી ચાલ્યા ગયા।

લોકો ની પરેશાની બની રહી અને મુલ્લા જી એ કંઈ બોલ્યા વગર જ બાજી મારી લીધી!




P. Saraswati V. Vijayakanthi
L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist S. P. Raju

હજાર બાલદી પાણી

ચૂહિયો સમુદ્ર તટ પર ઉભો લહેરો ને બહુ ધ્યાન થી જોઈ રહ્યો હતો। લહેરો એના પગ ને અડી-અડી ને પાછી ફરી રહી હતી।

અચાનક એની નજર ચટ્ટાનો વચ્ચે ફસાયેલી એક વ્હેલ પર પડી। એ પોતાની મોટી પૂંછડી ને થપ-થપ જમીન ઉપર પટકી રહી હતી। ડર ની મારી આંખો ને ઘુમાવી અહીં-તહીં જોઈ રહી હતી।



"અરે! પાણી વગર તું જીવિત નહીં રહી શકે। ઉભી રહે! હું તારી મદદ કરું છું," બોલતા ચૂહિયો સમુદ્ર તરફ ભાગ્યો। એક બાલદી માં સમુદ્ર નું પાણી ભર્યું અને એને વ્હેલ ના માથા ઉપર રેડી દીધું।

ગરમી બહુ સખત હતી। ચૂહિયો એ કહ્યું, "તું આટલી મોટી ખરી! તને તો ખૂબ પાણી ની જરૂર પડશે। ફિકર નહીં કર। એક હજાર બાલદી નાંખ્યા પછી જ હું રોકાઈશ।"


દર વખતે પાણી નાખતી વખતે એ 'એક, બે, ત્રણ, ચાર...' ગણતો। ચાર બાલદી માથા ઉપર, ચાર પીઠ ઉપર, ચાર બાલદી પૂંછડી ઉપર, એવી રીતે એ વ્હેલ ના આખા શરીર ઉપર પાણી નાંખતો રહ્યો।

થોડા સમય પછી ચૂહિયો થાકી ગયો। શ્વાસ લેવા એક મિનિટ રોકાયો। ત્યાં વ્હેલ ની આંખો ઉપર એની નજર પડી।



એને તુરંત પોતાનો વાયદો યાદ આવ્યો। ફરી બાલદી લઈ સમુદ્ર તરફ ચાલી પડયો। અત્યાર સુધી કોને ખબર કેટલી બાલદી ભરી ને પાણી નાંખ્યું હશે? એ તો એને યાદ જ ન રહ્યું।

બસ... પાણી નાંખતો રહ્યો, નાંખતો રહ્યો। થકાવટ થી હવે એનાથી ચલાતું પણ ન હતું। પગ લડખડાવા લાગ્યા।



એટલા માં યૂહિયો ના દાદા ગામવાળા સાથે ત્યાં આવી પહોંચ્યા। એમણે યૂહિયો ને ગોદી માં ઉઠાવ્યો અને બોલ્યા, "બસ! બસ! બહુ થયું। હવે અમે બધા સંભાળી લેશું।" એક ચટ્ટાન ની છાયા માં યૂહિયો ને સુવડાવ્યો।

બધા મળી ને વાસણો માં પાણી ભરી-ભરી ને વ્હેલ ઉપર નાંખતા રહ્યા। થોડા લોકો એ પોતાના ખમીસ ભીંજવી વ્હેલ ના શરીર ઉપર બિછાવી દીધા। એના આખા શરીર ને ભીંજવી દીધું।

સાંજ પડતાં મોટી મોટી લહેરો આવવા માંડી અને વ્હેલ ની પૂંછડી ને ભીંજવી લીધી। દરેક લહેરે ટકરાઈ-ટકરાઈ ને વ્હેલ માં નવો જીવ ભરી દીધો। પછી એક મોટી લહેર એને પથ્થરોં ની વચ્ચે થી ખેંચી લાવી। એક પળ માટે એ સ્થિર એમ જ પડી રહી। પછી જોર થી પોતાની પૂંછડી ને પટકી અને તરીને ઊંડા સમુદ્ર માં જઈ પહોંચી।

બધા ઉભા રહીને વ્હેલ ને સમુદ્ર માં ગાયબ થતી જોતા રહ્યા। યૂહિયો ચટ્ટાન ના છાંયા માં શાંતિ થી સૂતો હતો।

જાપાન ની વાર્તા



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist S. P. Raju


એક દાણો ચોખા

ઘણા વખત પહેલાં ની વાત છે। એક દેશ માં જનતા પોતાના ખેતર માં ઉગેલા ધાન નો અધિકાંશ હિસ્સો સરકાર ને આપી દેતી હતી। આ ક્રમ ઘણા વર્ષો સુધી ચાલતો રહ્યો।

એક વાર દેશ માં ઘોર દુકાળ પડયો। લોકો પાસે ખાવા માટે પણ ચોખા ન બચ્યા। મંત્રીઓ એ રાજા ને સલાહ આપી- "સરકાર! ભંડાર ખોલી દો। લોકો માં ચોખા વહેંચી દો।"

"દુકાળ કેટલા દિવસ રહેશે, આપણને ખબર નથી। રાજમહેલ માં હંમેશા ચોખા હોવા જોઈએ। આપણે ઘણી વાર દાવત પણ આપવી પડે છે," કહી ને રાજા એ ચોખા આપવા નો ઇન્કાર કરી દીધો।

એક દિવસ રાજમહેલ માં દાવત માટે ગોદામ માં થી ચોખા ની ગુણીઓ કાઢવામાં આવી। ગુણીઓ ને હાથી ઉપર લાદી રાજમહેલ તરફ લઈ જવાઈ રહી હતી। એક ગુણી ના કાણાં માં થી ચોખા જમીન પર પડવા લાગ્યા।




એને સીમા નામની છોકરી એ જોઈ લીધું। એ નીચે પડતા ચોખા ને પોતાના ઘાઘરા માં ભેગા કરતી હાથી ની સાથે-સાથે ચાલવા લાગી।

રાજમહેલ ના દ્વાર પર પહોંચતા જ સિપાહીઓ એ એની પૂછ-તાછ કરી। સીમા એ કહ્યું, "ગુણી માં થી ચોખા જમીન ઉપર પડી રહ્યા હતાં। હું એને ભેગા કરીને રાજા ને આપવા ચાહું છું।"

સીમા ની ઈમાનદારી વિષે સાંભળી ને રાજા એ એને બોલાવી અને કહ્યું, "હું તને કંઈક ઇનામ આપવા માંગુ છું। તને જે જોઈએ માંગી લે।"

સીમા એ કહ્યું, "મને કોઈ ઇનામ નથી જોઈતું। તો પણ તમે ચાહો તો મને ફક્ત એક દાણો ચોખા નો આપી દેજો। આટલું બસ છે।"

રાજા આશ્ચર્ય ચકિત રહી ગયા। બોલ્યા, "હું રાજા છું। મારી હૈસિયત પ્રમાણે ઇનામ આપવા ચાહું છું। તું કંઈક બીજું માંગ।"




સીમા એ વિચારી ને કહ્યું, "ઠીક છે! આજે મને એક દાણો ચોખા નો આપી દેજો। કાલે બે દાણા, પરમ દિવસે ચાર દાણા, આવી રીતે રોજ આગલા દિવસે આપેલા ચોખા થી બમણાં ચોખા આપજો। આમ ત્રીસ દિવસ સુધી આપજો।"

રાજા ને સીમા ની આ માંગણી બહુ વધારે ન લાગી। એમણે સીમા ની વાત તુરંત માની લીધી। સીમા ને એ દિવસે એક દાણો ચોખા નો આપવામાં આવ્યો। બીજે દિવસે બે દાણા ચોખા, ત્રીજે દિવસે ચાર દાણા, દસમે દિવસે 512 દાણા ચોખા અપાયા। એ એક મુઠ્ઠી ભર જેટલા હતાં।

સોળમે દિવસે એને બે ટોપલી ચોખા આપવા માં આવ્યાં। એમાં 32,768 ચોખા ના દાણા હતાં। રાજા એ વિચાર્યું, "આ બમણાં વાળા હિસાબ થી તો જે મેં વિચાર્યું હતું એના થી ક્યાંય વધારે ચોખા આપવા પડી રહ્યા છે। તો પણ કોઈ વાંધો નહીં।"

ચોવીસવે દિવસે સીમા ને આઠ ટોપલી માં 83,88,608 દાણા ચોખા આપવા માં આવ્યાં। સત્યાવીસ મેં દિવસે 64 ટોપલીઓ 32 હાથીઓ ઉપર લાદી ને સીમા ને ઘરે મોકલવા માં આવી, જેમાં 6,71,08,864 દાણા ચોખા ના હતાં।



'એક ચોખાના દાણા થી શરુ થઈ ચોખા ની માત્રા આટલી વધી ગઈ,' હવે રાજા પરેશાન થવા લાગ્યા।



ત્રિસમે દિવસે રાજા નું ગોદામ ખાલી થઈ ગયું। 256 હાથીઓ ઉપર ચોખા ના 53,68,70,912 દાણા સીમા ના ઘરે મોકલાવ્યા। રાજા એ નાની છોકરી ને પૂછ્યું, "તું આટલા ચોખા લઈને શું કરીશ?"

"હું ભૂખ થી પીડિત લોકો માં એને વહેંચી દઈશ। તમને પણ એક ટોપલી ચોખા આપીશ। શું તમે મને વાયદો કરશો કે ભવિષ્ય માં તમે ફક્ત પોતાની જરૂરત પૂરતા જ ચોખા રાખશો?" સીમા એ પૂછ્યું। રાજા એ હામી ભરી દીધી, "ઠીક છે। હું એમજ કરીશ।"

ત્રીસ દિવસ માં બધા મળી ને સીમા ને 1,07,37,41,823 દાણા મળ્યા। એક કેલેન્ડર લઈ હરેક દિવસે સીમા ને મળેલા ચોખા ની સંખ્યા લખો। પછી એનો પૂરો સરવાળો કરતા સીમા ને મળેલા ચોખા ની સંખ્યા મળશે।

ભારત ની લોક કથા

© Katha Jharna 2008

P. Saraswati V. Vijayakanthi
L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist S. P. Raju


ચમત્કારી કાંકરો



નાનું રીંછ રોજ નદી ને કિનારે ફરવા જતું। રસ્તા માં પડેલા સુંદર-સુંદર કાંકરા ભેગા કરતું। એના ઘર માં જ્યાં જુઓ ત્યાં કાંકરા-પથ્થર ના ઢગલા દેખાતા।

એક દિવસ એને લાલ રંગવાળો એક પથ્થર મળ્યો। નાનું રીંછ એ ખૂબસૂરત પથ્થર જોઈને બહુ ખુશ થયું અને એની મજા લેતું ચાલી રહ્યું હતું।


અચાનક વરસાદ શરુ થઈ ગયો। 'જો વરસાદ રોકાય જાય તો કેટલું સારું લાગે,' નાના રીંછે વિચાર્યું। અચરજ ની વાત તો એ થઈ કે તુરંત વરસાદ રોકાય ગયો।



'અરે! આ તો કોઈ ચમત્કારી પથ્થર લાગે છે! આને હાથ માં રાખી ને જેવું વિચારીયે એવું જ થાય છે। હું આને માતા અને પિતા ને બતાવીશ,' નાનું રીંછ ખુશી-ખુશી ઘર તરફ ચાલી નીકળ્યું।

ચાલતા-ચાલતા અચાનક નાના રીંછ ના પગ અટકી ગયા। બાપ રે! સામે એક સિંહ ઉભો હતો। નાનું કંપી ઉઠયું। ત્યાં એને પથ્થર યાદ આવ્યો। એણે વિચાર્યું, 'જો હું એક ચટ્ટાન બની જાઉં તો...' તરત જ નાનું એક ચટ્ટાન બની ગયું। એના હાથ માં જે લાલ પથ્થર હતો, નીચે પડી ગયો।





સારું થયું કે સિંહ ના પંજા માં થી નાનું બચી ગયું। પણ નાનું ફરી રીંછ કેવી રીતે બને? પથ્થર તો નીચે પડેલો હતો!

ત્યાં નાનું ના માતા-પિતા ચિંતા માં પડી ગયા, 'અંધારું થઈ ગયું છે। નાનું હજી સુધી ઘરે કેમ નથી ફર્યો?' એમણે પાસ-પડોસ માં પૂછતાછ કરી। પણ નાનું ને કોઈ એ પણ નહોતું જોયું।

આવી રીતે ઘણા દિવસો વીતી ગયા। નાનું ના માતા-પિતા એની શોધ માં ભટકવા લાગ્યા। એક દિવસ ફરતા-ફરતા થાકી ને બંને એક ચટ્ટાન ઉપર જઈ બેઠા।

એ ચટ્ટાન બનેલું નાનું રીંછ જ હતું। પોતાના માતા-પિતા ને જોતા જ નાનું બહુ ખુશ થયું। પણ એના માઁ-બાપ એને કેમ ઓળખે!

નાનું ની માઁ એ પાસે પડેલા લાલ પથ્થર ને ઉઠાવ્યો। 'આહ! અમારા નાનું ને કાંકરા-પથ્થર બહુ પસંદ છે,' એમ વિચારતા એણે પથ્થર ને ચટ્ટાન ઉપર રાખી દીધો।

ચટ્ટાન બનેલા નાનું એ વિચાર્યું, 'કાશ, હું ફરી થી રીંછ બની જાઉં તો કેટલું સારું થાય!' પથ્થર ને તો માઁ એ ચટ્ટાન ઉપર રાખી જ દીધો હતો। તુરંત ચટ્ટાન નાનું રીંછ બની ગઈ। એને જોઈ માતા-પિતા બહુ ખુશ થયા અને ખોળા માં ઉઠાવી લીધો। ખુશી ના માર્યા એને હવા માં ઉછાળવા લાગ્યા।



© Katha Jharna 2008

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

Gujarati Sudhir Jhaveri

Artist Uma Krishnaswamy

માછીમાર અને જીન

સમુદ્ર તટ પર એક ગામ હતું। ત્યાં એક માછીમાર રહેતો હતો। એ દિવસ ના ત્રણ વાર સમુદ્ર માં જાળ ફેંકતો। જાળ માં ફસાયેલી માછલી ને વેચી પોતાનું ગુજરાન કરતો હતો।

એક દિવસ એણે હંમેશ ની જેમ માછલી પકડવા જાળ ફેંકી। જયારે એણે જાળ ને બહાર ખેંચવાની કોશિશ કરી તો એને ભારે લાગી। એમાં એક જાનવર નું મૃત શરીર હતું।

માછીમારે એને બહાર કાઢી ને પાછી જાળ ફેંકી। 'કમ સે કમ આ વખતે તો સારી માછલીઓ જાળ માં ફસાય જાય,' એ મન માં ને મન માં પ્રાર્થના કરવા લાગ્યો।

આ વખતે પણ એણે બહુ મુશ્કેલી થી જાળ બહાર ખેંચી। જાળ માં એક મોટો ઘડો ફસાયેલો હતો। એમાં પથ્થર, માટી અને કાંચ ના ટુકડા ભરેલા હતા।




"હાય! આ કેવી પરીક્ષા છે? એક પણ માછલી હાથ ન આવી," માછીમાર નિરાશ થઈ ગયો। હવે એણે છેલ્લી વાર જાળ ફેંકી।

ત્રીજી વાર પણ જાળ ભારે હતી। અરે આ શું! જાળ માં એક પિત્તળ ની સુરાહી હતી। 'કમ સે કમ આને વેચી ને આજ ના ખાવાનો પ્રભંધ તો કરીજ લઇશ,' એમ વિચારતા માછીમારે સુરાહી ને ખોલી। એની અંદર કંઈ પણ ન હતું। અચાનક એમાં થી કાળો ધુમાડો નીકળવા લાગ્યો।

ધુમાડો ધીરે-ધીરે ફેલાઈને આકાશ સુધી પહોંચી ગયો। હવે એમાં થી એક આકાર ઉભર્યો। એ એક જીન હતો। જોતા જોતા જ જીન નું માથું આકાશ ને અડવા લાગ્યું। એની આંખો હીરા જેવી ચમકી રહી હતી। મોઢું ગુફા જેવું હતું।

એને જોતા જ માછીમાર ના હોશ ઉડી ગયા। ડર ના માર્યા એના હાથ-પગ કાંપવા લાગ્યા। મોઢું સુકાઈ ગયું। એ મૂર્તિ જેવો જડ થઈ ગયો।

જીન બોલ્યો, "હવે હું તને મારી નાંખીશ।"





માછીમારે સાહસ કરીને કહ્યું, "મેં જ તો તને સમુદ્ર માં થી બહાર કાઢ્યો છે। પછી તું મને કેમ મારવા ચાહે છે?"

જીન એ કહ્યું, "હું ઘણી સદીઓ થી આ સુરાહી માં બંધ પડયો હતો। શરૂઆત માં મેં વિચાર્યું હતું કે જે પણ મને આઝાદ કરશે એને બહુ બધી સંપત્તિ આપીશ। પણ કોઈ પણ ન આવ્યું।"

માછીમારે પૂછ્યું, "પછી શું થયું?"

જીન એ કહ્યું, "આવી રીતે ચાર સો વરસ વીતી ગયા। ત્યારે મેં વિચાર્યું કે જે પણ મને મુક્ત કરશે, એને હું ત્રણ વરદાન આપીશ। ત્યારે પણ કોઈ ન આવ્યું। પછી મેં નિશ્ચય કર્યો કે જે પણ મને આઝાદ કરશે એને હું મારી નાંખીશ। દુર્ભાગ્યવશ હવે તેં મને આઝાદ કરી દીધો।"

"આ કેવો ન્યાય છે? મદદ કરવા માટે ભલા કોઈ દંડ આપે!" માછીમારે હિમ્મત ભેગી કરીને કહ્યું।

"હા! હવે મારો સમય વધારે બરબાદ ન કર," બોલતો જીન માછીમાર પાસે આવવા લાગ્યો।

'આ જીન થી કેવી રીતે છટકું?' માછીમાર વિચારવા લાગ્યો। પછી એણે જીન ને વાતો માં લગાવ્યો, "ઠીક છે, પણ મારી એક શંકા છે। તું તો એટલો મોટો છે કે આકાશ ને અડી શકે છે। તારા પગ ના નખ પણ આ સુરાહી માં ઘુસી ન શકે। પછી તું આની અંદર આટલા વર્ષો કેવી રીતે રહ્યો હોઈશ? ક્યાંક તું ખોટું તો નથી બોલી રહ્યો?" માછીમાર જીન ની મજાક ઉડાવવા લાગ્યો।

જીન એ તુરંત કહ્યું, "અરે! તને મારી વાત પર વિશ્વાસ નથી। આ લે! હું હમણાં આની અંદર ઘુસી ને બતાવું છું।" એ પોતાના શરીર ને સંકોચાવતો સુરાહી ની અંદર ઘુસી ગયો।

બસ! મોકો જોઈ ને માછીમારે ઝટ સુરાહી નું ઢાંકણું બંધ કરી દીધું। "હજાર વર્ષ હજી આવી રીતે બંધ પડયો રહે," બોલતા માછીમારે સુરાહી ને સમુદ્ર માં પાછી ફેંકી દીધી।

અરેબિયન નાઈટ્સ



© Katha Jharna 2008

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

Gujarati Sudhir Jhaveri

Artist Uma Krishnaswamy

સૌથી મોટું ધન

એક ગામ માં ત્રણ ભાઈઓ રહેતા હતા। એ બહુ બુદ્ધિમાન હતા। એક દિવસ એમના બુઢ્ઢા પિતાજી એ એમને બોલાવ્યા અને કહ્યું, "બેટા, તમને આપવા માટે મારી પાસે કંઈ નથી। ન ઝવેરાત, ન જમીન, કે ન ઘેટાં-બકરા। પણ મેં તમને સૌથી મૂલ્યવાન સંપત્તિ આપી છે। તમારું ચાતુર્ય! હવે હું નિશ્ચિન્ત થઈને મરી શકું છું।"

પિતાજી ના મૃત્યુ પછી ત્રણે ભાઈયોએ પોતાનું જ્ઞાન વધારવાનું વિચાર્યું। તેઓ એક લાંબી યાત્રા પર નીકળી પડયા। ઘણા દેશ ફર્યા। એક દિવસ એમને એક સિપાહી દેખાયો। એ કંઈક શોધી રહ્યો હતો। ત્રણે ભાઈ પેલા સિપાહી સાથે વાત કરવા માટે રોકાય ગયા।



ભાઈ 1: ભાઈ સાહેબ! શું તમે કોઈ ઊંટ ને શોધી રહ્યા છો?

સિપાહી: હા।

ભાઈ 2: એને શું ડાબી આંખ થી દેખાતું નથી?

ભાઈ 3: શું એના ઉપર એક મહિલા સવારી કરી રહી હતી?

સિપાહી: બિલકુલ! તો તમને મારો ઊંટ મળી ગયો છે। ક્યાં છે એ?

ભાઈ 1: પણ અમે તો તમારા ઊંટ ને જોયો જ નથી।

સિપાહી: શું? તો તમને મારા ઊંટ વિષે આટલું બધું કેવી રીતે ખબર પડી? તમે જરૂર કંઈક છુપાવી રહ્યા છો।

એમ કહીને સિપાહી તેઓને પોતાના રાજા પાસે લઈ ગયો અને બધી વાત બતાવી। ત્યારે ત્રણે ભઇયોએ રાજા ને કહ્યું કે તેઓએ ઊંટ ને ક્યારેય જોયો નથી। રાજા ચકિત થઈ ગયા।

રાજા : મારા સિપાહી એ તમને કંઈ નથી બતાવ્યું। સ્વયં તમે ઊંટ વિષે બધું બતાવી દીધું। આ કેવી રીતે સંભવ છે?

ત્રણે ભાઈઓ: અમે અમારી ચતુરાઈ થી સમજી લીધું।

રાજા: જેને તમે જોયો જ નથી, એના વિષે તમે કેવી રીતે અંદાજો લગાવી શકો છો? ચાલો હું તમારી બુદ્ધિ ની પરીક્ષા લઉં છું।

રાજા પોતાના સેવકો ના કાન માં કંઈક ગણગણ્યા। સેવક બહાર જઈને એક પેટી લઈને આવ્યા। ત્રણે ભાઈઓ સેવકો ના હરેક પગલાં ને ધ્યાન થી જોઈ રહ્યા હતા।

રાજા : શું તમે બતાવી શકો છો કે આ પેટી માં શું છે?

ભાઈ 1: આમાં કોઈ હલ્કી એવી વસ્તુ છે।

ભાઈ 2 : એ ગોળાકાર છે।

ભાઈ 3 : એ એક દાડમ છે।

રાજા એ પેટી ખોલાવી। આશ્ચર્ય! પેટી ની અંદર સાચેજ એક દાડમ હતું।

રાજા : શાબાશ! તમને કેવી રીતે ખબર પડી કે પેટી ની અંદર દાડમ જ છે?

ભાઈ 1: તમારા સેવક પેટી ને જે રીતે લાવી રહ્યા હતા અમે એનું નિરીક્ષણ કર્યું। મને એવું લાગ્યું કે પેટી માં કોઈ ભારે વસ્તુ નથી। અમારી પરીક્ષા લેવા ફક્ત એક વસ્તુ રાખવામાં આવી છે।



ભાઈ 2 : પેટી માં એક વસ્તુ ગબડી રહી હતી। એથી મેં અનુમાન લગાવ્યું કે એ વસ્તુ ગોળાકાર છે।

ભાઈ 3 : મેં તમારી વાડી માં દાડમ લાગેલા જોયા। પેટી માં એકજ વસ્તુ રાખવામાં આવી હતી અને એ ગોળ હતી, મેં અનુમાન લગાવ્યું કે એ દાડમ જ હશે।

રાજા : તમે લોકો ખરેખર બહુ ચતુર છો। હવે તમે એ પણ બતાવી દ્યો કે ઊંટ વિષે તમે કેવી રીતે શોધ્યું?

ભાઈ 1 : ઊંટ ના પગ ના નિશાન થી હું સમજી ગયો કે એ એજ રસ્તે થી ગયું હશે।

ભાઈ 2 : રસ્તા ઉપર જમણી બાજુ લાગેલા છોડ અને ઘાસ ચગદાયેલા હતાં। ડાબી બાજુ ના છોડ એવા ને એવા હતા। એનાથી મેં અનુમાન કર્યું કે ઊંટ ને ડાબી આઁખ થી નથી દેખાતું।

ભાઈ 3 : રસ્તા ઉપર એક સ્થાન પર ઊંટ ના પગ વાળીને બેસવાના નિશાન હતા। પાસે એક મહિલા ના ચપ્પલ ના નિશાન પણ હતા।

રાજા : વાહ ભાઈ। તમારી હોશિયારી તો ખરેખર વખાણવા લાયક છે। તમે લોકો એ ઊંટ ની ચોરી નથી કરી। એ ઊંટ ક્યાંક બીજે ગયું હશે। મને બહુ ખુશી થશે અગર આજથી તમે આ જ પ્રદેશ માં રહો અને વધારે સારું શાસન કરવા માં મારી મદદ કરો।

ઉઝબેક દેશ ની વાર્તા

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist S. P. Raju

તારો મારો હિસ્સો

રામ અને શ્યામ બે ભાઈઓ હતા। એક દિવસ શ્યામે કહ્યું, "આપણી પાસે પિતાજી એ છોડેલી ત્રણ વસ્તુ છે - એક ગાય, એક ધાબળો અને એક કેરી નું ઝાડ। આપણે એની બરાબર વહેંચણી કરીયે તો કેમ?" રામે શ્યામ ની વાત માની લીધી।

શ્યામ ચાલાક હતો। બોલ્યો, "ગાય નો આગળ નો હિસ્સો તારો અને પાછળ નો મારો। કેરી ના ઝાડ નો નીચે નો ભાગ તારો અને ઉપર નો ભાગ મારો। ધાબળો દિવસ ના તારી પાસે રહેશે અને રાતે મારી પાસે।" ભલા-ભોળા રામે કહ્યું, "ઠીક છે। એમજ કરીશું।"





રામ રોજ ગાય ને ભૂસું ખવડાવતો। શ્યામ સવાર-સાંજ દૂધ દોહતો અને એને વેચી ને પૈસા કમાતો।

રામ રોજ કેરી ના ઝાડ ને પાણી આપતો। શ્યામ કેરી ના ફળ લઈ લેતો।

રામ દિવસ ના ધાબળા ને ઉપયોગ માં ન લઈ શકતો। રાત ના શ્યામ ધાબળો ઓઢી ને આરામ થી સૂઈ જતો। બિચારો રામ! ઠંડી માં કાંપતો રહેતો।

રામ અને શ્યામ ની આ દિનચર્યા ને એક વૃદ્ધ બહુ ધ્યાન થી જોઈ રહ્યા હતા। એક દિવસ એણે રામ ને બોલાવીને એના કાન માં કંઈક કહ્યું। રામ સ્મિત કરતો ઘરે પાછો ફર્યો।

આગલે દિવસે સવારે ઉઠતા જ રામે ધાબળા ને પાણી માં ભીંજવી દીધો। ધાબળો ભીનો હોવાને કારણે શ્યામ એને રાત્રે ઓઢી ન શક્યો। ઠંડી માં કાંપતો રહ્યો। એ રામ ઉપર ગુસ્સા થી બરાડયો, "તેં આવું કેમ કર્યું?"

રામ બોલ્યો, "સવાર ના સમયે ધાબળો મારો છે। એનું હું કંઈ પણ કરી શકું છું।"

શ્યામ કંઈ બોલી ન શક્યો। એના મોઢા ઉપર જાણે તાળું લાગી ગયું। સવાર થઈ। શ્યામ દૂધ દોહવા લાગ્યો। રામે ગાય ના ગળા માં બાંધેલી રસ્સી ને ખેંચી। ગાય ભડકી ગઈ। ગાય એ લાત મારી। એ દૂધ દોહતા શ્યામ ને લાગી ગઈ। શ્યામ એક બાજુ પડી ગયો અને દૂધ નું વાસણ બીજી બાજુ।

શ્યામે બૂમ પાડી, "તું પાગલ થઈ ગયો છે શું?"

રામે જવાબ આપ્યો, "ગાય નો આગળ નો હિસ્સો મારો છે ને! હું એને ખેંચી રહ્યો છું તો તને કેમ ગુસ્સો આવી રહ્યો છે?"



બસ! શ્યામ ની બોલતી બંધ થઈ ગઈ। એ ચુપચાપ ઝાડ ની નીચે સૂઈ ગયો। થોડોક જ સમય વીત્યો હશે। 'ટક...ટક...' ઝાડ કાપવાનો અવાજ આવ્યો।

શ્યામે ગભરાઈને આઁખોં ખોલી। સામે રામ ઝાડ ને કાપી રહ્યો હતો। "અરે! અરે! આ શું કરી રહ્યો છે?" શ્યામ ચીસો પાડવા લાગ્યો।

રામે કહ્યું, "ઝાડ નો નીચે નો હિસ્સો મારો જ છે ને! એને જ કાપી રહ્યો છું।" શ્યામ સમજી ગયો કે હવે રામ ને બેવકૂફ બનાવવો આસાન નથી! એ દિવસ થી દૂધ અને કેરી વેચીને જે પૈસા મળતાં એ બંને ભાઈ સરખે ભાગે વહેંચી લેતા। ધાબળા ને પણ વારાફરતી ઓઢવા લાગ્યા। એક દિવસ રામ ઓઢતો અને બીજે દિવસે શ્યામ।



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist S. P. Raju

ત્રણ રેખાઓ

વાત એ સમય ની છે જયારે લંકા માં રાવણ રાજ કરતો હતો। એક દિવસ એ દસ માથા વાળા રાવણે રામ ની પત્ની સીતા નું અપહરણ કરી લીધું।

રામે સીતા ને છોડાવવા માટે યુદ્ધ કરવાનો નિર્ણય કર્યો। એ પોતાની વાનર સેના સાથે લંકા તરફ વધ્યા। બહુ દૂર સફર કર્યા બાદ તેઓ સમુદ્ર તટ પર પહોંચ્યા। લંકા પહોંચવા માટે તેઓને સમુદ્ર પાર કરવાનો હતો।

સમુદ્ર ની લહેરો તેજી થી ઉછળી રહી હતી। લહેરો ને કાબૂ માં લાવવા રામે બાણ ચલાવ્યું।

ત્યાં સમુદ્ર ના રાજા પ્રગટ થયા અને બોલ્યા, "સમુદ્ર ની અંદર અગણિત જીવ જંતુ રહે છે। બધા પ્રાણીઓ ની રક્ષા કરવી એક રાજા નું કર્તવ્ય છે। પ્રકૃતિ નો વિરોધ કરીને સફળતા નહીં પ્રાપ્ત થાય। એટલે મારો તમને અનુરોધ છે કે તમે એક મજબૂત પુલ બનાવીને જ સમુદ્ર પાર કરો।"



રામે બધા સાથે સલાહ કરી ને પોતાની વાનર સેના ને પુલ બાંધવાની આજ્ઞા આપી। જોત-જોતામાં હજારો વાંદરા કામ પર લાગી ગયા। મોટા-મોટા પથ્થરો લાદી ને ત્યાં લાવ્યા। એક પળ પણ વિશ્રામ કર્યા વગર પોત-પોતાના કામ માં લાગ્યા રહ્યા।



એક ખિસકોલી પોતાના મોઢા માં નાના-નાના કાંકરા દબાવીને લાવવા લાગી। મોટા-મોટા પથ્થરો સાથે જમા કરતી રહી। એ બહુ સ્ફૂર્તિ થી ઉપર-નીચે ભાગી રહી હતી। એને જોઈને રામ ને પણ અચંબો થયો, 'આટલી નાની ખિસકોલી અહિયાં શું કરી રહી છે?'

ખિસકોલી ને આવી રીતે આડી-ટેઢી ભાગતી જોઈને વાનરો ને ગુસ્સો આવી ગયો। એ બૂમ મારવા લાગ્યા, "અરે તું! નાની એવી! આ કામ ને લાયક નથી।" ખિસકોલી એ માથું ઉઠાવી ને કહ્યું, "હું પુલ બનાવવામાં મદદ કરવા ચાહું છું।"



વાંદરા અટ્ટહાસ કરીને હસી પડયા અને એની મજાક ઉડાવવા લાગ્યા, "આવી બેવકૂફી જેવી વાત અમે ક્યારેય નથી સાંભળી।"

ખિસકોલી એ કહ્યું, "મારાથી મોટા-મોટા પથ્થર ઉપડતા નથી। નાના-નાના કાંકરા જ લાવી શકું છું।"

વાંદરાઓ એ ખિસકોલી ને બહાર ધકેલી દીધી। તો પણ ખિસકોલી નાના-નાના કાંકરા એક ખૂણા માં જમા કરતી રહી। એક વાંદરો આ સહન ન કરી શક્યો। ચિડાઈ ને ખિસકોલી ને આકાશ તરફ ઉછાળી દીધી।



ખિસકોલી એ "હે રામ" કહીને આવ્હાન કર્યું। રામે ખિસકોલી ને પોતાના હાથ માં ઝીલી લીધી। પછી વાંદરાઓ ને સમજાવ્યું, "તમે બહુ બળવાન છો। પણ જે તમારા જેવા શક્તિશાળી નથી એમની મજાક ઉડાવવી ઠીક નથી। દરેક પ્રાણી પોતાની ક્ષમતા અનુસાર મદદ કરે છે। પ્રાણી ના શરીર ની તાકાત થી વધારે એનો પ્રેમ અને લગન મહત્વપૂર્ણ છે। આપણે બધાની સહાયતા ની જરૂરત છે।"

રામ ની આ વાત પર જયારે ધ્યાન આપ્યું, તો વાંદરાઓ ને અહેસાસ થયો કે મોટા-મોટા પથ્થરો વચ્ચે નાના-નાના કાંકરા જોડાઈ રહેવા થી પુલ મજબૂત રહેશે।

રામે પ્રેમ થી ખિસકોલી ની પીઠ પંપાળી। એની પીઠ ઉપર ત્રણ રેખાઓ બની ગઈ। આજે પણ એમ કહેવાય છે કે એ રેખાઓ ખિસકોલી ની પીઠ ઉપર દેખાય દેય છે।



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist Uma Krishnaswamy

ઢોલ

ઢમ...ઢમ...ઢમ...ઢમ... આંગણા માં બેઠેલો રાજૂ ઢોલ નો અવાજ સાંભળી ઉભો થઈ ગયો। એણે વિચાર્યું, 'પાસેની ગલી માં શું થઈ રહ્યું છે? જઈને જોઉં છું।'

થોડી વાર માં જ રાજૂ ઉછળતો-કૂદતો ઘરે પાછો ફર્યો। ત્યારે એની માઁ હાટ પર જઈ રહી હતી। રાજૂ એ કહ્યું, "માઁ, હાટ થી મારે માટે એક ઢોલ લાવજો।" એની માઁ ચૂપ રહી અને હાટ તરફ નીકળી ગઈ।


માઁ એ હાટ પર ખેતર ની ફસલ વેચી દીધી। એ પૈસા થી લોટ અને મીઠું ખરીદ્યા। ઢોલ ખરીદવા એની પાસે પૈસા બચ્યા જ નહીં। ખાલી હાથ પાછા જવું એને ખરાબ લાગતું હતું। પણ એ બીચારી શું કરતી? રસ્તા માં એને એક લાકડા નો ટુકડો મળ્યો। એણે એને ઉઠાવી લીધો। ઘરે પહોંચતા જ એને રાજૂ ને આપી દીધો।

રાજૂ થોડીક પળ લાકડા ને ઘુમાવતો રહ્યો। પછી બહાર રમવા ચાલ્યો ગયો। રસ્તા માં એણે એક ડોશી ને જોઈ।




ડોશી છાણાં થી ચૂલો જલાવવાની કોશિશ કરી રહી હતી। એની આઁખોંમાં થી આઁસૂ નીકળી રહ્યા હતા। રાજૂ એ ડોશી ને પૂછ્યું, "તમે કેમ રડી રહ્યા છો?"

ડોશી એ જવાબ આપ્યો, "હું રડી નથી રહી। છાણું ભીનું છે। ચૂલો નથી જલી રહ્યો।" રાજૂ એ કહ્યું, "બસ આટલી જ વાત! આ લ્યો મારું લાકડું। એનાથી ચૂલો જલાવી લ્યો। " ડોશી ખુશ થઈ ગઈ અને એણે રાજૂ ને એક રોટલી આપી।



રોટલી લઈને રાજૂ આગળ વધ્યો। આગલી ગલી માં કુંભાર ની બાળકી ને રડતી જોઈ। રાજૂ એ એની માઁ ને કારણ પૂછ્યું। માઁ એ કહ્યું, "એ ભૂખ થી રડી રહી છે।" રાજૂ એ તુરંત એને રોટલી આપી દીધી। બાળકી નું રડવાનું બંધ થઈ ગયું। બાળકી ની માઁ એ રાજૂ ને પ્રેમ થી એક ઘડો આપી દીધો।


રાજૂ ઘડો હાથ માં લઈ નદી કિનારે પહોંચ્યો। ત્યાં ધોબી-ધોબણ આપસ માં લડી રહ્યા હતા, "બચેલો એક ઘડો પણ તૂટી ગયો। હવે પાણી કેવી રીતે ઉકાળવું?" રાજૂ એ એમને તુરંત પોતાનો ઘડો આપી દીધો। ધોબી ખુશ થયો અને એને એક ગરમ કોટ આપી દીધો।



કોટ પહેરીને રાજૂ ઠાઠ થી ચાલવા લાગ્યો। રસ્તા માં પુલ ને કિનારે એને એક માણસ બેસેલો મળ્યો। એ ઠંડી થી કાંપી રહ્યો હતો। રાજૂ એ એને પોતાનો ગરમ કોટ આપી દીધો। પેલા માણસે કહ્યું, "બેટા, તું બહુ દયાળુ છે। હું તને કંઈક આપવા માંગુ છું। તું મારો ઘોડો લઈ જા।"

ઘોડા સાથે ચાલતા-ચાલતા રાજૂ નો મેળાપ થોડા જાનૈયા સાથે થયો। તેઓ ઝાડ નીચે બેઠા હતા। રાજૂ ના પૂછવા પર જાનૈયા બોલ્યા, "વરરાજા માટે ઘોડો હજી સુધી નથી પહોંચ્યો। મુહૂર્ત નો સમય નીકળતો જાય છે।"

આ સાંભળતા જ રાજૂ એ તેમને પોતાનો ઘોડો આપી દીધો। જાનૈયા બહુ ખુશ થયા। વરરાજા એ રાજૂ ને કહ્યું, "તને જે જોઈયે માંગી લે।"



રાજૂ એ પૂછ્યું, "શું તમે તમારા બેન્ડવાળા પાસે થી મને એક ઢોલ અપાવી શકો છો?"

વરરાજા એ કહ્યું, "કેમ નહીં?" અને એણે બેન્ડવાળા ને કહ્યું કે તેઓ રાજૂ ને એક ઢોલ આપી દે।


પછી શું હતું? આખે રસ્તે એક જ અવાજ ગુંજતો રહ્યો--ઢમ...ઢમા...ઢમ, ઢમ...ઢમા...ઢમ...

ભારત ની લોક કથા

P. Saraswati V. Vijayakanthi
L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist Uma Krishnaswamy

પ્રકૃતિ નો ખેલ




બપોર નો સમય હતો। ગરમી બહુ સખત હતી। એક ખેડૂત બદામ ના ઝાડ ની નીચે આરામ કરી રહ્યો હતો। સામે ખેતર માં તડબૂચ ની લતાઓ જમીન ઉપર ફેલાયેલી હતી। લતાઓ ની વચ્ચે મોટા-મોટા તડબૂચ ના ફળ હતા।

ખેડૂતે માથું ઉપર ઉઠાવી ને જોયું। ઝાડ પર નાના-નાના બદામ ના ફળ હતા।

"પાતળી લતાઓ ઉપર આટલા મોટા તડબૂચ અને મોટા મજબૂત ઝાડ ઉપર નાની-નાની બદામ! પ્રકૃતિ ની લીલા પણ બહુ ઊંધીચત્તી છે," એમ વિચારતા ખેડૂત મનમાં ને મનમાં હસી પડયો।





ખેડૂત આ વિચારી જ રહ્યો હતો કે અચાનક 'ટપ' થી એક બદામ નું ફળ એના માથા પર આવી પડયું। ખેડૂત ચોંકી ગયો।

'ઓહ! હવે સમજાયું! બદામ નું ફળ તડબૂચ ની જેમ મોટું હોત તો મારી શું હાલત થાત?'


પ્રકૃતિ ની રચના જોઈ ને ખેડૂત દંગ રહી ગયો અને એ કલાકો એના વિષે વિચારતો રહ્યો।

ઈરાન ની વાર્તા

મુસાફર અને નારિયેળ

માર્કોસ નામ નો એક યાત્રી પોતાના ઘોડા ઉપર ઘણાં બધા નારિયેળ લઈને સફર કરી રહ્યો હતો। ચાલતા-ચાલતા એ રસ્તો ભૂલી ગયો। થોડી દૂરી પર એને એક બાળક મળ્યો। એને રોકી ને માર્કોસે રસ્તો પૂછ્યો। એ પણ પૂછ્યું કે એને ગામ સુધી પહોંચવા માં કેટલો સમય લાગશે।

બાળકે ઘોડા ને ઘૂરી ને જોયો અને કહ્યું, "તમે ધીરે જશો તો જલ્દી ગામ પહોંચી જશો। પણ ઉતાવળે ચાલશો તો બહુ વાર થઈ જશે।"



માર્કોસે બાળક ને આશ્ચર્ય થી જોયો। 'આ કંઈ અનાપ-શનાપ બોલી રહ્યો છે,' વિચારીને એણે ઘોડા ને તેજી થી દોડાવ્યો। થોડે દૂર ચાલતાંજ ઘોડા પર લાદેલા નારિયેળ એક-એક કરતા પડવા લાગ્યા। ઘોડા ને રોકીને એણે બધા નારિયેળ ભેગા કર્યા।

"બાપ રે! મોડું થઈ રહ્યું છે। જલ્દી ગામ પહોંચવાનું છે," આ વખતે ઘોડા ને વધારે તેજી થી દોડાવ્યો। બીજી વાર નારિયેળ ચારે બાજુ પડી ને વિખરાઈ ગયા। ઘોડા ને રોકીને એણે ફરી થી નારિયેળ ભેગા કર્યા। આવી રીતે આખે રસ્તે ઘોડા ને રોકી-રોકી ને નારિયેળ ભેગા કરતા જયારે એ ગામ પહોંચ્યો ત્યારે અંધારું થઈ ચૂક્યું હતું।

બાળક ની વાત હવે માર્કોસ સમજ્યો। વિચારવા લાગ્યો, 'ઓહ! કદાચ એટલેજ બાળકે કહ્યું હતું કે ધીરે ચાલવા થી ગામ જલ્દી પહોંચી જઈશ।'

ફિલિપીન્સ ની વાર્તા



P. Saraswati V. Vijayakanthi
L. S. Saraswathi S. Rajalakshmi


Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist Uma Krishnaswamy

સોના નો નોળિયો

વાત ત્યાર ની છે જયારે પાંડવ વિજય ઉત્સવ ધૂમ-ધામ થી મનાવી રહ્યા હતા। ધર્મરાજા એ બધા રાજાઓ ને બોલાવેલા હતા। આ અવસર પર તેઓ પોતાની પ્રજા ને અન્નદાન આપી રહ્યા હતા।

અચાનક એક નોળિયો ત્યાં આવ્યો અને જમીન ઉપર આળોટવા લાગ્યો। એ મનુષ્ય ના અવાજ માં જોર-જોર થી હસવા લાગ્યો। બધા એને આશ્ચર્ય થી જોવા લાગ્યા। એના શરીર નો અડધો હિસ્સો સોના ની જેમ ચમકી રહ્યો હતો।





નોળિયા એ ધર્મરાજ ને કહ્યું, "હે રાજા! આ ઉત્સવ બહુ અદ્ભુત છે। તમે તમારી ધન સંપત્તિ બહુ જ ઉદારતા થી વહેંચી રહ્યા છો। તો પણ આ દાન પેલા દાન બરાબર નથી જે મને એક ગરીબે આપ્યું હતું।"

ધર્મરાજા એ પૂછ્યું, "કેમ? અહીંયા તને શું કસર જોવા મળી?"

"પહેલા મારુ અડધું શરીર સોનેરી હોવા ની કહાણી સાંભળો," બોલીને નોળીયા એ પોતાની કહાણી સંભળાવવી આરંભ કરી।

"એક ગામ માં એક ગરીબ માણસ હતો। એ દર રોજ ખેતર માં કામ કરીને થોડું એવું અનાજ ઘરે લાવતો। એને પોતાના પરિવાર વાળા સાથે ભાગ પાડી ને પોતાનું પેટ પાળતો।

એક વાર ગામ માં દુકાળ પડયો। ખાવા માટે કંઈ ન મળ્યું। ત્રણ દિવસ સુધી ભૂખ્યા રહ્યા પછી એ ગરીબ માણસ ને થોડા અનાજ ના દાણા મળ્યા। એને પીસીને એણે પોતાની પત્ની, દીકરા અને વહુ સાથે ભાગ પાડયા।

અચાનક એક વૃદ્ધ યાત્રી ત્યાં આવી પહોંચ્યો। એણે કહ્યું, "હું બહુ ભૂખ્યો છું। કૃપા કરીને મને ખાવા માટે કંઈક આપો।" પેલા ગરીબ માણસે પોતાના હિસ્સા નું ખાવાનું એને આપી દીધું। પણ વૃદ્ધ તો પણ ભૂખ્યો હતો। એણે વધારે ભોજન માંગ્યું।

ગરીબ માણસ ની પત્ની એ તુરંત એને પોતાનો હિસ્સો આપી દીધો। પણ વૃદ્ધ ની ભૂખ ન મટી। આ જોઈ ને ગરીબ માણસ ના બેટા એ પણ પોતાના હિસ્સા નું ભોજન એને આપી દીધું। વૃદ્ધે એ પણ ખાઈ લીધું, પછી વધારે ભોજન માંગ્યું। અંત માં, ગરીબ માણસ ની વહુ એ પણ પોતાનો હિસ્સો એને આપી દીધો।

ત્યારે જઈને વૃદ્ધ ની ભૂખ સંતોષાઈ। એણે કહ્યું, "તમે બધાએ ભૂખ્યા હોવા છતાં તમારા હિસ્સા નું ખાવાનું મને આપી દીધું। રાજાઓ દ્વારા કરાવેલા યજ્ઞ અને દાન પણ આની બરાબરી ન કરી શકે।" એણે બધા ને આશીર્વાદ આપ્યા અને ગાયબ થઈ ગયો।




હું આ બધું છુપાઈ ને જોઈ રહ્યો હતો। જેવો હું ધીરે થી બહાર આવ્યો, ત્યાં જમીન ઉપર વિખરાયેલો થોડો લોટ મારા શરીર ના અડધા ભાગ માં ચોંટી ગયો। એ ભાગ સોનેરી રંગ માં બદલાઈ ગયો। મારા શરીર નો બાકી ભાગ એવો ને એવો રહ્યો।

એ દિવસ થી હું સ્થળ-સ્થળ ની યાત્રા કરી રહ્યો છું। આળોટી-આળોટી ને જોઉં છું કે મારા શરીર નો બાકી ભાગ સોનાનો બને છે કે નહીં। હજી સુધી તો એવું નથી થયું।

આજે તમારા ઉત્સવ માં આવ્યો છું। અહીંયા પણ આળોટી-આળોટી ને જોઈ લીધું। પણ બાકી ભાગ સોનાનો ન થયો। એટલે હું કહું છું કે આ ભલે ને એક શાનદાર ઉત્સવ હોય પણ પેલા ગરીબ માણસ ના દાન ને બરાબર નથી।"

એમ કહીને નોળિયો ગાયબ થઈ ગયો। બધા લોકો દંગ રહી ગયા।




P. Saraswati V. Vijayakanthi
L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist Uma Krishnaswamy


આવો ઉકેલીએ

84




ગોળ ગોળ દડા જેવું, પણ રમી ન શકીયે
મીઠું મીઠું મોં માં નાખ્યું, રોકી ન શકીયે

દાળ-મસાલો એની અંદર, ઉપર મેંદો લપેટેલો
દડા જેવો આકાર બનાવ્યો, કરી દીધો થોડો ચપટો
ગરમ તેલ માં એને નાખી, કરી દીધી લાલમ લાલ
જલ્દી થી તમે નામ બતાવો, સ્વાદ ખૂબ કમાલ



ત્રણ ખૂણા ની ઝૂપડી, એમાં બેઠા આલૂ
એને ચટ કરી જતાં, શબનમ હોય કે લાલૂ

ખાંડ, ચોખા, મેવો, દૂધ બધા ભેગા થાય
ખૂબ પાકે આંચ માં, બધા મજેથી ખાય




ઉકળતા તેલ માં ફૂલીને નાચે છમ્મ-છમ્મ
ઘઉં ના લોટ થી બનતી, ખાતાં તમે અને અમ

ગોળ-ગોળ ગૂંચવાણી દોરી જેવી, પછી તળી લેવાય
પછી એ ડૂબે ચાસણી માં, ગરમા-ગરમ બધા ખાય

દાળ ચોખા પલળે આખી રાત, કાળા તવા એ કર્યો કમાલ
સાંબાર ચટણી હોય જયારે સાથે, ઉત્તર દક્ષિણ કરે ધમાલ


માવા નો ગોળો બનાવ્યો, અંદર મેવો ભર્યો
તળીને એને લાલ કર્યો, પછી ચાસણી માં બોળ્યો



ઘઉંવર્ણો પીળો રંગ, વચ માં ગોળ છેદ
અડદ દાળ ના બનતા,ખોલો મારો ભેદ

સમોસા, વડા, લાડુ, કચોરી, ગુલાબ જાંબુ,
પૂરી, ઢોંસા, ખીર, જલેબી






એક પગ પર અવિરત નાચું
થાકી જાઉં તો સૂઈ જાઉં


રંગ-બેરંગી કાગળો થી બન્યું મારુ તન
આકાશ માં ઉડાવે મને સર્વ જન


ઉપર ફેંકો તો, ધરતી પર આવું
ધરતી પર મારો તો ઉપર જાઉં

હવા ભરો તો વધતો જાઉં
વહેતી હવા માં ઉડી જાઉં

હાથ-પગ છે પણ નથી ચાલી શકતી
મોઢું છે પણ નથી બોલી શકતી
શરીર છે પણ નથી શ્વાસ લઈ શકતી
બાળકો ની મિત્ર, બાળકો ને બહુ ગમતી








બધા ના પરિચિત હાથી, ઘોડા
ગોળ-ગોળ એ ખૂબ દોડે
ખૂબ દોડી ને આખરે
રહે એ તો ત્યાંજ ખડા

નાના ને હું મોટો બનાવી દઉં
મને ઓળખો તો ખરા કઉં



દોડી દોડીને આગળ આવે, પાછો જાય
જે પણ બેસે ખુશ થઈ જાય

એક રમત એવી જે લાકડી થી રમી શકાય
મોટી લાકડી થી નાની ને પીટી-પીટી, દૂર મોકલાય



ઝૂલો, દડો, ગિલ્લી ડંડા, પતંગ, ફુગ્ગો, ભમરડો,
મેરી ગો રાઉન્ડ, બૃહદદર્શક લેન્સ, ઢીંગલી

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation


P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist Uma Krishnaswamy

ટામેટાં ની શોધ માં



મોહને પોતાની વાડી માં ટામેટાં ઉગાવ્યાં હતા। પાકી ને લાલ-લાલ ટામેટાં બહુ લોભામણા દેખાતા હતા। એ એને બહુ ગર્વ થી જોતો અને વખાણ કરતો।

એક દિવસ એક હરણ વાડી માં ઘુસી આવ્યું। મોહને એને ભગાવવા માટે એક પથ્થર ઉઠાવ્યો। ત્યાં એની પત્ની બોલી, "હરણ ને ન મારો। એને પણ થોડા ટામેટાં ખાવા દો।"





પણ મોહન ન માન્યો। બીજે દિવસે એણે પોતાની વાડી ની ચારે તરફ કાંટા ની વાડ લગાવી દીધી। પછી ચેન થી ઘરે પાછો ફર્યો। પણ એના નસીબ માં ચેન ક્યાં?

થોડા જ દિવસો પછી થોડા પક્ષી ઉડતા-ઉડતા આવ્યા અને ટામેટાં ખાવા લાગ્યા। મોહન ત્રાસી ગયો। એણે વિચાર્યું, 'હવે વધારે દિવસ ટામેટાં ને આમ છોડવા ઠીક નથી।'


બીજે દિવસે ઊઠતાં જ સૌથી પહેલા એણે ટામેટાં ને તોડયા। એને ગાડી માં ભર્યા અને મંડી તરફ ચાલી નીકળ્યો।

મંડી પહોંચી ને એણે ગાડી રોકી અને પાછળ ફરીને જોયું। એ ચોંકી ગયો, "અરે! આ શું! ગાડી ખાલી પડી છે। મારા ટામેટાં ક્યાં ગયા?" એ બૂમ પાડવા લાગ્યો।

ત્યારે એણે જોયું કે ગાડી ના પાછળ ના ભાગ માં એક કાણું હતું। કદાચ એજ કાણા માં થી ટામેટાં પડી ગયા હશે।

પડી ગયેલા ટામેટાં ને ભેગા કરવાના વિચાર થી મોહન એજ રસ્તે ચાલતો પાછો ગયો। પણ આશ્ચર્ય! રસ્તા માં એક પણ ટામેટું ન હતું।

થોડી દૂરી પર એને હરણ ના બે બચ્ચા દેખાયા। એ બહુ મજે થી ટામેટાં ખાઈ રહ્યા હતા। થોડી ખિસકોલી પણ ટામેટાં ને કોતરી રહી હતી।



નિરાશ થઈ ને મોહન એક ઝાડ નીચે બેસી ગયો। 'ચી...ચી..' નાના પક્ષી કિલકિલાટ કરી રહ્યા હતા। એમની માઁ પોતાના બચ્ચા ને ટામેટાં ખવડાવી રહી હતી। મોહન પોતાની જાતને ભૂલી એ દ્રશ્ય ને જોતો રહ્યો। "વાહ શું આનંદ છે!" બોલતો આગળ વધ્યો।

રસ્તા માં એક મકાન માં થી બાળકો નો શોરબકોર સંભળાયો। પાસે જઈને બારી માંથી જોયું તો બાળકો ના હાથ માં ટામેટાં! ચહેરા ઉપર સ્મિત!

'અરે! મારા ટામેટાં થી આટલા લોકો ને ખુશી મળી!' મોહન નું મન હલકું થઈ ગયું। ટામેટાં ખોવા નું દુઃખ હવે એને નહોતું। 'કદાચ મારે પહેલા જ મારા થોડા ટામેટાં વહેંચી લેવા જોઈતા હતા,' વિચારતો એ પાછો ઘર તરફ ચાલી નીકળ્યો।



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist S. P. Raju

ત્રણ મૂર્તિઓ



વિજયનગર રાજ્ય માં બહુ ચહલ-પહલ હતી। બીજા દેશ થી એક વિદ્વાન સોના ની ત્રણ મૂર્તિઓ જો લઈને આવ્યો હતો। બધી મૂર્તિઓ એક જેવી હતી। એમાં જરા પણ ફર્ક દેખાતો ન હતો।

વિદ્વાને રાજમહેલ માં પડકાર ફેંક્યો, "આ ત્રણ મૂર્તિઓ માં કંઈક ફર્ક છે। જે વ્યક્તિ આ ફર્ક ને ઓળખશે, હું એને દસ હજાર સોના ના સિક્કા, આ મૂર્તિઓ ની સાથે ઇનામ માં આપીશ। જો દસ દિવસ ની અંદર કોઈ ફર્ક ન પકડી શક્યા તો મને દસ હજાર સોના ના સિક્કા આપવા પડશે।"

મૂર્તિઓ ની પ્રદર્શની કરાવવામાં આવી। નવ દિવસ વીતી ગયા। પણ કોઈ ને પણ મૂર્તિઓ માં કોઈ અંતર દેખાયું નહીં।

રાજા ને ચિંતા થવા લાગી, 'વિદ્વાન ને સોના ના દસ હજાર સિક્કા આપવાની સાથે હાર પણ માનવી પડશે।'

તેનાલીરામે કહ્યું, "મહારાજ! ચિંતા ન કરો। હજી પૂરો એક દિવસ બાકી છે। કોઈ રીતે ત્રણે માં અંતર શોધી લેશું।"

દસમો દિવસ આવ્યો। રાજમહેલ માં બધા ચિંતિત હતા। તેનાલીરામે મૂર્તિઓ ને ઘણી વાર તાકી ને જોઈ।



એણે એક પાતળી સળી ને એક મૂર્તિ ના કાન માં નાંખી। સળી બીજા કાન માં થી બહાર નીકળી આવી।

એણે સળી બીજી મૂર્તિ ના કાન માં નાંખી, હવે સળી મૂર્તિ ના મોઢા માં થી બહાર નીકળી। જયારે એણે સળી ત્રીજી મૂર્તિ ના કાન માં નાંખી, તો એ અંદર જ રહી ગઈ। બધા દંગ રહી ગયા।

તેનાલીરામે વિસ્તાર થી બતાવ્યું, "ત્રણે મૂર્તિઓ માં આ ફર્ક છે। પહેલી મૂર્તિ મૂર્ખ જેવી છે। એ જે પણ સાંભળે છે એને બીજા કાન થી બહાર કાઢી નાંખે છે।



બીજી મૂર્તિ સામાન્ય માણસ જેવી છે। જે પણ સાંભળે છે, વિચાર્યા-સમજ્યા વગર બીજા ને બતાવી દેય છે।

ત્રીજી મૂર્તિ મહાન વ્યક્તિ જેવી છે। જે કંઈ પણ સાંભળે છે, એના પર પહેલા ઊંડાણ થી સોચ-વિચાર કરે છે।"

બધી હાજર વ્યક્તિઓ એ તેનાલીરામ ની પ્રશંસા કરી। વિદ્વાને તેનાલીરામ ને ત્રણ મૂર્તિઓ અને દસ હજાર સિક્કા ઇનામ રૂપે આપ્યા।

તેનાલીરામે મૂર્તિઓ રાજા ને આપી દીધી અને સિક્કા પોતાની પાસે રાખી લીધા।



P. Saraswati V. Vijayakanthi
L. S. Saraswathi S. Rajalakshmi


Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist S. P. Raju

અમારો બગીચો

આ ભૂરું આકાશ! ખુશનુમા હવા! કૂણો તડકો! આ બધા માં ડૂબીને ખુશી થી ઝૂમી રહ્યા હતા રંગ-બેરંગી ફૂલ! ગુલાબ, ચમેલી, કમળ, સેવંતી, લીલી -- બગીચા માં આવા ઘણી જાત ના ફૂલ હતા।

એ ફૂલો ની વચ માં હર્યું-ભર્યું ઘાસ, નાના છોડ અને લતા સજેલા હતા। એ ફૂલો ની સુંદરતા ને ઔર વધારી રહ્યા હતા। પોતાના બગીચા ઉપર ફુલો ને બહુ ગર્વ હતો।

એક દિવસ માળી એ બગીચા માં એક નવો છોડ લગાવ્યો। એની ઉપર એક અનોખું લાલ ફૂલ હતું। બીજા ફૂલો ને એ લાલ ફૂલ બિલકુલ પસંદ ન આવ્યું। એ એના થી અલગ રહેવા લાગ્યા। લાલ ફૂલ એકલું અને ઉદાસ થઈ ગયું।



એક દિવસ એક નાના-સા સફેદ ગુલાબે, લાલ ફૂલ ને જોઈ ને સ્મિત કર્યું અને એને પૂછ્યું, "મિત્ર, તું ક્યાંથી આવ્યું છે?"

લાલ ફૂલ બહુ ખુશ થયું અને બોલ્યું, "હું બહુ દૂર થી આવું છું।" આ રીતે બંને માં વાતચીત શરુ થઈ ગઈ।

લાલ ફૂલે પોતાના જૂના બગીચા વિષે બધું બતાવ્યું। સફેદ ગુલાબ આતુરતા થી એની વાતો સાંભળતું રહ્યું।

જલ્દી બંને પાકા મિત્ર બની ગયા। એ દિવસ ભર વાતો માં લાગેલા રહેતા। સફેદ ગુલાબ ત્યાં ના બદલાતા મોસમ અને બીજા ઝાડ-પાન વિષે બતાવતું અને દિવસ કેવી રીતે વીતી જતો, કંઈ ખબર જ ન પડતી।

થોડા દિવસો પછી માળી થોડા બીજા છોડ લઈ આવ્યો। બીજા ફૂલો ને ચિંતા થવા લાગી। એ ડરવા લાગ્યા કે આખો બગીચો નવા ફૂલો થી ન ભરાય જાય।

સફેદ ગુલાબે એમને શાંત કરાવ્યા, "તમે લોકો બેકાર ની ચિંતા કરી રહ્યા છો! આ નવા ફૂલ પણ આપણા મિત્ર છે।" થોડા ફૂલ આ સાંભળીને આશ્વસ્ત થઈ ગયા।

પણ થોડા ફૂલો થી ચૂપ ન રહેવાયું। જયારે મધમાખી અને પતંગિયા એમની પાસે આવતા તો તેઓ એમને કહેતા, "તમે નવા ફૂલો પાસે નહીં જાઓ। એ અમારા થી અલગ છે। એ અમારા મિત્ર નથી।"

પણ મધમાખીઓ એ કહ્યું, "અહીં બધા માટે ઉપજાઉ માટી છે। હવા, પાણી, તડકો બધું હાજર છે। આપણી પાસે બહુ બધા કીડા પણ છે। શું કામ નકામી ચિંતા કરો છો?"

જલ્દી બગીચો જાત-જાતના રંગ-બેરંગી ફૂલો થી ભરાઈ ગયો। બગીચા ને જોવા માટે દૂર-દૂર થી લોકો આવવા લાગ્યા।

સૂર્ય ની કિરણો હરેક ફૂલ ને સ્પર્શ કરી જતી। વર્ષા ના ટીપાં પણ હરેક ફૂલ ને નવડાવતા। હવા ની ધીમી લહેરખી ઓ પણ બધા ફુલો ને પંપાળતી।

ફુલો એ ચેન નો શ્વાસ લીધો અને બોલ્યા, "સફેદ ગુલાબ અને મધમાખીઓ ઠીક જ કહે છે। નવા ફૂલો થી અમને કોઈ નુકસાન નથી પહોંચ્યું। ન તો તેઓએ અમારી જગ્યા લીધી।" આખા બગીચા માં ખુશી અને મિત્રતા છવાઈ ગઈ।

પછી શું હતું! વિવિ ધ ફૂલો અને રંગો થી બગીચો ખીલી ઉઠયો। એ અનોખા બગીચા ને જોવા દૂર-દૂર થી લોકો આવવા લાગ્યા।



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist S. P. Raju

મૂર્ખાઓ ની શોધ માં

એક દિવસ અકબર અને બીરબલ માં વિવાદ થઈ રહ્યો હતો। અકબરે કહ્યું, "અક્કલમંદ ને ઓળખવા આસાન છે, પણ મૂર્ખાઓ ને ઓળખવા મુશ્કેલ છે।" પણ બીરબલ નું કહેવું હતું કે મૂર્ખાઓ ને ઓળખવા આસાન છે।

ત્યારે અકબરે કહ્યું, "અગર એમ વાત છે તો કાલે બપોર પહેલા તમે આઠ મૂર્ખાઓ ને લાવો। જો તમે લાવી શકો તો હું એ બધાય ને ઇનામ આપીશ। સાથે તમને પણ ઇનામ મળી જશે।"



બીરબલ બીજે દિવસે મૂર્ખાઓ ની શોધ માં નીકળી પડયા। રસ્તા માં એક માણસ ગધેડા ઉપર સવાર થઈ ને જઈ રહ્યો હતો। એના માથા ઉપર કપડાં ની એક મોટી પોટલી હતી।

બીરબલે એને પૂછ્યું, "તેં આ પોટલી નો બોજ કેમ ઉઠાવ્યો છે? ગધેડા ઉપર જ મૂકી દે।"

માણસે જવાબ આપ્યો, "સાહેબ! મારો ગધેડો બુઢ્ઢો થઈ રહ્યો છે। એનામાં હવે પહેલા જેટલી તાકાત પણ નથી। એનો બોજ હલકો કરવા માટે જ પોટલું મારા માથા પર લાદી ને લઈ જાઉં છું।"

હસતા-હસતા બીરબલે એને કહ્યું, "બપોરે દરબાર માં આવજે। રાજા તને ઇનામ આપશે।" બીરબલે પ્રવાસ ચાલુ રાખ્યો। થોડે જ દૂર એક ખેડૂત અને એનો દીકરો ખેતર માં કશુંક શોધી રહ્યા હતા। બીરબલે એમને પૂછ્યું, "તમે અહીંયાં શું શોધી રહ્યા છો?"

ખેડૂતે કહ્યું, "અમારી બચત ના પૈસા અમે આ જ ખેતર માં ક્યાંક દાટી ને રાખ્યા હતા। એ જ શોધી રહ્યા છીએ।" બીરબલે એમને પૂછ્યું, "શું એ જગ્યા પર કોઈ નિશાની નહોતી રાખી?"

બેટા એ કહ્યું, "હા! હા! રાખી હતી। એ દિવસે ત્યાં એક મોર નાચી રહ્યો હતો। એની પાસે જ છુપાવ્યા હતા।" બીરબલે હાસ્ય કરતા એમને પણ દરબાર માં આવવા કહ્યું।

પછી બીરબલ થોડે દૂર વધારે ગયા। રસ્તા માં બે શખ્શ લડી રહ્યા હતા। બીરબલે એમને અલગ કર્યા અને પૂછ્યું, "મામલો શું છે?" એમાં થી એકે કહ્યું, "આ એના વાઘ થી મારા બળદ ને મરાવવા ચાહે છે।"

બીજા એ કહ્યું, "જરૂર મરાવીશ।" બીરબલે અહીં-તહીં જોતા પૂછ્યું, "ક્યાં છે તમારા વાઘ અને બળદ?"

પહેલા માણસે કહ્યું, "અમે ભગવાન પાસે એક વરદાન માંગવાના છીયે। જયારે મેં કહ્યું કે હું એક બળદ માંગીશ તો આ કહેવા લાગ્યો કે એ એક વાઘ માંગશે। જો એને વાઘ મળી જાય તો શું એ મારા બળદ ને મારી નહીં નાંખે?"બીરબલે એ બંને ને પણ દરબાર માં બોલાવ્યા।

આગળ ચાલતા બીરબલ ને એક માણસ કીચડ માં પડેલો દેખાયો। એ પોતાના હાથ ઉપર તરફ ફેલાવી ને ઉઠવા ની કોશિશ કરી રહ્યો હતો। એને ઉઠાવવા માટે બીરબલે હાથ આપ્યો।

એ માણસે બીરબલ ને કહ્યું, "મારા હાથ ને ન અડતા। હું જે આલમારી બનાવવા જઈ રહ્યો છું આ એનું માપ છે। જો તમે મારા હાથ પકડી લેશો તો હું સાચું માપ ભૂલી જઈશ।"



બીરબલે એને પણ દરબાર માં આવવા માટે કહ્યું। બીરબલે જે છ માણસો ની મુલાકાત કરી એ બધા બપોર સુધી દરબાર માં પહોંચી ગયા। બધી વાતો વિસ્તાર થી રાજા ને બતાવવા માં આવી। દરબારીઓ એ મુર્ખાઓ ની વાતો ની મજા લઈને ખૂબ અટ્ટહાસ્ય કર્યા।

આવેલા છ લોકો ને કંઈ પણ સમજ માં ન આવ્યું। અકબર પાસે ઇનામ મળવા થી એ ખુશી-ખુશી પાછા ચાલ્યા ગયા। અકબરે બીરબલ ને જોઈને કહ્યું, "તમને ઇનામ નહીં મળે। કેમકે તમે આઠ નહીં, ફક્ત છ મુર્ખાઓ ને જ લાવ્યા છો।"

આના પર બીરબલે કહ્યું, "દિવસ આખો મુર્ખાઓ ની શોધ માં ભટક્યો, એટલે હું સાતમો મૂર્ખ છું અને આઠમો મૂર્ખ..." એમ બોલી ને બીરબલ અટકી ગયા।

અકબર ને સમજ માં આવી ગયું। હાસ્ય કરતા બોલ્યા, "આ કામ પર તમને મોકલનાર આઠમો મૂર્ખ હું જ છું ને!" પૂરો દરબાર હાસ્ય થી ગુંજી ઉઠયો।



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

Gujarati Sudhir Jhaveri

L. S. Saraswathi S. Rajalakshmi


Artist S. P. Raju

ચતુર બકરી નું બચ્ચું

બકરી ના બચ્ચા એ બહાર ડોકિયું કરી ને જોયું। બધું કેટલું સુંદર છે! એ ધીરે-ધીરે ગુફા ની બહાર આવી ગયું। એના માઁ-બાપ તો ચારો શોધીને સાંજે જ આવશે।

બચ્ચા ના માઁ-બાપ એને કહીને ગયા હતા, "જંગલ માં વાઘ, સિંહ, વરુ બધા હરતા-ફરતા હોય છે। તું એકલું ક્યાંય ન જતું।" પણ બકરી ના બચ્ચા થી રહેવાયું નહીં। ફરતા-ફરતા એ બહુ દૂર ચાલ્યું ગયું। જેવું અંધારું થવા લાગ્યું, એને ઘર યાદ આવ્યું। પણ એને પાછા જવાનો રસ્તો તો ખબર જ નહોતો!

પાસે જ એક ગુફા હતી। એ એની અંદર ઘુસી ગયું। એ ગુફા માં એક શિયાળ રહેતું હતું। પણ શિયાળ એ સમયે બહાર ગયું હતું। પોતાના માઁ-બાપ ના પાછા આવવા સુધી બકરી ના બચ્ચા એ ત્યાં જ રાહ જોવાનું વિચાર્યું।





સવાર થઈ। શિયાળ પોતાની ગુફા માં પાછું આવ્યું। 'અંદર કોઈ નવું જાનવર છે,' ગુફા સુધી પહોંચતા જ શિયાળ ને એહસાસ થયો। એ દ્વાર પર જ રોકાઈ ગયું।

"કોણ છે અંદર? જલ્દી બહાર નીકળ," શિયાળે ધમકાવતા કહ્યું। બકરી નું બચ્ચું થોડું જ ફસાવાનું હતું! પોતાનો અવાજ બદલી ને બોલ્યું, "હા! હા! હા! હું સિંહ નો મોટો બાપ છું। હું એક દિવસ માં પચાસ વાઘ ખાઉં છું। જલ્દી જા અને મારે માટે વાઘ પકડી ને લાવા"

બસ! શિયાળ તો ગભરાઈ ગયું। ઉતાવળે ત્યાં થી ભાગી નીકળ્યું। વાઘ ના મુખિયા પાસે ગયું અને કહ્યું, "વાઘ કાકા! વાઘ કાકા! એક ભયાનક જાનવર મારા ઘર ની અંદર ઘુસી આવ્યું છે। એ ખાવા માટે પચાસ વાઘ માંગી રહ્યું છે।"



'હા! હા! હા!' વાઘ હસી પડયો, "ઓફ! એવું કેવું જાનવર છે જે પચાસ વાઘ ખાઈ શકે? જરા મને પણ દેખાડ। હું એને ભગાવી દઈશ।"





આ દરમ્યાન બકરી ના માઁ-બાપ પણ એને ગોતતા ત્યાં પહોંચી ગયા। બચ્ચા ના પગ ના નિશાન ના સહારા થી તેઓએ એની ભાળ મેળવી।

બચ્ચા એ પોતાના માઁ-બાપ ને બધું બતાવી દીધું। ત્યાં તેઓએ દૂર થી શિયાળ અને વાઘ ને આવતા જોયા। ત્રણે ગુફા ની અંદર છુપાઈ ગયા અને એક યોજના બનાવી।

જેવા શિયાળ અને વાઘ ગુફા ની પાસે આવ્યા, બકરી માઁ એ બચ્ચા નો કાન ખેંચ્યો। 'આ sssss' બચ્ચાએ જોરથી ચીસ પાડી।



બકરા એ અવાજ બદલી ને પૂછ્યું, "બચ્ચા કેમ ચીસો પાડે છે?"

બકરી કહેવા લાગી, "બચ્ચું જીદ કરે છે કે જ્યાર થી અહીં આવ્યા છીયે, હાથી, રીંછ, ભેંસ ને ખાઈ રહ્યા છીયે। આજ એને ખાવા માટે વાઘ જોઈયે।"

બકરા એ કહ્યું, "ઠીક છે, મેં વાઘ ને લાવવા શિયાળ ને મોકલ્યું છે। એ વાઘ ની સાથે હમણાં આવતું જ હશે।"

આ વાત સાંભળી ને વાઘ ડર નો માર્યો કાંપવા લાગ્યો। 'બાપ રે! અંદર રહેવા વાળું બચ્ચું હાથી, ભેંસ, રીંછ વગેરે ને ગળી ચૂક્યું છે। હું એને હાથ લાગું તો એ મારા શા હાલ કરશે?' એક ક્ષણ વધારે રોકાયા વગર એ ત્યાં થી ભાગી નીકળ્યો। હવે શિયાળ થોડું જ ત્યાં રોકાતું!

ભારત ની લોક કથા



© Katha Jharna 2008

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

Gujarati Sudhir Jhaveri

Artist Uma Krishnaswamy

શ્રવણ કુમાર

શ્રવણ કુમાર પોતાના માઁ-બાપ ની દેખભાળ બહુ પ્રેમ થી કરતો હતો। એના માઁ-બાપ આંધળા હતા અને વૃદ્ધ પણ। ઘણા દિવસ થી એમની તીર્થ યાત્રા કરવાની ઈચ્છા હતી। એ એકલા તો જઈ નહોતા શકતા। એટલે શ્રવણે એમની ઈચ્છા પૂરી કરવા ચાહી।

શ્રવણે એક મજબૂત લાકડું અને બે ટોપલીઓ થી એક કાવડ બનાવ્યું। માઁ-બાપ ને એ ટોપલીઓ માં બેસાડી ખભા ઉપર લાદી તીર્થ યાત્રા પર નીકળી પડયો।





ગામ વાળા એ એને જોઈને મનમાં ને મનમાં આશીર્વાદ આપ્યા।

શ્રવણ ઘણા શહેરો, નદીઓ, પહાડો વગેરે પાર કરતો ગયો। બધી જગ્યાએ લોકો એને આશ્ચર્ય થી જોતા। પ્રેમ થી કુશળતા પૂછતાં। આવું અનોખું દ્રશ્ય જોઈને લોકો ની આંખો ભરાઈ આવતી।

એવી રીતે ઘણા મહિના વીતી ગયા। એક દિવસ તેઓ ગીચ જંગલ ની વચ્ચે થી જઈ રહ્યા હતા। અચાનક પક્ષીઓ એ કિલકિલાટ શરુ કરી દીધો। હરણ ના ઝૂંડ ભયભીત થઈ ને ભાગવા લાગ્યા। સસલા પોતાના દર માં છુપાઈ ગયા। નિર્ભીક શ્રવણ ના મન માં પણ ડર જાગ્યો।

અંધારું થવા લાગ્યું હતું। એક ઝાડ ની નીચે ત્રણે આરામ કરવા રોકાઈ ગયા। શ્રવણ ના પિતાજી એ પાણી માંગ્યું। ત્યારે શ્રવણે જોયું કે કાવડ માં ટાંગેલો પાણી નો કલશ ખાલી હતો।

"હું જઈને પાણી લાવું છું," બોલતો શ્રવણ નીકળી પડયો। થોડે દૂર ગયો તો કલ-કલ વહેતી એક નદી દેખાઈ દીધી। એણે કલશ ને પાણી માં નાંખ્યો। કલશ માં પાણી ભરતે સમય ગડ...ગડ... નો અવાજ થયો।



ત્યારે ત્યાં શિકાર ખેલવા આવેલા રાજા દશરથે પણ એ અવાજ સાંભળ્યો। રાજા દશરથ ને ભ્રમ થયો કે હાથી પાણી પી રહ્યો છે। એમણે બાણ છોડયું। પણ માણસ ની ચીસ સાંભળી રાજા ગભરાઈ ગયા।

રાજા દશરથ અવાજ ની દિશા તરફ દોડયા। ત્યાં શ્રવણ ને દર્દ થી તડપતો જોઈ ને એ બહુ દુઃખી થયા। દશરથે કહ્યું, "મહાત્મન! મને માફ કરી દે। હું સમજ્યો કે કોઈ હાથી પાણી પી રહ્યો છે અને ભૂલ માં મેં તીર છોડી દીધું।"

શ્રવણ દર્દ થી કણસતો બોલ્યો, "મારી ચિંતા છોડો। મારા માઁ-બાપ તરસ થી તડપી રહ્યા છે। એમના સુધી આ પાણી પહોંચાડી દો।"

શ્રવણ ની કહાણી સાંભળી રાજા દશરથ ને બહુ અફસોસ થયો, "હાય! આ પોતાના માઁ-બાપ ની કેટલી પ્રેમ થી સેવા કરી રહ્યો છે। આવી મહાન વ્યક્તિ પર મેં તીર ચલાવી દીધું।"

"જલ્દી થી પાણી લઈ જાઓ," એમ બોલતા શ્રવણ ના પ્રાણ નીકળી ગયા। દશરથે એના શરીર ને પોતાના ખભા ઉપર લાદયું અને બીજા હાથ માં પાણી નો કલશ લઈને ચાલી પડયા।

પગ નો અવાજ સાંભળીને શ્રવણ ના માઁ-બાપ બોલ્યા, "બેટા! આવી ગયો શું? આટલી વાર કેમ થઈ? અમે ડરી ગયા હતાં કે તને કંઈ થઈ તો નથી ગયું। જલ્દી થી પાણી આપા" દશરથ શરમ ના માર્યા ક્ષોભિત થયા । કાંપતા હાથે પાણી આપ્યું। પછી એમને શ્રવણ ના મૃત્યુ ના સમાચાર સંભળાવ્યા।

શ્રવણ ના માઁ-બાપ ના દુઃખ ની સીમા ન રહી। તેઓ જોર જોર થી વિલાપ કરવા લાગ્યા। એમના રડવાના અવાજ થી આખું જંગલ ગૂંજી ઉઠયું અને દુઃખ નું વાતાવરણ છવાઈ ગયું। 'કેવી રીતે આ ઘરડાઓ ને સાંત્વના આપું?' દશરથ ને સમજાયું નહીં। એમણે કહ્યું, "આજ થી તમે મને તમારા બેટા ના રૂપ માં સ્વીકાર કરો। મારી સાથે ચાલો।"

બંને એ કહ્યું, "શ્રવણ વગર અમે જીવી નહીં શકીયે। આ દુઃખ અમારાથી સહન નહીં થાય। જે દિવસે તમારો દીકરો તમારાથી છૂટો પડશે એ દિવસે જ તમને અમારા દુઃખ નો એહસાસ થશે," એમ બોલી ને બંને એ પ્રાણ ત્યાગી દીધા।

ઘણા વર્ષો પછી દશરથ ને પોતાના બેટા રામ થી છૂટા થવું પડયું। તેઓ એ દુઃખ ને ન સહી શક્યા અને ખૂબ રોયા। ત્યારે, શ્રવણ ના પિતાજી ના શબ્દો એમના કાન માં ગૂંજવા લાગ્યા।

P. Saraswati V. Vijayakanthi
L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist S. P. Raju

વગાડ વાંસળી

ચીન દેશ માં પિંગ નામ નો એક અમીર માણસ રહેતો હતો। એ હંમેશા પૈસા ગણતો રહેતો હતો। જયારે એના છોકરાં એને રમવા માટે બોલાવતા તો એ કહેતો, "મને ફુરસત નથી। પૈસા ગણવા છે।"

એના ઘર ની પાસે લી નામ નો એક ગરીબ માણસ રહેતો હતો। એ દિવસ ભર પોતાના ખેતર માં મહેનત કરતો। જયારે પણ એને સમય મળતો એ વાંસળી વગાળતો। એના પત્ની અને છોકરાં એના સંગીત થી મંત્ર-મુગ્ધ થઈ ઝૂમવા લાગતા। પશુ, પક્ષી, ઝાડ, પાન પણ બધું ભૂલીને ગીત સાંભળતા।

એનું સંગીત હવા માં લહેરાતું પિંગ ના કાન માં પણ પડતું। પૈસા ગણતા-ગણતા એનું ધ્યાન ભટકી જતું। "હાય રે! ક્યાં સુધી ગણતરી કરી હતી મેં? હું તો ભૂલી ગયો," બડબડતો એ પૈસા ને બીજી વાર ગણવાનું શરુ કરતો।

'આ મુસીબત ને કોઈ રીતે રોકવી જોઈએ,' પિંગે એને માટે એક ઉપાય વિચાર્યો। એ પૈસા થી ભરેલી થેલી લઈ ને લી ને ઘરે ગયો। ભેટ રૂપે લી ને થેલી આપી।





'હાથ માં જયારે પૈસા હોય તો એ ચેન થી કેવી રીતે ગાશે, ભલા હું પણ તો જોઉં!' એ મન માં ને મન માં હસતો ઘરે પાછો ફર્યો।

લી ને કંઈ સમજ માં ન આવ્યું। આટલા બધા પૈસા એણે ક્યારેય જોયા નહોતા। એ પૈસા ગણવા લાગ્યો। અડધા સિક્કા ગણ્યા પછી એને સંદેહ થયો। 'કદાચ મેં સરખા ગણ્યા નથી।' એ પાછો ગણવા લાગ્યો। આમ ગણતા-ગણતા આખો દિવસ વીતી ગયો। લી એ એ દિવસે એક વાર પણ વાંસળી ન વગાડી।

બીજે દિવસે સવારે લી ચિંતા માં પડી ગયો। 'ધન ની થેલી ને ક્યાં સંભાળી ને રાખું?' પહેલા એને ઘડા માં રાખી, પછી પેટી માં, પછી મચાન ઉપર - આમ જગ્યા બદલતો રહ્યો। અંત માં એને કુવા માં છુપાવી ને રાખી દીધી। એ દિવસે ફરી એણે એક વાર પણ વાંસળી ન વગાડી।

ત્રીજે દિવસે તે એ વિચાર માં પડી ગયો કે 'પૈસા ને કેવી રીતે ખર્ચ કરું? બળદ ખરીદું, હળ ખરીદું કે મરઘી?' એ દિવસે પણ લી એ વાંસળી ન વગાડી।





આગલે દિવસે એના મન માં એક શંકા જાગી। 'બધી વસ્તુ ખરીદવા માટે શું થેલી માં પૂરતું ધન છે?' એણે કુવા માં છુપાવી ને રાખેલી થેલી ને બહાર કાઢી। એ પૈસા ને ફરી ગણવા લાગ્યો।

એ સમયે એના બાળકો એ પૂછ્યું, "પપ્પા, તમે તમારી વાંસળી કેમ નથી વગાળતા?" લી ક્રોધિત થઈ ગયો, "હમણાં મને ફુરસત નથી। પૈસા ગણવાના છે।" લી ના આ વ્યવહાર થી એની પત્ની બહુ ઉદાસ થઈ।

એ લી ને કહેવા લાગી, "પ્રેમ જ સૌથી મોટી દૌલત છે। જેની પાસે પ્રેમ છે, એ ક્યારે પણ ગરીબ ન હોય।"



લી એ થોડી પળ પૈસા ગણવા બંધ કર્યા। મસ્તક ઉઠાવીને આકાશ તરફ જોયું। તારા થી ભરેલું આસમાન એક બગીચા જેવું લાગ્યું। એ ઘણી વાર સુધી આસમાન ને જ જોતો રહ્યો। ધન નું શું કરવું જોઈએ, એને સમજાઈ ગયું।

રાત ભર જાગીને એણે અનેક વાંસળીઓ બનાવી। સવારે ઉઠતાં જ એ પિંગ ને ઘરે ગયો। એણે પૈસા ની થેલી એને પાછી આપી દીધી। બોલ્યો, "આનાથી મારી શાંતિ ભંગ થવા લાગી હતી। આ મને નથી જોઈતી। આ રહી મારી સંપત્તિ, જે હું તમારી સાથે વહેંચવા માંગુ છું।" લી એ વાંસળીઓ ની એક પોટલી પિંગ ને ભેટ સ્વરૂપે આપી।

તુરંત પિંગ ના બાળકો એ એક-એક વાંસળી લઈને વગાડવી શરુ કરી દીધી અને ખુશી થી ઝૂમવા લાગ્યા। લી એ કહ્યું, "જોયું! સોના અને ચાંદી નું આપણે મૂલ્ય લગાવી શકીયે છીએ। પણ સુખ અને શાંતિ અમૂલ્ય છે।" પિંગ વિચાર માં પડી ગયો। પછી એ પણ એક વાંસળી લઈને વગાળવા લાગ્યો।

ચીન ની લોક કથા



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi **Gujarati** Sudhir Jhaveri

L. S. Saraswathi S. Rajalakshmi **Artist** S. P. Raju

રાજા અને ખિસકોલી

એક સમય ની વાત છે। એક રાજા હતો। એ વિદ્વાન, શક્તિશાળી અને ચતુર હતો અને ધનવાન પણ। એક દિવસ બગીચા માં ટહેલતા-ટહેલતા એણે પોતાના મંત્રી ને કહ્યું, "મારી સામે કોઈ પણ પોતાની પ્રશંસા કરવાની હિમ્મત ન કરી શકે, કેમકે હું જ શ્રેષ્ઠ છું।"




મંત્રી મલકાયો અને બોલ્યો, "મહારાજ, ક્ષમા કરજો! હરેક વ્યક્તિ ને પોતાની ઉપર ગર્વ હોય છે। કમજોર વ્યક્તિ પણ પોતાને બળવાન સમજે છે। જે લોકો ડીંગ મારે એને નજર-અંદાજ કરવામાં જ સમજદારી છે। બીજા નું ઘમંડ જોઈ ને આપણા મન ની શાંતિ ન ખોવી જોઈએ।"

તેવામાં ત્યાં એક ખિસકોલી આવી। એના પંજા માં એક સિક્કો હતો। સિક્કા ને બતાવતા એ ગાવા લાગી–

સાંભળો-સાંભળો બધા લોકો, કેમ પૈસા છળે

મારા ધન ને જોઈ-જોઈ રાજા જલે-બળે



રાજા ક્રોધિત થઈ ગયો। એને પકડવા ભાગ્યો। ખિસકોલી બચી નીકળી। પણ સિક્કો પડી ગયો। રાજા એ એને ઉઠાવી લીધો।

એજ સાંજે રાજા પોતાના મહેલ માં બેઠો મહેમાનો સાથે વાતચીત કરી રહ્યો હતો। અચાનક ઉપર થી ખિસકોલી આવી અને ગાવા લાગી -

ધન ની રાની છું હું, બધા ને બતાવી દઉં આ વાત
મારા ધન ને મેળવી ને, રાજા દેખાડો કરી રહ્યો આજ

રાજા ભડકી ગયો। પણ મહેમાનો ની સામે કંઈ ન કરી શક્યો। એણે પોતાના ગુસ્સા ને કાબૂ માં કરવો પડયો। બીજે દિવસે સવારે રાજા ગરીબો ને દાન આપી રહ્યો હતો। ખિસકોલી ત્યાં આવી અને ગાવા લાગી -

શું કહું? કેમ કહું? આ પણ સમજ નો ફેરો છે
દાન-ધર્મ તો રાજા કરતો, પણ ધન બધું મારું છે

રાજા એ પોતાના સેવકો ને કહ્યું, "આ દુષ્ટ ખિસકોલી ને પકડીને મારી સામે લાવો।" પણ ખિસકોલી ક્યાં ફસાવાની હતી! ત્યાં થી ખસકી ગઈ। થોડા કલાકો પછી રાજા જમવા બેઠો। ખિસકોલી એ બારી માં થી ઝાંક્યુ અને ગાવા લાગી -







મારા ધન થી જો રાજા, છત્રીસ ભોગ લગાવે છે
આવો આવો તમે પણ જુઓ, કેટલી મજા આવે છે

રાજા ગુસ્સા થી વ્યગ્ર થઈ ગયો અને ખાવાનું છોડી ને ઉઠી ગયો। રાત્રે જમતી વખતે ખિસકોલી ફરી થી આવી અને એજ ગાયન ગાવા લાગી। હવે તો રાજા ના ગુસ્સા નું ઠેકાણું ન રહ્યું। એણે સિક્કો કાઢ્યો અને ખિસકોલી તરફ ફેંક્યો। ખિસકોલી એ સિક્કા ને ઉઠાવ્યો અને ગાવા લાગી -

હું જીતી છું જુઓ લોકો, રાજા ગયા છે હારી
ડર ના માર્યા એણે, મારી બધી દૌલત પરત કરી



રાજા એ ગાંડા ની જેમ ખિસકોલી નો પીછો કર્યો। પણ ખિસકોલી ગાયબ થઈ ગઈ। રાજા આખી રાત બેચેન રહ્યો। સવારે ઉઠતા જ રાજા એ મંત્રી ને કહ્યું, "સેના મોકલી ને બધી ખિસકોલીઓ ને મારી નાંખો।"


મંત્રી એ કહ્યું, "હું તમારા ગુસ્સા ને સમજી શકું છું। પણ ખેતરો, ગીચ જંગલો, પર્વતો આદિ માં લાખો ખિસકોલીઓ ફેલાઈ હશે। એમને પકડવી એટલું આસાન નથી। પકડી પણ લઈયે તો પણ પડોસી દેશ માં થી ખિસકોલીઓ આપણા દેશ માં આવી શકે છે। તમે જયારે તમારા બહાદુર સૈનિકો ને ખિસકોલીઓ સાથે લડવાનું કહેશો તો શું તેઓ

નિરાશ નહીં થઈ જાય? એટલું જ નહીં, ઇતિહાસ ના પુસ્તકો માં તમે ખિસકોલીઓ સાથે યુદ્ધ કરવા વાળા રાજા ના નામ થી પ્રસિદ્ધ થઈ જશો અને ઉપહાસ ના પાત્ર બની જશો।"

રાજા એ પરેશાન થઈ ને પૂછ્યું, "તો હું શું કરું?" મંત્રી એ કહ્યું, "તમે ખિસકોલી ની પરવા ન કરો। શરુ-શરુ માં જયારે ખિસકોલી ડીંગ મારી રહી હતી, ત્યારે જ જો તમે ક્રોધ વગર એની વાતો સાંભળી લેત તો વાત ન વધતા"







બીજે દિવસે ખિસકોલી ફરી થી આવી। પહેલા દિવસ નું ગીત ગાવા લાગી। રાજા એ સ્મિત કર્યું અને ગાવા લાગ્યો -

એ તો સાચું છે પ્રિય ખિસકોલી દૌલત ની રાણી છે તું

કોણ નથી જાણતું એ કે સર્વજ્ઞાની પણ છે તું

ખિસકોલી દિગ્મૂઢ થઈ ગઈ। કંઈ ન કહેતા ગાયબ થઈ ગઈ અને પછી ક્યારેય દેખાણી નહીં।

ભારત ની લોક કથા

© Katha Jharna 2008

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist Uma Krishnaswamy

એક ટીપું



પાણી ના એક ટીપા એ સૂરજ ના પ્રકાશ તરફ જોયું અને વિચાર્યું, "કાશ! હું એ પ્રકાશ ની પાસે જઈ શકું!" એણે બીજા ટીપાં ને ત્યાં જવા નો તરીકો પૂછ્યો।

બીજા ટીપાં એ કહ્યું, "બાષ્પીત થઈ ને જઈ શકાય। પણ આપણે ઘડા માં જ સુરક્ષિત રહીશું।"



પણ નાનું ટીપું કોઈ પણ રીતે પ્રયત્ન કરીને બહાર નીકળવા ચાહતું હતું। એ ઘડા ના મોઢા સુધી જઈ પહોંચ્યું અને કૂદી ને ઘડા ની બહાર નીકળી ગયું।

પળ વાર માટે ટીપું ગભરાઈ ગયું। પણ જેવા સૂર્ય ને જોયા એનો ડર દૂર થઈ ગયો। વરાળ બની ને ઉપર જવું એને સારું લાગ્યું।

એને રૂ જેવા સફેદ વાદળ નજર આવ્યા। એ અન્ય બાષ્પીત ટીપા થી બનેલા હતા। નાના ટીપા એ એમને પ્રકાશ તરફ જવાનો રસ્તો પૂછ્યો।

એને ઘણી જાતના જવાબ મળ્યા, "મને ખબર નથી, ફરીને જા, હજી ઉપર જા" ટીપું ઘણા દિવસો સુધી ભટકતું રહ્યું।





એક દિવસ એણે એક વિચિત્ર પ્રકાર નું વાદળું જોયું। એ મોટું, કાળું અને ભારે પણ હતું। નાનું ટીપું કૂદી ને એ વાદળ ની અંદર ઘુસી ગયું।

એ રાતે વાદળ બેચેન હતું। એ ઉમડતું-ઘૂમરાતું રહ્યું। વીજળી ગાજવા પર ચમકી રહ્યું હતું। ટીપું સમજી ગયું કે એ ખોટા વાદળ માં ફસાઈ ગયું છે।

જેમ-જેમ હવા સાંય-સાંય કરતી ગઈ અને વીજળી ગરજતી ગઈ, નાનું ટીપું તેજી થી નીચે પડવા લાગ્યું। સળવળાટ કરતું એ ઝરણાં માં જઈ પડયું।

ટીપા એ વિચાર્યું, 'અરે! હું તો સૂર્ય ના પ્રકાશ તરફ જવા ઇચ્છતું હતું, અહીંયા ક્યાં પહોંચી ગયું?' ઝરણાં નો તેજ પ્રવાહ એને મોટી-મોટી ગુફાઓ, ચટ્ટાનો અને શાખાઓ ની વચ્ચે થી બહુ દૂર લઈ ગયો।



ધીરે-ધીરે ઝરણાં ની ગતિ થંભી ગઈ। નાના ટીપા એ પૂછ્યું, "આ ઝરણું ક્યાં જઈ રહ્યું છે?" એને જવાબ મળ્યો, "આ નદી માં જઇને મળી જશે।"


નાના ટીપા ને સફર માં મજા આવવા લાગી। ઝરણાં ના બંને કિનારા પર મોટા-મોટા ઝાડ લાગેલા હતા। ક્યાંક-ક્યાંક સૂર્ય ની રોશની પાણી માં ચમકી રહી હતી।

ટીપું તેજી થી વહેતું નદી માં જઈ મળ્યું। નદી નું તેજ વહેણ ટીપા ને પસંદ આવ્યું। પણ એણે વિશાળ સમુદ્ર નો ખેંચાવ મહેસૂસ કર્યો અને એની તરફ જવા લાગી।

થોડા સમય પછી એ સમુદ્ર ની વચ્ચો-વચ્ચ પહોંચી ગયું।

ટીપા એ આકાશ તરફ જોયું। એને રૂ જેવા સફેદ વાદળ દેખાયા। ટીપા ને એ વાદળ ની યાદ આવી જેની અંદર એણે સૌથી પહેલા પ્રવેશ કર્યો હતો।

ટીપું વાદળો થી નજર હટાવી સૂર્ય ને જોવા લાગ્યું। હવે એને ખબર પડી ગઈ કે એને શું કરવાનું છે। કિનારા ઉપર ગયું અને ફુવારો કરતા ઉછળ્યું। બાષ્પીત થઈ ને ફરી ઉપર જવા લાગ્યું।





આકાશ માં એને બધું સાફ નજર આવ્યું, દિવસ ના સૂરજ અને રાતે તારા। નાના ટીપા એ નીચે જોયું। જે સમુદ્ર થી એ ઉપર આવ્યું, જે નદી એને વહાવી ને લાવી, જે ઝરણાં માં એ જઈ પડયું, બધું સાફ-સાફ દેખાઈ રહ્યું હતું।

નાના ટીપા ની આસ-પાસ હળવા વાદળા ભેગા થવા લાગ્યા। ટીપા ને ખબર હતી કે હવે એને શું કરવાનું છે। એ વાદળાઓ ની વચ્ચે થી નીકળીને બહુ ઊંચે ગયું અને વિખેરાઈ ગયું।

ટીપું સમજી ગયું કે એ સ્વતંત્ર છે।

ક્રિસ્ટોફર ઈ. જોન્સ ની વાર્તા
'વન ડ્રોપ ઓફ વોટર' પર આધારિત

P. Saraswati V. Vijayakanthi
L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist Uma Krishnaswamy

વાઘ ની સવારી

એ દિવસે જંગલ માં ભારે વર્ષા થઈ રહી હતી। ચારે તરફ ઘનઘોર અંધારું છવાયું હતું। ક્યારેક વીજળી પણ ચમકી જતી। તોફાન બહુ જોર નું હતું। તોફાન થી ઘણા બધા ઝાડ ઉખડી ગયા હતા। એક વાઘ ભયભીત થઈ ને જંગલ માં થી ભાગી નીકળ્યો। એ પાસે ના એક ગામ માં જઈ પહોંચ્યો અને એક ઝૂપડી ની દીવાલ ને સહારે જઈને ઉભો રહ્યો।



ઝૂપડી ની અંદર એક સ્ત્રી બડબડી રહી હતી, "ફક્ત બે દિવસ માટે આરામ મળ્યો। આ 'ટપટપી' ફરી આવી ગઈ।" વરસાદ ને કારણે એની ઝૂપડી ગળી રહી હતી। એને ટેબલ, પટારા અને વાસણ અહીં-તહીં ખસેડવા પડી રહ્યા હતા। ઢ્રુમ... ઢામ... ઢ્રુમ... ઢામ... એના ટકરાવાનો અવાજ આવી રહ્યો હતો, જેનાથી દીવાલો હલી રહી હતી।

વાઘ ડરી ગયો। 'ટપટપી! ભલા આ શું છે? જયારે એનો અવાજ જ આટલો ડરાવનો છે તો એ જરૂર ભયાનક હશે,' વાઘ ને કંઈ સમજ માં ન આવ્યું।

ત્યાં ગામ નો ભોલેનાથ પોતાના ગધેડા ને ગોતતો ત્યાં આવ્યો। એણે ડોશી ના ઘર ની દીવાલ ને લાગીને ઉભેલા એક જાનવર ને જોયું। ગાઢ અંધારા માં એને લાગ્યું કે એ એનો ગધેડો છે। એ ગુસ્સા માં એનો કાન ખેંચતો બરાડયો, "શું તારું ભેજું ખરાબ છે? આ વરસાદ માં તને ક્યાં-ક્યાં ગોતતો ફરું? ચાલ, હવે ચુપચાપ ઘરે ચાલ।" એ વાઘ પર ચઢી બેઠો અને એની સવારી કરતો નીકળી પડયો।

આજ સુધી વાઘ નો કાન કોઈ એ પણ આવી રીતે નહોતો મરોળ્યો। વાઘ ડરી ને કંપવા લાગ્યો। 'ટપટપી' ના ડર થી એ કંઈ ન બોલ્યો। ચુપચાપ ચાલતો રહ્યો। ઘરે પહોંચતા જ ભોલેનાથે એને ઘર ની સામે રસ્સી થી બાંધી દીધો અને ઘર ની અંદર સૂવા ચાલ્યો ગયો।

બીજે દિવસે સવાર પડતા જ ભોલેનાથ ની પત્ની બહાર આવી। ઘર ની સામે બાંધેલા વાઘ ને જોઈ એ જોર થી ચીસ પાડી ઉઠી। ચીસ સાંભળીને ભોલેનાથ દોડી આવ્યો।

વાઘ ને જોઈ ને એ પણ ચીસ પાડતો ઘર ની અંદર ઘુસી ગયો। દરવાજા ને અંદર થી બંધ કરી લીધો।

ગામ વાળા ભોલા ના ઘર ની સામે બાંધેલા વાઘ ને જોઈને ચારે બાજુ દોડવા લાગ્યા। આ ધમાલ માં વ્યાકુળ વાઘે રસ્સી ને ચાવી લીધી અને બચી ને જંગલ માં ભાગી નીકળ્યો।



'ભોલેનાથે વાઘ ની સવારી કરી,' આ ખબર ગામ માં ચારે બાજુ ફેલાઈ ગઈ। બધા એને મળવા આવ્યા। આશ્ચર્ય થી એને પૂછવા લાગ્યા, "સાંભળ્યું છે તેં વાઘ ની સવારી કરી!"

ભોલેનાથે ગર્વ થી કહ્યું, "ફક્ત એની સવારી જ નથી કરી બાકી મેં તો એના કાન પણ મરડયા।" આ ખબર રાજા ના કાનો સુધી પહોંચી। રાજા એ ભોલેનાથ ને ઇનામ આપી સન્માનિત કર્યો।

થોડા મહિના વીતી ગયા। દુશ્મન દેશ ના સૈનિકો એ રાજ્ય પર હૂમલો કરી દીધો। રાજા એ તરત મંત્રી ને હુકમ કર્યો, "જે બહાદુર વ્યક્તિ એ વાઘ ની સવારી કરી હતી, એને તુરંત દુશ્મનો થી મુકાબલો કરવા મોકલો। એ શત્રુઓ ને ચૂર-ચૂર કરી નાખશે। જાવ અને એને આ શક્તિશાળી ઘોડો આપી દો।"

ભોલેનાથ રાજા નો હુકમ સાંભળી પરેશાન થઈ ગયો। એણે વિચાર્યું,



'હવે કોઈ રસ્તો નથી। મારે યુદ્ધ માં જવુંજ પડશે।' એણે પહેલા ક્યારેય ઘોડા ની સવારી નહોતી કરી। મુશ્કેલી થી ઘોડા ઉપર બેસતા એણે પોતાની પત્ની ને કહ્યું, "એ પહેલા કે હું પડી જાઉં, મને ઘોડા પર કસી ને બાંધી દે।" એની પત્ની એ એના હાથ, પગ અને આખા શરીર ને ઘોડા સાથે કસી ને બાંધી દીધા। ઘોડો તેજી થી ભાગવા લાગ્યો। ખેતરો, નદીઓ ને પાર કરતો એ શત્રુ સેના તરફ દોડયો।

"હાય રે! ત્યાં ન જા!" ભોલેનાથે જોરથી બૂમ પાડી। એની સમજ માં ન આવ્યું કે ઘોડા ને કેમ રોકે? ગભરાટ માં એણે પોતાના બંને હાથ ઉઠાવ્યા અને એક ઝાડ ની શાખા ને પકડી લીધી। પણ ઘોડો ભાગતો જ રહ્યો। માટી ભીની હોવાને કારણે ઝાડ ઉખડી ને ભોલેનાથ ના હાથ માં આવી ગયું।

શત્રુઓ એ એક મોટા વૃક્ષ ને હાથો માં ઘુમાવતા તેજી થી એમના તરફ આવતા ભોલેનાથ ને જોયો।



એમાંથી એક બોલ્યો, "અરે! પેલા શક્તિશાળી વ્યક્તિ ને જુઓ। એણે ઝાડ ને પણ ઉખાડી લીધું। આપણી સાથે યુદ્ધ કરવા ચાલ્યો આવે છે। નિશ્ચિત જ, આ એજ વ્યક્તિ છે જેણે વાઘ પર સવારી કરી હતી।" એ એકેએક જણ પોતાનો જીવ બચાવી ભાગી છૂટ્યા।

થોડી વાર પછી ઘોડો એક ઝાટકો મારી ને રોકાય ગયો। રસ્સી તૂટી ગઈ અને ભોલેનાથ નીચે પડી ગયો। સૌભાગ્યવશ ત્યારે ત્યાં કોઈ પણ ન હતું। ભોલેનાથ બડબડયો, "ભગવાન નો પાડ છે। મારા પ્રાણ બચી ગયા।" એ ઘોડા ને લઈને ચાલતો ઘર તરફ વધ્યો। એ ભલા હવે ક્યાં ઘોડા ની સવારી કરતો!

લોકો એ એને ચાલતો પાછો આવતા જોયો। આશ્ચર્ય થી બોલ્યા, "જુઓ! એણે એકલા એજ બધા શત્રુઓ ને હરાવી દીધા। આટલું મોટું કામ કર્યા પછી પણ એ એક સાધારણ માણસ ની જેમ ચાલી ને આવી રહ્યો છે।" કેટલો મહાન છે ભોલેનાથ!

ભારત ની લોક કથા

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist S. P. Raju

માયાવી સરોવર

પાંડવો નો 12 વર્ષ નો વનવાસ પૂરો થવા માં હતો। એક દિવસ પાંડવો એ વન માં એક હરણ નો પીછો કર્યો। એ એક માયાવી હરણ હતું। તેજ દોડીને પાંડવો ને જંગલ માં બહુ દૂર લઈ ગયું, પછી ગાયબ થઈ ગયું। હતાશ થઈ ને પાંડવ એક વડ ના વૃક્ષ નીચે બેસી ગયા। યુધિષ્ઠિરે કહ્યું, "ભાઈ! બહુ તરસ લાગી રહી છે।"

નકુલે એક ઝાડ પર ચઢીને આસ-પાસ નજર દોડાવી। બોલ્યો, "પાસે ખૂબ હરિયાળી છે। સારસ પણ ઉડી રહ્યા છે। ત્યાં પાણી જરૂર હશે। હું હમણાં પાણી લઈને આવું છું।"

થોડે દૂર જતાં એને તળાવ દેખાયું। એણે તળાવ માં હાથ નાંખ્યો। અચાનક આકાશ માં થી અવાજ આવ્યો, "ઉભો રહે! આ મારું તળાવ છે। મારા સવાલો ના જવાબ આપ, પછી પાણી પીજે।"





નકુલ ચોંકી ગયો। પણ એને બહુ તીવ્ર તરસ લાગી હતી। ચેતવણી ને અવગણી ને પાણી પી લીધું। પાણી પીતા જ એ જમીન ઉપર ઢળી પડયો।

બહુ વાર સુધી નકુલ પાછો ન આવ્યો તો યુધિષ્ઠિરે સહદેવ ને એને ગોતવા મોકલ્યો। એ પણ તળાવ પર પહોંચ્યો। અવાજ ની પરવા ન કરતા એણે પણ પાણી પી લીધું અને બેહોશ થઈને જમીન ઉપર પડી ગયો। પછી અર્જુન એમને ગોતતો ત્યાં પહોંચ્યો। પોતાના ભાઈઓ ની હાલત જોઈ ને દંગ રહી ગયો। ત્યાં એને એક અજબ પ્રકાર ની તરસે બેચેન કરી દીધો। એ પાણી તરફ ખેંચાતો ચાલ્યો ગયો અને પાણી માં હાથ નાંખ્યો।

ફરી થી એ જ અવાજ આવ્યો, "પહેલા મારા સવાલો ના જવાબ આપ, પછી પાણી પીજે, અન્યથા તારી પણ આવી જ હાલત થશે।" અર્જુન ક્રોધ થી ભભૂકી ઉઠયો। "હિમ્મત હોય તો સામે આવી ને લડ," એમ બોલતા એણે બાણ ઉઠાવ્યું। પણ એણે પાણી પી ને તાકાત સાથે લડવા નો નિર્ણય કર્યો અને પાણી પી લીધું। પાણી પીતા જ એ પણ ઢળી પડયો।

પછી ભીમે પણ એ જ અવાજ સાંભળ્યો। "તું છે કોણ મને આજ્ઞા કરવા વાળો?" બોલતા એણે પણ પાણી પી લીધું અને ઢળી પડયો। અંત માં યુધીષ્ઠીર આવ્યો। પોતાના ભાઈઓ ના હાલ જોઈને એ રડી પડયો। તરસ થી પીડિત યુધીષ્ઠીર પાણી તરફ વધ્યો। એજ સમયે એ અજ્ઞાત અવાજે

એને પણ રોક્યો। "તારા ભાઈઓ એ મારી વાત ન સાંભળી। કમ સે કમ તું તો મારા પ્રશ્નો ના ઉત્તર આપીને પાણી પી।"

યુધિષ્ઠિરે ઓળખી લીધું કે આ યક્ષ નો અવાજ છે અને કહ્યું, "તમે તમારા પ્રશ્ન પૂછો। હું ઉત્તર આપીશ।" યક્ષે લગાતાર પ્રશ્નો પૂછ્યા અને યુધિષ્ઠિર એના ઉત્તર આપતો ગયો।



"એ શું છે જે મનુષ્ય ને જીવન ભર સાથ આપે છે?"

"ઉત્સાહ।"

"સંકટ માં મનુષ્ય ને કોણ બચાવે છે?"

"સાહસ।"

"સફળતા ની પહેલી સીડી શું છે?"

"નિરંતર પ્રયાસ।"

"મનુષ્ય હોશિયાર કેવી રીતે બને છે?"


"બુદ્ધિમાન લોકો સાથે રહીને।"

"યાત્રી નો સાથ કોણ આપે છે?"

"પ્રાપ્ત શિક્ષા।"

"લાભો માં સૌથી શ્રેષ્ઠ લાભ કયો હોય છે?"

"નિરોગી જીવન।"





"મનુષ્ય બધાનો પ્યારો ક્યારે બની શકે છે?"

"ઘમંડ ને છોડવા પર।"

"એવી કઈ વસ્તુ છે, જેને ખોવા થી મનુષ્ય ને ખુશી મળે છે, દુઃખ નહીં?"

"ક્રોધ, એના ખોવાય જવાથી દુઃખ નથી સતાવતું।"

"દુઃખ નું કારણ શું છે?"

"ઈચ્છા અને ક્રોધ।"

"કોણ ધરતી થી વધારે સહનશીલ છે?"

"માઁ, જે પોતાના સંતાન ની દેખ રેખ કરે છે।"

યુધિષ્ઠિરે અચકાયા વગર એવા ઘણા પ્રશ્નો ના ઉત્તર આપ્યા। અંત માં યક્ષે કહ્યું, "તમારા જવાબ થી હું પ્રસન્ન થયો। મૃત ભાઈઓ માં થી તમે જેને પણ ચાહો તેને હું જીવિત કરી દઈશ।"

યુધિષ્ઠિરે કહ્યું, "નકુલ જીવિત થઈ જાય।" યક્ષે તુરંત સામે પ્રકટ થઈને પૂછ્યું, "ભીમ તો સોળ હજાર હાથીઓ જેટલો બળવાન છે। અર્જુન ધનુર્વિદ્યા માં નિપુણ છે। આ બંને ને છોડી ને નકુલ નું નામ કેમ લીધું?"

યુધિષ્ઠિરે કહ્યું, "મારા પિતા ની બે પત્નીઓ છે - કુંતી અને માદ્રી। કુંતી નો પુત્ર હું છું। એટલે માદ્રી ના પુત્ર ને જીવિત પામવા ચાહું છું।" યક્ષ યુધિષ્ઠિર ની નિષ્પક્ષતા થી બહુ પ્રસન્ન થયા અને બધા ભાઈઓ ને જીવિત કરી દીધા।

P. Saraswati V. Vijayakanthi
L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist Uma Krishnaswamy

આવો ઉકેલીએ



આઠ પગ જયારે ખેંચે તો
ફરે મારી બંને ઢાલ
ઠુમક-ઠુમક કરી ચાલું બજાર
હું મતવાલી ચાલ

ઉડુ છું આકાશ માં, પણ પક્ષી નહીં
વાદળો માં છુપાઈ જાઉં, પણ ચાંદ નહીં



બે રેખાઓ પર પૂરપાટ દોડે
બધાને લાવે લઈ જાય છે
નદી કૂદતી, જંગલ દેખાડતી
પહાડો માં ઘુસી જાય છે
સીટી વગાડતી, શોરબકોર કરતી
બાળકો ને મન ગમતી છે

જેટલું ચગદો એટલું ભાગે
એવી છે આ વાત
તબિયત ને પણ સારી રાખે
હરદમ એનો સાથ






જૂદા નહીં થઈયે - મિત્ર નથી
ભેગા નહીં થઈયે - દુશ્મન નથી

પગ વગર દોડું અને તરું વગર હાથે
પાણી ઉપર તમને લાવું, બેસો મારી સાથે



નાના-મોટા અસંખ્ય બેસો,
બધાને લઈને દોડ લગાવું
એક માણસ ની મદદ થી
મંજિલ-મંજિલ હું પહોચાડું



પગ મારવાથી ઘુરકાટ કરું
પછી મજે થી સહેલગાહ કરાવું



અહીંયા ત્યાં આપસ માં જોડું
હું જમીન ની લકીર
બધા મારી ઉપર થી પ્રવાસ કરે
એવી મારી તકદીર




શબ્દ બોલું મોઢા વગર
પહોંચું ગામ પ્રાણ વગર
સુખ-દુઃખ ની થોડી વાતો બતાવવા
ઘરે આવી જાઉં પગ વગર

મારી ઘંટડી સાંભળી તમે, આવો મારી પાસ
મને ઉપાડો અને કરી લો, વાતો તમારી ખાસ

એક જગ્યા પર રહેતી બેઠી
ખબર ચલાવતી અદ્ભુત પેટી

શોધી લઈશ તમારું ઘર
આપશું તમને નવી ખબર


પૈસા આપી મને ખરીદો
પછી લાકડી થી લગાડાવો સિક્કા
દેશ-વિદેશ ચાલી જઈશ
સાચું ઓળખો, ન મારો તુક્કા





એવો ડબ્બો લાવ્યો ચંદર
બહુ બધું છે એની અંદર
ફિલ્મ, સીરિઅલ, રમત, ખબર
ચેન થી જુઓ ઘર ની ભીતર


સવાર-સવાર માં તમે મેળવો છો
મને તમારે દ્વાર
દુનિયા ભર ની વાતો ને સંગ
આપતું અનેક વિચાર



હવા માં તરતા સંગીત ને
પકડી લેય તુરંત
કાન ઘુમાવતા જ સંભળાવે
બોલો ક્યુ અનુપમ યંત્ર

જે બોલશો એજ રાખીશ
હું તો મારી પાસ
જયારે ચાહો પાછું આપીશ
કરો મારો વિશ્વાસ

પત્ર, રેલ, હોડી, રેડિયો, ટપાલી, સ્કૂટર, રસ્તો, પાટા,
ટપાલ પેટી, ટી.વી., બળદગાડી, ટેપરેકોર્ડર, ટેલિફોન,
બસ,ટપાલ ટિકિટ, છાપું, સાયકલ, વિમાન



Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

Gujarati Sudhir Jhaveri

L. S. Saraswathi S. Rajalakshmi

Artist Uma Krishnaswamy

બહાદુરી ની પરીક્ષા



જાપાન દેશ માં એક અનોખી શાળા હતી। એની કક્ષાઓ રેલ ના ડબ્બાઓ માં હતી। શાળા ચારે બાજુ એ એક વિશાળ બગીચા થી ઘેરાયેલી હતી। તોતો-ચાન નામની એક છોકરી આ શાળા માં ભણતી હતી।

એક વાર તોતો-ચાન ની શાળા માં એક શિબિર લાગી। એસેમ્બલી હોલ માં તંબુ લગાવાયા અને બધા બાળકો રાત ત્યાંજ રોકાયા। હેડમાસ્તરે એક ઘોષણા કરી, "અમે એક રાતે બહાદુરી ની પરીક્ષા લેશું। એ કુહોનબુત્સુ મંદિર માં લેવાશે। જે બાળકો ભૂત બનવા ચાહે છે, એ પોતાના હાથ ઉપર કરે।"

સાત છોકરા ભૂત બનવા આગળ આવ્યા। નિશ્ચિત સાંજે બાળકો સ્કૂલ માં ભેગા થઈ ગયા। ભૂત બનવાવાળા બાળકો પોતાની સાથે પોશાક લાવ્યા હતા। તૈયાર થઈને તેઓ મંદિર ના બાગ માં છુપાઈ ગયા।

"અમે તમને લોકો ને એટલા ડરાવશું કે તમારી સિટ્ટી-પિટ્ટી ગૂમ થઈ જશે।" એમણે ચાલતા-ચાલતા કહ્યું। બાકી ત્રીસ બાળકો પાંચ-પાંચ ના નાના સમૂહો માં વહેંચાઈ ગયા। થોડી-થોડી વાર ના અંતરાલ પર મંદિર તરફ ચાલ્યા। એમને પહેલા મંદિર અને પછી કબ્રસ્તાન ની ચારે બાજુ ચક્કર લગાવી સ્કૂલ પહોંચવાનું હતું।

હેડમાસ્તરે સમજાવ્યું, "બહાદુરી ની પરીક્ષા છે તો જરૂર, પણ અગર કોઈ બાળક એને પુરી કર્યા વગર સ્કૂલ પાછો આવવા ચાહે તો આવી શકે છે।" તોતો-ચાન માઁ પાસે ટોર્ચ માંગી ને લાવી હતી। થોડા છોકરાઓ એ કહ્યું કે તેઓ ભૂતો ને પકડશે। એના માટે તેઓ પતંગિયા પકડવાવાળી જાળીઓ લાવ્યા હતા। અન્ય બાળકો એ કહ્યું કે તેઓ ભૂતો ને બાંધી દેશે, એટલે તેઓ રસ્સી સાથે લાવ્યા હતા।



જ્યાં સુધી હેડમાસ્તરે પૂરી વાત સમજાવી અને બાળકો ના સમૂહ બન્યા, ત્યાં સુધી માં અંધારું થઈ ચૂક્યું હતું। બાળકો ઉત્સાહ થી હલ્લા-ગુલ્લા કરતા સ્કૂલ ના દરવાજા માં થી નીકળ્યા। આખરે તોતો-ચાન ની ટોળી ને બહાર નીકળવાનો સમય આવ્યો।

હેડમાસ્તરે કહ્યું કે જ્યાં સુધી તેઓ મંદિર પહોંચી ન જાય, ત્યાં સુધી ભૂત પ્રકટ નહીં થાય। પરંતુ બાળકો ને આ વાત પર ભરોસો ન થયો।



તેઓ ડરતા-ડરતા મંદિર ના દરવાજા સુધી પહોંચ્યા। દેવતા-રાજાઓ ની મોટી મૂર્તિઓ દ્વારપાળ જેવી દેખાવા લાગી।

ચાંદની રાત હતી। પણ મંદિર ના મેદાન માં ગાઢ અંધારું હતું। દિવસ ના આજ જગ્યા બાળકો ને ભલી લગતી હતી। પણ રાત ના, ખાસ કરીને એ રાત્રે, તેઓ ને એ જગ્યા ડરાવની લાગવા લાગી।

હવા થી વૃક્ષો માં સરસરાહટ થઈ। કોઈ બાળકે 'ઉઈઈઈ' બોલીને ચીસ પાડી। કોઈ બીજા નો પગ એક મુલાયમ વસ્તુ પર પડયો અને એણે "ભૂત આવ્યું" બોલીને બૂમ પાડી। ડર એટલો છવાઈ ગયો કે મિત્ર નો હાથ પણ ભૂત નો હાથ લાગવા લાગ્યો।

તોતો-ચાને નિશ્ચય કર્યો કે એ કોઈ પણ હાલત માં કબ્રસ્તાન સુધી નહીં જાય કેમકે એજ જગ્યાએ તો ભૂત હોવાની આશંકા હતી। બહાદુરી ની પરીક્ષા કેવી હોય છે, એ તો એને ખબર પડી જ ગઈ હતી। એટલે એ પાછી ફરી શકતી હતી। એની ટોળી માં બીજા બાળકો પણ આજ નિર્ણય પર પહોંચ્યા। એને ધરપત થઈ કે આ નિર્ણય એનો એકલી નો ન હતો। એ બધા, જેટલી તેજી થી એમના પગ એમને લઈ જઈ શકતા હતા, એટલી તેજી થી ભાગ્યા।

સ્કૂલ પાછા ફરતા એમણે જોયું કે જે ટોળીઓ એમની પહેલા નીકળી હતી એ પણ પાછી આવી ચુકી હતી। ખબર પડી કે કબ્રસ્તાન સુધી પહોંચવાની હિમ્મત કોઈ ની પણ ન થઈ।


બરાબર એજ વખતે માથા પર સફેદ કપડું ઓઢી ને એક બાળક રોતું-રોતું આવ્યું। એની સાથે એક શિક્ષક પણ હતા। એ ભૂત બનેલા બાળકો માં થી એક હતો। બહુ વાર કબ્રસ્તાન માં રાહ જોતો રહ્યો। પણ જયારે કોઈ ન આવ્યું તો એ ડરી ગયો।



રડતો-રડતો એ બહાર આવ્યો। રસ્તા માં રાહ જોઈ રહ્યા શિક્ષક એને પાછો લઈ ને આવ્યા।

બધા બાળકો એને ચૂપ કરાવવાની કોશિશ કરી જ રહ્યા હતા કે એક બીજું ભૂત રોતું રોતું એક છોકરા સાથે પાછું આવ્યું। આ ભૂત કબ્રસ્તાન માં છુપાયેલું હતું। અચાનક કોઈ ના ભાગવાનો અવાજ આવ્યો। એ ઉછળીને એને ડરાવવા બહાર નીકળ્યું। બંને ની ટક્કર થઈ ગઈ। દર્દ અને ડર ના માર્યા બંને દોડીને એક સાથે પાછા આવ્યા। બાળકો ને એમની વાત એટલી મજેદાર લાગી કે એમનો તણાવ જતો રહ્યો અને તેઓ જોર જોર થી હસવા લાગ્યા। ભૂત પણ ક્યારેક હસી રહ્યા હતા, ક્યારેક રોઈ રહ્યા હતા!

થોડી વાર પછી તોતો-ચાન નો એક સહાધ્યાયી પાછો ફર્યો। એણે છાપા ની બનેલી ટોપી પહેરી હતી। એ બહુ નારાજ હતો કે એની પાસે કોઈ પહોંચ્યું જ નહીં। એ ફરિયાદ કરતા બોલ્યો, "હું આટલી વાર રાહ જોતો રહ્યો।" એના હાથ પગ પર મચ્છર કરડયા હતા અને એ ખંજવાળતો હતો।



કોઈ એ કહ્યું, "અરે જુઓ! મચ્છરોએ કરડેલું ભૂત!" બધા ફરી હસવા લાગ્યા। "હવે હું જઈ ને બાકી ભૂતો ને લાવું છું," પાંચમાં ના વર્ગ શિક્ષકે કહ્યું। એને થોડા ભૂત રસ્તા ની બત્તી ની નીચે મળ્યા। ખબર પડી કે થોડા બીજા ડર ના માર્યા ઘરે ચાલ્યા ગયા હતા। તેઓ એ બધા ને ભેગા કરી સ્કૂલ માં લઈ આવ્યા। એ રાત પછી એ બાળકો ભૂતો થી ક્યારેય ન ડર્યા। આખરે ભૂત પોતે પણ ડરી જાય છે!

તેત્સુકો કુરોયાંગી

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati — V. Vijayakanthi

L. S. Saraswathi — S. Rajalakshmi

Gujarati Sudhir Jhaveri

Artist Original Illustrations

યાદો

હું જયારે હાઈસ્કૂલ માં ભણતો હતો, ત્યારે મેં મારા પિતા ના ટેબલ પર એક પુસ્તક જોયું હતું। એ પુસ્તક શ્રવણ ના માતા-પિતા પ્રતિ એની શ્રદ્ધા વિષે હતું। મેં એ બહુ દિલચસ્પી થી વાંચ્યું।

એ દિવસો માં બાયસ્કોપ માં ચિત્ર દેખાડવા વાળા પણ ઘરે-ઘરે આવતા હતા। એમાં મેં એક દ્રશ્ય જોયું। એમાં શ્રવણ પોતાના આંધળા માઁ-બાપ ને કાવડ માં બેસાડીને યાત્રા માં લઈ જાય છે। એ પુસ્તક અને ચિત્ર બંને એ મને બહુ પ્રભાવિત કર્યા।



મન માં ઈચ્છા થઈ કે હું પણ શ્રવણ ની જેમ મારા માતા-પિતા ની સેવા કરું। શ્રવણ ના મૃત્યુ પર એના માતા-પિતા નો વિલાપ મને આજે પણ યાદ છે।

એજ દિવસો માં અમારે ત્યાં એક નાટક કંપની આવી। મેં મારા પિતા ની આજ્ઞા થી હરિશ્ચંદ્ર ની વાર્તા પર એક નાટક જોયું। એ નાટક મારા મન ને અડી ગયું। એને વારે-વારે જોવાની ની ઈચ્છા થતી હતી। મેં મારા મન માં એ નાટક ને અસંખ્ય વાર ભજવ્યું હશે।

હરિશ્ચંદ્ર ને કેટલી મુશ્કેલીઓ નો સામનો કરવો પડયો! તો પણ એણે સાચું જ કહ્યું। 'હરિશ્ચંદ્ર ની જેમ સત્યવાદી બધા કેમ નથી હોતા?' આ પ્રશ્ન મારા મન માં દિવસ-રાત ઉઠતો।

મારા જીવન માં ઘટી એક ઔર ઘટના ને હું ક્યારેય ભૂલી ન શક્યો। એ ઘટના ને યાદ કરી હું આજે પણ પછતાઉ છું।

હાઈસ્કૂલ માં મારો એક મિત્ર હતો। ઘણા લોકો મને કહેતા, "એની આદતો સારી નથી। એની સાથે નહીં ફરતો"

મેં એમની વાત ન માની। જેમ-જેમ દિવસો વીતતા ગયા એણે મારા મન ને બદલી નાંખ્યું। છુપાઈ ને ધુમ્રપાન કરવું એવી બૂરી આદતો માં હું ફસાઈ ગયો। પણ શીઘ્ર જ મારો અંતરાત્મા જાગી ઉઠયો। મારી ભૂલો વિષે વિચારીને અફસોસ કરવા લાગ્યો।

મને લાગ્યું કે પિતાજી ની સામે મારી ભૂલો સ્વીકારી લેવી જોઈયે। પણ મોઢું ન ખુલ્યું। મેં એક ચિઠ્ઠી માં બધું લખી લીધું। એમાં બધો દોષ સ્વીકાર કર્યો અને સજા માંગી। મેં એ વાયદો કર્યો કે ફરી આ ભૂલો નહીં કરું।



મેં કંપતા હાથે ચિઠ્ઠી પિતાજી ના હાથ માં આપી અને એમની સામે બેસી ગયો।

એમણે ચિઠ્ઠી વાંચી। એમની આંખો માં થી અશ્રુ ની ધારા વહેવા લાગી। ચિઠ્ઠી ભીની થઈ ગઈ। એમણે પળવાર માટે પોતાની આંખો બંધ કરી લીધી। પછી ચિઠ્ઠી ને ફાડી નાંખી।

હું પણ રડયો। હું એમનું દુઃખ સમજી શક્યો। એ આંસૂઓએ મારા પાપ ધોઈ નાંખ્યા। એમના પ્રેમે મને બદલી દીધો।

પહેલી વાર હું અહિંસા વિષે મારા પિતા પાસે થી જ શીખ્યો। મેં અનુભવ્યું કે સજા ને બદલે આપણે પ્રેમ થી હૃદય જીતી શકીયે છીયે।

સત્ય ના પ્રયોગો અથવા આત્મકથા

મોહનદાસ કરમચંદ ગાંધી

P. Saraswati V. Vijayakanthi

L. S. Saraswathi S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

Gujarati Sudhir Jhaveri

Artist S. P. Raju

વિક્રમાદિત્ય નું સિંહાસન

પ્રાચીન કાળ માં ભારત માં ઉજ્જૈન નામ નું શહેર બહુ મશહૂર હતું। આ શહેર માં કાલિદાસ જેવા અનેક કવિ અને વિદ્વાન રહેતા હતા। અહીં ના સમ્રાટ વિક્રમાદિત્ય પોતાની ન્યાય-પ્રિયતા માટે દૂર-દૂર સુધી પ્રસિદ્ધ હતા। સમ્રાટ વિક્રમાદિત્ય ની ઉદારતા અને ઈમાનદારી ને કારણે એમની પ્રજા એમને બહુ પ્રેમ કરતી હતી। લોકો એમને ભગવાન નું રૂપ માનતા હતા।

ઇતિહાસ ના પાનાં પલટાતા રહ્યા। ઘણી શતાબ્દીઓ વીતી ગઈ। એ દરમ્યાન ઘણા રાજ્યો બન્યા અને નાશ પામ્યા। ઘણા બદલાવ આવ્યા। સમય ની સાથે-સાથે જુના મહેલો અને ઇમારતો જમીન નીચે દટાઈ ગયા। વિક્રમાદિત્ય ને પણ લોકો ભૂલી ગયા।

એક વાર થોડા ગ્વાલ બાળકો એક સ્થાન પર રમી રહ્યા હતા। ત્યાં આસ-પાસ ચટ્ટાનો ના ઘણા ટુકડા, થાંભલા આદિ વિખરાયેલા હતા, જેમાં શિલ્પકારી કરેલી હતી। થોડા માટી ના ટેકરા અહીં-તહીં દેખાઈ રહ્યા હતા। એમાં થી એક ટેકરો હર્યો-ભર્યો અને ઊંચો હતો।





એક બાળક દોડીને એની ઉપર જઈ બેઠો। રમત-રમત માં એણે પોતાના દોસ્તો ને કહ્યું, "હું છું ન્યાયાધીશ! તમારા મુકદ્દમા મારી પાસે લાવો।" બીજા બાળકો ને આ ખેલ બહુ પસંદ આવ્યો। તુરંત એ બાળકો એ આપસ માં મળીને એક કાલ્પનિક મુકદ્દમો તૈયાર કરી લીધો। બે બાળકો ન્યાયાધીશ ની સામે ગયા અને બોલ્યા, "માનનીય ન્યાયાધીશ! મારા પાડોશી અને મારી વચ્ચે ના જમીન ના ઝગડા ને હલ કરો।"

ત્યારે બાળકો એ એક ચમત્કાર જોયો। રમત-રમત માં ન્યાયાધીશ બનેલા બાળક નો ચહેરો સમસ્યા સાંભળતા જ બદલાઈ ગયો। એ અસલી ન્યાયાધીશ ની જેમ બોલવા લાગ્યો। એણે મુકદ્દમા નો ઉચિત ફેંસલો સંભળાવ્યો।

એની વાતો ને સાંભળી ને બાળકો ચોંકી ગયા। તો પણ રમત ચાલુ રાખી। એક બીજી નવી સમસ્યા ઘડી ને મામલા ને ન્યાયાધીશ પાસે લઈ ગયા। આ વખતે બાળકે એવો ફેંસલો સંભળાવ્યો જાણે એને વર્ષો નો અનુભવ હોય। આવી રીતે બાળકો કલાકો સુધી રમતા રહ્યા। જયારે ઘરે જવાનો સમય આવ્યો, બાળક માટી ના ટેકરા પર થી કૂદી ગયો। પછી પહેલા ની જેમ પોતાના મિત્રો સાથે હસવા બોલવા લાગ્યો। એ દિવસ ને બાળકો ક્યારેય ભૂલી જ ન શક્યા।

એ પછી જયારે પણ કોઈ સમસ્યા આવતી, બાળકો માટી ના ટેકરા પર પેલા બાળક ને બેસાડતા। એ બાળક પણ સમસ્યાઓ નો યોગ્ય રીતે ઉકેલ લાવતો।

આ ખબર આખા ગામ માં ફેલાઈ ગઈ। ગામ ના લોકો પણ પોતાની સમસ્યાઓ ને બાળક પાસે લાવવા લાગ્યા। માટી ના ટેકરા પર સંભળાવેલા એના બધા ફેંસલા હંમેશા સાચા ઠરતા। વાત રાજા સુધી પહોંચી ગઈ।

બાળક વિષે સાંભળી રાજા એ અનુમાન લગાવ્યું, 'એ બાળક વિક્રમાદિત્ય ના સિંહાસન પર જ બેઠો હશે।' રાજા એ પોતાના માણસો ને મોકલીને માટી ના ટેકરા ને ખોદાવ્યો।

રાજા નું અનુમાન સાચું હતું। ત્યાં થી એક સિંહાસન નીકળ્યું। એના પર પચ્ચીસ પરીઓ ની પ્રતિમાઓ હતી, જે ઉડવાની મુદ્રા માં હતી।

ગામ માં મોટી હલચલ મચી ગઈ। ચારે બાજુ કોલાહલ અને ઉત્સવ નું વાતાવરણ હતું। એક શોભાયાત્રા માં સિંહાસન ને દરબાર માં લાવવામાં આવ્યું। રાજા એ કહ્યું, "હું આ સિંહાસન પર બેસી મુકદ્દમા સાંભળીશ। ત્યારે વિક્રમાદિત્ય ની કૃપા મારી ઉપર રહેશે અને હું સાચો નિર્ણય સંભળાવી શકીશ।"

સિંહાસન પર બેસવા રાજા એ એક શુભ દિવસ પસંદ કર્યો। મંગલ વાદ્ય વાગવા લાગ્યા। રાજા સિંહાસન તરફ આગળ વધ્યા। ત્યાં પરીઓ ની પ્રતિમાઓ માં થી એકે કહ્યું, "ઉભા રહો! જરા વિચારો, શું તમે સાચેજ આ સિંહાસન પર બેસવા ને લાયક છો? શું તમે અન્ય રાજ્યો પર રાજ કરવાની કામના નથી કરી?"





રાજા એ કહ્યું, "હા! અવશ્ય એવી કામના કરી છે। હું આ સિંહાસન પર બેસવા ને કાબિલ નથી।"

"તમે ત્રણ દિવસ ઉપવાસ રાખીને ધ્યાન કરો અને પછી આવો," એમ કહીને પરી એની પાંખો ફેલાવીને ઉડી ગઈ। સિંહાસન પર એનું સ્થાન ખાલી થઈ ગયું।

રાજા ત્રણ દિવસ ઉપવાસ રાખીને ફરી સિંહાસન પર બેસવા માટે ગયા। ત્યારે બીજી એક પરી પ્રકટ થઈ અને બોલી, "શું તમે ક્યારેય બીજા ની સંપત્તિ પામવાની ઈચ્છા કરી છે?" રાજા એ કહ્યું, "હા! અવશ્ય!" એને ફરી થી ધ્યાન કરવાનું કહી ને એ પરી પણ ઉડી ગઈ।

આવી રીતે સો દિવસો વીતી ગયા। અંત માં, સિંહાસન પર ફક્ત એક જ પરી રહી ગઈ। એણે રાજા ને પૂછ્યું,"શું તમારું મન એક બાળક જેવું સાફ છે?"

રાજા એ કહ્યું, "નહીં।" આ સાંભળીને પરી એ સિંહાસન ને ઉઠાવ્યું અને આકાશ તરફ ઉડી ને અદ્રશ્ય થઈ ગઈ। એ પછી એ સિંહાસન ને કોઈ એ ન જોયું।

એક દિવસ રાજા એકલો બેસી વિચારવા લાગ્યો। એને સિંહાસન નું રહસ્ય સમજાઈ ગયું। જેની પાસે એક બાળક જેવું નિર્મળ મન હોય, એજ ઈમાનદાર થઈ શકે છે। એટલે જે વિક્રમાદિત્ય ના સિંહાસન પર કોઈ રાજા બેસી ન શક્યા, એની ઉપર એક ગ્વાલ બાળક બેસી શક્યો। એ સાચા ફેંસલા સંભળાવવા માં પણ સફળ રહ્યો।

સિસ્ટર નિવેદિતા ની બાળ કહાની પર આધારિત

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation

P. Saraswati V. Vijayakanthi

Gujarati Sudhir Jhaveri

L. S. Saraswathi S. Rajalakshmi

Artist Uma Krishnaswamy



દ્રષ્ટિ ના ત્રણ દિવસો

હેલેન કેલર એક અનોખી મહિલા હતી જે બાળપણ થી જોઈ, સાંભળી અને બોલી નહોતી શકતી। એણે અડી ને જ દુનિયા ને મહેસૂસ કરવાનું શીખ્યું। બહુ મહેનત થી એને જાણી અને સમજી। પોતાની પૂરી જીંદગી બીજા ની સેવા માં લગાવી દીધી। આ રહ્યા એમના લેખ માં થી થોડા અંશ।

હું ઘણી વાર વિચારું છું કે જો દરેક મનુષ્ય પોતાના જીવન માં થોડા દિવસો માટે જોવાની અને સાંભળવાની ક્ષમતા ખોઈ બેસે તો આ એક વરદાન હશે। અંધકાર માં એને દ્રષ્ટિ નું મહત્વ સમજાઈ જશે। ખામોશી એને ધ્વનિ ના આનંદ નો એહસાસ કરાવશે।

ક્યારેક-ક્યારેક મેં મારા મિત્રો થી જાણવા ચાહ્યું કે એ વાસ્તવ માં શું જુએ છે। હમણાં જ મારી એક સહેલી વન માં એક લાંબી લટાર મારી ને આવી। મેં એને પૂછ્યું કે એમણે શું જોયું। એણે જવાબ આપ્યો, "કંઈ વિશેષ નહીં।"

મેં વિચાર્યું, "આ કેવી રીતે શક્ય છે? એક કલાક ફરી ને પણ એવું કંઈ ન જોયું જે યાદ રાખવા જેવું હોય!"

હું જોઈ નથી શકતી પણ ફક્ત અડીને જ અનેક દિલચસ્પ વસ્તુઓ શોધી લઉં છું। જેમાં મને દિલચસ્પી હોય। હું પાંદડા ની નાજુક બનાવટ નો એહસાસ કરું છું। કેટલાક વૃક્ષો ની મુલાયમ છાલ ને સહેલાવું છું। કેટલાક વૃક્ષો ની બરછટ છાલ ને પણ મહેસુસ કરું છું।

વસંત ઋતુ માં ખૂબ આશા સાથે વૃક્ષો ની શાખાઓ ને અડી ને જોઉં છું કે એમાં કળીઓ આવી ગઈ કે નહીં। જો હું ખુશકિસ્મત હોઉં તો ક્યારેક જયારે હું મારો હાથ એક નાના એવા ઝાડ પર રાખું છું, ત્યારે મને એક પક્ષી ના ગીત ની ધડકન નો એહસાસ થાય છે।

કોઈ કોઈ સમય આ બધી વસ્તુઓ જોવા ની ઈચ્છા થી મારુ મન રોઈ પડે છે। જો મને ફક્ત અડીને એહસાસ કરવા થી આટલી ખુશી મળે છે તો જોવા થી મને અધિક કેટલી સુંદરતા નો એહસાસ થાય!

મને ફક્ત ત્રણ દિવસો માટે દ્રષ્ટિ મળી જાય તો હું શું જોવા ઈચ્છીશ, એની મેં કલ્પના કરી લીધી છે।

પહેલે દિવસે હું એ લોકો ને મળવા ચાહીશ જેની ઉદારતા અને મિત્રતા એ મારુ જીવન જીવવા યોગ્ય બનાવી દીધું છે। હું નથી જાણતી કે મારી આંખો થી મિત્ર ના હૃદય ની અંદર ઝાંકવું શું હોય છે। હું ફક્ત મારી આંગળીઓ ફેરવીને એમના ચેહરા ની બનાવટ જોઈ શકું છું। હું એમની ખુશી, દુઃખ અને અન્ય ભાવનાઓ ને પણ અડી ને મહેસુસ કરી શકું છું।

એના પછી હું એ કિતાબો ને જોવા ચાહીશ જે મને વાંચી ને સંભળાવવામાં આવી છે। એજ કિતાબો એ મને મનુષ્ય ના જીવન ની ગહેરાઈઓ વિષે બતાવ્યું છે। પછી હું મારા વફાદાર કુતરાઓ ની આંખો માં ઝાંકી ને જોવા ચાહું છું।

બપોરે હું એક લાંબી લટાર મારવા જઈશ અને પ્રકૃતિ ની સુંદરતા માં મુગ્ધ થઈ જઈશ। રંગો થી ભરેલા સૂર્યોદય ની પ્રતીક્ષા કરીશ। મને લાગે છે કે એ રાત હું સૂઈ નહીં શકું।





બીજે દિવસે હું સવારે સવારે ઉઠીશ અને રાત ને દિવસ માં બદલવાનો ચમત્કાર જોઈશ। ભર ઊંઘ માં ડૂબેલી ધરતી ને સૂર્ય ના કિરણો થી જાગતી જોઈને ચકિત થઈ જઈશ।

આ દિવસ ને હું વિશ્વ ના ભૂત અને વર્તમાન વિષે જાણવામાં વિતાવવાનું ચાહીશ। હું મનુષ્ય ની પ્રગતિ ની યાત્રા પણ જોવા ચાહીશ। એટલે મારે સંગ્રહાલય જવું જોઈયે।

મારો આગલો પડાવ કલા નું સંગ્રહાલય હશે। ત્યાં રાખેલી દેવી દેવતાઓ ની મૂર્તિઓ ને મારા હાથો દ્વારા હું સારી રીતે ઓળખું છું। જે-જે વસ્તુઓ ને હું અડી ને જાણું છું હવે હું એને આંખો થી જોઈશ। એ દિવસે હું મનુષ્ય ની કલા દ્વારા એના અંતરાત્મા ની અંદર ઝાંકી ને જોઈશ। ચિત્રકારી ની શાનદાર દુનિયા મારે માટે ખુલી જશે!

બીજે દિવસે સાંજે હું સિનેમા અથવા નાટક જોવા ચાહીશ। હું નૃત્ય ની સુંદરતા અથવા નર્તકી ની કોમળતા વિષે ઓછું જાણું છું પણ ફરસ ની કંપન થી લય-તાલ નો આનંદ મહેસુસ કરી શકું છું।



ત્રીજો દિવસ હું દુનિયા ના સાધારણ માણસો ની વચ્ચે વિતાવવા ચાહું છું, જે પોત-પોતાના કામ માં વ્યસ્ત છે। હું શહેર ના એક વ્યસ્ત, ગીચ ખૂણા માં ઉભી રહીને લોકો ને જોતી રહીશ અને એમના રોજિંદા જીવન વિષે સમજવાની કોશિશ કરીશ। ચહેરાઓ ઉપર સ્મિત જોઈશ તો મને ખુશી થશે। દ્રઢ નિશ્ચય જોઈશ તો મને ગર્વ થશે। દર્દ જોઈશ તો કરુણા મહેસુસ કરીશ।

હું શહેર માં ગરીબો ની વસાહત, કારખાના, ખુલ્લું મેદાન જ્યાં બાળકો રમતા હોય, આ બધા ની લટાર મારીશ। હું સુખ અને દુઃખ બંને અનુભવો જોવા માટે મારી આંખો ખુલ્લી રાખીશ જેથી હું સમજી શકું કે લોકો કેવી રીતે કામ કરે છે અને જીવન જીવે છે। હું જાણું છું કે ફક્ત ત્રણ દિવસો માં જે-જે હું જોવા ચાહું છું એ બધું નહીં જોઈ શકું। ફરી થી જયારે અંધારું છવાઈ જશે ત્યારે મને એહસાસ થશે કે કેટલું બધું જોવાનું બાકી રહી ગયું છે।

હું આત્મવિશ્વાસ થી કહી શકું છું કે જયારે તમને એહસાસ થશે કે તમે આગળ નહીં જોઈ શકો,તો તમારી આંખો નો પ્રયોગ એવી રીતે કરશો જે પહેલા ક્યારેય નહોતો કર્યો। બધું જે તમે જોશો, એ તમને પ્યારું લાગશે। તમારી નજર ની સામે આવેલી દરેક વસ્તુ પર ધ્યાન આપશો। એને તમારી આંખો માં વસાવી લેશો। ત્યારે તમે ખરેખર જોશો। સુંદરતા થી ભરી એક નવી દુનિયા તમારી સામે ખુલી જશે।

હું તો જોઈ નથી શકતી, પણ જે જોઈ શકે છે, એને એક શિખામણ આપવા માંગુ છું। તમારી આંખોં નો પ્રયોગ એવો કરો જેમ કે તમે કાલે જ આંધળા થઈ જશો। આ જ તરીકો બીજી ઇન્દ્રિયો માટે પણ લાગૂ થઈ શકે છે। સુરીલા અવાજો, પક્ષીઓ ના ગીત, સંગીતકારો ની ધૂન આ બધા ને એવી રીતે સાંભળો જેમ કે તમે કાલે બહેરા થઈ જશો। હર વસ્તુ ને એવી રીતે અડો જેમ કે કાલે તમારી અડવા ની શક્તિ ખતમ થઈ જશે।

ફૂલો ની સુગંધ ને સૂંઘો, જેમ કે તમે કાલે કોઈ વસ્તુ ને સૂંઘી નહીં શકો। ભોજન નો હર એક કોળિયો ખુશી થી ખાઓ જેમ કે કાલે એનો સ્વાદ નહીં લઈ શકો। બધી ઇન્દ્રિયો નો પૂરો ઉપયોગ કરો। પણ મને વિશ્વાસ છે કે બધી ઇન્દ્રિયો માં થી દ્રષ્ટિ જ બધા થી સુખદ હશે।

© Katha Jharna 2008

P. Saraswati | V. Vijayakanthi
L. S. Saraswathi | S. Rajalakshmi

Publisher Rajalakshmi Srinivasan Memorial Foundation
Gujarati Sudhir Jhaveri
Artist Original Illustrations